સસ્તી વાર્તામાળા પુસ્તક

મહારાણો બાપારાવળ.

(ઐતિહાસિક નવલકથા.)

કર્તા,

છગનભાઈ ગોકળદાસ પટેલ.

વિનિત માસ્તર. ગુજરાતી શબ્દકોશ ... નડીઆદ.

... આવૃત્તિ.   મૂલ્ય

પ્રત ૨૦૦૦   રૂ. ૧.

સંવત ૧૯૭૪.   સને ...

પ્રકાશક,

... રામચંદ્ર મહેતા.

... ભારતજીવન અને સસ્તી વાર્તામાળા.

મુંબઈ નં. ૩.

પ્રકાશકની પ્રાર્થના.

पूर्वजन्म जनितं पुराविदः कर्म दैवमिति सम्प्रचक्षते ।
उद्यमेन तदुपार्जितं चिराद्दैवमुद्यम वशं न तत्कथम् ॥

*   *   *   *

"પૂર્વજન્મનાં કર્મને પુરાતત્વવેત્તાઓ દૈવ કહે છે. જેને તેઓ દૈવ કહે છે તે કર્મ, ચિરકાલ ઉદ્યોગ કરવાથીજ ઉપાર્જિત કરી શકાય છે. અર્થાત્ ઉદ્યમથી દૈવ પણ વશ કરી શકાય છે એમ કેમ ના કહેવું?"

*   *   *

Hail *Mewad*! warlike land!
Hail, ye heros! heaven-born band!
Who fought and bled in Freedom's cause,
Who fought and bled in Freedom's cause,
And when the storm of war was gone,
Enjoyed the peace your valor won.
Let independence be your boast,
Ever mindful what it cost;
Ever grateful for the prize,
Let its altar reach the skies! ‡

*   *   *   *

શ્રી કૃષ્ણ ભગવાને કર્મવીર અર્જુનને કહ્યું છે કે: "**हतोवा प्राप्स्यसि स्वर्गं जित्वा वा मोक्ष्यसे महीम् ।**" "યુદ્ધમાં જય પ્રાપ્ત કરતાં રાજ્ય ભોગવશે. યુદ્ધમાં મૃત્યુ પામતાં સ્વર્ગ પ્રાપ્ત થશે." આ ભગવદ્ વાક્ય,

---

‡ With a slight change from Joseph Hopkinson's "Hail Columbia."

પાંડવ કૌરવના સમય પછીથી સૂર્યકુલ તિલક શ્રી રામચંદ્રજીના વંશજો, રાજસ્થાનના વીરબાહુ ક્ષત્રિયોનાં કર્તવ્ય કર્મમાં સંપૂર્ણ રીતે જોવામાં આવે છે. રાજસ્થાનની યુદ્ધપ્રિય ભૂમિમાં ઉત્પન્ન થયેલા સ્વદેશાભિમાની, સ્વદેશપ્રેમી, રાજપૂત–ક્ષત્રિય રાજાઓનાં જીવનવૃત્ત વાંચવાથી જણાઇ આવે છે કે ભારતવર્ષના નકશામાં, હૃદયસ્થાને સ્થિત થયેલી રાજસ્થાનની ભૂમિમાં અનેક કર્મવીર–યુદ્ધવીર–નરનારી રત્નો પાક્યાં હતાં. એ ઉપરથી કહી શકાશે કે રાજપૂત એ ભારતવર્ષની એક મહા જાતિ છે. અન્ય સર્વ મહા જાતિયોની પેઠે રાજપૂતોમાં પણ કંઇક વિશેષત્વ છે. રાજપૂતોનાં શારીરિક ગઠન એ તેમનું પ્રથમ વિશેષત્વ છે. તેમના સર્વાંગમાં આર્ય તેજ, અને ક્ષત્રિયને ઊચત એવી વીર–પ્રતિભા હતી. તેઓ અત્યન્ત સાહસ, અસાધારણ વિક્રમશાળી, અને અતિશય કષ્ટ–સહિષ્ણુ હતા. તેઓ વિષય અથવા મૃત્યુનો ભય રાખતા નહોતા. અનાહારથી કિવા અનિદ્રાથી તેમને દુઃખ થતું નહિ. આલસ્ય અને વિલાસિતા એ તો રાજપૂતોના સ્વપ્નમાં પણ દર્શન દેતા નહિ એમ કહી શકાશે! રાજપૂતોને સ્વદેશ સ્વજાતિ અને સ્વધર્મ એ ત્રિમૂર્તિના ચુસ્ત ઉપાસકજ કહી શકાશે. સ્વદેશની સ્વતંત્રતા માટે, સ્વજાતિનું સન્માન–રક્ષણ કરવા માટે, સ્વધર્મના ગૌરવની વૃદ્ધિ કરવા માટે, અને નારીજાતિનું સન્માન અને ધર્મ જાળવવા માટે, સર્વસ્વ વિસર્જન કરવામાં જો કોઇ પણ જાતિ પ્રથમ પંક્તિમાં હોય તો તે રાજસ્થાનની વીર રાજપૂત–ક્ષત્રિય–જાતિજ છે. વિશેષ કરીને સ્વદેશની સ્વતંત્રતા અને નારીજાતિનો ધર્મ જાળવવા માટે રાજપૂતો નહિ કરી શકે એવું કોઇ પણ કાર્યજ નહોતું! રાજપૂતો સર્વ સહન કરી શકે પરંતુ સ્વદેશ અને નારીજાતિ પ્રત્યે થતો અત્યાચાર–ધર્મ વિક્રય–કદાપિ કાળે પણ તેઓ સહન કરી શકતા નહિ! સ્વદેશ અને સ્વધર્મને માટે રાજપૂતોએ જ્યારે જ્યારે યુદ્ધ કર્યાં છે, ત્યારે પ્રથમ અંતઃપૂરની કોમળાંગી લલનાઓને ભભકતી ચિતામાં બાળી ભસ્મ કરી છે અને ત્યાર પછી રૌદ્ર મૂર્તિ ધારણ કરી રણભૂમિમાં હજારો શત્રુઓના પ્રાણ સંહાર કરી, હાસ્યભરેલી મુખમુદ્રાએ પ્રાણ વિસર્જન કર્યા છે! અનેક સમયે રાજસ્થાનના હૃદયપટ ઉપર થઇને ભયંકર વિપ્લવો પસાર થઇ ગયા છે, અનેક સમયે યવનોની ક્રૂર ગદાવડે રાજસ્થાન વિધ્વસ્ત, ।વદલ્ત

થઇ લુંટાઇ ગયું છે છતાં રાજપૂતોએ શત્રુને નમ્યું આપ્યું નથી ! અને રાજપૂત નારીઓએ ધર્મ કિંવા સતીત્વને જલાંજલી આપી નથી ! રાજપૂત જાતિનાં એ વિશેષત્વેજ તેઓની કીર્તિ-કથા અક્ષય અક્ષરે અમર રાખી છે. ગમે તેમ હોવા છતાં રાજસ્થાન એ સમગ્ર પૃથ્વીમાં આજે પણ વંદનીયજ છે.

"સસ્તી વાર્તામાળા"ના ગ્રાહક બંધુઓના કરકમળમાં આજે એજ વીરભૂમિના એક તેજસ્વી, પ્રતિભાવાન, સ્વદેશ પ્રેમી, આદિ રાજ-રત્ન, ચક્રવર્તિ મહારાણા બાપ્પારાવ (બાપ્પા રાવળ)નું જીવન ચરિત સાદર કરવામાં આવે છે. ઇ. સ. ની સાતમી શતાબ્દિમાં મેવાડમાં અસભ્ય ભીલોનું રાજ્ય થઇ પડયું હતું અને રાજપૂતોની સત્તા ઘણા સમયથી નિર્બલ થઇ પડી હતી. જે વીરભૂમિ રાજપૂતોને ક્રિડા કરવા સરજાયલી હતી તેજ ભૂમિ ઉપર અસભ્ય ભીલ-શિયાળવાંનુ રાજત્વ ! એ પણ દૈવનીજ લીલા ! એજ દૈવે ચક્રવર્તિ મહારાણા બાપારાવને ઉત્પન્ન કરી જંગલી ભીલોને ત્યાંથી હંકારી કઢાવ્યા અને માતા પિતા વગરના ક્ષત્રિ બાળકને પાળી, પોષી, બળ, વીર્ય સમર્પણ કરી મેવાડની પવિત્ર રાજગાદી ઉપર રાજ્યાભિષેક કરાવ્યો ! દૈવની ગતિ વિચિત્રજ છે ! તે હમેશાં પ્રત્યેક વસ્તુનું પરિવર્તન કરતો જ રહ્યા છે. મેવાડમાં પણ તેમજ થયું છે. મહારાણા બાપ્પારાવે અસભ્ય ભીલો અને અર્થ-લોલુપ પરદેશી મુસલમાન બાદશાહો સાથે યુદ્ધ કરી તેમને હરાવી હાંકી કઢાડયા હતા એટલુંજ નહિ પણ ઇરાન અને અરબસ્તાન પર્યંત પોતાનું રાજ સ્થાપી અનુપમ વીરત્વ બતાવ્યું હતું ! તે સમયથી આજ સુધી મેવાડની ગાદી ઉપર રાજપૂતોનું રાજ્ય અખંડિત રીતે ચાલ્યું આવે છે. એ દેશ પર અનેક હુમલા થવા છતાં ત્યાંથી ક્ષત્રિયોનું રાજ નાશ પામ્યું નથી પણ અચળજ રહ્યું છે. એ ચક્રવર્તિ બાપ્પારાવના વીર બાહુનાજ પ્રતાપ ! ખરેખર બાપ્પારાવ મેવાડમાં સૂર્ય સમાનજ થઇ ગયા છે. એ સંબંધી વિશેષ વિવરણ લેખકશ્રીએ ઉપોદ્‌ઘાતમાં અને પુસ્તકમાં લખ્યું છે જેથી અત્રે પુનરોક્તિ કરવાની અગત્ય સમજાઇ નથી. વાંચકવર્ગને રાજસ્થાનની એક સ્વદેશાભિમાની વીર વિભૂતિનું જીવનવૃત સમર્પણ કરવાથી પ્રકાશકને આનંદ થાય એ સ્વાભાવિકજ છે.

પ્રસ્તુત નવલકથાના લેખક, મ્હારા સ્નેહિ, નડિયાદ નિવાસી, શ્રીયુત લલ્લુભાઇ ગોકળદાસ પટેલ છે. તેઓશ્રીએ ગુજરાતી શબ્દકોષ, અંગ્રેજી ગુજરાતી ડિક્સનેરી વગેરે ગ્રંથો લખી પ્રસિદ્ધ કરીને તેમજ જૂદાં જૂદાં માસિક પત્રોમાં પ્રસગોપાત લેખો લખીને ગુર્જર વાઙ્મયની સારી સેવા બજાવી છે. મ્હારી સાહિત્ય-સેવા પરત્વે તેઓ હમેશાં સ્નેહની-મીઠી-નજરે જોતા આવ્યા છે. તેઓએ નિઃસ્વાર્થ ભાવે પ્રસ્તુત નવલકથા લખી આપી મ્હારા કાર્યમાં મદદ કરી છે જે માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભારજ માનું છું. જો આ પ્રમાણે અન્ય લેખક બંધુઓ પણ સાહિત્યના કાર્યમાં સહાયતા કરશે તો તેઓ પોતાના જાતિય સાહિત્યમાં વૃદ્ધિ કરી શકશે.

* * *

આનંદનો સંદેશો

"વાર્તામાળા" ના ગ્રાહક બંધુઓ જાણીને ખુશી થશે કે વાર્તામાળાના લગભગ ૨૨૦૦ ગ્રાહક થઇ ગયાં છે. વાર્તામાળાની ૨૬૦૦ કૉપીઓ છપાતી હોવાથી હવે ફક્ત ૪૦૦ કૉપીઓ સિલિકમાં છે અને હમણાં દરરોજ ગ્રાહક બંધુઓ તથા એજન્ટ બંધુઓ તરફથી જે માગણી થતી રહે છે તે જોતાં ઘણાજ થોડા વખતમાં ૪૦૦ ગ્રાહકો થઇ જવાની વકી છે. પરંતુ **આટલાં બધા સસ્તા સાહિત્યનાં છવ્વીસ સો** ગ્રાહક થાય એ કઇજ હિસાબમાં નથી. એને બદલે **છવ્વીસ હજાર ગ્રાહક થવાં જોઇએ!** ગુર્જર ભાષામાં એટલાં ગ્રાહકો થવાનું મુશ્કેલ નથી. માત્ર મુશ્કેલીની વાત તો એજ છે કે હજુ ઘણા બંધુઓ "વાર્તામાળા"થી અજાણ છે, તેથી જો ગ્રાહક બંધુઓ તરફથી પોતાના સગાં અને મિત્રોને **"વાર્તામાળા"**નો ઉદ્દેશ અને **અતિશય સસ્તાપણાની યોજના** સમજાવવામાં આવે તો ટુંક સમયમાં પુષ્કળ ગ્રાહકો થઇ શકે એમાં શકજ નથી. તેને માટે અમારા સુજ્ઞ, સાહિત્યાભિમાની, સ્વદેશ પ્રેમી.

ગ્રાહક બંધુઓને પ્રાર્થના

છે કે તેઓએ પોતાના નિત્ય સમાગમમાં આવતા અનેક મિત્રો, સગાંઓ અને આપ્તજનોને "સસ્તી વાર્તામાળા" નો ઉદ્દેશ અને યોજના

સમજાવવાનો પરિશ્રમ લેવો. અને તેઓને ગ્રાહક કરવાનો યત્ન કરવો. આપણે ત્યાં લગ્નાદિક પ્રસગે આપણાં સેંકડો સગાંવ્હાલાં અને મિત્ર–બાંધવોને મિષ્ટાન્ન જમાડવા માટે આપણે આગ્રહ કરી કરીને તેડી લાવીએ છીએ અને તેમને જમાડી મનને સંતોષ આપીએ છીએ તેજ પ્રમાણે **સસ્તી કીંમતે** પ્રકટ થતી **"સસ્તી વાર્તામાળા"** દ્વારા પ્રકટ થતું ઉત્તમ–સ્વાદિષ્ટ વાચન રૂપી પકવાન્ન–મિષ્ટાન્ન–તેમને જમાડવા માટે પણ દરેક **ગ્રાહક** બંધુઓએ યત્ન કરવો જોઇએ અર્થાત્ તેમને ગ્રાહક કરવાં જોઇએ. જે દેશના સાહિત્યની ઉન્નતિ થાય છે તેજ દેશની આર્થિક અને સામાજિક ઉન્નતિ થાય છે. પશ્ચિમ તરફના દેશો સાહિત્યની ઉન્નતિને લીધેજ પોતાનું કર્તવ્ય કર્મ સમજ્યા છે અને આજે તેઓ ઇન્દ્રના જેટલો સુખવૈભવ ભોગવે છે. જ્યારે સાહિત્યની અવનતિને લીધેજ ભરતખંડ જેવો પ્રાચીન દેશ પણ નિત્ય દુઃખ દારિદ્ર સહન કરે છે! પરતુ હવે આપણે કુંભકર્ણની નિદ્રામાંથી જાગૃત થઇ પોતાનું કર્તવ્ય કર્મ સમજવા માટે નવા નવા ઉત્તમ ગ્રંથો વાંચવા જોઇએ, અને આપણા બંધુઓને પણ વંચાવવા જોઇએ. જો તેમ થશે તોજ આપણી ઉન્નતિ થશે. જો અમારા પ્રત્યેક ગ્રાહક બંધુ **થોડો પરિશ્રમ સહન કરી માત્ર બબ્બે ગ્રાહક કરવાની તસ્દી**

લે તો અમારી ખાત્રી છે કે થોડા સમયમાંજ ઘણાં ગ્રાહકો થઇ જાય અને તેઓ ઉત્તમ વાંચન મેળવી શકે. તેમ થવાથી જેમ તેઓના હૃદયમાં ઉચ્ચ વિચારો પ્રવેશ કરશે તેમ અમને ઉત્સાહ થશે અને દિનપ્રતિદિન વિશેષ વાંચન આપવાની પ્રવૃત્તિ સાધી શકાશે. આ વર્ષમાં અમને જાહેર ખબરો પાછળ અને સારી જાતના કાગળ, મજબૂત સુંદર બાઇન્ડીંગ, સ્વચ્છ છપામણ વગેરે પાછળ પુષ્કળ ખર્ચ કરવો પડયો છે એટલે અમને કેટલો નફો છે તે તો તેઓ પોતેજ સમજી શકશે વળી સસ્તી વાર્તામાળાનાં પુસ્તકો જોવાથી પણ તેમની ખાત્રી થશે. પરંતુ **વાંચકની એક મ્હોટી સંખ્યા ઉત્તમ લેખો વાંચશે તો** તેથીજ અમને સંતોષાનંદ થશે. અમને ખાત્રી છે કે **પ્રત્યેક ગ્રાહકબંધુ તરફથી,** પોતાના મિત્ર બંધુઓને ગ્રાહક કરી, **આજના પુસ્તક સાથે** મોકલવામાં આવતો

ઑર્ડર કાર્ડ

ખંત રાખી ભરી મોકલવામાં આવશેજ અને તેમ થશે તો, **ગ્રાહકોના લાભની અમને એક અભિલાષા છે તે અમે ચાલુ વર્ષમાંજ પરિપૂર્ણ કરીશું.** આ અભિલાષા સંબંધી હાલ તુરત વિશેષ લખવાની ઇચ્છા નથી. કાર્ય કરી બતાવવું એજ શ્રેષ્ઠ છે. ૧૦-૧૫ દિવસમાં પ્રથમનાં-પુસ્તકો **પ્રમાદધનની પ્રભુતા, રાજપૂત કથાકુંજ** અને **બાપ્પારાવ** એ-ત્રણે પુસ્તકોની દ્વિતીય આવૃત્તિ છપાવવાની શરૂઆત થશે. એટલે તેજ અરસામાં ગ્રાહક બંધુઓને મોકલેલ **ઑર્ડર કાર્ડો** અમને મળી જવાં જોઇએ જેથી ભવિષ્યમાં કેટલા પુસ્તકો વધુ છપાવવાં તે જાણી શકાશે. ગ્રાહક બંધુઓને આ પુસ્તક મળેથી **બે ચાર દિવસમાં બબ્બે ગ્રાહક** કરી-ઑર્ડર કાર્ડ અમને **સત્વર** મોકલવા તસ્દી લેવી. રંગુન અને આફ્રિકા આદિ વેગળા પ્રદેશમાં વસતા ગ્રાહક બંધુઓએ **બનતી ઉતાવળે** ગ્રાહકો કરી મોકલવા ભૂલવું નહિ. પ્રભુ વાચકવર્ગને સન્મતિ આપે અને તેઓ પોતાનું કર્ત્તવ્ય સમજતા થાય એજ પ્રાર્થના.

અમદાવાદ. વસંત પંચમી. ૧૯૭૦	ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

☛ આજના પુસ્તક સાથે મોકલેલ "ઑર્ડર કાર્ડ" બનતી તાકીદે ભરી મોકલવા સર્વ ગ્રાહક બંધુઓને પ્રાર્થના છે. થોડો પરિશ્રમ વેઠી બે-ચાર ગ્રાહક કરવાનું કાર્ય મુશ્કેલ નથી. વાંચક બંધુઓ અમારા કામમાં અવશ્ય મદદ કરશે એવી અમારી ખાત્રી છે.

ઉપોદ્‌ઘાત.

"The career of a great man remains an enduring monument of human energy. The man dies and disappears, but his thoughts and acts survive, and leave an indelible stamp upon his race... .." *Smiles.*

"એક મહાન્ પુરૂષની કારકીર્દિ માનુષિક શક્તિના ચિરસ્થાયી સ્મરણસ્તંભ તરીકે ચાલુ રહે છે. મનુષ્ય મરી જાય છે અને અદૃશ્ય થાય છે, પરંતુ તેના વિચારો અને કાર્યો તેની પાછળ હયાત રહે છે, અને પોતાની જાતિ ઉપર કદી ન ભૂસાય એવી છાપ પાડી જાય છે ....." **સ્માઈલ્સ.**

ગુર્જરરાષ્ટ્ર ! ભરતખંડની દુજણી ગાય; ગુર્જરરાષ્ટ્ર ! ઇશ્વરની એક સુંદર–અનુપમ–વાટિકા; ગુર્જરરાષ્ટ્ર ! થોડાજ સૈકા ઉપર, મહાપ્રતાપી સૂર્યવંશી શ્રી રામચંદ્રજીના વંશમાં ઉત્પન્ન થએલા, તેમના જેવા પ્રતાપી, ચક્રવર્તી રાજા કનકસેન, વિજયસેન, ગુહસેન, ક્ષત્રિય કુળદિપક મહારાણા બાપારાવ, વનરાજ, બાણાવળી ભીમ, સિદ્ધરાજ અને કરણાદિ મહા કીર્તિમન્ત રાજાધિરાજો, જેના સ્વામી હતા એવું મહાન ગુર્જરરાષ્ટ્ર ! ગુર્જરરાષ્ટ્ર ! જેમાં સોમનાથ જેવું વિશ્વવિખ્યાત દેવાલય એક સમયે અખિલ જગતનું ચિત્ત આકર્ષતું; ગુર્જરરાષ્ટ્ર ! જેમા અંબાજી અને બહુચરાજી જેવી આદ્યશક્તિઓએ વાસો કરેલો છે; ગુર્જરરાષ્ટ્ર ! જેમાં અનેક ક્ષત્રિય રાજપુત્રો, એક સમયે ક્ષત્રિય ધર્મ યથાર્થ સમજી, કીર્ત્તિના અક્ષય–અમર–દેહ પાળવા યમના કુંડ આગળ, મહા પ્રેમપૂર્વક સર્વસ્વ અર્પણ કરતા, અને આ ક્ષણિક દેહ કરતાં અમર યશોદેહને નિષ્કલંક રાખવાનુ લક્ષ જેઓને સદાકાળ લાગી રહ્યું હતું; જે શૂરવીર રાજાઓના છત્રની છાયા નીચેનાં ધ્વજાપતાકાઓ અને વાદિત્રઘોષે સુભટોના કાનમાં કેટલાં વર્ષ સુધી "જય જય"ના મંગળ સિંહનાદ વગર અન્ય શબ્દજ પડવા દીધેલો નહિ અને જેઓએ 'વિમુખ'

શબ્દ જાણેલો પણ નહિ; કાળ ધર્મથી અસ્ત પામતાં પણ જે સુવંશના કરણ રાજાએ ક્ષત્રિય ધર્મના બહુ અંશ પોતામાં દર્શાવેલા છતાં દુર્દૈવે અંતે અજય અને વિનાશ થયો તથાપિ તેના અંતઃપટમાં જે ક્ષત્રિય વંશના શૌર્યાદિ પુરૂષાર્થના તેજ, ક્ષીણ થઇ શાન્તિ પામતા પણ, રક્તવર્ણ કૃષ્ણ કિરણો દેશાભિમાન મર્મજ્ઞ દેશીઓ અને અનુકંપાવાન ઉદાર પરદેશીઓના મનને અદ્યાપિ ખેદાત્મક આનંદ આપે છે, તે ક્ષત્રિઓનાં જ્યાં–જે ભૂમિમાં ૧૩ મા સૈકાના અંત સુધી રાજ્ય હતાં, એવો ગૌરવિત ગુર્જર દેશ ! અહો ! એવી પુર્વી ગુજરાત ! ત્યાં પછી ઉદયાસ્તનો નિયમ લાગુ પડી અંધકાર થયો ! ભલી ગુજરાત ! તારૂં ભલું થાઓ. તારો ઇતિહાસ લખતાં અને વાંચતાં કયું હૃદય કંપાયમાન નહિ થાય !

> "દ્રવ્યસાર પારસ મહિ, વપુમેં વદન કહાંત,
> સાર તરુનકો ફલ જ્યુહિ, ઉર્વી સાર ગુજરાત."

ભલી ગુજરાત ! તે અન્ધકારના સમયમાં, રાજ્યોના વારા ફરતી, ચઢતી પડતી–અસ્તોદયના અમલમાં, અધિકારીઓ તને ચૂસતા ! તું એક અને તને ચૂસનાર ક્ષુધાતુર અનેક ! ત્યા તારી દુર્દશા થવામાં પછી શી ન્યૂનતા !

દયાળુ ગુજરાત ! એજ અંધકારના સમયમાં અનેક ધર્મોએ તારે ત્યાં પગપેસારો કર્યો ! ધર્માધિકારીઓએ તારા તનુજોની નાડીએ નાડીઓમાંથી રહ્યું સહ્યું લોહી ખેંચી લીધું, અને તેમને નિર્માલ્ય કરી નાખ્યા ! તેમ છતાં ઓ વિશ્વાસુ ગુજરાત ! તેં વિશ્વાસમાં–અંધ શ્રદ્ધામાં–સર્વ ગુમાવ્યું ! ધર્મને નામે ખોટું ધતિંગ જાગ્યું, અને અંદર અંદર કલહ કરાવી તારા દરેક તનુજોને જૂદા પાડયા, અને

> ગુરૂ લોભી, શિષ્ય લાલચુ, દોનો ખેલે દાવ,
> ગુરૂ બિચારા ક્યા કરે, બેઠે પત્થરકે નાવ !

એવો બનાવ બની રહ્યો !

સને ૧૮૧૮ સુધી તો તારા પુત્રો નિર્મળ વસ્ત્ર પહેરી શકતા નહિ, તેમ શાન્તતાથી અન્ન પણ ખાઇ શકતા નહિ ! કાઇ ઉજળો દીઠો તો ચાડિયા તૈયાર થતા ! ધન નામ ધરણીમાં દટાયું, ત્યાં પણ તેનો નાશ થયો ! પૃથ્વીના

પેટમાં સંતાઇ રહેલો ક્ષય, બહારના ઉજ્વલ ઠગથી ડરીને પૃથ્વીના પેટમાં પેઠેલું ધન ઓહીઆં કરી જતો ! વિપરીત કાળમાં સર્વ વિપરીત જ જણાતું. બાહ્ય ચક્ષુઓને લોભાવનાર–મન હરનાર લક્ષ્મી મલીન જ રહેતી, એટલુંજ નહિ પણ આંતરચક્ષુઓને દીપાવનાર ઉજ્જ્વલ પ્રકાશતી કાન્તિમતી અને સદા ઉચ્ચ સગે સ્વતત્ર વસનારી દેવી સરસ્વતિની પણ આ સમયમાં વિપરીતજ દશા હતી! લક્ષ્મીદેવીની સાથે મિત્રતા ન બાંધનારી દેવી સરસ્વતિ પણ આ સમયે સપ કરી પૃથ્વીના પેટમા ભરાઇ બેઠી, છતાં પણ તેમને ઉધઇ રૂપી શત્રુઓએ સતાવવામા બાકી ન રાખ્યા ! રહી સહી દેવી સરસ્વતિની પ્રતિમાનો જીતતા લોકોએ અગ્નિસસ્કાર પણ કરી દીધો ! ઓ મ્હારી ભલી ગુજરાત ! આ કહેતાં મ્હારૂં હૃદય ચીરાઇ જાય છે !

મહાદેવી ગુજરાત ! વિદ્યા વિસરાઇ ગઈ, લક્ષ્મી લુટાઇ ગઇ, ધર્મથી લોકો ધરાઇ ગયા, અકરાંતિયા થઇ ગયા, અને કુભકર્ણની ઊંઘમાં પડયા ! ભલી ગુજરાત ! તારા રંક પુત્રો, એ સમયે ઉંદરની પેઠે દરમાંજ ભરાઇ બેસવા લાગ્યા. વહેપાર વહી ગયો–હાથથી ગયો અને અદર અંદર ઠગવાનું જ કામ શરૂ થયું ! કાચુ સોનુ પકવતા ગુજરાતની અધમ દશા થઇ ! એક વખતનું જગત્ વિખ્યાત ગુજરાત ! તારો લીલો બગીચો, હિન સ્થિતિમા આવી પડયો ! ઇશ્વરે ત્રણે બાજુથી પાણીથી રક્ષેલો ગુજરાત બગીચો સારા માળી વિના ઉજ્જડ વેરાન જગલ જેવો થઇ ગયો ! ઓ મ્હારી માતૃભૂમિ ગુજરાત ! આ કહેનાં મ્હારૂં માથું ફરે છે !

દેશ બહારનાનું જ્યાં આતિથ્ય થાય છે, જ્યાં તેમનું પૂજન અર્ચન થાય છે અને જ્યાં ઉગતા સૂર્યની માફક નમન થાય છે એવી ઓ ભલી અને પરોપકારી ગુજરાત ! તારા પૂર્વના જાહોજલાલીના દિવસોની યાદ લાવતાં મ્હારૂં અને ગુજરાતીઓનું હૃદય કંપાયમાન થાય એમાં શી નવાઇ ? એ દિવસ પણ ગયા ! સુધડ–વંદનિય–અંગ્રેજોનાં સુપગલાંથી તારૂં શ્રેય થતું જાય છે એમાંજ હાલ તો સંતોષ અને આનંદ માન ! કારણ કે માતૃદેવી ! તું સંતોષી અને આનંદી છે, એ સર્વ વિદિત છે. ભવિષ્ય ઉજળુ છે, એમાં જરા પણ શક નથી માતા !

ભારતવર્ષમાં પૂર્વે કાળમાં અનેક કર્મવીરો ઉત્પન્ન થએલા હતા. વર્તમાનકાળમા તેવા કર્મવીરોની ન્યૂનતા છે, તેમ છતા સર્વથા તેવા કર્મવીરોના આસ્તત્વનો નાશ થએલો છે એવું તો નહિજ કહી શકાય. પ્રત્યેક પદાર્થને કાળના વિચિત્ર નિયમાનુસાર ઉન્નતિ અને અવનતિનો સમય પ્રાપ્ત થયાંજ કરે છે પૂર્વે આર્યાવર્તનો અને તે સાથે ગુર્જર ભૂમિનો ઉન્નતિનો સમય હતો, હાલ અવનતિનો છે, અને તેમા તેમનોજ દોષ છે. તેઓ પ્રત્યેક કર્મમા શિથિલ થયા છે તેથી તેઓ ધી અને શ્રી ખોઈ બેઠા છે. પરંતુ સ્વર્ગીય સ્વામી શ્રી વિવેકાનંદે લખ્યું છે કે:—

But fate is strong,
This is law,-all things come back to the source,
Their strength to renew.

"ભાવી પ્રબળ છે સર્વ વસ્તુઓ પુનરપિ તેમની બલવત્તાને નવિન કરવા પાછી પોતાના મૂળસ્થાનમા આવી લાગે છે એ વિશ્વનો અબાધિત અનન્તકાળનો નિયમ છે."

અર્થાત્ ભવિષ્યમાં ઉન્નતિનો સમય આવવોજ જોઇએ પ્રતાપી અંગ્રેજી રાજ્યને લીધે અજ્ઞાનાન્ધકાર મટી જ્ઞાનપ્રકાશ થયો છે. શાન્તતા પથરાઇ છે, અને દેવી લક્ષ્મી અને સરસ્વતિએ સંપ કરી પૃથ્વીના ઉદરમાંથી બહાર આવી વસવાટ કર્યો છે, એટલે ધીમે ધીમે આ દેશની પ્રજા લક્ષ્મી અને સરસ્વતિ એ બન્નેની કૃપા પ્રાપ્ત કરશેજ–સુખી થશેજ.

"ઉદયાસ્ત તણું કુર ચક્ર ખરે, બધી સૃષ્ટિ વિશેષ વિનાશ કરે,
સહુ કેરૂ પ્રભુત્વ પડાવી, અરે! જન અન્ય ચડાવીજ દે શિખરે;
કુમુદો કુમળાં કરમાઈ ગયાં, અરવિંદ અચિર વિહારિ થયાં,
ઉદયાસ્ત તણું અતિ ગૌરવ આ, નકિ સૂચવતું, જનમાં જગમાં."

પ્રસ્તુત નવલકથામાં મહારાણા બાપ્પારાવના સંબંધનો ઇતિહાસ આપતાં એમાં વલ્લભી રાજાઓની સંકળના જોડી છે, તે એટલા જ માટે કે ક્ષત્રિયનો ધર્મ, ટેક અને અંશ વંશપરંપરા ઉતરે છે, એ જણાવવાની ખાતર–જ.

"The family from which the Ranas of Mewad claim their descent, is of a very ancient origin and great renown.

They are Sisodiya Rajputs, sprung from senior branch of the Sun-born race of Kshatriyas. In days of yore, Mewad was held by the Mori Parmar Kings, who had their seat of Government at Chitod From their hands, however, it was wrested in 728 A. D. by the celebrated *Bappa Rawal*, the heroic ancestor of the *Sisodias* The history of the valiant prince and the ancient chivalrous stock from which he inherited his heroic blood and martial qualities, is very romantic, and as an unflagging interest attaches to his tale; it is proposed to sketch the family history of the Ranas from remote antiquity down to the stirring events, which marked the career of the mighty *Bappa"—Hind Rajasthan.*

અનાથ સ્થિતિમાં ઉછરેલો, બ્રાહ્મણના સાત્વિક અન્નથી પોષાયલો અને ભિલ્લોની સંગતિમાં રખડેલો છતાં ક્ષત્રિય કુખમાં ઉત્પન્ન થએલો વીર બાળક-બાપારાવળ-ખરો ક્ષત્રી નિવડયો. પર હસ્તક ગએલુ પોતાના વડિલોનુ રાજ્ય નાની ઉમરમાં પાછું સંપાદન કરી શકયો એટલુંજ નહિ પણ મેવાડનું રાજ્ય પ્રાપ્ત કરી સર્વત્ર યશસ્વી કીર્ત્તિ સપાદન કરી, તેજ પોતાની પાછળ વારસામાં મૂકી ગયો તેના અદભૂત વીરત્વે આજે પણ સર્વત્ર વીર હાક વગાડી છે.

કર્મવીર મહારાણા બાપારાવ-હિંદનો સૂર્ય, રાજ ગુરૂ અને ચક્રવર્તિ પદ ધારણ કરનાર, મેવાડને જાગૃતમાં આણનાર, તેને દીપાવનાર, ક્ષત્રિયમાં શૂરાતન પેદા કરનાર અને તેમનામા ટેક, નેક અને જાત્યાભિમાન ઉત્પન્ન કરનારના જીવન સાથે તેના વંશનો ઇતિહાસ જરૂરનો ધારી આપ્યો છે, જે વાચકવૃંદ નકામો તો નહિ ગણે.

ગુજરાતમા વલ્લભી રાજાઓ પરાક્રમી થઇ ગયા હતા અને તેમનો સંવત્ત પણ ચાલતો હતો. છેલ્લા રાજા શિલાદિત્યના સમયમાં ધર્મની તકરારો બહુ વધી પડી. અને લોકોને ઘણું દુઃખ સહન કરવું પડયુ હતું. अहिंसा પ્રતિપાદક બૌદ્ધોએ અને જૈનોએ સ્વધર્મ પ્રસરાવવાની ખાતર એ સમયમાં अहिंसा શબ્દ માત્ર નામનો અને ફક્ત પુસ્તકોમાંજ વાપર્યો હોય

તેમ ઇતિહાસ ઉપરથી જણાય છે! ગમે તેમ હો. અત્રે તે સાથે કંઇ સંબંધ નથી. પરંતુ એજ ધર્મોના ઝઘડામાં રાજાએ સુલોચનાની કાંસકી છીનાવી લીધી. કાકુશેઠ ગુસ્સે થયો, અને તેની કિંમત આપવા છતાં તે કબુલ ન કરી પરદેશીઓને પોતાના દેશ ઉપર આવવા આમંત્રણ કરી આવ્યો! એવા દેશદ્રોહીને પરિણામે આ દેશની પાયમાલી થઇ! અને તે સાથે દેશદ્રોહીનું પણ સત્યાનાશ વળી ગયું! દેશદ્રોહ કરવામા તેણે શુ ફળ મેળવ્યું તે તો વાંચક વર્ગ પોતેજ સમજી શકશે. ધિક્ છે એવા દેશદ્રોહીઓને!

અત્રે એક નવીનજ વાત વાચકોની સમક્ષ મૂકવા ઇચ્છું છું. મહારાણા બાપ્પારાવનું ચરિત્ર લખવા કેમ ઇચ્છા થઇ? પટેલ-પાટીદાર અથવા હાલમાં જેઓની કણબીમાં ગણત્રી થઇ છે તેમનો સંબંધ આ ચક્રવર્ત્તિ બાપ્પારાવ સાથે છે. પટેલનો સંબંધ રઘુકુલભૂષણ મહારાજશ્રી રામચંદ્રજીના વંશ સાથે હોવાનું ઇતિહાસ, ભાટચારણોનાં લખાણો અને કવિતો ઉપરથી જણાય છે, અને મહારાણા બાપ્પારાવ તેમનાજ વંશજ હોવાથી આ મહાન્ પુરૂષનું ચરિત્ર લખવા મને ઘણા વર્ષથી ઇચ્છા હતી. રાજ્ય, પાટવીકુંવરને મળતું અને અન્ય કુંવરોને ગામ ગરાસ આપવામાં આવતાં. ગામ ગરાસમાં વંશની વૃદ્ધિ થવાથી ભાગ પડયા અને આખરે જમીનના માલિક થયા. અન્યકામ ન હોવાથી અને સમયમા ફેરફાર થવાથી તેમણે કૃષિકર્મ સ્વીકાર્યું. બ્રાહ્મણોએ પણ સમયાનુસાર પોતાનું કર્તવ્ય તજી દીધું અને કોઇએ નોકરી, કોઇએ વાણિજ્ય, કોઇએ કૃષિકામ અને કોઇએ ભિક્ષાવૃત્તિ પસંદ કરી, છતાં તેઓ બ્રાહ્મણજ કહેવાવા લાગ્યા, પરંતુ કર્મ ભૂલેલા ક્ષત્રિઓ વૈશ્યમાં ખપવા લાગ્યા અને પટેલ-ખેડૂત કહેવાયા; છતા તેમનામાં શૂર-વીરત્વતા, ઉદારવૃત્તિ, સાહસિકપણું જેમનું તેમ કાયમ રહી ગયું. મહારાણા બાપ્પારાવના પછી તેમના આ પુત્રો ગુજરાતના જૂદા જૂદા ભાગમાં વસ્યા; તેમાંના કેટલાકે તો સૂલતાન મહમદ ગીજનવી સામે સોમનાથના મંદિરનો બચાવ કરતાં પ્રાણ ખોયા, અને બાકી રહેલા કેટલાકે સૌરાષ્ટ્ર છોડી ગુજરાતના પૂર્વ ભાગમાં આવી વસવાટ કર્યો.

કર્મવીર મહારાણા બાપ્પારાવના ચૈતન્યનો-કર્તવ્યકર્મનો-પ્રકાશ તેની

ભવિષ્યની સંતતિ ઉપર પડેલો જણાય છે. તેના વંશજોએ ચિતોડ ઉપર ઘણા વર્ષ રાજ્ય કર્યું હતું, પરંતુ પાછળથી તેમની રાજ્યધાની ઉદેપુર સ્થાપી હતી, ચિતોડાધિપતિ મહારાણા રાયમલ્લના ઉદ્ગાર આપણને જણાવે છે કે ચક્રવર્તિ બાપ્પારાવની પછીના ગાદીનશીનોના હૃદય ઉપર તેની અમૂલ્ય છાપ પડી હતી. તેઓ કહેતા કે "બાપ્પારાવના શ્રેષ્ઠ વંશમાં જન્મ પામેલા જે જે વીર પુરૂષોના હાથમાં શસ્ત્ર ધારણ કરવાનું સામર્થ્ય છે તેઓ સંકટની અથવા શત્રુની બીકથી ભયભીત થતા નથી! તેમને તો સંકટ સાથેજ ઝઝુમવા માટે ઉલટો આનંદજ થાય છે! મેવાડના રાજપૂતો ભયની કલ્પનાથી કિંવા કલ્પનાના ભયથી બિલકુલ બીતા નથી!" માતૃભૂમિને માટે તેઓ પ્રાણ સમર્પણ કરવા હમેશા તૈયારજ છે! ધન્ય છે રાજપૂત વીર! ધન્ય છે તમારા બાહુબળને! ધન્ય છે તમારા સાહસને! ધન્ય છે તમારા સ્વદેશ પ્રેમને!

ઘણા સમય ઉપર યોજાયલું અને પ્રગટ કરવા ધારેલું વીર બાપ્પારાવનું ચરિત્ર, નવલકથાના રૂપમાં, મારા મિત્ર રા. રા. ડાહ્યાભાઈ રા. મ્હેતાના શુભ પ્રયાસથી અને ખંતથી આજે પ્રજા સમક્ષ નિવેદ કરવાનો સમય આવ્યો છે. ઉત્તમ વાર્તાઓ અને નવલકથાઓ પ્રત્યે હમણાં હમણા ગુર્જર વાચકવર્ગની અભિરૂચિ વધેલી જોઇ મી. મહેતાએ, '**સસ્તી વાર્તામાળા**' પ્રગટ કરી, તેમા મહાન્ પુરૂષોનાં આદર્શરૂપ ચરિત્રો નવલકથાના રૂપમાં પ્રગટ કરવા હિંમત ધરી, જનસમાજની વધતી જતી અભિરૂચિને મદદરૂપ થવા યત્ન આરંભ્યો છે તે માટે વાચકવર્ગે મગરૂર થવું જોઇએ, અને તેનો બહોળો પ્રસાર થાય તેવો વાચકોએ યત્ન કરવો જોઇએ કે જેથી ભવિષ્યમાં અનેક ઉત્તમ ગ્રંથો પ્રકટ કરવાનું બની શકે અને ગુર્જર સાહિત્યમાં સંગીન વધારો થાય. એટલુંજ નહિ પણ નવલકથાઓ સચિત્ર પણ પ્રકટ થઇ શકે.

ગુજરાતના ઇતિહાસ માટે ઘણું ખરૂં આપણે પરદેશી ઇતિહાસકારો ઉપર આધાર રાખવો પડે છે. કર્નલ ટૉડ સાહેબે, અને રાસમાળાના લેખક મી. ફાર્બસ સાહેબે ઘણો શ્રમ લઈ રાજપૂતોના ઇતિહાસ સબંધી જે પુસ્તકો રચ્યાં છે તે માટે આપણે તેમને ધન્યવાદ આપવો ઘટે છે. પરંતુ

હજુ ગુજરાતનો સવિસ્તર ઇતિહાસ, લખાયો નથી એ ખેદ પામવા જેવું છે. તેમ છતાં ગુજરાતના ઇતિહાસનું કંઇક સંશોધન થવા માંડયુ છે, નવા નવા લેખકો અંગ્રેજી, ફારસી અને ઉર્દુમાં લખાયલાં પુસ્તકોમાંથી શોધખોળ કરી એ ઇતિહાસ ઉપર અજવાળું પાડે છે, એ મહાન્ કાર્ય માટે દરેક ગુજરાતના વતનીએ તેમને માન આપવું ઘટે છે. રા. રા. ચુનીલાલ વ. શાહે 'સોમનાથનુ શિવલિંગ' લખી એમાં વધારો કર્યો છે પરંતુ જેઓ પોતાને સાહિત્ય પરિષદ્‌ના સ્તંભ રૂપ કહેવડાવે છે તેમણે ગુજરાતના ઇતિહાસનું સંશોધન કરાવી પોતાનુ એ કર્તવ્ય બજાવવું જોઇએ. માત્ર સાહિત્ય પરિષદ્ ભરાય અને ત્યાં લાંબાં લચક ભાષણ થાય અને આવાં આવાં સંગીન કામો થાય નહિ તો તે ભાષણોનો શો ઉપયોગ?

લગભગ ૧૮૯૪ માં અથવા તે અરસામાં 'આર્ય વત્સળ, નામનું માસિક નીકળતું, તેમા 'ગુર્જર વાર્તાવલી' એ મથાળા નીચે ગુજરાતના રાજાઓનો ઇતિહાસ આપવો શરૂ થયો હતો, પરંતુ દુર્ભાગ્યે-જન સમાજનો તે વખતે વાચનનો શોખ ન હોવાથી કે કાંઈ અન્ય કારણથી-તે મૃત્યુપ્રાય થયું, અને વાર્તાવલી બંધ પડી! વલ્લભી રાજ્ય સબંધી કેટલોક ઇતિહાસ આ નવલકથામાં તે આધારેજ લખવામાં આવ્યો છે, તેમજ અંગ્રેજી હિંદરાજસ્થાન, કર્નલ ટૉડનુ રાજસ્થાન, મે૦ ફાર્બસ સાહેબની રાસમાળા, અને રા. નારાયણ કૃષ્ણ ગદ્રેના મરાઠી પુસ્તકની તથા જૈન ઇતિહાસોની અને રા. બા. હ. હા. કાંટાવાળાના 'પાણીપત'ની મદદ લીધી છે, તેથી તે લેખકોનો આભાર માનું છું. દૈવ કૃપા હશે તો અન્ય ઐતિહાસિક પુસ્તક લખવા ઇચ્છા છે.

महतां तादृशं तेजो यत्र शाम्यन्त्यनोजसः ।
अस्तं याति प्रकाशेन तारका हि विवस्वतः ॥

લખાવાડ-નડીઆદ.
તા. ૧-૧૦-૧૩.

લ. ગો. પટેલ.

॥ श्री हरि ॐ ॥

बापाराव.

પ્રકરણ ૧ લું.

ભિલ્લોનો હલ્લો-રાજ્યક્રાન્તિ.

स हि गगनविहारी कल्मषध्वंसकारी ।
दशशतकरधारी ज्योतिषां मध्यचारी ॥
विधुरपि विधि योगात् ग्रस्यते राहुणासौ ।
लिखितमपि ललाटे प्रोज्झितुं कः सम

તિમિર હરણ કર્ત્તા, આપ ખે ખેલનારો,
દશશત કરવાળો ઋક્ષમા ચાલનારો,
વિધુ પણ વિધિ યોગે રાહુનાથી ગળાય,
લિખિત કદાપિ કાળે, કોથી મિથ્યા ન થાય.

કૃષ્ણપક્ષની મધ્યરાત્રિ અધારૂં ઘોર. આકાશમાં વાદળાં છવાઇ ગયાં છે. તારાઓનો પ્રકાશ નિસ્તેજ થયો છે. જ્યાં ત્યાં સૂમસામ. ઠંડીના દિવસ હતા અને તેમા વળી પવનના સૂસવાટા આવતા હતા. નગર રક્ષકો ઠંડીની લહેરમાં બગલમાં હાથ ઘાલી જ્યાં ત્યાં જાગતા ઉંઘતા ભરાઇ પડી રહ્યા હતા. વચમાં વચમાં રાત્રિનાં જન્તુઓનો અવાજ માત્ર સભળાતો, અને તે પણ પવનને લીધે ક્વચિત્ ભાગ્યો તુટયો આવતો અને કાને અથડાતો. ઘટિકાયંત્ર તે સમયે ન હોવાથી વખતની અટકળ થઇ શકે તેમ નહોતું.

પરંતુ પ્રહર-સૂચક શિયાળવાંનું બોલવું વખત જણાવતું. વાદળાંમાં સંતાઈ રહેલા તારાઓ પણ કદી બહાર ડોકિયું કરતા નહિ! તેમને કદાચ બીક લાગતી હોય કે રખેને તેમના હાલન ચાલન પરથી વખત જોવાનું બની આવે! આજની રાત્રિ, ખરેખર આ નગરીને માટે કાળ રાત્રિજ હોય તેમ ભાસતી હતી! તેના ઉપર આવી પડવાના દારૂણ પ્રસંગનાં દુશ્ચિહ્નો મૂર્તિમંત દેખાતાં હોય તેમ લાગતાં હતાં. રાજધાનીનું નગર છતાં આજે સર્વત્ર શાન્તતા માલમ પડતી હતી. નગરનુ ચકલું સુદ્ધા આજે ફરકતું જણાતું નહતું. જાણે કાળેજ પોતાનું જાદુઇ બળ વાપરી આખા નગરને નિદ્રામા ઘેર્યું હોય તેમ લાગતું હતું. આખા દિવસના શ્રમથી કંટાળેલા મનુષ્યને આરામની જરૂર હોય છે અને તે જરૂરીઆત માટે જગકર્ત્તાએ રાત્રિ નિર્માણ કરી છે. આરામ લેવો એટલે ઉંઘવું, પરંતુ આજની ઉંઘ તો જાણે કુંભકર્ણનીજ!

મનુષ્ય પોતાનું કર્તવ્ય ભુલે એટલે તેની પડતીજ થવાની. આ નિયમનું પ્રત્યક્ષ ફળ આ નગરીના રક્ષકોને મળ્યુ. તેમના ઉપર એકાએક બાણોની વૃષ્ટિ થવા લાગી. તીડોનાં ટોળાની પેઠે ચારે દિશાએથી એકદમ કાળા મોંના વિકાળ કાળ જેવા ભિલ્લોએ આ કાળ રાત્રિના કાળા અંધારામા એકદમ હલ્લો કર્યો. રસ્તામાં જે સામા મળે તેમને તેઓ કાપતાજ ચાલ્યા. આવા એકદમ ઓચિન્તા ધસારાથી નગર રક્ષકો ગભરાઇ ગયા. તતુડું ફુકાયું તે સાંભળી ઘરના ખુણામાં ઉંઘતા અન્ય સૈનિકો પણ સફાળા ઉઠી સશસ્ત્ર થઈ બહાર પડયા. ભિલ્લોનાં ટોળે ટોળાં કીડીઓની પેઠે ઉભરાતાં જોઇ તેઓ પણ વિચારમાં પડી ગયા, પણ કંઇક ધીરજ લાવી તેમના સામા થયા. અંધારામાં કાપાકાપી શરૂ થઈ, પરંતુ દુશ્મનોની મોટી સંખ્યા આગળ તેમનું કંઇ વળ્યું નહિ.

ભિલ્લોનું ટોળું આગળ વધ્યું અને એકદમ રાજવાડા ઉપર ધસ્યું. આ વખતે શિયાળવાંના બોલવા ઉપરથી રાત્રિના લગભગ ત્રણનો સુમાર થયો હોય એવું અનુમાન થઇ શકતું હતું. રાજવાડાનાં દ્વાર ખુલ્લાં નહતાં. ભિલ્લોએ તે કોંવાડાથી તોડી પાડયાં અને સઘળા અંદર ઘુસ્યા. ભિલ્લોનાં ટોળાંને જોઇ રાજવાડામાં હાહાકાર થઇ રહ્યો.

રાજા નાગાદિત્ય–ગુહસેન ભર નિદ્રામાંથી ચમકી ઉઠયા. આ ભિલ્લો સાથે યુદ્ધ કરવા તેઓ ઘણા સમયથી વિચાર કરતા હતા, અને યુદ્ધ કરવાની વ્યવસ્થા પણ કરી ચુકયા હતા; પરંતુ આજે એજ ભિલ્લોના ઓચિંતા હુમલાથી તેમની કરી મુકેલી વ્યવસ્થા કંઈ કામ ન લાગી. રાજમહાલયમાં નાનાં મોટાં સૌ ગભરાઈ ઉઠયાં !

આખા જગતમાં એવી કોઇ વસ્તુ જોવા કે સાંભળવામાં નથી આવી કે જેનું કોઈ પણ પ્રકારે રૂપાંતર થયું નથી કે થવાનું નથી. કોઇના સઘળા દિવસો હમેશાં સરખા ગયા નથી અને જવાના નથી. કાળના વહેવા સાથે ચડતી પડતી સર્વેની થવાનીજ. કાળ કોઈને છોડતોજ નથી. કાળ સમયને જૂવે છે અને વખત આવે કોળીઓ કરી જાય છે. જગત્ પરિવર્તનશીલ છે, જગત્‌ની સર્વ વસ્તુઓ પરિવર્તનશીલ છે. એ પરિવર્તનશીલ જગતમાં કાળ પોતાનું કામ કર્યા જાય છેઃ—

નહિ છોડે કાળ કસાઇ, કયાં જાશે તું સંતાઇ,
નહિ છોડે કાળ કસાઇ.
રાજા, રંક, દેવ દાનવને, ખુબ ગયો છે ખાઈ;
એ નિર્દયની આગળ અંતે, ચાલે શું ચતુરાઇ— નહિ.
ધન યૌવનના માઠા મદમા, કેમ રહ્યો છે મરડાઈ;
કોઇ સહાય કામ નહિ આવે, જુઠી સર્વ સગાઇ.— નહિ.
ઉંધું જોઈ રહ્યો શું અંધા, ધરમા મૂઢ ધલાઈ;
મેં મેં કરતાં માનવ મેંઢા, પિંડ જશે પકડાઈ— નહિ.
બચવું હોય હવે જો બોધા, ભારે રાખ ભલાઈ;
કહે કેશવ હરિ શરણુ જા, એ પદ નિર્ભય ભાઈ.— નહિ.

મનુષ્યમાત્રને સુખનો સૂર્ય સદા મધ્યાન્હનો રહેતો નથી. તે ઉદય અસ્ત ભાવને પામે છેજ. છતાં જેમ તે સૂર્ય, ઉદય અને અસ્તની વખતે સમાન રંગ અને સમાન સ્થિતિવાળો રહે છે તેમ વિવેકી મનુષ્યો ચડતી અને પડતીમાં સદા ધીરજ રાખી, જેમ તેમ ગુજરાન કરી સદા મગ્ન રહેવું એમાંજ આનંદ માને છે. કેમકે 'निचैर्गच्छ त्युपरि चदशा चक्रनेमिक्रमेण.'*

* પૈડાની ધારની પેઠે એક વાર નીચે અને એક વાર ઉપર એમ માણસની દશા થયાજ કરે છે.

"અત્યારે શત્રુ આપણાથી અટકાવી શકાશે નહિ અને તેમના અસંખ્ય દળ આગળ મારાં ગણ્યાં ગાંઠયાં માણુસો ચટણી પેઠે વટાઇ જવાનાં!" એમ જ્યારે રાજાની ખાત્રી થઇ ત્યારે પોતાની રાણી અને પુત્રને કોઇ વિશ્વાસુ મનુષ્ય સાથે ગુપ્ત માર્ગે નગર બહાર મોકલી દેવાનો તેમણે વિચાર કર્યો. "પુત્ર રત્ન જીવતું રહે તો સૂર્યવંશની પુનઃ સ્થાપના થવાનો સંભવ છે, માટે રાણી અને કુંવરને નગર બહાર લઇ જઇ નિર્ભય સ્થળે મૂકવાં કે તે શત્રુને હાથ જાય નહિ. આ કામ ઘણું કઠિન છે. દુશ્મનો–કાળા હૃદયવાળા, કાળા શરીર અને કાળા મોંવાળા, કાળમુખા મ્લિચ્છો નગર અને ગઢને વિંટી વળ્યા છે. આવે અણિને પ્રસંગે આ કામ કોણ કરશે?" એવા વિચારમાં તેની નજર પોતાના મંત્રિ પુત્ર ઉપર ગઈ. તેણે તરતજ મંત્રિ અને તેના પુત્રને બોલાવ્યા. વખત થોડો હતો. પ્રાતઃકાળ પહેલા તો આ કામ થવું જોઇતું હતું. મંત્રિને પોતાનો વિચાર કહ્યો. મંત્રિએ પોતાના પુત્રને સલાહ આપી રાજપુત્રનું રક્ષણ કરવાનું કામ તેનેજ સોપ્યું. પિતાની આજ્ઞા સાંભળી પુત્રે ઉત્તર દીધું:—

"મારા અન્નદાતાનો છેલ્લી ઘડીએ ત્યાગ નહિ કરૂં. હું જીવીશ ત્યાં સુધી તો મહારાજના વાળને આંચ આવવા નહિ દઉં. હું તો તેમની હજુરમાં લડતાંજ મરીશ. રાણીને લઇ નગર બહાર જવાના બહાને હું ન્હાસી જઉં? એ કાર્ય તો મારાથી નહિ બને." મંત્રિપુત્રે નમ્રતાથી કહ્યું. તેની આંખમાં અશ્રુ વહેવા લાગ્યાં. પોતાનો પિતા આ સંકટમાંથી આવા બહાને નસાડી મુકવા કહે છે એમ તેના મનમાં આવ્યું. તેણે પિતા પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિ ફેંકી!

"હે શૂરવીર! તારા વંશની નિમકહલાલી જગપ્રસિદ્ધ છે. તારા વંશથીજ આ મારો સૂર્યવંશ ટકી રહ્યો હતો, અને ભવિષ્યમાં પણ તારાથીજ મારા વંશનું–એજ સૂર્યવંશનુ–ભલુ થવાનું છે. તેં મને ઘણી મદદ કરી છે, અને ઘણે પ્રસંગે મેં તારૂં શૂરાતન જોયું છે. હું વિનતિ કરૂં છું કે તું મારી આ છેલ્લી મોટી સેવા બજાવ. મારે માટે લડતાં મરવાને તું આતુર છે તો મારો વંશ રાખવાને તારે વધારે આતુર થવું જોઇએ. જો મારો

વંશ રહેશે તો સૂર્યવંશનો અસ્ત થનો સૂર્ય એકવાર થંભી રહેશે, આપણું વેર લેવાશે, ઈડર રાજ્ય પુનઃ સ્થાપશે ને હું પણ ગતે જઈશ. તેથીજ આ બાળકને બચાવવાને આપણાથી થાય તેટલો પ્રયાસ કરવો જોઈએ. આ સેવા તું નહિ કરે તો મારો વંશ જશે. નિર્દય ભિલ્લો તેને પણ મારશે અને દુષ્ટો બિનઅડચણે આપણા દેશ ઉપર રાજ્ય કરશે! હું વાંઝીઓ થઈશ, છતે પુત્રે હું વાંઝીઓ ગણાઈશ. શાસ્ત્રમાં કહ્યું છે કે જે વાંઝીઓ મરે છે તે મોક્ષ પામતો નથી, કેમકે તેની પાછળ તેના વંશનુ કોઈ શ્રાદ્ધ સારનાર રહેતું નથી. મારી આ છેલ્લી આજ્ઞા કહો કે વિનંતિ કહો, પણ મારૂં આ મહાન્ કાર્ય સિદ્ધ કરી આપ. હું પડે જાત પણ તેથી હું કાયરમાં ખપું અને મારા પૂર્વજોની લાજ જાય. બંનેને સહીસલામત લઈ જઈ શકે એવો અક્કલવંત ને પરાક્રમી તેમજ નિમકહલાલ તું જ છે. માટે આ સાહસ કરી જગત્‌માં યશ પ્રાપ્ત કર " રાજાએ મંત્રિ પુત્રને સમજાવ્યો.

" અંતકાળે તમે મને આવું કામ સોંપવા ધારો છો તેથી હું બહુજ દિલગીર થાઉં છું. મારા જવાથી છેવટને વખતે તમારી પાસે કોઈ સારો મદદગાર રહેશે નહિ. રાણીશ્રીનું તથા બાળરાજાનું હું સંરક્ષણ કરીશ, પણ તે મહા સતી તમને અંતકાળે છોડીને જાય અને તમારી પાછળ સતી થવાનો તેનો ધર્મ પડતો મૂકે એવું કદાપિ કાળે થનાર નથી. અન્નદાતા! એ વાત પડતી મૂકો. પુત્ર વગર માણસ સ્વર્ગે ન જાય એ કાંઈ યોગ્ય કારણ લાગતું નથી. પુત્રનું આયુષ્ય ઈશ્વરના હાથમાં છે." મંત્રિ પુત્રે કહ્યું.

" તું ગમે તે કહે પણ મારો નિશ્ચય એવોજ થયો છે કે તારે રાણીને અને કુંવરને લઈને કોઈ નિર્ભય સ્થળે ચાલ્યાં જવું. મારી વિનંતિ ન માને તો એ મારી આજ્ઞા છે એમ સમજ. રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ જો તને સારૂં લાગતું હોય તો પછી મારે તને કાંઇ વિશેષ કહેવાનું નથી. તારા પિતાએ મને કંઇ શીખવ્યું નથી. રાણીને પુત્ર સહિત કંઇ કારણ જણાવ્યા વગર કિલ્લા બહાર લઇ જઇશ તો તે કંઇ હઠ કરનાર નથી. કિલ્લા બહાર ઘણે વેગળે ગયા પછી સર્વ વાત તેને કહેવી. એ સતી છે એટલે તે પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કોઇ દિવસ કરનાર નથી. ઈશ્વરેચ્છાએ એ પુત્ર

જીવિત હશે તો તે તારા હાથ નીચે શૂરવીરપણાની તાલીમ લેશે, તારી મદદથી ભિલ્લો પાસેથી રાજ્ય લઇ સૂર્યવંશનો પડી ભાગેલો આબરૂ રૂપી કિલ્લો ફરીને મજબૂત કરશે, અને તેના સ્વર્ગવાસી પિતાને સ્વર્ગમાંજ આનંદ પમાડશે." રાજાએ તેને પુનઃ સમજાવ્યો.

"મારા અન્નદાતા. મારા રાજા. તમારી અને મારા પિતાની એવીજ ઇચ્છા છે, એવીજ આજ્ઞા છે, કે આ દુર્ભાગીએ આપ બન્નેને આપત્કાળમાં ત્યજી દઇ જતા રહેવું તો તે આજ્ઞા મારે માથે ચઢાવવીજ જોઇએ; એજ મારો ધર્મ! હવે હતભાગીનો અન્ય કંઇ ઇલાજ નથી. મારાથી બનશે તેટલા પ્રયત્ન કરી બાળરાજાને અને રાણીમાતાને સુસ્થળે મૂકી આવું છું. હું જીવીશ તો આપશ્રીની આજ્ઞા પ્રમાણે મારા બાળરાજાને ઉત્તમ પ્રકારની તાલીમ આપીશ. પ્રભુ! આપનો જય ચાહું છું."

મંત્રિ પુત્ર શંકરદેવના મન ઉપર રાજાના કહેવાની સારી અસર થઇ. રાજાનો તર્ક તેને યથાર્થ લાગ્યો. દેશને પુનઃ સ્વતંત્ર કરવાની આશા તેને ખરી ભાસવાથી એ કામ કરવા તત્પર થયો.

રાણી ક્યારનીએ જાગ્રત થઇ હતી. તેને ભિલ્લોના દરોડાની ખબર પડી હતી, પરંતુ તેઓ ગઢના દ્વાર પાસે આવી પહોંચ્યા છે એવું તેના જાણવામાં નહતું. એટલામાં શંકરદેવ રાણીવાસમાં આવ્યો. શંકરને જોઇ રાણી વિસ્મય પામી; તેની મુખમુદ્રા જોઇ તેઓ આતુરતાથી કંઇક પૂછવા જતાં હતાં એટલામાં શંકરે કહ્યું "અત્યારે આપને બાળરાજાને લઇ મારી સાથે આવવાનું છે." એમ કહેતાંજ શંકર રડી પડયો.

"મહારાજાને કંઈ......" રાણી પણ સભય અશ્રુ પાડવા લાગી.

"ઘણું જીવો મારા અન્નદાતા. પરંતુ માતા, ભિલ્લો રાત્રિમાં ચઢી આવ્યા છે. ગઢનાં દ્વાર તોડી પાડયાં છે એટલે હવે તેઓ જલ્દીથી ફાવી શકશે. આપણી પાસે બચાવ કરવા જેટલાં માણસો નથી એટલે ખરાબી થવાની! ભિલ્લો કાંઇ ઉચ્ચ ગુણુજ્ઞ ક્ષત્રી નથી કે તે આપણા જનાનાની જોઇએ તેટલી બરદાસ કરી તેમની આબરૂ જાળવવાનો યત્ન કરે. મહારાજાશ્રીની

આજ્ઞા છે કે મારે તમને અને બાળરાજાને લઇ જઇને કોઇ નિર્ભય સ્થળે મૂકી આવવાં."

"ભાઇ શંકર, શું એવો વખત જલ્દીથી આવી પહોંચવાનો સંભવ છે! ઈશ્વર એવું ન કરે, પણ કદાપિ દૈવકોપ થાય તોપણ શું તું મને એવી સલાહ આપે છે કે મારા જીવની ખાતર મારા પ્રાણપતિને અંતકાળે એકલા મૂકી નાશી જવું? આ બાળકનુ નશીબ બાળક પાસે. આ શરીરમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી એવું કદી બનનાર નથી."

"માતા, આ વખત વિચાર કરી જવાનો છે. હું તમને નાશી જવાનું કહેતો નથી પણ શત્રુથી નિર્ભય થઇ આપણા કુળની આબરૂ જાળવવી એ આપણી ફરજ છે. બાળરાજા તેમના પિતાનુ વેર લેશે અને આપનો સૂર્યવંશ ફરી આ રાજ્ય પર સૂર્ય પેઠે ઝળકશે."

"હુ મારા પતિને મૂકી કોઇ ઠેકાણે જનાર નથી. તેમનું દૈવયોગે રણસંગ્રામમાં મૃત્યુ થશે તો સજોડે ચિતામાં બળી સતી થવાનો મને લ્હાવો મળશે, અને તેથી મને મોક્ષની પ્રાપ્તિ થશે. હુ તેમનાથી વિખૂટી પડું તો મારા પ્રેમને ધિઃકાર છે! હું અંતકાળે તેમની ચિતા સાથે બળી ન મરૂં તો મારી જનેતા લાજે ને ક્ષત્રાણીના નામને એબ લાગે. પતિના સુખ દુઃખમાં ભાગ લેવો એ સ્ત્રી જાતિનો ધર્મ છે ને મારાથી કેમ તજાશે? સતીને માટે પતિ એજ તેનુ સર્વસ્વ છે. લગ્ન વખતે સ્ત્રી પતિને મન, વચન અને કર્મ સર્વસ્વ અર્પણ કરે છે. એટલે જીવતા તેમની આજ્ઞામાં રહેવું અને તેમનું મૃત્યુ થતાં તેમની સાથેજ બળી ભસ્મ થવું એજ અમારો ધર્મ! પતિના મૃત્યુ પછી અમારે જીવીને શું કરવું છે? હરિશ્ચંદ્ર રાજાની સ્ત્રી છેવટ સુધી તેના પતિના દુઃખમાં સામેલ રહી હતી. સીતા જેવી મહા સતીએ પણ પતિની સેવા માટે વનવાસનાં દુઃખ કબૂલ કર્યા હતાં ને એવુંજ કૃત્ય દ્રૌપદીએ કર્યું હતું. તું આવો ગાડો વિચાર કરે ને અંતકાળે તારા રાજાને એકલા મૂકી મારી સાથે આવવાનું કરે તથા મને તેમનાથી વેગળે લઇ જવાની મહારાજાને હા કહે એમાં તને પોતાને કાંઇ ઓછી નામોશી નથી."

"તને પોતાને કાંઇ ઓછી નામોશી નથી." એ શબ્દે શંકરદેવનું

હૃદય ઓગાળી નાંખ્યુ. તે રડી પડયો અને રાજમાતાને નમન કરી કહ્યું:

"માતા, તમે કહો છો તે સર્વ વાત ખરી છે. મેં મહારાજાના સમક્ષ એકદમ એ વાત કબુલ કરી હશે એમ આપ મારા સ્વભાવ ઉપરથી માની શકશો ? મેં ઘણી ના પાડી પરંતુ તે એકના બે થયા નહિ. મને છેવટે તેમણે કહ્યું કે એ પ્રમાણે કરવાને હું તને અને રાણીને આજ્ઞા કરૂં છું અને મારી આજ્ઞાનુ ઉલ્લંઘન થયું તો પછી તમારાં બધાં સુકૃત્યો ધોવાઇ જશે."

"હે ભાઇ ! ખરેખરૂં કહે, મારા સમ, મહારાજાએ એવી આજ્ઞા કરી છે ? જો એમ હોય તો મારી સઘળી આશાઓ વ્યર્થ છે. મારે એમનો હુકમ સત્વર માથે ચઢાવવો જોઇએ."

"હા માતા ! મહારાજાનો એવો હુકમ છે."

"ઠીક ત્યારે લાચાર, પણ મને એક વાર મારા પ્રિય સ્વામીનાં છેલ્લી વારનાં દર્શન કરી લેવા દે, અને તેમની સાથે મને થોડી વાતચીત કરી લેવા દે કે મને ધીરજ મળે."

"માતા, આમ ગાંડાં શુ કાઢો છો ? આ વખત તે મળવા હળવાનો કે વાતચીત કરવાનો છે ? શત્રુઓ ગઢમાં પેઠા છે ને ઠેઠ સુધી આવી લાગ્યા છે. સમર્થ ટકાવ કરનાર હોય તોજ તેમને અહિં આવતાં વાર લાગી શકે પણ તેમ ન હોવાથી તેઓ તત્કાળ અહિં આવી ભરાવાની ધાસ્તી છે. માટે ઉતાવળ કરી જે કાંઇ લેવું હોય તે લઇ લો."

"હવે મારે લેવાની દરકાર શું છે ? મારૂં જે છે તે તો અહિંજ રહેવાનું છે. મારે અભાગણીને પતિ વિયોગી થવું પડે છે."

બાળરાજાને લઈ બન્ને જણાં છુપે રસ્તેથી નગર બહાર નીકળી ઘણે વેગળે ચાલ્યાં ગયાં.

રાત્રિના અંધકારમાંજ બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ થયું. તેમાં રાજા નાગાદિત્ય માર્યો ગયો. ઈ. સ. ૭૧૬. નગરી ભિલ્લોના હસ્તગત થઇ. નાગાદિત્ય સિસોદીઆના વંશનાં જે જે માણુસો ભિલ્લોના હાથમાં આવ્યાં તેમને તેઓએ કાપી નાંખ્યાં. રાણી તથા તેના નાના બાળકની રાજ્ય મહેલમાં અને ઈડરના ઘરેઘરમાં ઘણી શોધ કરી પરંતુ પત્તો ન લાગ્યો. સિ-

સોદીઆનાં પૂણ્ય પ્રતાપે ભાવિ રાજા બચવા પામ્યો. ભિલ્લોની ઇચ્છા હતી કે સિસોદીઆ કુળનો ઉચ્છેદજ કરવો, પરંતુ બાહ્યાંતર વ્યાપી પરમાત્માની એવી ઇચ્છા નહતી. તેની ઇચ્છા હતી કે: એક સમયે પુનઃ સિસોદીઆ રાજાએ રાજ્ય કરવું. પરિણામે તેજ ઇચ્છા પરિપૂર્ણ થઇ. તેથીજ આપણે કહી શકીશું કે “મનુષ્યની ઇચ્છિા એક અને દૈવની ઇચ્છા બીજી !”

ઇડર ઉપર નાગાદિત્ય મહારાજાને સ્થળે ભિલ્લોની આણ વર્તાઈ, અને રાયમલ્લ નામનો એક ભિલ્લ નાયક ગાદીએ બેઠો.

વીર ભૂમિ ઉપર પવિત્ર સિસોદીઆ વંશના ક્ષત્રિય રાજાઓ રાજ્ય કરી દશે દિશા કમ્પાવતા હતા તે ભૂમિ ઉપર આજે અસભ્ય–જંગલી–ભિલ્લોનું રાજ્ય ! જે રાજ્ય સિંહામન ઉપર વીરકેસરી ક્ષત્રિય રાજાઓ બિરાજી નિર્મળ ન્યાય આપતા તે સિંહાસન ઉપર આજે ભિલ્લરાજા ! વિધિની કેવી લીલા ! દૈવની કેવી રચના ! મનુષ્યના પ્રારબ્ધમાં કયે સમયે શુ લખાયું છે તે કોણ જાણી શકે છે ? તેથીજ કહેવામાં આવે છે કે જગત્ પારવર્તનશીલ છે !

પ્રકરણ ૨ જું.

ભિરાજ્ય-ગુર્જરોનો હુમલો.

સૂર્યકુળભૂષણ પ્રથમ ઇક્ષ્વાકુ રાજાના વંશમાં, ત્રેતા યુગના અન્તમાં, શ્રી રામચંદ્ર રાજા થયા હતા. સાક્ષાત્ વિષ્ણુના અવતાર શ્રી રામચંદ્રે લંકાના રાજા રાવણનો તેના સર્વ દુષ્ટ રાક્ષસો સહિત સંહાર કરી ભારતભૂમિનો ભાર ઉતાર્યો હતો. એ મહાન્ પુરૂષના અદ્ભુત પરાક્રમથી કોણ અજાણ્યું છે? જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો નાશ થાય છે, દુષ્ટો સજ્જનોને પીડે છે, પ્રજા બહુ દુખી થાય છે, ચારે તરફ ત્રાહે ત્રાહે થઇ રહે છે ત્યારે સાક્ષાત્ કરૂણાજનક મંગળમય ભગવાન, દુષ્ટોને સંહારવા, સંતોને સુખી કરવા, ધર્મનું પુનઃ સ્થાપન કરવા અવતાર ધારણ કરે છે, એવાં શાસ્ત્રનાં પ્રમાણ મળી આવે છે. તેજ પ્રમાણે શ્રી રામચંદ્રે અવતાર ધારણ કરી સર્વ રાક્ષસકુળનો નાશ કરી પ્રજાને દુઃખમાંથી મુક્ત કરી હતી.

એજ શ્રી રામચંદ્રજીની કેટલીક પેઢીએ ઉતરી આવેલા તેમના વંશજ, અયોધ્યાથી પંજાબમાં જઇ લોહકોટ[1] બંધાવી ત્યાં રહ્યા હતા. શ્રી રામચંદ્રને બે કુંવરો હતા; લવ અને કુશ. લોહકોટમા વસનારા લવ વંશના કહેવાય છે. લોહકોટનું પ્રાચીન નામ લવકોટ હતું, તે પાછળથી લોહકોટ થયું જણાય છે. કેટલેક વર્ષે તે વંશમાં ૬૩ મી પેઢીએ કનકસેન નામનો રાજા થયો. તેમના સમયમાં લોહકોટની પાસે ગુર્જરપુરી[2] નામની નગરી હતી. તેની આબાદી માટે હાલમાં તેનાં ખંડેરો સાક્ષી પુરે છે. આ કનકસેન રાજાની ઉત્તરમાં કાશ્મિર, પશ્ચિમમાં કંદહાર, દક્ષિણમાં સિંધ અને સરસ્વતી નદીનો કિનારો તથા પૂર્વમાં કાશી નગરી સુધી આણ વર્તાતી.

---

૧ હાલનું લાહોર. ૨ હાલનું ગુજરાત (પંજાબ).

વલ્લભિ રાજ્યનો કોઇ વંશજ ધર્મની તકરાર કરતાં રીસાયો અને તે કનકસેન રાજાના દરબારમાં ગયો. તેણે વલ્લભિ રાજ્યની અને વલ્લભિપુરની જાહોજલાલી તથા રાજાની નિર્બળતા જણાવી, તેને તે રાજ્ય ઉપર ચઢી આવવા ઉશ્કેર્યો, અને યુદ્ધમાં થતા ખર્ચ માટે ખર્ચ આપવાનું પણ જણાવ્યું. રાજ્ય લોભ કોને થયો નથી ? જુવાન કનકસેનને રાજ્ય વધારવાની ઇચ્છા હતી તેમાં આનાથી વૃદ્ધિ થઇ.

"રાજ્ય લોભ, સ્ત્રી, ધર્મ વસ્તુઓ, યુદ્ધ તણા કારણ મોટાં;
પાંડવ કૌરવ લઢી મુઆ તે, રાજ્ય કારણે છે જોતાં."[1]

સૈન્ય તૈયાર કરવાનો હુકમ અપાયો. ત્રણ માસમાં તો ૧૫૦૦૦ રાજપૂતો, ૧૦૦૦૦ નગરકોટના બ્રાહ્મણો, ૧૫૦૦૦ આહીર, રબારી, બરબર, મેર વગેરે વગડાઉ યોદ્ધા તૈયાર થઈ સિંધુ નદીના કાંઠે રાજા કનકસેન અને તક્ષક મંત્રિના ઉપરીપણા નીચે ભેગા થયા. ગુર્જર સેના સિંધમાં થઈ થરપારકરમાં ઉતરી રણને માર્ગે વાયવ્ય કોણથી વલ્લભિ રાજ્યમાં પેઠી.

આ સમયે વલ્લભિ રાજ્યમાં બૌદ્ધધર્મ હતો. લોકો બાયલા બની ગયા હતા. લઢવાની તેમનામાં શક્તિ રહી નહતી. રાજા પોતે પણ નિર્બળ થયો હતો. ભાટ લોકોએ તેને ઉશ્કેરી સૈન્યને મોખરે કર્યો. રણશિંગાના નાદે વલ્લભિ સેનામાં શૂર આણ્યું. બન્ને પક્ષ વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું. પરંતુ વલ્લભિ લશ્કર હાર્યું. વલ્લભિપતિ પડયો. તેના શરીરે અનેક ઘા પડયા હતા તેથી તે રણભૂમિમાંજ પડયો હતો. પાસે વીર સરદારો આશ્વાસન આપતા બેઠા હતા. યુદ્ધ શાંત થયું હતું. રાજા કનકસેન, મંત્રિ તક્ષક અને વલ્લભિપૂરનો રીસાયલો સરદાર વલ્લભિપતિ પાસે આવ્યા. રાજાએ તેમને આવતા જોઇ હાથ વડે પોતાની આંખો ઢાકી દીધી. તેમણે પેલા સરદાર તરફ આંગળી કરી કહ્યું કેઃ "આ ચંડાળનું મ્હોં નહિ જોઉં" કનકસેનને ઉદ્દેશી તે બોલ્યોઃ "ઓ શરા ગુર્જર યુવાન રાજા! તેં મારા રાજ્ય ઉપર વગર દોષે હુમલો કર્યો છે. હું અને તારા પિતા બંને મિત્રો તરીકે વર્તતા હતા, તે તારી જાણવામાં તો હશેજ, છતાં તેં મારા રાજ્ય ઉપર ચઢી આવી

---

૧ પાણીપત.

મારી પ્રજાને નાહક સતાવી હજારો નિર્દોષ જીવોનું સત્યાનાશ વાળ્યું છે. હવે હું બચીશ નહિ. મારા પ્રાણ તે શાંત-લોકમાં પ્રયાણ કરવાની તૈયારીમાં છે. તું પણ યાદ રાખજે કે આ દુષ્ટ સરદારના જેવો એક નીમકહરામ, રાજદ્રોહી, પાપી ચંડાળ સરદાર, તારા વંશજનો અને તેના રાજ્યનો નાશ કરાવનાર ઉત્પન્ન થશે અને અત્યારે તે જેમ મારી અવદશા કરી છે તેમ તે પણ તારા કુળને પાયમાલ કરાવી તેની લાજ લેવરાવશે." કહી રાજા શાન્ત થયો. તેના ઘામાં અતિ વેદના થતી હતી. તેનું કહેવું સાંભળી કનકસેન દિલગીર થયો અને માનપૂર્વક નમીને તેને કહ્યું:

"રાજેન્દ્ર! મને ક્ષમા કરો. હુ આપનો આજ્ઞાંકિત સેવક છું. મારા પિતાનો અને આપનો સંબધ મારા લક્ષમા નહનો. ફરમાવો તે કરવા હાજર છું."

"ગુર્જરપતિ! જે થવાનું છે તે મિથ્યા થતું નથી તમે મારા મિત્ર-પુત્ર છો. કઈ જુદા નથી. મારી કન્યાને તમે પરણજો. મારૂં રાજ્ય તમે ભોગવજો. મારા કુટુંબને માનપૂર્વક પાળજો. મારી પ્રજાને-મારાં વહાલાંને સંતાપશો નહિ. તેમને પુત્રવત્ પાળજો. તેમનું કલ્યાણ થાય તેવાં આચરણ રાખજો અને યોગ્ય રીતે મારી ઉત્તર ક્રિયા કરજો." કનકસેને તથાસ્તુ કહ્યું. વલ્લભિપતિએ દેહ ત્યાગ કર્યો.

રાજા કનકસેને પોતાનું કોશળ નામનું સ્વદેશી રાજ્ય ત્યજી ઇ. સ. બીજા સૈકામા સૌરાષ્ટ્રમાં સૂર્યવંશની સ્થાપના કરી. વલ્લભિનો કંઇક ઇતિહાસ વાચકોને ઉપયોગી થઇ પડશે જાણી અત્રે તેનો ટુંક આભાસ આપવામાં આવે છે.

તે સમયે વલ્લભિની પડોશમાં બીજું રાજ્ય ચંદ્રાવતીના પરમારનું હતું. ત્યાંનો રાજા વલ્લભિપુરના રાજાનો પિતરાઇ થતો હતો, તે વલ્લભિ ઉપર ચઢી આવ્યો. કનકસેને મંત્રિ તક્ષકરાયને તેની સામે મોકલ્યો. ચંદ્રાવતીનો રાજા હાર્યો. તેણે પોતાની પુત્રી પુષ્પાવતી કનકસેનને આપી. જમને સ્થળે તક્ષકે ઇ. સ. ૧૪૪ માં નગર વસાવ્યું અને ત્યાં પોતાની બ્રાહ્મણ ફોજનો મુકામ રાખ્યો. તે નગરનું નામ તક્ષકપુર રાખવું એવી બ્રાહ્મણોની

ઇચ્છા હતી, પરંતુ તક્ષકરાયે પોતાના પિતાને નામે એ શહેરનું નામ [૧]બિર-નગર રાખ્યું. તક્ષકરાયની સાથેના બ્રાહ્મણો નગરકોટના રહીશ હોવાથી જે બ્રાહ્મણો આ બિરનગરમા વસ્યા તેઓ નાગર બ્રાહ્મણો કહેવાયા અને પૂજા માટે તેજ સમયે તેમણે હાટકેશ્વર મહાદેવનુ દેરૂં બંધાવ્યુ. રાજા કનકસેને કનકપુર, કનકાવતી વગેરે અન્ય નગરો પણ વસાવ્યાં.

કનકસેનથી[૨] ચોથી પેઢીએ વિજયસેન નામનો રાજા થયો જે વિજયસેન ભટાર્ક નામે પ્રખ્યાત છે. તેણે રાજ્યનો વિસ્તાર પૂર્વમાં નર્મદા સુધી વધાર્યો હતો. તેણે વિજયાપુર-વિજયપુર[૩] વસાવ્યુ જે હાલના ધોળકા પાસે હતું એમ કહેવાય છે. એ સિવાય તેણે વિદર્ભા[૪] તથા ખંભાત પાસે ગજની શહેર સ્થાપ્યુ હતુ. રાજ્યધાનીનું મુખ્ય શહેર તો વલ્લભિપુરજ[૫] હતું.

---

૧ વડનગર.

૨ સેન એ બહાદુર અર્થસૂચક પ્રત્યય હતો. પછીથી હિત, આદિત્ય એવા સૂર્યના નામસૂચક પ્રત્યય વપરાવા લાગ્યા.

૩ પાડવોનું વનવાસનુ રહેઠાણુ વિરાહ ગામની તળેટી ઉપર વિજયપુર બંધાવ્યું હતુ, તે ઉપરથી વિજયપુર-વિરાટગઢ કહેવાતું

૪ કેટલાક ઇતિહાસકાર વિદર્ભાને હાલનું સિહોર જણાવે છે રાજસ્થાનમા ચિતોડ દર્શાવેલુ છે મેવાડની જાહોજલાલીમા 'સિહોર' જણાવ્યુ છે.

૫ Some say that Vallbhipur was founded by Vijayasen. It is narrated in the Hind Rajasthan as follows —

"This Kanaksena, who was sixty-third in decent from Lava, imigrated to Gujarat, where he succeeded in deposing a Parmar chief, whose throne he usurped in 144. He built the city of Vadnagar and established himself there. He was succeeded by Maha Madasena, Sudeta, and Vijayasena on the Vadnagar gadi. It was this Vijayasena, who founded the famous city of Vallabhipur, and there are ample reasons to believe that Bhattaraka, a famous leader of forces, whose name is mentioned in old histories must have been but a nom de plume of this very Vijayasena."

છઠા સૈકાના આરંભમાં ઇ. સ. ૫૨૪ માં શિલ્લાદિત્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાના સમયમાં કાકુ નામનો શ્રાવક વાણીઓ રીસાઇ, રાજા ઉપર વેર લેવાના ઇરાદે પરદેશી રાજાઓને જઇ મળ્યો, અને વલ્લભિપુરના પહેલા રાજાના મરણ સમયના ઉદ્‌ગારો-શ્રાપો ખરા પાડયા.

વલ્લભિ રાજ્ય ઉપર સાઇથિક, પારથિએન, હુન કે બીજા જંગલી પરદેશીઓ ચઢી આવ્યા અને વલ્લભિપુરનો નાશ થયો-અંત આવ્યો અને હતું નહતું થઇ ગયું! તેનાં ખંડેરો ફરી ઉભાં થયાં નહિ. વલ્લભિ રાજ્ય પુનઃ સ્થાપન થયું નહિ. સદાને માટે તે આરામ લેવા સૂતું!

વલ્લભિપુરની જાહોજલાલી માટે ફ્રેંચ લેખક મૉનશેર જાકવેટ લખે છે કે "વલ્લભિ દેશ લારિસ (લાટ) ની ઉત્તરમાં છે. તેનો ઘેરાવો છ હજાર લી[1] છે. તેનું રાજ્યધાનીનું નગર ૩૦ લી કરતાં પણ ઘેરાવામાં વધારે છે. ઉત્પત્તિ, ગરમી, ત્યાંના રહેવાસીઓની રીતભાત અને તેમના શરીરની પ્રકૃતિ એ સર્વ અવતી[2] દેશ પ્રમાણે છે. વસ્તી ઘણી છે. કુટુંબો દ્રવ્યવાન છે. ત્યાં સો કરતાં પણ વધારે ઘર કોટયાધિપતિ ગણાય છે. આ રાજ્યમાં ઘણા દૂર દેશાવરોમાંથી અત્યંત સંપત્તિ આવી એકઠી થાય છે. એકસો કરતાં પણ વધારે બૌદ્ધમતના મઠ જોવામાં આવે છે. ત્યાં ૬૦૦૦ કરતાં પણ વધારે સાધુ છે. ઘણાખરા સમ્મિતીય મતના છે અને તે મત હીણાયનનો છે. ત્યાં સેંકડો દેવાલય તો દેવના[3] છે. તેના સાધુની સંખ્યા મોટી છે. ગૌતમ બુદ્ધ જ્યારે મૃત્યુ લોકમાં હતા ત્યારે (ઇ. સ. પૂર્વે ૫૬૦-૪૮૦) આ દેશમાં ઘણી વાર આવેલા હતા અને તેમણે જે જે વૃક્ષની છાયા નીચે વિશ્રામ લીધેલો તે તે સ્થળ ઓળખાઇ આવવા સારૂ અશોક રાજાએ (ઈ. સ. પૂ. ૨૮૦) સ્તૂપો બંધાવ્યા છે. રાજ્ય કર્ત્તા વંશ ક્ષત્રિય કુળનો છે. આગળનો રાજા માળવાના શિલાદિત્યનો ભત્રિજો હતો અને હાલમાં જે રાજા રાજ્ય કરે છે (જે કાન્યકુબ્જ[4] દેશના શીલાદિત્ય રાજાના કુંવરનો જમાઇ છે.) તેનું નામ દૌવભટ (ધ્રુવપટુ) છે."

શિલાદિત્ય રાજા પરદેશીઓના હાથથી મરાયો ને તેની પાછળ રાણી

૧—૧ લી બરોબર સવા બે માઇલ. ૨ માલવા. ૩ મહાદેવ. ૪ કનોજ.

પુષ્પાવતી સિવાયની બીજી રાણીઓ સતી થઇ. તેના વંશજનોની નાસભાગ થઇ. કેટલાક સૌરાષ્ટ્રમાં ગયા, અને કેટલાક કંદહાર તરફ જઇ ત્યાં રાજ્ય સ્થાપી રહ્યા.

રાસમાળા પ્રમાણે કનકસેન રાજાની વંશાવળી.

શ્રી રામચંદ્ર.
- લવ.
  - (૬૩ મી પેઢી) કનકસેન.
    - મહામદનસેન.
      - સુદેત
        - વિજયસેન. (સેનાપતિ ભટાર્ક.) ૧*
          - ૨ ધારસેન સેનાપતિ.
          - ૩ દ્રોણસેન (મહારાજા પદ ધારણ કર્યું.)
          - ૪ ધ્રુવસેન (મહારાજા પદ ધારણ કર્યું)
          - ૫ ધરપત. (મહારાજા).
            - ગુહસેન. (નાગાદિત્ય.)‡ ૬
              - ધરસેન. (૨ જો.) ૭
- કુશ.

---

* આંકના ચિહ્નો એ જૈન ગ્રંથોના આધારે અનુક્રમે રાજ્યકર્ત્તા રાજા હતા.

‡ Goha, the chief of Vallabhi, had, it is narrated in Indian histories, espoused a Persian princess, a daughter of Noshirvan, the Shah of Persia. The mother of the bride was daughter of Mares, the Christian Emperor of Constantinopal. Very probably this Goha was the very Gohasena, mentioned above. *Hind Rajasthan. 147.*

૮ શીલાદિત્ય. (ધર્માદિત્ય.)

૯ ખરગ્રહ (૧ લો.)

દેરભટ.

૧૦ ધરસેન ૩ જો.

૧૧ ધ્રુવસેન. (બાલાદિત્ય)

૧૫ શીલાદિત્ય ૨ જો.

૧૪ ખરગ્રહ (૨ જો.)

૧૩ ધ્રુવસેન (૩ જો.)

૧૨ ધરસેન ૪ થો.

૧૬ શીલાદિત્ય ૩ જો ઉર્ફે સેવાદિત્ય.

૧૭ શીલાદિત્ય ૪ થો ઉર્ફે સૂર્યાદિત્ય.

૧૮ શીલાદિત્ય ૫ મો ઉર્ફે સોમાદિત્ય.

૧૯ શીલાદિત્ય ૬ ઠો.

૨૦ શીલાદિત્ય ૭ મો. ઉર્ફે ધ્રુભટ. (વલ્લભિ રાજ્યના નાશના સમયનો રાજા.×)

× વલ્લભિ નાશના સમય માટે અને શીલાદિત્ય કયો તે માટે ઘણો મતાંતર છે. કોઇ લેખક શિલાદિત્ય ૪ થો લખે છે, તો કોઇ શીલાદિત્ય ૬ ઠો જણાવે છે. વળી મૉનશોર જાકવેટના લેખ પ્રમાણે જૈન ગ્રંથો અનુસાર તારવી કાઢેલી વંશાવળીમાં જે ૧૧ મો રાજા ધ્રુવસેન ૨ જો થઇ ગયો તેજ હોય તો શીલાદિત્ય ૪ થાના સમયમા વલ્લભીનો નાશ થયો એ સંભવિત છે, વળી સંદેસરના પંચાગ અને તે વખતની બીજી સાબીતી પ્રમાણે શીલાદિત્યના બાપનું નામ સૂર્યરાવ (સૂર્ય) છે, તો શીલાદિત્ય ૪ થો હોવો જોઇએ, એનું રાજ્ય સુમારે ઈ. સ. ૭૬૬ સુધી હતુ. મી૦ વાટ્સન વલ્લભિનો નાશ બે સૈકા પહેલાં જણાવે છે. વળી હુએનત્સંગ નામે ચીન દેશનો એક બોધ સાધુ જે આર્યાવર્તમાં આવ્યો હતો અને શીલાદિત્યને મળ્યો હતો તે (ઈ સ ૬૪૦) લખે છે કે "ટાંગ વંશના રાજ્ય સમયે ઈ સ. ૬૧૮ થી ૬૨૭ સુધી હિંદુસ્તાનમા ઘણો ક્લેશ ચાલ્યો હતો. રાજા શીલાદિત્ય ઘણી લડાઇઓ લડયો હતો." આ ઉપરથી પણ શીલાદિત્ય ૪ થો સાબીત થાય છે.

પ્રકરણ ૩ જું.

કાકુ શેઠ કોણ?

"બ્રાહ્મણને શિર ભીખ સજી છે, માટે ભટકીને ખાવું;
વણીક તો વેપાર કરદા, તેને શું લઢવા જાવું.
હોય સુખી તો કરાવી તક્યિા, પડયા પડયા હુંકયા કરવું;
ડાહિ માના દીકરા આપણે, ઉઘાડી રીતે ના વઢવું.
માર્યું ખાસડું હોય કદાપિ, ખંખેરી પાછુ દેવું;
મનમાં રાખી વેર વાળવું, પણ કશું મોઢે નવ કેંવું."[1]

જગતમાં જન્મ ધારણ કરનારને સુખ દુઃખ પ્રાપ્ત થયા વગર રહેતું નથી. સુખ કિંવા દુઃખ એ પ્રાણી માત્રને પોતાના કર્મથીજ મળે છે. સુખ દુઃખ આપનાર કર્મ સસ્કાર જ્યાં ત્યાં ફળ આપે છે અને તે સહસા વ્યર્થ થતા નથી, તેમજ જે જે કર્મ જે સ્થળે જે પ્રકારનું ફળ આપવાને સમર્થ હોય છે તે કર્મ તે જીવને તે સ્થળે કોઈ પણ નિમિત્તથી ખેંચીને તે પ્રકારનું યોગ્ય, અણુછતું સરખું કે ખઈ પણ ઉપજાવીને તે ફળ આપે છે. આ જીવોને ભૂતભાવિનું જ્ઞાન હોતું નથી તેથી તે ભૂતકાળે ઉપજેલાં કારણને તેમજ ભવિષ્યમાં થનાર કર્મને જાણતા નથી.

કાકુ મરૂમંડળના[2] પલ્લી[3] શહેરનો રહીશ હતો. એના નાના ભાઈનું નામ પાતાલ હતું. તે ધનવાન હોવાથી રંક કાકુ પાતાલના ઘરનું કામકાજ કરતો, તેનાં ખેતરાં સાચવતો ને ઢોરોને સંભાળતો. એક દિવસ પાતાલના એક ક્યારડામાં પાણી ભરાયું હતું અને કાકુ નિરાંતે સૂતો હતો. પાતાલના જોવામાં આવી હકીકત આવવાથી તે ગુસ્સે થયો અને કાકુને ઉઠાડી ઠપકો

---

૧ પાણીપત. ૨ મારવાડ. ૩ પાલી શહેર.

આવ્યો. કાકુને નાનાભાઇના ઠપકાથી ખેદ થયો. તે પોતાનો ઉચાળો લઇને વતન છોડી કંઇ ધંધાર્થે વલ્લભિપુરમાં આવ્યો અને નગરના દરવાજા પાસે ગોવાળિઆના કુબાની નજીક ઘાસનું એક નાનું સરખુ ઝુંપડું બાંધી રહ્યો. તે પોતાની રંકાવસ્થાને લીધે રંકના નામથી ઓળખાતો હતો.

સારી વસ્તુની ઇચ્છા કરવા છતાં તે વસ્તુ ન મળે તો તેમાં પ્રભુનો કોઈ પણ દોષ ન કહેવાય એ તો ફક્ત પોતાના ભાગ્યની વાત. વિધાતાએ જેના ભાલસ્થળમાં જે લખ્યું હોય છે તે તેને અસંભવિત છતાં પણ અવશ્ય આવી મળે છે. કેમકે:—

यत्कर्मबीजरसं येनपुरानिश्चितं सतद्भुंक्ते ।
पूर्णकृतस्याहिशक्यो विधिनापिन कर्तुमन्यथा भावः ॥
तस्माःद्यत्रयथायद् भवितव्यं यस्य दैव योगेन ।
तत्र तथा तत्प्राप्त्यै विवशो सौनीयतेऽत्रनभ्रांतिः ॥

જે કર્મ બીજ પૂર્વે વાવ્યું તે તો જરૂર ભોગવવું,
પૂર્વાર્જિત કર્મોમા, વિધિથી પણ અન્યથા કદી ન થાવું,
તેથી જ્યમ જ્યમ જેનું, ભવિષ્ય થાવું જરૂર તે વારે,
ત્યાં ત્યમ તેનું થાવા, વિવશ બનાવી પરેશ પહોચાડે

कर्मणोहि प्रधानत्वं किं कुर्वंति शुभाग्रहाः
वसिष्ट दत्तलग्नोऽपि रामः प्रव्रजितो वने ।

"મુખ્ય પ્રધાન કર્મજ છે. કદી શુભ ગ્રહો હોય તો પણ શું કરે? વસિષ્ટ ઋષિએ રામચંદ્રજીને પ્રાતઃકાળમાં રાજ આપવાનો વિચાર કર્યો હતો. પણ રાજ નહિ મળતાં તેમને પ્રાતઃકાળમાં વનમાં જવું પડયું!"

તેમજ— जनकनृपतिकन्या सर्वलोकैक धन्या
रघु ृलवरपत्नी लग्न कर्त्ता वसिष्ठः ।
तदपि गहनगामी जानकी सत्यरुपा
न चलतिविधि वशाद्भाविनी कर्मरेषा ॥

"જનકરાજાની પુત્રી, સર્વ લોકમાં પ્રશંસા પામેલી, રઘુકુળમાં જે શ્રેષ્ઠ (શ્રી રામચંદ્રજી) તેની સ્ત્રી, તેમનાં લગ્ન કરનાર વસિષ્ટ ઋષિ હતા

છતાં–સત્યરૂપ જે જાનકી–તેને પણ વનમાં જવું પડયું હતું અર્થાત્ કર્મ રેખા મટતી નથી."

એક સમયે કોઈ કાર્પટિક[૧] કલ્પ પુસ્તક પ્રમાણે રૈવતક[૨] પર્વતમાં જઇને એક તુંબડીમાં સિદ્ધરસ ભરી લાવ્યો. વલ્લભિપુરમાં આવતાં 'કાકુય તુંબડી' એવી આકાશવાણી સાંભળી તે ભડક્યો અને પોતાની ચોરી પકડાઈ ગઈ એમ માની તેણે તે તુંબડી દરવાજા પાસેજ રહેતા પેલા રંક કાકુને ત્યાં થાપણ તરીકે મૂકી. એક દિવસે કાકુ રસોઈ કરતો હતો તેવામાં ચૂલા ઉપર ખીંટીએ ભરવેલી તુંબડીમાંથી નીચે ચૂલા ઉપર મૂકેલી તપેલીમાં પેલા સિદ્ધરસનું ટીપું પડયું એટલે તે તપેલી સોનાની થઈ ગઇ. કાકુનું નશીબ ફળ્યું અને તેને ધનવાન થવાનું સાધન અનેચ્છાથી મળ્યું. કાકુ તુંબડી અને પોતાનો ઉચાળો બીજે ઠેકાણે છાનોમાનો મૂકી આવ્યો અને આ ઘરની ઝુંપડીને લાલબાઈ (અગ્નિ) ને સ્વાધીન કરી દીધી! નગરમાં જઈ બીજે દરવાજે મ્હોટું મકાન બંધાવી ત્યાં રહેવા લાગ્યે. નસીબાનુસાર તેની પુંજી વધવા માંડી અને તે કોટયાધિપતિ કહેવાવા લાગ્યો. વળી તેના ધનવાન થવા માટે એવું પણ કહેવાય છે કે એક સમયે એક ઘી વેચનારી ગાડવો લઇને આવી. તેની પાસેથી ઘી જોખી લેવા માંડતાં જોખતાં જોખતાં ઘીનો પાર આવ્યો નહિ તે જોઇને કાકુને આશ્ચર્ય લાગ્યું અને જે ઉઢાણી ઉપર ગાડવો મૂક્યો હતો તેમાં ચમત્કાર લાગવાથી તે લઈ લીધી. એ ઉઢાણી* ચિત્રકવેલીની ગુંથેલી હતી તેથી આ પ્રમાણે ચિત્રકસિદ્ધિ પ્રાપ્ત થઈ. વળી તેને કોઈ પૂર્વના પુણ્યના પ્રતાપથી સુવર્ણ પુરૂષ સિદ્ધિ પણ પ્રાપ્ત

૧ કાપડિયો. ૨ ગિરનાર.

* આવીજ વાત યુરોપખંડમા પણ ચાલે છે. ઘણા વર્ષ ઉપર નેધરવિટન (નોર્ધમ્બર લેન્ડ-ઇગ્લાંડમા) પાસે એક છોકરી રહેતી હતી. તે દૂધ દોહીને તેની ભરેલી વટલોઈ માથે મૂકી આવતી હતી તેવામા એક ખેતરમા પરીઓ રમતી તેના જોવામા આવી. તે તેણે પોતાની સાથે ચાલતી સહીપણીઓને બતાવી પણ કોઇ જોઈ શક્યું નહિ. પેલી છોકરીના જોવામા આવ્યું તેનુ કારણ કે વટલોઈ મૂકવાની ઉઢાણી ચાતુષપત્રી નામની વનસ્પતિના પાદડાની ગુંથેલી હતી એ વનસ્પતિ પરી જોવાની શક્તિ આપે છે.—કિટલી કૃત ફેરીમેથોલૉજી.

થઈ હતી. એ એટલો બધો લોભી હતો કે પાઇનું પણ ખર્ચ કરવું એ તેને મરવા જેવું થઈ પડતું ! સાધુ સંતમાં પૈસો ખરચવો એ દેશની દુર્બળતા વધારવા જેવું છે, યાત્રા કરવી એ તો મોજશોખ માટે છે અને ગરીબને દાન કરવું એ તેઓને આળસુ અને નિરૂદ્યમી બનાવવા જેવું છે એમ તે કહેતો; અને જેનું ભાગ્ય હોય તેનેજ ધન મળે છે એમ જણાવી ગરીબ પાડોશીઓને કનડી તેમનુ ધન પડાવતો !

ધીમે ધીમે તેણે રાજ્યના કામકાજમાં પ્રવેશ કર્યો, અને ભટાર્ક મહારાજ (શીલાદિત્ય)નું વિશ્વાસ સ્થાન, અધિકારી વર્ગનું પ્રીતિપાત્ર થઈ પડયો હતો. વળી રાજા શીલાદિત્યને શૈવ ધર્મ તજાવી બૌદ્ધ ધર્મ અંગીકાર કરાવ્યાથી બુદ્ધધર્મનો પણ સ્થંભ થઇ પડયો હતો.

પ્રકરણ ૪ થું.

કાંસકી કે કૃત્યા !

"બુવે કદી સુજ્ઞ જનોય શુદ્ધિ,
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ."

એક વિશાળ, સુવર્ણપુષ્પિત ભવ્ય દિવાનખાનામાં લક્ષ્મીગુપ્ત[1] એક મોટી ગાદી ઉપર મૂકેલા તકીઆ ઉપર આરામ લેતો પડયો હતો. તેની આકૃતિ, તેના મુખનો રંગ, તેના નેત્રોની તીવ્રતા સર્વદા સરખીજ રહેતી. તેણે એક સુંદર રેશમીકોરનું ધોતિયું પહેરેલું હતુ અને એક ઝીણું અંગવસ્ત્ર ઓઢયું હતું. છતાં તેમાંથી શરીર ઉપર ધારણ કરેલા અલંકારો ઝળકી રહ્યા હતા. મસ્તક ઉપર પડેલી તાલ તેની પ્રૌઢાવસ્થા સૂચવતી હતી. પાસે એક સુવર્ણનો મોટો થાળ પાન, સોપારી, એલચી, લવિંગ, તજ આદિથી ભરેલો પડયો હતો અને તેની સાથેજ રત્ન જડિત સુવર્ણના હાથા-

1. કાકુશેઠ, ધનાઢય થવા પછી પોતાનું નામ લક્ષ્મીદત્ત રાખ્યું હતું.

વાળી સુડી પડી હતી. અત્તરદાની તથા ગુલાબદાનીમાંથી અત્તર તથા ગુલાબજળની સુગંધી ફેલાઇ રહી હતી. ગાદીની જમણી બાજુ તરફ એક મણિમય આસન પ્રકાશતું હતું. તેના ઉપર એક સુંદરી બેઠી હતી.

આ યૌવના મધ્યમ કદની, સુંદર આકૃતિ વાળી અને મોહક કાંતિથી ચિત્તલોભક હતી. તેની મુખાકૃતિ આકર્ષક હતી. કેશ ઘનશ્યામ હતા. ભ્ર લતા મણિસમ દેદીપ્યમાન નયનયુગની ઉપર વીંટાઇ પ્રલોભક ચ્હેરો સુંદર અને રમણીય બનાવતી હતી. ગાલ ઉપર ભ્રમણ કરતું રક્ત, ક્રીડા વિકારનું પ્રભૂત્વ સૂચવતું હતું. અધરોષ્ઠ–બિમ્બોષ્ઠ–પ્રવાલની માફક ચળકી રહ્યા હતા અને ચાવેલા પાનના રક્તત્વે તેમના સૌદર્યમાં વધારો કર્યો હતો. હસ્તદ્વંદ, મદાંધ હસ્તિરાજની સૂંઢની પેઠે શોભી રહેતા અને તેમની વચ્ચેના સપાટ પ્રદેશમાં શોભી રહેલા ઉચ્ચ પ્રદેશો તથા ખીણોએ તેની આકૃતિ દિવ્ય બનાવી હતી. વર્ણ સ્ફટિક જેવો શ્વેત હતો. મુખ તથા કપાળ નિર્મળ અને શોભન હતાં. પહેરેલા વસ્ત્રો તથા ધારણ કરેલા અલંકાર માત્ર એક મોટું રાજ્ય ખરીદ કરવાને શક્તિવાન્ હતા.

"પિતાજી!" તે નવ યૌવના બોલી "તમે મારી નવી કાંસકીમાં[1] પ્રભા કૌસ્તુભ નંખાવ્યો કે નહિ?"

"હા, બેન." મા વિનાની તથા એકની એક તનયાની સર્વ હોંશ પુરી પાડવામાંજ પોતાને કૃતાર્થ માનતો પુત્રીને લાડ લડાવતો કાકુ શેઠ બોલ્યો: "મણિની મધ્યે, સુવર્ણ કાઢી નંખાવી તેને સ્થળે પ્રભા કૌસ્તુભને ગોઠવ્યો છે. જા બેન! મારી પેટીમાંથી લઇ આવ." બોટીએથી કુંચીનો ઝુમખો કાઢી આપતાં કહ્યું.

લાડતી લાડતી તે ઉઠી, કુંચી લીધી અને તિજોરીની પેટીમાંથી પોતાને માટે ખાસ તૈયાર કરાવેલી કાંસકી લેવાને ગઇ. મસ્ત હસ્તિની પેઠે ચાલતી, મદથી મસ્તક ઉચું રાખી ચાલી ગઇ.

"દેવ, ગુરૂ મહારાજ પધાર્યા છે." એમ કહેતો એક સુંદર વસ્ત્ર પહેરેલો ચાકર દ્વાર પાસે આવી હાથ જોડી હુકમની રાહ જોતો ઉભો.

---

૧ આર્ય વત્સલ. ૧–૪.

"ગુરૂ મહારાજ, ગુરૂ મહારાજ, પધારો, પધારો," બોલતો ધર્માંધ લક્ષ્મીગુપ્ત સામો ગયો અને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

"સાધુ, જય થાઓ, ચિરંજીવ: અક્ષય સુખ પ્રાપ્ત કરો," આશીર્વચનો ઉચ્ચારી ગુરૂ મહારાજ ગાદી તકીઆ ઉપર વિરાજ્યા.

લક્ષ્મીગુપ્ત સામો હાથ જોડી ઉભો.

અહા ધર્મ ! તારૂં કેટલું બધું પ્રબળ છે ? અહા ધર્માધ્યક્ષો ! તમે ધર્મને બહાને મનુષ્યો ઉપર કેટલી મોટી સત્તા ચલાવો છો ? જે કાકુશેઠ આખા વલ્લભિ રાજ્યમાં નરાધિપોના જેટલી, અરે ! તેથીએ વિશેષ સત્તા ચલાવતો તે અત્રે દીન બની હાથ જોડી ઉભો છે ! જેની સમીપ હજારો મનુષ્યો હાથ જોડતા હોય તે* વળી બીજાની પાસે હાથ જોડી ઉભો રહે ત્યારે તેનુ સામર્થ કેવું હોવું જોઇએ ? ધર્માધ્યક્ષો, આચાર્યો, જો સંભાળો તો તમારી સત્તા શુ ઓછી છે ? સાચવીને વાપરો તો તે અખૂટ છે. નીતિનું ઉલ્લંઘન ન કરો, દુનિઆને માથે પગ મૂકવા છતાં ન ધરાઇ, તમારા બાપ દાદાએ એજ દુનિયાને આપેલા નિયમો ઉપર પગ દેવા જાઓ, તેમને કચરી છુંદી નાંખવા જાઓ, તે ઇશ્વર કેમ સાંખે ? જે સત્તા સૃષ્ટિમાં સાર્વભૌમ છે, તેનું સર્વદા સંરક્ષણ કરવાનો સરળ રસ્તો એજ છે કે તમારા હૃદયોમાં નીતિનું તત્વ રેડો—નીતિનું સામ્રાજ્ય વસાવો. તો તેથીજ તમારી હાલમાં ધ્રુજતી ડગમગતી સત્તા અચળ થશે.

"બેસો, બેસો, ધર્મવીર લક્ષ્મીગુપ્ત બેસો." મહારાજ બોલ્યા.

ગુરૂ આજ્ઞાથી લક્ષ્મીગુપ્ત ગાદીથી નીચે સામો બેઠો.

"સુલોચના બ્હેન ક્યાં છે ?" ગુરૂએ પ્રશ્ન પૂછ્યો.

પુત્રીનું નામ ગુરૂમુખમાંથી નીકળવાથીજ જાણે કૃતાર્થ થયા હોય નહિ એમ પ્રફુલ્લિત હૃદયથી કાકુ બોલ્યો: "હમણાં આવે છે મહારાજ. એક નવી કાંસકી કરાવી છે તે લેવા ગઇ છે."

---

* પ્રભા-કૌસ્તુભ-કોહિનુર વિક્રમાદિત્ય પાસે હતો તેજ હીરો આ સમયે આપણા કાકુશેઠના હસ્તક આવી ચડયો હતો. અને વળી તેજ હીરો એ કોહિનૂર મહારાજા શ્રી પંચમ જ્યોર્જના મુગટમાં હાલ બિરાજે છે.

એવામાં સુલોચના કાંસકી લઇને આવી. કાંસકી મણીથી જડેલી સુખડની પેટીમાં મુકી તિજોરીમાં રાખી હતી. કાંસકી ખરેખર જોવા લાયકજ હતી. ચારે પાસ મણિ અને મધ્યે પ્રભા-કૌસ્તુભ દીપતાં હતાં સુવર્ણ ચળકતું હતું.

"પિતાજી! હવે મારા હૃદયમાં સંપૂર્ણ શાંતિ થઈ. આ તો રાજપુત્રીના કરતાં પણ વધારે દેદીપ્યમાન છે." હર્ષથી કાંસકી જોતી સુલોચના બોલી.

"બ્હેન, ભટાર્કદેવ[1] પાસે પ્રભા-કૌસ્તુભ જેવો એકેય હીરો ક્યાં છે?" કાકુશેઠે ફુલાતાં અને પોતાનું ગૌરવ બતાવતાં સુલોચનાને ઉદ્દેશી મહારાજ સામુ જોઇ બોલ્યા.

અત્યાર સુધી આ બન્નેની વાત ગુરૂમહારાજ ગાંભીર્યથી સાંભળ્યા કરતા હતા તે બોલી ઉઠયા: "લક્ષ્મીગુપ્ત, જો મારૂં કહ્યુ માનો તો આ કાસકી ભાગી નાખો. એ કાંસકી નથી, કૃત્યા છે!"

લક્ષ્મીગુપ્ત અને તેની પુત્રી સુલોચના, ગુરૂનું આવું વિચિત્ર ભાવિ અમંગળ સૂચક વાક્ય સાંભળી આભાંજ બની ગયાં!

"કૃત્યા!" બાપ દીકરી બન્ને સાંથેજ બોલી ઉઠયાં.

"ગુરૂજી, આ રત્નકાંસકી તૈયાર કરાવતાં થએલા ખર્ચનો આંકડો આપને દેખાડુ તો આપ આમ નહિ કહો." કાકુ શેઠ સવિનય બોલ્યો.

"ધર્મસ્તંભ, તે હું જાણું છું. બ્હેનને પણ તેના ઉપર અતિ મોહ લાગ્યો હોય એવું એની મુખમુદ્રા ઉપરથીજ દષ્યમાન્ થાય છે, પરંતુ एके सत्पुरुषा परार्थ घटका. स्वार्थ परित्यज्यये આ વાક્યનું વિસ્મરણ કરવું ઘટિત નથી. ધર્મવીર, આપણા ધર્મના પ્રભાવથી અમારામાં દૂર દષ્ટિની પ્રેરણા થાય છે. અમે અમારે મૂખે કદિ પણ અસત્ય સ્વીકારતાજ નથી; તેમજ અન્યને જણાવતા પણ નથી, પરંતુ સમય પ્રમાણે વર્તવું પડે છે. આપણા ધર્મનો આધાર તમારા ઉપરજ છે. તમારા ઉપર કંઇ આપદ્ આવી પડે તો આપણા ધર્મનો સત્વર લય થઇ જાય એવી તેની સ્થિતિ થઇ રહી છે. બાહ્ય વૈભવથી અંતરક્ષય ઢંકાયલો છે. તમને તો ખબર નહિ હોય,

---

૧. શીલાદિત્ય મહારાજ; તેમને ભટાર્ક, ભટાર્કદેવ પણ કહેતા.

પરંતુ હું જનસમૂહની સ્થિતિ જોતાં કહી શકું છું કે જો કાંઇ મહા પ્રયાસ કરવો પડયો, અને તેમાં આપણે પરાજિત થયા, તો નિઃસંશય સત્યધર્મ વલ્લભી મહારાજ્યમાં રહેવો પણ કઠિન થઇ પડશે. હાલ આપણે પાખંડ મતોનો નાશ કરવા મચ્યા છીએ તે ઘણુંજ સ્તુત્ય કામ છે. પરંતુ તેમાં વિજયધ્વજ લઇ અગ્રણિ થનાર તો તમારા વિના બીજો કોઈ નથી, માટેજ મારે તમને આટલું કહેવું પડે છે. "આ કાંસકી નથી, કૃત્યા છે" એ ભાવિ અમંગળ સૂચક વાકયનો અર્થ એટલોજ કે એનાથી ધર્મ તથા રાજ્ય ઉપર મોટું વિઘ્ન આવશે એમ મને ભાસે છે. વળી આ પ્રભા-કૌસ્તુભ તો જ્યાં ગયો છે ત્યાં કલહ અને કષ્ટ વિના કાંઇ પણ બીજું ફળ પ્રાપ્ત થયું નથી. રામાયણ અને મહાભારતમાં પણ એ ઇંદ્રજિત અને અભિમન્યુના હસ્ત ઉપર વિરાજતો હતો; ત્યાંથી પાછો સામાન્ય સ્થિતિના લોકો પાસે ગયો. ત્યાંથી વીર વિક્રમાદિત્ય પાસે આવ્યો. એ હીરો શાપિત છે એટલે જ્યારે નરાધિપ પાસે હોય છે ત્યારે હાનિ તો કરે છેજ પરંતુ કાંઇક સમય વીત્યા પછી કરે છે પણ જ્યારે અન્ય મનુષ્ય પાસે જાય છે ત્યારે વિનાશ તાત્કાળિક દર્શન દે છે. આટલા બધા નૃપતિઓ તથા ધનાઢયો ઉપર આ શાપિત હીરો જે નાશ લાવ્યો તેમાંથી તમે છટકી જવાના? ભયંકર વિપત્તિ સમયે તમારી લક્ષ્મી કામમાં આ-વશે એમ તમે ધારતા હો તો તેમાં તમારી ભૂલ છે. વિનાશ આવે છે ત્યારે તેનું પ્રથમ કાર્ય તો લક્ષ્મીનો નાશ કરવો એજ હોય છે, માટે મારે ગુરૂ તરીકે, ધર્મબંધુ તરીકે, મિત્ર તરીકે તમને સૂચના આપવાની કે કાંતો આ કાંસકીનો નાશ કરો અથવા તો તે કોઇને આપી દો! કાંસકી નાશ કરવાની તમારામાં સત્તા નથી, કારણ કે આ પ્રભા-કૌસ્તુભ હજી તો કંઇ કંઈ વિનાશ કરવા ઘડાયલો છે. પરંતુ સારામાં સારી સૂચના એ આપું છું કે કાંસકી ભટાર્ક દેવને અર્પણ કરી દો. પછી જેવી તમારી ઇચ્છા." ગુ-રૂજીએ કાકુ શેઠને સમજણ પાડી ઉપદેશ કર્યો.

પ્રકરણ ૫ મું.

કાંસકીએ તો સત્યાનાશ વાળ્યું!

ગુરૂ મહારાજનો ઉપદેશ-વ્યાખ્યાન પૂર્ણ થયું ત્યાં સુધી પિતા પુત્રી શાંતિથી સાંભળતાં હતા એમ તો કહી શકાયજ નહિ. કાકુ શેઠને તો ગુરૂ આજ્ઞાઓ સાંભળવાની ટેવ પડી ગએલી હોવાથી તે કાંઈ પણ બોલ્યા સિવાય-મુખરંગ બદલ્યા વિના સાંભળેજ ગયો પરંતુ એકની એક લડાવેલી પુત્રી જેણે અત્યાર સુધી કોઇની આજ્ઞાનુ એક વાક્ય, અરે ! એક શબ્દ પણ નહિ સાંભળેલો તેને પોતાના વિચારો નમ્ર કરવા માટે પોતાની પ્રેય વસ્તુની નિંદા સાંભળવી અને મૌન્ય ધારણ કરવું એ કેટલું દુઃસહ થઈ પડયુ હશે? મોટા મનુષ્યો પણ મુખરંગ ઉપર સ્વસત્તા રાખી શકતા નથી તો પછી આ તો એક બાળા, પ્રાકૃતિક સ્વચ્છંદ, તે તો કયાંથી વશ રાખી શકે! તેના મુખ ઉપર રતાશ છાઈ ગઇ. ઘડીમાં તે અનુપમ રતાશ કપોલ ઉપર ભ્રમણ કરતી, તો ઘડીકમાં અધરોષ્ટ ઉપર દૃષ્ય-માન્ થતી, સુલોચનાનાં લોચનને સતેજ કરતી-વિકસાવતી મુખ ઉપર સર્વત્ર પ્રસરવા માંડી. ગુરૂની સૂચનાએ હદ વાળી! ગુરૂ આજ્ઞાથી સુલોચના ક્રોધવશ થઇ ગઇ. ગુરૂ પાસે કોઇ પણ દિવસ તેણે એક કટુ અક્ષર પણ મુખમાંથી કહાડેલો નહિ તે એકદમ બોલી ઉઠી. "ગુરૂ મહારાજ! આપની સૂચના એક તરફી લાગે છે. મારો પ્રભા-કૌસ્તુભ-મારી રત્ન જડિત કાંસકી કદાચ ભટાર્ક દેવ પોતે માગે તોપણ તેને આપું નહિ, તો પછી તે તેને અર્પણ કરવાની તો વાતજ શી? કદી નહિ. જીવ જાય તો ભલે જાય, સુખ જાય તોપણ ભલે જાય, આ માથું જાય તો ભલે અત્યારે જાય, ભલે મારા દેહના કટકા કરે પરંતુ આ કાંસકી તો જવા દેવાનીજ નથી."

"બ્હેન, બ્હેન," લક્ષ્મીગુપ્ત ક્રોધવશ પુત્રીને શાંત પાડવા લાગ્યો. "બ્હેન, ગુરૂજી આપણને કુશિક્ષા આપે? ગુરૂજી પાસે આમ ક્રોધથી બોલાય? એ તો માત્ર આપણાજ હિતાર્થે કહેતા હતા. તારી કાંસકી લે છે કોણ? બાપુ. ગુરૂ આગળ ક્રોધ કરાય?" કાકુ શેઠ મોંએ ચઢાવેલી તનયાના મસ્તકે હાથ ફેરવતો બોલ્યો.

"સુલોચના બ્હેન, શાત થાઓ. મેં તમને તમારી કાંસકીનો નાશ કરવાના હેતુથી નહિ, પરતુ તમારા કુટુંબનું શ્રેય થાય એટલાજ માટે કહ્યું હતું પણ તમને ઠીક લાગે તે ખરૂં. यद् भावि तद् भविष्यति આ વાક્ય કાંઇ ખોટું છે? લક્ષ્મીગુપ્ત, હું હવે જઇશ.' શાંતિથી ગુરૂ બોલ્યા.

"ના, ના, ગુરૂ દેવ. એમ તે થાય? આટલી વારમાં તે જવાય?" કાકુશેઠે મને કે કમને ગુરૂજીને બેસાડવાનો આગ્રહ કર્યો.

"મહારાજ, સુલોચના બોલી તેથી આપને ક્રોધ ચડયો જણાય છે, પણ બાળકના બોલવા સામુ તે જોવાય?" લક્ષ્મીદત્તે કહ્યું.

"મને ક્રોધ ચઢે? અમને ક્રોધ ચઢે ત્યારે સંસારથી વિરક્ત થયા શાના? બ્હેનના કહેવા ઉપર તે ક્રોધ હોય? હું તો માત્ર આપની પાસે કહેવા આવ્યો હતો કે સ્વધર્મની સેવા કરશો તેનું ફળ પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. બ્હેન, લક્ષ્મીગુપ્ત, હું હવે જાઉં છું." બોલતાં બોલતાં ગુરૂજી ગાદી ઉપરથી ઉઠયા.

"ગુરૂ મહારાજ, હું કાંઇ આપને ખોટું લાગે એવું બોલી હોઉં તો ક્ષમા કરજો." સુલોચનાએ ગુરૂ પાદમાં મસ્તક મુકતાં કહ્યું.

"કલ્યાણ થાઓ. સાધુ. જય થાઓ. ચિરંજીવ રહો." કહેતાં કહેતાં ગુરૂએ ચાલવા માંડયું. લક્ષ્મીગુપ્ત વિદાય કરવાને તેમની સાથે સાથે ગયો.

"લક્ષ્મીગુપ્ત, તમારી પુત્રીને સમજાવી એ કાંસકી તમારા ગૃહમાંથી કાઢો, નહિ તો તમને હાનિકારક છે." ગુરૂએ છેલ્લી વારની શિક્ષા આપી.

"ગુરૂજી, મારૂં બનશે તો તો કાઢીશજ." લક્ષ્મીગુપ્તે કહ્યું. ગુરૂને પગે લાગ્યો.

" શુભ થાઓ. " કહી ગુરૂ ચાલતા થયા

લક્ષ્મીગુપ્ત દિવાનખાનામાં પાછો આવ્યો. સુલોચના ગાદી ઉપર વિચાર તરંગમાં લુબ્ધ થએલી બેઠી હતી. રત્નમાળા રૂપી સરિતા તેના હૃદયભૂમિ ઉપરના ગિરિયુગમાં થઇને સ્વચ્છંદ વહેતી હતી. પાદપદ્મ અને કરકમળ સુવર્ણ પુષ્પિત વસનોથી આકર્ષક તથા પ્રીતિકર હતાં. નયનશર આમતેમ ભ્રમણ કરતા પ્રેય લાગતા હતા. હૃદય ગિરિદ્વંદ્વ, ધ્રુજતા અંતરસ્થથી ભૂકંપ સમ ઉચા નીચા થતા હતા. આ સમયની આકૃતિ, આકર્ષક દેખાવ, મોહક સુંદરી, સર્વે ચિત્રોપમ જ હતાં. ચિત્રકારની પીંછીને યોગ્યજ હતાં.

" કેમ બ્હેન, શું વિચાર કરે છે ? " પ્રવેશ કરતાં કાકુશેઠે પૂછ્યું.

" શું વિચાર ? પિતાજી, તમને કાંઇ નથી થતું ? ગુરૂ મહારાજ કેવા શબ્દો બોલ્યા ? તમે પણ કાંસકી ભંગાવવાનો વિચાર રાખો છો ? " સુલોચના વિચારોદધિમાંથી જાગ્રત થઇને બોલી.

" મેં તને કહ્યું છે ? ગુરૂજી તો મરજીમાં આવે તે બોલે તેથી શું થઇ ગયું ? શું નાંખી દેવા માટે મહાભારત ખરચ કર્યો છે ? અને વળી તારૂં મન દુખાવીને ? ચિંતા કરીશ નહિ. બ્હેન, હું કોઇ દિવસ પ્રભા–કૌસ્તુભ કહાડી નાંખવાનો નથી. બોલે છે તો ઘણાએ પણ કરવું એજ કઠિન છે ! અમૂલ્ય પ્રભા–કૌસ્તુભ કાઢી નાંખુ ! પારસને આપી દઉં ? અ-હાહા ! " મંદહાસ્ય કરતાં કાકુશેઠે પ્રત્યુત્તર વાળ્યો.

મંદહાસ્ય ! શું આ સમય હસવાનો હતો ? ક્રૂર કાર્ય કરનારા મનુષ્યોનું સ્મિત પણ ભયાનક હોય છે. તેમાં ગૂઢાર્થ છુપાએલોજ રહે છે. લક્ષ્મીગુપ્તની મુખમુદ્રા ઉપરનો શ્યામવર્ણ એવી તો સ્થિરતાથી બેસી ગયો હતો કે તેના મુખ ઉપરથી તેની મનોવૃત્તિ જાણવી એ ગમે તેવા ચતુર મનુષ્યને પણ કઠિન થઈ પડે. જ્યાં ક્રોધ કરવો ઘટે ત્યાં તે મંદહાસ્યજ કરતો. એ હાસ્યથી કાંઇ ગૂઢાર્થ તેના હૃદયમાં વિરાજતો હોય તેમ દૃષ્યમાન્ થતું હતું.

" સુલોચના બ્હેન, સત્વર પધારો. શ્રી રત્નાવલી દેવી પધાર્યાં છે. " એક ચાકરે આવી કહ્યું.

"રાજપુત્રી! રાજપુત્રી આવી છે? ચાલો હું આવું છું." બોલતી લક્ષ્મીગુપ્તની એકની એક પુત્રી શિલાદિત્યની એકની એક તનયાને મળવા ગઇ.

"પ્રભા-કૌસ્તુભ તો કદી આપવોજ નહિ." કાકુ શેઠ એકલો વિચાર કરવા લાગ્યો. "કાંસકી ભાગી નાંખવી પણ શા માટે? કદાપિ શાપિત હોય અને શાપિત એ સત્ય હોય તો શાપિત તો પ્રભા-કૌસ્તુભ છે, તેમાં કાંસકીને શું? કાંસકીનો નાશ કરવો એ તો મૂર્ખાઇજ! વળી બ્હેનને પણ નિરાશ ન કરવી જોઇએ." એમ વિચારતો-મન સાથે વાત કરતો કાકુ શેઠ દિવાનખાનામાંથી ચાલ્યો ગયો.

તેના ગયા પછી બે ત્રણ મિનિટેજ સુલોચના, રાજકન્યા રત્નાવલીની સાથે દિવાનખાનામાં આવી.

"કેમ બ્હેન! શરીરે તો ઠીક રહે છે ને?" સુલોચનાએ કુંવરીને પૂછ્યું.

"હા, બ્હેન!" રત્નાવલીએ ઉત્તર વાળ્યો.

રાજા શિલાદિત્યને આ એકજ કુંવરી હતી. વયમાં સુલોચનાના જેવડીજ હતી. એની સુંદરતા માટે એક કવિ લખે છે કેઃ—

"સોળે કળા પુરણ ચંદ્ર પ્રકાશ મૂખ,
જોતાજ થાય અળગા ત્રણ વિધ દૂખ.
સૂંવાળું નિકળ્યું કપાળ વિશાળ સારૂં,
શૂં સપ્તમિ શશિ અધોમૂખ વકવારૂં
આકાશમાં જ્યમ દિપે અવકાશ ગંગા,
સેંથો શિરે ધવલ આવી રહ્યો અનંગા.
છે કાળિ નાગ સમ વેણિ વિશાલ સારી,
જોવાથિ જોગિ જનને પણ મોહકારી.
શી? કાળિ બે ભ્રમર વાંકિ વળેલિ ટેવે?
જાણે ધનુશ્ય ધર્યું તે કર કામદેવે.
ડોડાળિ આંખ અતિ ચંચલ કીકિ કાળી,
તે છેક કાન પરિઅંત પુગી અન્યાળી.
સૂરેખ પાધરૂં નમેલું અણિઆરૂં નાક,
શા! લાલ બે અરધા રમણીક લાગ

દાંતોનિ પંક્તિ વળિ ખંજન ગાલમા બે,
સૂમંદ હાસ્ય કરતા ચિત્ત ચોરિ રાખે
ગૂલાબ બે ફુલિત ગાલ પુરી પ્રફૂલી,
છે કાળું છૂંદણું મનોહરતા અમૂલી.
નાજૂક કંઠ નળિ પાન જણાય ચાવ્યૂ,
હાથી તણા શિશુની સૂંઢ સમાન બાહૂ

ગોરાટિ આગળિ મનોહર વીંટી વાળી,
તારા સમી નખનિ તેજિ દિપે રૂપાળી.
ચાટેલ કૂચ ફળ પુસ્પ દડા સમાન,
છે પેટ પોયણિ સકોમળ પત્ર જાણ.
વીશાળ છાતિ ભરિ પાતળિ કેડમાંથી,
નીતંબ ગોળ ગમતાં ધુમતા રહ્યાથી.
શું કેળ થભ પગ સાથળ મોહકારી,
છે થોડિ થોડિ કણકે ઘડિ રાજકુમારી.

સ્વાભાવિકે ખુબ ભરી પગ પાનિ રાતી,
નિદ્રાથિ સાવધ વિલાસણિ અલ્પ ખાતી
તારાનિ પંક્તિ ચપલા નવનીત મૂર્તી,
આશ્ચર્યંકારક અનૂપમ ખૂબસુર્તી
જે જે રૂપાળિ પુરવે થઇ નારિ સારી,
તેમાં રહેલી ભુલને પ્રભુએ સમારી
સંપૂર્ણ કારિગરિ વાપરી સારી રીતે,
એ નીપજાવિ પ્રભુએ પરિપૂર્ણ પ્રીતે.

ચાલ્લો લલાટ વળિ મોતિની માળ કંઠે,
આજ્યા ઝિણા નયન નિવૃતિ ભાવ વડે.
વાળીનું મોતિ અધરે અડકે પ્રમાણે,
ઝર્પી છટેલું અધરામૃત બિંદુ જાણે
કસ્તૂરિ લેપ કુચને કરતી વિલાસી,
તે સ્પર્શ પૂણ્યથી બધા મૃગ નર્કવાસી
ઓદ્ધાર પામિ પળતા સ્વર્ગે સુખાળા,
છે પૂણ્યશીલ ચિલ ધર્ગીની એવી બાળા.

કુંભસ્થળોની ઉપમા સ્તનને અપાય,
છે સિંહ કેડ ઉપમા કટિને સદાય.
કોયલ કંઠ ઉપમા મળિ કંઠને છે,
માતંગ સિંહ પિક તેથી ગુમાની રહે છે."

મદ, યૌવન, જ્ઞાન અને માન એ ચારે મદ તેના મુખરંગ ઉપરથી દષ્યમાન હતા.

"સુલોચના, તમારી પાસે થોડા સમય ઉપર લીધેલાં કેટલાંક મણિરત્નો છે, તે જોવાનેજ ખાસ હું આજે આવી છું." રત્નાવલીએ પોતાના આવવાનું કારણ દર્શાવ્યું.

"રત્નાવલી બ્હેન, હું તમને તે બતાવીશ. આપને જે જોઇશું તે આપીશ." સુલોચનાએ જવાબ આપ્યો.

"બ્હેન, હમણાં તો આખા વલ્લભિપુરમાં ગરબડ થઇ રહી છે, તે તમે સાંભળી હશેજ. પિતાજીની આજ્ઞા ઉલ્લંઘન કરનાર પેલા અર્જુનસિંહને પણ કારાગ્રહમાંથી આજેજ મુક્ત કર્યો છે. શૈવધર્મી રાજપૂતો આવું ફિતુર કરશે એવું તો મહારાજાના સ્વપ્નમાંએ ન હતું. વિજયસિંહ લુંટારો અતિ બળવાન્ થયો છે." વાતો કરતાં કરતાં રાજકુંવરી રાજખટપટમાં ઉતરી પડી.

"વિજયસિંહ? વિજયસિંહ નગરમાં છે? તેને સિપાઇઓ પકડી શકતા નથી?" સુલોચનાએ પૂછ્યું.

"અરે, વિજયસિંહને પકડી શકે? મન પવનને પકડી શકાય પણ વિજયસિંહને પકડવો એ તો અશક્યજ છે." રાજપુત્રી બોલી.

"એ લૂટારો એટલો બધો શક્તિવાન છે? મેં સાંભળ્યું છે કે એ રૂપ રૂપનો ભંડાર છે." સુલોચના બોલી.

"આ શું છે સુલોચના?" ગાદી ઉપર પાસે પડેલી સુખડની મણિજડીત પેટી હાથમાં લઈ રત્નાવલીએ પૂછ્યું.

"હું તમને કહેવું ભૂલી ગઇ બ્હેન. એ તો મેં નવી કરાવેલી કાંસકી છે." સુલોચનાએ પેટીમાંથી કાંસકી બહાર કાઢી, સદર્પ મુખથી રાજપુત્રીને બતાવી.

" આજજ તૈયાર થઇને આવી, નહિ તો તમને દેખાડવા મોકલત. બ્હેન, આ પ્રભા-કૌસ્તુભ જેવો હીરો આપણા રાજ્યમાં, અરે ! આખી દુનિઆમાંએ નથી." સુલોચનાએ ઉમેર્યું.

" દુનિયામાંએ નથી ? દુનિયામાએ નથી ? તમારી ભૂલ છે. આનાથી વધારે મૂલ્યવાન હીરા અમારા રાજભંડારમાથી નીકળશે."

" તમારા રાજભડારમાંથી નીકળે કયાથી ? હીરા તો અમારી પાસેથી વેચાતા લેવાય છે, ને કાંસકીમાં જેટલા મૂલ્યવાન મણિ છે તેટલાં તો શ્રી ભટાર્કદેવના મુકુટમાં પણ નહિ હોય, નકામો ગર્વ શું કરવા કરો છો ?" લક્ષ્મીગુપ્તની પુત્રીએ પોતાનો વૈભવ જણાવતાં નાશનું બી વાવ્યું. " જુઓ તો ખરાં, આમાં હીરા કેવી રીતે ગોઠવ્યા છે ?" કહી બળતામાં ઘી ઉમેર્યું.

ખરેખર, આ રત્નજડિત કાંસકી જોવા લાયકજ હતી. એક બાજુએ મહા મૂલ્યવાન મણિઓની હાર ગોઠવેલી હતી અને તેની વચમાં તારા મંડળમાં વિદ્યુત્ પ્રકાશે તેવી રીતે પ્રભાકૌસ્તુભ પ્રકાશતો હતો. બીજી બાજુએ ગુલાબના ફુલના આકારમાં સુંદર હીરા ગોઠવ્યા હતા, તેથી રંગ બેરંગી રત્નો શોભા વધારી રહ્યાં હતાં, અને એકંદર પ્રકાશ-તેજ-સુવર્ણ ઉપર તેના સૌંદર્યમાં વધારો કરતું હતું.

" હા, હા. જોઇ હવે તમારી કાંસકી." ઇર્ષ્યાવશ થએલી રાજપુત્રી બોલી ઉઠી. " તમારા કરતાં એ સુંદર કાંસકી બનાવરાવવાને હું આજ ને આજ પિતાજીને કહીશ. પછી જો જો, કોની કાંસકી વધારે સારી લાગે છે ?" રાજપુત્રીએ ઉમેર્યું.

" ઠીક છે. જોઇશું નહિ ? તમારા પિતાજી તો મહારાજા છે પણ તેમનેએ કહીને આવી કાંસકી બનાવરાવજો ને. અરે ! કદી મહારાજા પંડે ખોળે-સ્થળે સ્થળે ભટકે તોએ પ્રભાકૌસ્તુભ લાવે કયાંથી ?" વિચાર કર્યા વિના સુલોચનાનો અહંકારી ઉત્તર એકદમ મુખમાંથી છુટી ગયો.

રાજપુત્રીના હૃદયમાં આ શબ્દો તીવ્ર શરની પેઠે વાગ્યા. તેના હૃદયમાં ઘા લાગ્યો. માનભંગ થઇ ગઇ. " મહારાજા પંડે ખોળે-સ્થળે સ્થળે ભટકે" એ શબ્દોએ તેના મગજમાં સચોટ અસર કરી. " ઠીક છે, બતાવીશું."

એટલાજ શબ્દો માત્ર તેનાથી ઉચ્ચારાયા.

"હું હવે જઇશ." થોડીવાર પછી શાન્ત થઇ રાજપુત્રીએ કહ્યું. એ શબ્દોએ અહંકારી–મદમાં છાકી ગએલી–લક્ષ્મીગુપ્તની મોંએ ચઢાવેલી પુત્રીને જાગ્રતીમાં આણી.

"બ્હેન, એટલી વારમાંજ કેમ જાઓ છો? આવે તો વાર થઇ નથી."

"હું તો આમ ફરવા નીકળી હતી. હવે વાર થઇ છે તેથી જવું જોઇએ." રત્નાવળી ઉઠી.

"પણ બ્હેન, પેલાં મણિ જોવાનું કહેતાં હતાં તે."

"હા, હા, પણ એતો હવે વળી બીજી વખત."

સુલોચનાએ સુવર્ણ થાળમાંથી પાન, સોપારી, વગેરે આપ્યું તથા અત્તર ગુલાબનો છંટકાવ કરી રાજપુત્રીની સાથે તેને વળાવવા દ્વાર સુધી ગઇ.

"આવજો, હો બ્હેન." "તમે આવજો" અરસપરસ બંને સખીઓએ કહ્યું. રાજકન્યાનો રથ રાજમહેલ તરફ ચાલ્યો ગયો.

સુલોચના–ઉછાંછળી સુલોચના–મગ્ન થતી દિવાનખાનામાં આવી. થોડીવારે તેને વિચાર આવ્યો કે રાજપુત્રીને ચીઢવી એ મોટી ભૂલ થઇ, પરંતુ થયું તે થયુ. ભાવી બની ગયુ. ખોટું કરનારને મનસ્તાપ થાય છે, પરંતુ તે કેટલી ઘડી રહે!

સુલોચનાને કરેલી ભૂલનો પશ્ચાતાપ તો થયો, પણ તે ગૃહસંસારના કાર્યમાં સત્વર ભૂલી ગઇ. પિતાને કહેવાનું પણ વિસરી ગઇ.

પણ, રત્નાવલીને સુલોચના તરફથી થયેલું અપમાન ખરેખરૂં સાલતુ હતુ. પ્રજા વર્ગના એક વણીકની પુત્રી રાજપુત્રીનું અપમાન કરે તે કેમ સંખાય? જતાં જતાં રથમાં તેણે પ્રતિજ્ઞા લીધી કે: "એ કાંસકીથી વધારે સુંદર બીજી નવિન કાંસકી બનાવરાવવી અથવા તો એજ કાંસકી એની પાસેથી જે દામ માગે તે આપી વેચાતી લેવી અને તેમ ના બને તો છેવટે ખુંચાવી લેવી! બસ ગમે તે યત્ને એ કાંસકી મેળવવી અને વણીક પુત્રીનો અહંકાર ઉતારવો. છેવટે એ કાંસકી એની પાસે રહેવા દેવી નાહ. એજ પ્રતિજ્ઞા!"

પ્રકરણ ૬ ઠું.

રાજા શિલાદિત્ય-ધર્મોનું યુદ્ધ.

શેઢી નદી ઉપર આવેલા ખેડા નામના નગરમાં દેવાદિત્ય[1] નામનો એક વેદપારંગત બ્રાહ્મણ વસતો હતો. તેને સુભગા[2] નામની એક પુત્રી હતી. તેનુ નામ સુભગા હતું છતાં તે બાળવિધવા થઈ હતી. ગુરૂ પાસે વિદ્યાભ્યાસ કરતાં તે સૂર્યદેવતાની ઉપાસનાના મંત્રો શીખી હતી. મંત્રોની સત્યતા શોધવા તેણે એકાંતમાં તે મંત્રો ભણ્યા અને સૂર્યનું આવાહન કર્યું. સૂર્યદેવે તેને પ્રત્યક્ષ દર્શન આપ્યું. બાળવિધવાનું સ્વરૂપ જોઇ સૂર્યદેવ મોહિત થયા !

પોતાના કુળને લાંછન લગાડયું એવું જાણી સુભગાના માતપિતા ગુસ્સે થયાં, અને તેને ઘરમાંથી કાઢી મૂકી, અને એક દાસી આપીને વલ્લભિપુર તરફ મોકલી દીધી.* ત્યાં તેને પેટે બે બાળક (પુત્ર અને પુત્રી) જોડવાં અવતર્યાં. પુત્ર ઘણો સુંદર અને ચાલાક હતો. તેનું નામ તેણે ગેબી પાડયું હતું. આઠ વર્ષની વયે ગેબીને ગુરૂ પાસે ભણવા મૂક્યો. શાળામાં બીજાં બાળકોએ ગેબીને 'ન બાપો ન બાપો' કહી ચીડવવા માંડયું તેથી ગેબીના કુમળા મન ઉપર અસર થઇ અને પોતાના ગુપ્ત જન્મ વિષે તે બરમાવા લાગ્યો. એક સમયે ગુસ્સાના આવેશમાં તેની માતા સુભગા પાસે જઇ કહેવા લાગ્યો કે "જો તુ મારી હયાતીનું મુળ નહિ બતાવે તો હું તને મારી

---

૧ દેવદત્ત. આ માત્ર દંતકથા છે સત્ય નથી. ૨ સારા ભાગ્યવાળી.

* સૂર્યદેવ એ પ્રત્યક્ષ સૂર્ય નહિ પણ વલ્લભિપુરના રાજા શિલાદિત્ય એજ સૂર્યરાજા હોવા જોઇએ. કેમકે સુભગાને વલ્લભિપુર તરફ મોકલવાનું કાંઈ કારણ ન હતું.

નાંખીશ." માએ તેને કહ્યું "હું જાણતી નથી. નકામો શું કરવા સંતાપ કરે છે અને કરાવે છે?" માનુ હૈયું ભરાઇ આવ્યું અને તે રોવા લાગી. એટલામાં સૂર્યદેવે પ્રગટ થઇ તેને "પુત્ર" કહી સંબોધ્યો અને કહ્યું કે "હું તારૂં રક્ષણ કરીશ. પછી તેને કાંકરા આપીને કહ્યું કે આ કાંકરા જે તારા શત્રુને અડકશે તેનો તત્કાળ નાશ થશે. તું રાજા થઇશ અને તે સમયે પૂર્વ દિશાના કુંડમાંથી તારા બોલાવવાથી મારો સફેત ઘોડો તારી સમક્ષ આવશે, તે ઉપર સ્વારી કરી યુદ્ધમા જવાથી તને કોઇ પણ શત્રુ જીતી શકશે નહિ."

સૂર્યે આપેલા આ અસ્ત્રથી તે શીલાદિત્ય નામે પ્રસિદ્ધ થયો અને સૌરાષ્ટ્રની ગાદી લેઇને પોતે રાજા થયો.

રાજા શિલાદિત્યની મા બ્રાહ્મણ ધર્મ માનતી હોવાથી પોતે પણ બ્રાહ્મણ ધર્મ પાળતો.

આ સમયે શૈવ અને બૌદ્ધ ધર્મની તકરારો થતી હતી તેમાં જૈનધર્મ ભળ્યો. હવે જૈન (શ્વેતામ્બરી) અને બૌદ્ધધર્મના ઉપદેશકો વારંવાર લડવા લાગ્યા. બન્ને ધર્મની શ્રેષ્ટતા માટે સભા ભરી. એમા એમ ઠરાવવામા આવ્યું હતું કે બન્ને પક્ષવાળામાંથી જે હારે તે વલ્લભિ રાજ્યમાંથી જતા રહે, ને રાજા જે પ્રમુખ તરીકે હતો તેણે જે ધર્મ જીતે તે ધર્મનો સ્વીકાર કરવો. સભામાં બૌદ્ધો જય પામ્યા અને રાજા શિલાદિત્ય ત્યારથી બૌદ્ધ ધર્મ પાળવા લાગ્યો. રાજ્યમાં પણ બૌદ્ધ ધર્મીઓનુ ચલણ થયું અને મંત્રિ, ઉપમંત્રિ, સેનાધિપતિ પણ બૌદ્ધ ધર્મીઓજ રહ્યા. કાકુ શેઠ બૌદ્ધ ધર્મનો સ્તંભ થઇ પડયો હતો અને તેથી રાજાનો જમણો હાથ હતો. હવે શૈવ ધર્મની વારી આવી. કાકુએ શૈવ ધર્મીઓને કનડવા માંડયા.

હિંદુ ધર્મ—બ્રાહ્મણ ધર્મમા જાતિભેદ અને હિંસા ઉભરાઇ જવાથી એ ઉભય દોષને નષ્ટ કરવા અને તેને ઠેકાણે સમતા, અહિંસા અને ધાર્મિક સદ્‌ગુણોની સ્થાપના કરવાના ઉદ્દેશથીજ મહાત્મા ગૌતમબુદ્ધે બુદ્ધ ધર્મનો પ્રચાર કર્યો હતો. સર્વના પર (ભૂત માત્ર પર)[1] આત્મવત્ દષ્ટિ

---

1 आत्मवत् सर्वभूतेषु.

રાખવી, તેમને કોઈ પણ પ્રકારે દુઃખ ન આપવું અને સર્વ માનવ માત્રમાં રહેલા નૈસર્ગિક બંધુત્વને પ્રત્યક્ષ કાર્યમાં યોજવું, એ સદ્‌ગુણ આ ધર્મમા પ્રધાનપદે છે. આ ધર્મનો પ્રચાર અલ્પ કાળમાં એક ઉચ્ચ ભાવનાને લીધેજ ઘણો થયો અને તે ધર્મ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તેણે મૂળની ધર્મ ભાવના ઉપર પોતાનો વિજય મેળવ્યો. નિચ જાતિ કિંવા ઉચ્ચ જાતિ એમાંનુ કંઈ પણ ગૌતમબુદ્ધને માન્ય નહતું. જે નીતિમાં ઉચ્ચ હોય તેજ શ્રેષ્ઠ અને જે અનીતિમાન હોય તે નીચ એ એમનો સિદ્ધાન્ત હતો, ब्राह्मयोनी जायते सः ब्राह्मणः એમ ન હતું; તેથી જેઓએ એ મહાત્માના સિદ્ધાન્તનો સ્વીકાર કર્યો તેઓને પોતાના બંધુ મંડળમાં દાખલ કર્યા. વળી એક સ્થળે સમુદ્રનું રૂપક આપતાં ઉપદેશ્યું છે કેઃ—

"સમુદ્રમાં જે આઠ ગુણ છે, તેજ પ્રમાણે મારો ધર્મ પણ સમુદ્રની પેઠેજ ધીમે ધીમે ગભીર અને ગહન થતો જાય છે. કેટલાંએ સ્થિત્યન્તર થાય તોપણ ઉભયમાં સામ્ય-સમાન વ્યક્તતા રહે છે. બન્ને એકજ રીતે મૃતદેહને મરૂ ભૂમિપર ફેંકી દે છે. જે પ્રમાણે સરિતાઓ એક વખત સાગરને મળતાંજ નામશેષ થઈ જાય છે અને અંતે જેમ મહાસાગર રૂપ બને છે, તેજ પ્રમાણે સર્વ જાતિના મનુષ્ય આપણા આ સંઘમાં આવતાંજ તેમના મૂળના જાતિ ભેદ નાશ પામી, તેઓ એક બીજાના બંધુ બને છે અને તે સર્વને બુદ્ધના પુત્ર તરીકે માનવામાં આવે છે. જેમ સમુદ્ર એ નદી ઝરણાં તેમજ વૃષ્ટિજળનું પ્રાપ્તવ્ય સ્થાન છે અને તે સર્વનું સંમેલન થવા છતા પણ જેમ તે પોતાની સીમાનું કદી ઉલ્લંઘન કરતો નથી કિંવા સુકાતો નથી, તેજ પ્રમાણે મારા ધર્મમાં લાખો મનુષ્યો આવે તો પણ તે કદાપી નથી ઘટવાનો કે નથી વધવાનો. જેમ મહાસાગરમાં એકજ સ્વાદ છે અને તે ક્ષારનો છે તેજ પ્રમાણે મારા ધર્મમાં એકજ સુગંધ છે. આ સુગંધ તે મુક્તિની છે સમુદ્રની માફક મારા ધર્મમાં રત્નો અને મુક્તાફળો છે અને અનંત પ્રાણીને એક સરખી રીતે રાખવાનુ સ્થાન પણ ઉભય સરખી રીતે આપે છે. સમુદ્ર પ્રમાણેજ એ ઉત્કૃષ્ટ સદ્‌ગુણ મારા ધર્મમાં છે. મારો ધર્મ અત્યંત શુદ્ધ હોવાથી નાના મોટા રાય રંક એવા ભેદ

મનમાં ન આણતાં સર્વના મળ એક સરખી રીતે ધોવામાં આવે છે. આવો મારો ધર્મ (સર્વને શુદ્ધ કરનાર) છે. આકાશ અને પૃથ્વીમાંના, તેમજ નાના મોટા સર્વ પદાર્થોનું જે પ્રમાણે અગ્નિ ભક્ષણ કરે છે, તેજ પ્રમાણે મારો ધર્મ ઉચ્ચ નીચ સર્વનો એક સરખી રીતે સ્વીકાર કરે છે. આકાશમાં જેમ સર્વને રહેવાની જગ્યા છે તેમજ નર નારી, બાળક બાળકી, સશક્ત અને અશક્ત, એ સર્વને મારા ધર્મમાં રહેવાને એક સરખીજ જગ્યા છે."÷

"લોકોને ત્રાસ આપ્યા સિવાય એમને ધર્મ અને સમતાનો માર્ગ બતાવવો જોઈએ. જે મનુષ્ય સદ્‌ગુણી, બુદ્ધિમાન, ન્યાયી, સત્યવાદી હોઈ પોતાનું કર્તવ્ય કરવામાં તત્પર રહે છે, તેના પ્રત્યે જગત્ પ્રેમ ભરી દૃષ્ટિથી જુએ છે. જેમ મધુમક્ષિકા પુષ્પના રંગ, સુગંધ અને સ્વરૂપને બગાડયા સિવાય એમાંથી માત્ર મધુનુંજ શોષણ કરે છે, તેજ પ્રમાણે સાધુ પુરૂષે જન સમાજમાં રહી કર્તવ્યનો ઉપદેશ કરતા કોઈના પર અત્યાચાર કરવો નહિ પણ એ પવિત્ર કાર્ય સમતાપૂર્વક કરવું." "કોઇના પ્રત્યે દુરાચરણ ન કરવું, સદાચારથીજ વર્તવું, જીવનક્રમ શુદ્ધ રાખવો અને અંતઃકરણ પવિત્ર કરવું, એજ બુદ્ધ ધર્મ છે.*" આ સિદ્ધાંતને પાછળથી કોરે મક્વામાં આવ્યો હતો. ધર્માંધ મતાનુસારીઓએ અન્ય ધર્માનુયાયીઓને સતાવવામાં બાકી રાખી નહતી. કાકુશેઠ રાજ્યનો જમણો હાથ, ધર્મનો સ્થંભ, કોટયાધિપતિ હોવાથી ઘણા માણસો તેના આશ્રિત થયા હતા તે દ્વારાએ પ્રજામાં મહા અનર્થ કરાવતો. બૌદ્ધ મત ફેલાવવા માટે અનેક કપટ આચરતો, ધણીના દેખતાં તેમની સ્ત્રી પુત્રીની લાજ લેવરાવતો અને વખતે તેમના જીવ પણ જતા, છતાં પોતે ધર્મવીર કહેવાતો.

વલ્લભિપુરના રાજ્યની પાસે પણ ઉત્તરે દરિયા કિનારા પર રણદુર્ગનો કિલ્લો આવ્યો હતો. ત્યાંનો રાજા પણ સૂર્યવંશનો હતો બૌધ ધર્મનો હજુ ત્યાં પગપેસારો થયો નહતો. રાજા અને પ્રજા શૈવ ધર્મી હતા. વલ્લભિરાજાની સત્તા તેના ઉપર હોવાથી કાકુશેઠનું ધ્યાન તે તરફ ગયું, અને

÷ કલ્યાણો ધમ્મો. અ૦ ૬૧.

* કલ્યાણ ધમ્મો. અ ૪૮ અને અ. ૨૧.

ત્યાંના રાજા અર્જુનસિંહ વર્માને બૌદ્ધ મત સ્વીકારવા ના પાડી. રાજા શિલાદિત્યને ધર્મ–અંધ શિલાદિત્યને–ધર્મને બહાને રમકડા પેઠે રમાતા શિલાદિત્યને કાકુશેઠના કહેવાથી ધર્મ ગુરૂએ ઉપદેશ કર્યો અને બૌદ્ધ સરદારોને ઉશ્કેરી એક લશ્કર પંચાદાસ નામના સરદારના ઉપરીપણાની નીચે મોકલ્યું.

કાકુશેઠ અને ધર્મગુરૂ વચ્ચે સલાહ કરવામાં આવી હતી કે રણદુર્ગનું રાજ્ય લેઇ લેવું અને ત્યાં કાકુશેઠને રાજા તરીકે નિમાવવો, તથા સુદામપુરના મોટા જાગીરદાર અર્જુનવર્માની સુંદર કુંવરી વિદ્યુલ્લતાને કાકુ સાથે પરણાવવી. આ છુપા મંત્રની એ બંને સિવાય બીજા એક અન્યને ખબર હતી. આ અજાણ્યુ મનુષ્ય રણદુર્ગના રાજાનો એક સરદાર હતો. ધર્મની ખટપટમાં તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો અને રણદુર્ગમાં બૌદ્ધ ધર્મ પ્રસરે તેમાં તે રાજી હતો, ‘પરંતુ રાજાને પદભ્રષ્ટ કરવો અને અર્જુનવર્માની કુંવરી કાકુશેઠને આપવી.’ એ મંત્રે તેના હૃદયને ખળભળાવી મૂક્યું.

‘એક રંક વાણીઓ, નશીબાનુસાર પૈસાદાર થવાથી મારી જાતની કન્યા પરણે અને તે વળી મારાજ ભાયાતની!’ એ વિચારે તેના મસ્તકને હલાવી મૂક્યું, તેનાં રોમાંચ ઉભાં થયાં, તેનુ ક્ષત્રિય લોહી ઉકળી આવ્યું, વેર તેના મનમાં વસ્યું, ધર્મ ઉપર ધિક્કાર આવ્યો, ગુરૂ ઉપર તિરસ્કાર થયો અને એ–બંનેનો ઘાટ ઘડવાનો વિચાર કરવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

રણદુર્ગનો ઘેરો. ધર્મને બહાને ધાડ!

"છે યુદ્ધનું દ્યુતિમાન, નિષ્ઠુરરૂપ અહિંઆં ઉદ્ભવ્યું." *

રણદુર્ગનો કિલ્લો મહાવ્યથામાં આવી પડયો હતો. બૌદ્ધ ધર્મના અસંખ્ય દળ આગળ કિલ્લાનાં મનુષ્યોનું કંઇ ન ચાલ્યું. શૈવો નમ્ર કર્યા એટલુંજ માત્ર પંચાદાસ તથા લક્ષ્મીગુપ્તની દુષ્ટતા કરી શકી હતી; પરંતુ તેથી તેમનો કાંઇ નાશ થયો ન હતો. મૃત્યુકાળ પાસે આવ્યો ધારી ડુબતો મનુષ્ય જેમ બચવાને પોતાનો મોટામા મોટો પ્રયત્ન કરે છે તેમ શૈવો કરવા લાગ્યા.

રણદુર્ગ પૂર્વકાળથી પાશ્ચિમાત્ય પ્રજાઓનાં ઝુંડ અટકાવવાને યોગ્ય સ્થાન તરિકે પ્રસિદ્ધ હતું. તે અદ્યાપિ પર્યંત દૃષ્યમાન્ થતાં પંચાસરનાં ખંડેરની પાસેજ જયધ્વનિ દર્શાવતું ઉભું હતું અને ગુજ્જર મહારાજ્યની ઉત્તર સિમા સૂચવતું હતું. રણની પાસેજ હોવાને લીધે મ્લેચ્છાદિ શત્રુઓ તેજ માર્ગે સિંધ, વગેરે દેશોમાંથી ધસી આવતા હોવાને લીધે તથા ઉત્તર ભારતના નૃપતિઓનાં લશ્કરોને રોકવાને યોગ્ય હોવાથી, વલ્લભિ મહારાજ્યના ઉત્તર દિગ્પાળ રૂપ ગણાયું. તેની પાસે અનેક ભારતેન્દુઓ નિસ્તેજ થઇ પાછા ફર્યા હતા. મ્લેચ્છોનાં તીડની પેઠે ઉભરાતાં લશ્કરો પરાજિત થયાં હતાં અને ભટ્ટારક સેનાપતિ શ્રીમન્ સૂર્યવંશી શિલાદિત્ય મહેન્દ્રોના પ્રદીપ્ત રાજ તેજોમય સુવર્ણ મુકુટની કાન્તિ, આ રણદુર્ગ રૂપિ પ્રભા—કૌસ્તુભથીજ વધતી હતી.

---

* આર્યવત્સલ. ૧. ૧૧. રા. સુમન્ત.

રણદુર્ગના બે વિભાગ હતા. નગર અને દુર્ગ. કોઈ પણ પ્રકારની ટેકરી અથવા પર્વત નહિ હોવા છતાં હસ્તકૃત ગિરિરાજ ઉપર વિરાજિત મહાદુર્ગ ભારતીય કળાકૌશલ્યની સ્મૃતિ કરાવતો હતો. કિલ્લાની આસપાસની ખાઇ, શહેરથી તેને–દુર્ગને જૂદો રાખતી હતી અને સહેલથી ઉપડે કે મુકાય એવા પુલથી નગરનો અને દુર્ગનો સંબંધ રખાતો, જે રાતે તથા યુદ્ધ પ્રસંગે તોડવામા આવતો હતો

જ્યાં સુધી રણદુર્ગ શત્રુઓ સામે વિજયી રહ્યું ત્યાં સુધી તો પ્રજાજનસમૂહથી એ વંદનીય હતું, પરતુ હવે તો ધર્મની તકરારોએ પ્રવેશ કર્યો. ધર્મના બહાને–લોકોને ઠેઠ ઇશ્વર સમીપ લઇ જવાને બહાને–અજ્ઞાન લોકોને જ્ઞાન આપી ઇશ્વરી નિયમો સમજાવી તેમને મુક્તિ અપાવવાને બહાને ધર્માનુયાયીઓએ અંદર પ્રવેશ કર્યો અને દેશને પાયમાલ કર્યો! ધર્મને બહાને હજારો મનુષ્યોના લોહીની નીકો વહેવરાવી !

શૈવ અને બૌદ્ધ બંને પંથની ધ્વજાઓ સામસામી ઝુઝવા લાગી–હવામાં ફડફડાટ કરવા લાગી અને પવન કઇ બાજુનો છે એ જણાવવા લાગી. દિગ્વિજયિ સરદાર અર્જુનસિંહ વર્મા–જે ભટાર્ક મહારાજ તરફથી દેવપદ મળવાથી અર્જુન વર્મદેવ કહેવાતો હતો તે જ્યા સુધી સૈન્ય પ્રભુત્વ ઉપર હતો ત્યાં સુધી તો તેણે ધન પવનને શાંત રાખી થતું તોફાન અટકાવ્યું, પરંતુ તેને કારાગૃહમા નાંખ્યાનું સાંભળી નવા નિમાયલા બૌદ્ધ સરદારોએ એકદમ શહેર ઉપર ધસારો કરી ઘણા શૈવોનો નાશ કરી નાંખ્યો. લોકો જ્યાં જેમ નસાય તેમ નાસવા લાગ્યા.

શી ક્રૂરતા! અસિધારાથી વહેલા રૂધિર વડે કિલ્લાની આસપાસની ખાઇ પણ ભરાઈ ગઈ. શૈવો પણ મનુષ્ય છે તે વાતનું આ ધર્માધ મૂઢાએ વિસ્મરણ કર્યું. સ્ત્રી અને પુરૂષ, મા બાપ અને છોકરાં, ભાઈ બ્હેન, જેમ હાથ આવ્યાં તેમ વિનષ્ટ થયાં. કોઇ સ્થળે પતિ રહિત થયેલી પત્ની કોના આશ્રયમાં હવે રહેવુ તથા કોની તરફથી પોષણ થશે એમ વિચારતી હતી, કારણ કે કોપેલા બૌદ્ધો પતિ સહગમન તો કરવા દેશે નહિ એવી બીતિથી તેનું હૃદય કંપતું ! એક બાજુએ શિશુઓ માતા પિતા રહિત થએલા હોવાથી રૂદન કરતાં પડયાં હતાં! અન્ય

બાજુએ શીલભંગ થએલી બ્હેન, અતિ પ્રિય ભાઈના મૃત્યુને અને સૃષ્ટિમાં જે સર્વોત્તમ શીલવ્રત જે તેનો વિનાશ થએલો જાણી, ગળે ફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયત્ન કરતી હતી. કોઇ કોઈ સ્થળે સ્ત્રી રહિત થએલા પુરૂષો પોતાના દેખતાંજ પુત્રીના શીલનો ભંગ થતો જોનાર પિતાઓ, શિશુઓને શોધતી ગાંડા જેવી બનેલી માતાઓ, વગેરે અનેક ત્રાસદાયક તથા શોક જનક દેખાવો, અત્રે થયેલાં ક્રૂર નિર્દય મનુષ્યોનાં આસુરી કૃત્યોની પ્રતિમા રૂપ દૃશ્યમાન્ થતા હતા! નિર્દયતા! તું સર્વને દુ ખી કરે છે એ નિઃસંશય છે. તારો વિજયધ્વજ પણ આર્ત સૃષ્ટિ ઉપર ફરકે છે. મનુષ્યોનો વિનાશ કરીનેજ જો તું રાજ્ય કરવા માગતી હોય તો જંગલમાંજ નિવાસ કર! મનુષ્યોને પણ પશુવત્ બનાવીને તારૂં કામ કરાવે છે, તો પછી પશુઓમાંજ વસતાં તને શું થાય છે? તને શી અડચણ નડે છે? અરે! પશુઓ પણ પોતપોતાના બંધુવર્ગને રક્ષે છે, પરંતુ મનુષ્યો તેમ ક્યાં કરે છે?

આર્ત સૃષ્ટિ કાંઈક શાંત થઇ પરંતુ તે અચિર પરપોટા જેવુંજ હતું. બૌદ્ધોએ અનેક મનુષ્યોનો નાશ કરી વિજય મેળવ્યો પરંતુ શૈવોનું પરાક્રમ ઓછું નહતું. બૌદ્ધોના પ્રહાર સહન કરી બેશી રહે એવા શૈવ છેક નિર્બળ નહતા.

કાકુ શેઠે તથા પંચાદાસે રણદુર્ગના ઘણાખરા શૈવ ગૃહસ્થોનો વિનાશ કરાવ્યો, એટલામાં ભૃગુપુર તથા ચંદ્રાવતીના જાગિરદાર ધીરસિંહ તથા ધર્મરાજ નામના બે રજપૂત વીરો શૈવોનું એક મોટું લશ્કર લઇ રણદુર્ગ ઉપર ધશી ગયા. જેમ બૌદ્ધ ધર્માનુસારીઓના અગ્રણિ શિલાદિત્ય મહારાજ, લક્ષ્મીગુપ્ત, સુનીતિચંદ્ર (પ્રધાન) અને પંચાદાસ સેનાપતિ હતા, તેમ શૈવ ધર્મના અગ્રણિ પણ તેમનાથી હઠે તેવા નહતા. અર્જુનવર્મદેવ સુદામપુરનો મોટો જાગિરદાર હતો. વિજયસિંહ લૂંટારો-સરદાર કેટલો બળવાન છે તે કહેવાને કોઈ પણ મનુષ્ય સમર્થ નહતું, અને ધીરસિંહ તથા ધર્મરાજ નામના બે રાજપૂત વીરો ભૃગુપુર તથા ચંદ્રાવતીના બળવાન જાગિરદાર હતા. આથી બૌદ્ધોનો પ્રહાર સહન કરી બેસી રહે તેવા શૈવ નિર્બળ ન હતા. કાકુ શેઠે ખટપટ કરી અર્જુનવર્માને કેદ કરાવ્યો હોવાથી શૈવો જરાક નરમ પડયા હતા. તેના છુટકારા માટે વિજયસિંહ પ્રયત્ન કરી રહ્યો હતો.

પ્રકરણ ૮ મું.

રાજ્યમંદિર.

"મનસ્તાપ એટલો મૃદુ છે કે તેનું વિસ્મરણ સત્વર થઇ શકે છે; પરંતુ તે એટલો સ્પષ્ટ છે કે તેને સમજવો એ અશક્ય છે.+"

રાજ્ય ભવનના એક વિશાળ ઓરડામાં શ્રી ભટાર્કદેવ એક મણિજડિત સિંહાસન પર વિરાજ્યા હતા. આસપાસ ચમ્મરો ઢોળાતાં હતાં. ધુપની ધૂમ નીકળતી હતી સુગંધ પ્રસરી રહી હતી અને તે સાથે શાંતિ પણ પ્રસરી રહી હતી. ભટાર્કદેવના સિંહાસન પાસે સરદાર વર્ગના આઠેક પુરૂષો નમ્રતાથી ઉભા હતા. તેમની આગળ બે શ્વેતામ્બરી બૌદ્ધ ધર્માધ્યક્ષો ઉભા હતા. રાજ્યાસનની ઉપરજ ભિંતે લટકાવેલાં દિવ્ય ચિત્રો શિલાદિત્ય મહારાજાઓનું પુનઃ સ્મરણ કરાવતાં હતાં.

શિલાદિત્ય મહારાજ પચાસેક વર્ષની ઉમરના હતા. વાળમાં શ્વેત-શ્યામનું મિશ્રણ હતું. શરીર વર્ણ શુક્લ હતો. કપાળ પહોળું હતું. મુખ ઉપરથી ગર્વિષ્ટ પણ હઠીલો સ્વભાવ દૃશ્યમાન થતો હતો. શરીર ઉપર વસ્ત્રો તથા આભુષણ ઝળકી રહ્યાં હતાં તથા મસ્તક ઉપર વિરાજેલો અતિપ્રભ મુકુટ અતિ શોભા આપતો હતો.

આગળ ઉભેલા ધર્મગુરૂઓ શાંત દેખાવથી સંસારની સ્પૃહા વગરના ભાવથી, કેવળ ધર્મ ધર્મ ને ધર્મજ જાણે તેમના અંતઃકરણમાં છવાઈ પસરી રહ્યો હોય તેવા દેખાવથી ઉભા રહ્યા હતા. સરદાર વર્ગ પણ મૌન્ય ધારણ કરી ઉભો હતો. ગુરૂ મહારાજની સાથે મુખ્ય સચિવ સુનીતિચંદ્ર નામક લક્ષ્મીગુપ્તનો

+ આર્યવત્સલ. ૧-૮.

એક ખાસ મિત્ર ઉભો હતો. સચિવ પણ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો હતો તેમ તેના શ્વેત વાળજ કહી આપતા હતા. લક્ષ્મીગુપ્તે ખરી વિપત્તિ સમયે સહાય કરી તેનું રક્ષણ કર્યું હતું, તેનો બદલો હવે તે કાકુ શેઠનાજ કહ્યા પ્રમાણે વર્તીને વાળતો હતો. તેની સામે પંચાદાસ નામનો એક બૌદ્ધ મતાનુસારિ શુદ્ર સેનાધિપતિ ઉભો હતો અને અન્ય સરદાર વર્ગ પણ બૌદ્ધ મતાનુસારિજ હતો એટલુંજ નહિ પણ શૈવ ધર્મનો નાશ કરવાને તત્પર એવા ધર્માંધ ધનાઢયોનો બનેલો હતો. ભટાર્કદેવ કાંઇ વિચાર તરંગમાં લુબ્ધ થઇને બેઠા હતા.

'દેવ.' મુખ્ય ધર્માધિકારી મૌન્ય ભંગ કરાવવા બોલ્યા: 'દેવ. એ લૂંટારાને યોગ્ય શાસન મળવુંજ જોઇએ. એણે જો વચમાં હાથ ન ઘાલ્યો હોત તો સુદામપુરીનો અજીતદુર્ગ, તેની પુત્રી તથા અર્જુનસિંહ ત્રણે અત્યારે આપણા હાથમાંજ હોત."

"હા ગુરૂજી, તમે સત્ય કહો છો." શિલાદિત્ય નિશ્વાસ નાંખતો બોલી ઉઠયો: "અરે! જો એ એકવાર હાથમાં આવે તો અમારા પૌરૂષનું એને ભાન આવે. હાલ તો એ સ્વપ્રભાવથી, કાંઇ યુક્તિ–પ્રયુક્તિ અથવા લાંચથી લશ્કરનાં થોડાંક મનુષ્યો પોતાની તરફ રાખી અમારો દ્રોહ કરી શક્યો છે પરંતુ ચિંતા નહિ, હજી અમે તેને નમ્ર કરી શકીશું."

"નિ:સંશય. નક્કી." ગુરૂઓ તથા સરદાર વર્ગ બોલી ઉઠયા.

"સાધુ, વિજય થાઓ." મોટા ગુરૂ[1] બોલ્યા. "સ્તુત્ય કાર્ય સદા દિગ્વિજયજ કરે છે અને અનંત કીર્તિની પ્રાપ્તિ કરાવે છે."

"શ્રીમન્ મહારાજ, લક્ષ્મીગુપ્ત શ્રી સરસ્વતી પૂજિત ચરણારવિંદનાં દર્શનની અભિલાષા રાખે છે. દેવાજ્ઞા થશે?" અનુચરે સાષ્ટાંગ પ્રણામ કરી કહ્યું.

"જા, અત્રે બોલાવ." મહારાજાની આજ્ઞા થઇ.

લક્ષ્મીગુપ્તે અનુચર સાથે પ્રવેશ કર્યો. અત્યારે આપણો કાકુ શેઠ, મણિ માણિક્યથી દ્વિતીય સૂર્ય સમાન પ્રકાશતો હતો. લક્ષ્મીગુપ્તે આગળ આવી મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

---

૧ જે ગુરૂશ્રીના દર્શન આપણને એક વખત લક્ષ્મીગુપ્તને ત્યાં થએલાં છે તે.

નમ્યા નમ્યામાં ફેર છે, બહોત નમે નાદાન;
દગલબાજ દોઢા નમે, ચિત્તા ચોર કમાન.

લક્ષ્મીગુપ્તે પ્રણામ કર્યા અને જમીન ઉપર પડી રહ્યો.

"ઉભા થાઓ, લક્ષ્મીગુપ્ત." શિલાદિત્ય બોલ્યો.

"સુનીતિચંદ્ર, આ અમારા રાજ્યસ્તંભ લક્ષ્મીગુપ્ત આવ્યા." સચીવ તરફ ફરીને શિલાદિત્યે ઉમેર્યું.

સુનીતિચંદ્ર આઘો ખસ્યો અને ગુરૂ મહારાજને પ્રણામ કરી, લક્ષ્મીગુપ્ત કાકુ શેઠ અને સુનીતિચંદ્રની વચમાં જઇ ઉભો.

"દેવ, રણદુર્ગથી પત્ર આવ્યો છે તેમાં જણાવે છે કે ત્યાં આપણા સત્ય ધર્મવાળાઓએ પાખંડ મતાનુસારિઓનો નાશ કરી નાંખ્યો છે. આપણા ધર્મથી કાંઇક વિરૂદ્ધ રીતે તેઓ વર્ત્યા છે ખરા પણ બાકી તો તેમણે ઘણુંજ સ્તુત્ય કામ કર્યું છે." લક્ષ્મીગુપ્તે રાજ્ય સમાચાર કહ્યા.

"ખરેખરૂં સ્તુત્ય." મહારાજ તથા સરદારવર્ગ બોલી ઉઠયા.

"ધર્મ સંરક્ષણાર્થે યુદ્ધ કરવામાં કોઇ પણ પ્રકારનો દોષ નથી. અનંત સુખ ભોગિ શ્રી અશોકદેવ તથા શ્રીમન્ કનિષ્ક મહારાજને પણ તેમજ કરવું પડયું હતું." ધર્મને નામે આંધળી થએલી આ ગુપ્ત મંડળીમાં બીજા ગુરૂદેવ બોલ્યા.

"પરંતુ હવે તે કૃત્યને માટે શૈવ રજપૂતો કાંઇ તોફાન ન કરે એ ધ્યાનમાં રાખવું જોઇએ. વિજયસિંહ લૂટારો કાંઇ ફિતુર કરશે એમ ધાસ્તી રહે છે." એક સરદાર બોલ્યો.

"અરે! તોફાન કરશે તોપણ શું? દેવાજ્ઞા થાય એટલીજ વાર. ક્ષણમાં શૈવોનો વિનાશ કરે એટલું લશ્કર દેવપાદ પ્રતાપ તથા લક્ષ્મીગુપ્તની સહાય્યથી એકત્ર કર્યું છે." ગર્વથી સ્મિત કરતો પંચાદાસ બોલ્યો.

"લક્ષ્મીગુપ્ત, ધન્ય છે તમારા ઉત્સાહને! તમે અમારા મુકુટમાં તેજ-પ્રવર્ત્તક મણિસમ છો."

આ મંડળના સઘળા સભાસદો લક્ષ્મીગુપ્તને તથા પંચાદાસને ધન્યવાદ આપવા લાગ્યા, અને સર્વે સરદારોએ પોતાનાં મનુષ્યો એકત્ર કરીને મહા-

રાજની સેવામાં ધર્માર્થે પોતાના પ્રાણ અર્પણ કરવાનાં વચન આપ્યાં.

"સરદારો! અમારા રાજ્યમાંથી પાખંડ મતનો વિનાશ કરવામાં તમને તત્પર થએલા જોઇને અમારૂં ચિત્ત પ્રસન્ન થયું છે, અને આ સર્વે સુખાનંદ નિમગ્ન કરનારી વધામણી ખાનાર પંચાદાસને બૌદ્ધ મતાનુસાર*

* મહાત્મા બુદ્ધના બહિષ્કૃત-બહિર્જાતિ અથવા (out-caste) અંત્યજ સંબંધી કેવા વિચાર હતા એ નીચેની હકીકત ઉપરથી ધ્યાનમાં આવશે.

"ભગવાન બુદ્ધદેવ શ્રાવસ્તીમાં રહેતા હતા ત્યારે એક સમયે તેઓ હાથમાં ભિક્ષાપાત્ર લઇ એક બ્રાહ્મણને ત્યા ભિક્ષાર્થે ગયા આ વખતે એ બ્રાહ્મણના ઘરમા હવન થયેલો હોવાથી વેદીમાથી અગ્નિ જવાલા નીકળતી હતી. બુદ્ધને જોઈ બ્રાહ્મણે કહ્યું, "અરે મુંડા! ઉભો રહે. હે ભીખારી શ્રમણ! દૂર થા તું બહિષ્કૃત છે" બ્રાહ્મણનાં આવાં તિરસ્કાર ભરેલા વચનો સાંભળી બુદ્ધદેવે કહ્યું કે: 'બહિષ્કૃત કોણ છે? જે ક્રોધી, દ્વેષી, દુરાચારી, ઢોગી, પ્રમાદી, કપટી, દુઃખદાયક, સ્વાર્થી, પાતકી અને નિર્લજ હોય તેજ બહિષ્કૃત છે જન્મથી કોઇ પણ બહિષ્કૃત થયો નથી, થતો નથી, તેમજ જન્મથી કોઈ પણ બ્રાહ્મણ થતો નથી. મનુષ્ય પોતાના આચરણથી બહિષ્કૃત થાય છે અને પોતાના કર્મના યોગથી બ્રાહ્મણ બને છે.[1]

બુદ્ધને જાતિભેદ અને અંત્યજોનો બહિષ્કાર વગેરે ધાર્મિક અત્યાચારના માર્ગ માન્ય નહોતા. આમ હોવાથી એમણે પોતાના ધર્મનો પ્રચાર જગતના પ્રત્યેક દેશમાં થાય તે માટે ભિક્ષુકો મોકલ્યા હતા. બ્રાહ્મણ ધર્મમાં જાતિભેદ અને સ્પર્શાસ્પર્શતું તત્વ પ્રધાનપદે બિરાજતું હોવાથી તેઓએ પોતાના ધર્મનો પ્રસાર કરવાની ભાંજગડ કરી નહિ, એટલુંજ નહિ પણ બુદ્ધ ધર્મના સમત્વના પ્રભાવ આગળ તે તેજોહીન થઈ ગયો બુદ્ધે જે સમત્વ, વિશ્વબંધુત્વ અને સદાચારનું શિક્ષણ આપ્યું છે તે વેદ ધર્માનુકૂલ છે, કિંબહુના એજ સિદ્ધાંતો વેદોક્ત ધર્મમાં પણ અગ્રસ્થાને છે.

વ્યાસ, વસિષ્ઠ, પરાશર, એમણે મનુષ્યોને વેદનું અધ્યયન કરાવ્યું અને તે વિદ્વાન બ્રહ્મવેત્તા થતાં સર્વેએ એમનો બ્રાહ્મણ તરીકે સ્વીકાર કર્યો એ વાત સુપ્રસિદ્ધ છે. "શમ-દમ, સત્યપાલન અને ધર્માચરણ કરનાર જે શૂદ્ર તે બ્રાહ્મણ થાય છે." આ અભિપ્રાય વ્યાસે મહાભારતમા આપેલો છે. સદાચારી શૂદ્રને બ્રાહ્મણના અધિકાર આવે છે, એવું આ વચનપરથી ધ્વનિત થાય છે.

1 કલ્યાણ ધમ્મો. અ. ૭૫

શુદ્રત્વમાંથી મુક્ત કરી સર્વે સૈન્યનો મુખ્ય બનાવીએ છીએ. તથા આ સર્વ સુખનું મૂળ લક્ષ્મીગુપ્ત તેમને રાજવંશીઓજ ધારણ કરી શકે એવી અમારી આ રાજ્ય મુદ્રિકા આપીએ છીએ." મહારાજ શિલાદિત્યે કહ્યું.

"ઉઠો, ઉઠો, ધર્મવીર! ગુરૂ બોલ્યા.

"શૈવોનો નાશ થાઓ!" સર્વ મંડળ બોલી ઉઠ્યું.

ब्राह्मण क्षत्रियो वैश्यः शूद्रो वा चरितव्रतः ।
गायत्री मम वा देवी सावित्रीं वा जपेत् ततः ॥

वृद्ध गौतम स्मृ० अ० १६

"સદાચરણી શૂદ્રે ગાયત્રી મંત્રનો જપ કરવો." એવું વૃદ્ધ ગૌતમનું કથન છે. ઉપનયન સિવાય ગાયત્રી મંત્રનો જપ કરવાનો અધિકાર નથી એ વાત પ્રસિદ્ધ છે તો આ ઉપરથી શૂદ્રને પણ ઉપનયન થતું એમ ઠરે છે. વળી ઐતરેય મહીદાસ એ શૂદ્રીના પુત્ર હોઈ આગળ જતા વેદવેત્તા બ્રાહ્મણ થયા અને એમણે ઋગ્વેદપર ઐતરેય બ્રાહ્મણ એ નામનો ગ્રંથ રચ્યો. ઇતરા સ્ત્રીનો એ પુત્ર હોવાથીજ એને ઐતરેય કહે છે એનો પિતા કોણ હતો તેનો કંઇ પત્તોજ નથી આથી તેનું નામ માતાના નામ પરથી પ્રચલિત છે "ઇતર" એ શબ્દ 'નીચ'ના અર્થમાં છે इतरस्त्वन्यनीचयोः इत्यमरः આથી મહીદાસની માતા ઇતરા એ નીચ જાતિની શૂદ્ર સ્ત્રી હતી એ સ્પષ્ટ થાય છે. (સાયણાચાર્યના ઐતરેય ભાષ્યના આરંભમાં આ કથા છે.)

પ્રકરણ ૯ મું.

અસ્તોદય.

दिनमेकं शशीपूर्णः क्षीणस्तु बहु वासरान्
दुःखात् दुःखं सुराणामप्यधिकं का कथानृणां।

એક દીને શશીપૂર્ણ માત્ર અન્યે અપૂર્ણ રહે,
દેવ જેવા સહે દુઃખ વધુ તો જન કોણ છે?

ઉદય અને અસ્ત! તમારૂં ગૌરવ બ્રહ્માડમાં સર્વ વ્યાપી રહ્યું છે. તમારા નિર્બાધ સર્વવ્યાપક ચક્રની ગતિને કોણ રોકનાર છે? અલ્પ પ્રાણીઓ-મર્ત્ય મનુષ્યો? અરે! તેમનુ શુ ગજું? કારણ કે તેમને તો અહોનિશ ચક્રની નીચે શિશુવત્ છુંદાતા, દબાતા, કચડાતા જોઇએ છીએ. સૃષ્ટિ વિખ્યાત વીરો-રામચંદ્રજી, પાંડુ પુત્રો, કૌરવાદિ મહાન્ નરો, દાનેશ્વરી કરણ, પરદુઃખભંજન વિક્રમ, હરિશ્ચંદ્ર સમો સત્યવાદી, નળ જેવો રાજા, બાણ, કાળિદાસ, વાલ્મીકી જેવા વિદ્વાન લેખકો અને કવિઓ, વ્યાસ, શુક્રાચાર્ય જેવા તત્વવેત્તાઓ, સીતા, દમયંતી, દ્રૌપદિ જેવી ચારૂ સર્વાંગી સુંદરીઓ અને પતિવ્રતાઓ જે સૃષ્ટિમાં જન મંડળ રૂપી મુકુટમાં અદ્વિતીય કાન્તિવાળા મણિસમ પ્રકાશતા હતા તે પણ તેમાંથી છટકી જવા પામ્યાં છે? કદી નહિ! સૂર્ય, ચંદ્ર, ઇંદ્રાદિ સુરમંડળ પણ તેની ઝપટમાં આવી જાય છે તો પછી અન્ય તે કોણ?

સ્થળમાં જળ, જળમાં સ્થળ, સંપત્તિની વિપત્તિ અને વિપત્તિની સંપત્તિ કરવાને માત્ર તેજ શક્તિમાન્ છે. "મે કર્યું, હું કરૂં છું, કાલે કરીશ." આદિ કહેનાર મનુષ્ય પોતેજ જાણતો નથી કે તે અસ્તોદય રૂપી ચક્ર ઉપર

ઉભો છે અને ક્ષણ પછી તેનું શું થશે? લક્ષાવધિ મનુષ્યોનું કલ્યાણ કરનાર ભગવાન્ સહસ્રરશ્મિ પણ પશ્ચિમે પતિત થાય છે. તે સમયે કોઇ તેને સહાય કરે છે? અરે! અસ્ત થનારને સહાય કેવી? સૌ ઉગતાને નમે છે એ સુપ્રસિદ્ધજ છે.

ઉદય ને અસ્તનું ચક્ર રહે બ્રહ્માંડમા મસ્ત,
ચડેલાને પછાડીને કરે છે તેમનો અસ્ત.

'ઉદયમાં હર્ષ પણ ન રાખવો અને અસ્તમાં શોક પણ ન કરવો.' એજ મહાત્માઓની શિક્ષા છે. ચડતીના સમયમાંજ મનુષ્યે પડતીમાં દીન નિર્ગમન કરવાને તૈયારી કરી રાખવી જોઇએ, સત્ય સુખ પ્રાપ્તિ થવાનો તેજ માત્ર શ્રેયસ્કર માર્ગ છે. કેમકે:—

*કાળાતિક્રમણ અને સરિતા પ્રવાહ બેઉ,
નિરંતર ગતિ કર્યા કરે અતિ જોરથી;
ગમે તેવી વિનતીથી નહિ ખળે ગતિ અતી,
તેમજ નહિ ખળાય અગણિત મહોરથી;
અકળિત ગતિયુક્ત જોડ આ ગમન કરી,
મોટા સમુદ્રને વિષે અદૃશ્યજ થાય છે;
સામાન્ય પણું એ બેઉ બતાવતા સર્વ રીતે,
એક વાતે ભિન્ન ભાવ એમનો જણાય છે;
સરિતા પ્રવાહ કદી નિષ્ફળ તો થતો નથી,
મુસાફરી તેની માહી લીલોતરી આપતો;
જડમૂળથી ઉદ્વેગતાને એ તો દૂર કરી,
હર્ષ ઉપજાવી મન કાટ સર્વ કાપતો;
શુભ ઉપયોગ કર્યા વિના કાળ પોતે વળી,
જતાં જતાં દુઃખદાઇ સ્થિતિ ઝંપલાવે છે;
સારો ઉપયોગ કરી તેને લીધો હાથ કદી,
પ્રફુલ્લિત કરે મન સર્વનું એ સિદ્ધ છે.

મહારાજા શિલાદિત્યની બહેનને ભૃગુપુરના[1] રાજા સાથે પરણાવી

---

* મનહરછંદ. કાળ અને સરિતા સરખામણી

1 ભરૂચ ટોડરાજસ્થાનમાં બેરામ લખ્યું છે તો ભરૂચ એજ વખતનુ બેરામ હશે. રાસમાળામાં ભૃગુપુરના રાજા સાથે લગ્ન થયું એમ લખ્યુ છે.

હતી. તેને મલ્લ નામનો એક પુત્ર હતો. મલ્લ બે વર્ષનો થયો ત્યારે પોતાના પતિના મૃત્યુ પછી તેણે કોઇ સારા તીર્થમાં જઇ જૈન ધર્મની દીક્ષા લીધી હતી અને મલ્લે પણ પોતાની આઠ વર્ષની વયે દીક્ષા લીધી. પોતાનાધર્મ પાળનારાઓની માઠી અવસ્થા જોઇ તથા બૌદ્ધ ધર્મની દિન પ્રતિદિન ચઢતી જોઈ માતા પુત્ર બન્ને શોકાતુર રહેતાં હતાં. "વીર સુરીન્દ્રના કાળ કર્યા પછી શ્વેતામ્બરીઓની હાડમારી થતી અને અન્ય ધર્મવાદીઓએ મહારાજા શિલાદિત્યને પણ વશ કરી લઇ બીજા મતો–ધર્મો પાખંડ મતો છે એમ તેમના હૃદયમાં ઠસાવી દીધું હતું. રાજા, વાજાં ને વાંદરાં! એ તો જેમ બંભેરીએ તેમ બંભેરાય! શેત્રુંજય જેવાં પવિત્ર સ્થાન બૌદ્ધ લોકોનાં સ્થાન થઈ પડયાં છે. શ્વેતામ્બરીઓનો મહિમા ઘટી ગયો છે અને તેમને વલ્લભિપુરનું રાજ્ય છોડી જતું રહેવું પડયું છે." વગેરે ઇતિહાસ તે સાધવીએ પોતાના પુત્ર મલ્લને કહ્યો. એ સાંભળી ક્ષત્રિય કુળમા જન્મેલા મલ્લનુ લોહી ઉકળી આવ્યું. સાધુ છતાં તે અસાધુ થયો. તેનાં હૃદયમાં ધર્મ સંબંધી વૈર અને ગુસ્સો ઉછળી રહ્યો અને બૌદ્ધ ધર્મ જીતવાના સાધનો મેળવવામાં તે ગુંથાયો. તપશ્ચર્યા અને એક નિષ્ઠાથી આરાધના કરવાથી સરસ્વતી દેવીને પ્રસન્ન કર્યાં. દેવીએ તેને બૌદ્ધોને જીતવાને અને વશ કરવાને નાયચક્ર નામનું પુસ્તક આપ્યું. મલ્લ તે લઇને વલ્લભિપુરમાં આવ્યો અને રાજાના દરબારમાં આવી કહ્યું કે: "હે રાજા! બૌદ્ધ લોકોએ આખા જગતમાં ખોટો ધર્મ ફેલાવ્યો છે અને લોકોને ભમાવ્યા છે માટે હું મલ્લ તારો ભાણેજ તેઓનો પ્રતિપક્ષી છું." રાજાએ ફરી સભા ભરી જે જીતે તેનો ધર્મ સ્વીકારવા પોતે વચન આપ્યું અને જે હારે તે વલ્લભિ રાજ્યમાંથી બહાર જાય એવો ઠરાવ સભામાં થયો.

શૈવોએ આ વખતે મલ્લને દરેક પ્રકારની જોઇતી સવડ આપી હતી, કેમકે બૌદ્ધ ધર્મીઓએ તેમને હેરાન કરવામાં બાકી રાખ્યું નહતું. કેટલાં નિરપરાધી કુટુંબો પાયમાલ કર્યાં હતાં અને પોતાનો ધર્મ, કુટુંબમાં સ્વીકારાય તે માટે અહિંસા પરમોધર્મઃ કહેનારા ગોરજીઓએ બાળકોના તેમના માબાપના દેખતાં જીવ લેવરાવ્યા હતા અને યુવાન વહુ દીકરીની લાજ લુંટાવી હતી!

દેવીની સહાયતાથી મલ્લ જીત્યો. બૌદ્ધોને વલ્લભી રાજ્યનો ત્યાગ કરવાનો સમય આવ્યો. મલ્લને સૂરિનું પદ આપ્યું અને શેત્રુંજયની ફરીથી પ્રતિષ્ઠા થઇ.

કાકુ શેઠને રાજ્યની મુદ્રિકા મળી. રાજ્યમાં ઉચ્ચપદ મળ્યું. તે જે કરે તેજ થતું, તેમાં આજની પદ્ધિએ વધારો કર્યો. ખટપટ કરી ધર્મને બહાને લૂટવામાં તેણે બાકી રાખ્યુ નહતું! રાજ્યકારભારમાં પણ તેણે સર્વ સ્થળે પોતાનાંજ માણસો ગોઠવેલાં હતાં.

"શૈવોનો નાશ થાઓ." મંડળના એ ઉદ્ગાર સાંભળી ત્યાંજ સંતાઇ રહી સાંભળતા એક શૈવને વજ્રઘાત થયો હોય તેમ એકદમ સૂચવ્યા વિના તે ગુપ્ત મંડળ હજુર આવી મધ્યમાં ઉભો.

'વિજયસિંહ.' મહારાજ તથા કાકુ શેઠ અને અન્ય સરદારો સાશ્ચર્ય ભીતિથી બોલી ઉઠયા.

'આ વિજયસિંહ? આ તો કુમાર કુમુદકાન્ત!' ગભરાટમાં સચિવ બોલી ઉઠયો.

'ત્યારે શુ બને એકજ!" મોટા ગુરૂ મહારાજ અને કાકુ ભયથી બોલ્યા.

સચીવના મુખમાંથી નીકળેલા શબ્દોએ ગુપ્ત મંડળમાં નાના પ્રકારના વિકાર ઉદ્ભવ્યા. થોડીજ પળ ઉપર થએલા વિજયનાદની સ્મૃતિ વિનાશ પામી! આનદ અને ઔત્સુકયની પતિમા પણ દૃષ્યમાન થઇ નહિ. શ્રીમન્ ભટાર્ક-વલ્લભીરાજ પણ ગભરાયા.

"સિહની ગુફામાં પગ મુકનાર શિયાળ પોતાનું બળ સમજ્યા વિનાજ મુકનો હશે? મહારાજાની સમક્ષ અને તેમાં આવા આવા બહાદુર મંડળના સભાસદોની રૂબરૂ આવીને ઉભા રહેવું તેમાં તેને ભય નહિ હોય? રાજ્ય-પ્રાસાદના અનુચરોએ કેમ રોકયો નહિ? કુમુદકાન્ત કોણ? વૃદ્ધ સચિવ સુની-તિચદ્રે તેને કુમુદકાન્ત કેમ કહ્યો? ત્યારે વિજયસિંહ લૂટારો કોણ? મહા-રાજના મુખનો રંગ શ્યામ કેમ થઇ ગયો?" આદિ અનેક વિચાર ઉર્મિયો દરેક સભાસદના મનમા-હૃદય સિન્ધુમાં ઉભરાવા લાગી.

"વિજયસિંહ તેજ કુમુદકાન્ત?" વલ્લભિરાજ–સૂર્યવંશી શિલાદિત્ય કાંઇક ગભરાતા બોલ્યા: 'અમારા કુટુંબનાં બાળકો લૂટનો ધંધો કરે? અશકય. હું તે નથી માનતો."

"ચોર! અમારી સમક્ષ આવી અમારૂંજ અપમાન કરી જીવતો જ-ઇશ? સાચું બોલ તું કોણ છે? તું ક્ષમા માગવા આવ્યો છે કે તોફાન કરવા? જેવો તારો ઉત્તર તેવી અમારી વર્ત્તણુક સમજજે. માટે સત્વર ઉત્તર આપ!" ભટાર્ક મહારાજ વિજયસિંહ તરફ જોઇ મેઘ ગર્જના થતી હોય તેમ અમર્ષથી રક્ત ચમકારા કરતી આંખ્યો કરી બોલ્યા. આખી સભા ધ્રૂજાવી મૂકી.

વિજયસિંહ અત્યાર સુધી નિડરપણાથી પણ નમ્રતાથી અદબ વાળી ઉભો હતો. ભટાર્ક મહારાજે તેને કે'વાય તેટલા અપશબ્દો કહ્યા પણ ન ચઢયો રોષ કે ન થઇ તેની રાતી આંખ. માત્ર મુખ મલકાવી–સ્મિત કરી આસપાસ સર્વે સભાસદોનાં મુખ તરફ જોવા લાગ્યો.

મહારાજાને આ અવજ્ઞાથી ક્રોધ ચઢયો, અને બોલી ઉઠયા: "દર-વાજા ઉપર કોણ છે? સિપાઇ!"

'આજ્ઞા, મહારાજ' બોલતા રાજપાદમાં મસ્તક નમાવતા પ્રતિહારી-એ ઓરડામાં પ્રવેશ કર્યો.

'કોની આજ્ઞાથી આ પ્રાગલ્ભ્ય મૂર્ત્તિને પ્રવેશ કરવા દીધી છે?" મહારાજાને બોલાવવાની મહેનત બચાવી એક સરદાર બોલી ઉઠયો.

"દેવેશ! લક્ષ્મીગુપ્ત શેઠ પધાર્યા પછી, મારી પાસે થઇને, અન્ય કોઇ અંદર પ્રવેશ કરવા પામ્યું નથી." વિજયસિંહ પ્રત્યે જોઇ સાશ્ચર્ય ભીતિ તેના હૃદયમાં ઉત્પન્ન થઇ.

અત્યાર સુધી વિજયસિંહ તેવી ને તેવીજ સ્થિતિમાં ઉભો ઉભો, જાણે થતી વાતની તેને કંઇ સ્પૃહા ન હોય તેમ પોતાના તલવારની સાંકળી સાથે રમતો, સર્વેની મુખમુદ્રા તપાસતો ઉભો હતો. "તમારે કુમાર કુમુદકાન્ત જોવો હોય તો તે આ ઉભો, અને વિજસિંહનું કામ હોય તો તે આપની

સેવામાં ઉભો છે. હું તો માત્ર તમારી મંડળીનું રક્ષણ કરવા આવ્યો હતો.” શિલાદિત્ય મહારાજ સામું જોઇ તે બોલ્યો.

‘ રક્ષણ કરવા ? ’ ક્રોધથી મહારાજ બોલી ઉઠયા.

‘ દેવ. શાંત થાઓ. એનું કહેવું શું છે તે સાંભળો તો ખરા.’ કાકુશેઠે શાન્તતાથી પરંતુ ધડકતા હૃદયે મહારાજને શાન્ત પાડવા કહ્યું.

‘ હું તો માત્ર તમારા મંડળનું રક્ષણ કરવા આવ્યો હતો.’ વિજય-સિંહે બોલવાનું શરૂ કર્યું. ‘ આ લક્ષ્મીગુપ્ત શેઠે તથા તેના અનુચર પંચાદાસે”-

‘ અનુચર.’ કહેતાં પંચાદાસે ખડ્ગ ઉપર હાથ મૂકયો.

‘હા. હા. અનુચર.’ વિજયસિંહે દૃઢતાથી અને મક્કમ અવાજે કહ્યું.

“ શાંત થાઓ. શાંત થાઓ. શાંત થાઓ.” વાત વધી જવાના ભયથી તથા લૂટારો કેવી સહાય કરવાનો હતો તે જાણવાના ઔત્સુકયથી ગુરૂશ્રી બોલી ઉઠયા.

લક્ષ્મીગુપ્તે પંચાદાસને પાસે બોલાવી કાનમાં કાંઇ મંત્ર કહ્યો. પંચાદાસ બહાર ગયો. વિજયસિંહે તીવ્ર ચક્ષુથી શું થાય છે તે સર્વે જોયું.

“ કાકુશેઠે તથા પંચાદાસે રણદુર્ગના ઘણા શૈવોનો-ગૃહસ્થોનો નાશ કરાવ્યો છે. એ દુષ્ટતાનું ફળ પ્રભુ તેમને આપ્યા વિના રહેશે નહિ. દાંભિક બૌદ્ધો ! કયાં ગયો તમારો અહિંસા પરમો ધર્મ.! ઘણું કરે તે થોડા માટે. અર્જુનવર્મા દેવની પુત્રી વિદ્યુલ્લતા કયાં છે ? તેનો પત્તો આપો. જો ત્રણ દિવસમાં એ કુંવરી અમારે સ્વાધિન નહિ કરો અને રણદુર્ગની નષ્ટ કરેલી પ્રજાને થએલી હાનિને બદલે કોઇ પણ પ્રકારનો વિશેષ લાભ શૈવમ-તાનુસારિ વલ્લભિ પ્રજાને નહિ આપવામાં આવે તો જેવી દશા રણદુર્ગ-વાસીઓની કરવામાં આવી છે-એટલે મૃત્યુ સિવાય બીજો રસ્તો તેમને માટે રાખવામાં આવેલો નથી-તેવીજ દશા તમારી થશે.” બોલતાં બોલતાં મધુર સ્વર ગંભીર અને મોટો થયો.

ત્રાસ પામ્યા હોય તેમ સર્વે ચિંતા કરવા લાગ્યા.

“ વિજયસિંહ—કુમાર કુમુદકાન્ત ! જો તું અમારા સૂર્યવંશમાંજ ઉત્પન્ન થયો હોય તો તેં શૈવ ધર્મ કેમ સ્વીકાર્યો છે ? અમારા માનનીય ધર્મમાં

પાછો આવ, અને પછી જો કે તને શા શા લાભ થાય છે!" શલાદિત્ય મહારાજે કહ્યું "પણ વિદ્યલ્લતા—"

એવામાં દ્વારમાંથી પંચાદાસે પ્રવેશ કર્યો અને તેની પાછળ પંદરેક મનુષ્યો શસ્ત્ર ધારણ કરી ખુલ્લી તલવારે અંદર પેઠાં.

હવેજ મહારાજા, ધર્મગુરૂઓ અને સરદારો, લક્ષ્મીગુપ્તે સેનાધિપતિ પંચાદાસને કહેલી ગુપ્ત વાતનો ભેદ સમજ્યા અને હર્ષિત થયા.

વિજયસિંહ દ્રઢતાથી ત્યાં ઉભો રહ્યો. તે આ પ્રમાણે થવાનુ છે એવું જાણતોજ હતો.

"નીચ લૂટારા! શ્રીમાન્ મહારાજ શ્રી ભટાર્ક દેવની અવજ્ઞા કરી તું ક્યાં જવાનો હતો? બતાવ તારૂં પરાક્રમ!" પંચાદાસે ગર્વથી પ્રફુલ્લ વદને કહ્યું.

"લૂટારા! તું જો બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરે, કિંકર થઇ રાજ સેવામાં રહેવા પ્રતિજ્ઞા કરે અને કુમાર કુમુદકાન્તનુ નામ ખોટું ધારણ કર્યું છે એવું સોગન ઉપર કહે તોજ તને જવા દઇશુ, નાહ તો તને હાલજ કારાગ્રહમાં મોકલી દેવાની આજ્ઞા કરીએ છીએ, માટે સત્વર ઉત્તર આપ." ભટાર્ક દેવ સૈન્ય ગૌરવથી દેદીપ્યમાન્ ચહેરે બોલ્યા.

આ તિરસ્કાર સૂચક વાક્યોની કંઇ પણ સ્પૃહા રાખ્યા વિના તેમજ મ્યાનમાંથી અસિ બહાર કાઢ્યા વિના વિજયસિંહ પાછો હઠ્યો અને હઠતો હઠતો સામી આવેલી ભીંત પાસે જઇ ઉભો.

"કેમ સ્વીકારે છે કે નહિ?" કાકુ શેઠે ધાટો કાઢી ગર્વથી પૂછ્યું.

"વાહ! સાબાશ કાકુ શેઠ! બચાવેલી જીંદગીથી ઠીક બદલો વાળો છો!" વક્રોક્તિમાં લૂટારો બોલ્યો "પણ શેઠજી! વિધુલ્લતાને ક્યા સં—"

"ચૂપ રહે" મહારાજા બોલ્યા: 'સેવકો' પકડો આ લૂટારાને, જીવતો પકડશે તેમને બમણું ઇનામ. પહેલો પકડશે તેને ચોગણું ઇનામ. લક્ષ્મીગુપ્તે પારિતોષિકનાં વચનોથી અનુચરોને ઉત્સુક આગ્રહી કર્યા.

વિજયની પાછળનુ દ્વાર ઉઘડયુ. વિજયસિંહ અદૃશ્ય થયો અને તેની પાછળ દ્વાર પણ બંધ થયુ.

તે સમયમાં કળાકૌશલ્ય નાશ પામ્યું નહતું. કળાને લીધે ભીંતમાંજ

દ્વાર એવી રીતે કાપી કાઢયુ હતું કે તે બારીકીથી જોનારને પણુ જડે નહિ. વાકી ચુકી રીતે કોતરેલું હોવાથી બધ થવાની સાથે જરા પણુ શક ઉત્પન્ન થતો નહિં.

દ્વાર બધ થયું અને ધસેલા સિપાઇઓના એકત્ર ધસારા આગળ પણુ તે જરાએ ન ખસ્યું કે ન ડગ્યું.

' દોડો પકડો ! મહેલ બહાર નીકળવા ન દેશો. ' વિગેરે આજ્ઞાઓ થવા લાગી પરંતુ સર્વ ફોકટજ.

પચાદાસ સિપાઇઓ લઇ બહાર નીકળી પકડવા દોડયો.

" મહારાજ, નિઃસંશય આ તો કોઇ જાદુગર–ઐંદ્રજાલિક મંત્ર તંત્ર પ્રવીણુ લાગે છે. મારો અભિપ્રાય પૂછો તો આ કુમાર કુમુદકાન્ત હોય એમ લાગતુ નથી. " બીજો ગુરૂ બોલ્યો.

" અમારો પણુ એવોજ છે " મહારાજાને વિચાર નિમગ્ન જોઇ બીજા બધા તેમને અનુમોદન આપવા લાગ્યા.

નૃપતિની મન શાતિ કંઇક પાછી આવી: " પરંતુ તે કોઇનાથી ડરતો નથી ત્યારે તેનાથી વિશેષ કોનુ ગૌરવ ? કુમાર કુમુદકાન્ત અહીં શી રીતે આવ્યો ? રણુદુર્ગમાં જે કાર્ય કર્યુ તે ખોટું કર્યું, અને તેથીજ અનિષ્ટ થવાનું, એમ ભીતિ ઉત્પન્ન થવા લાગી. વળી કુંવરી વિદ્યુલ્લતાને કોણુ પકડી લાવ્યું છે ? વિદ્યલ્લતા કયાં છે ? તેનો પત્તો ત્રણુ દિવસમાં નહિ આપો તો વિનાશ થશે. કાકુશેઠને તેણે વિદ્યુલ્લતા કયાં સંતાડી છે ? એમ કેમ પૂછ્યું ? શુ તેમાં કાકુશેઠની કાંઇ ખટપટ હશે ? મને બધા ઠગતા તો નહિ હોય ? " વગેરે વિચારો મહારાજના મનમાં ઉદ્ભવવા લાગ્યા.

મોટા ગુરૂ તથા લક્ષ્મીગુપ્ત એજ માત્ર આ વિચારો જાણી શક્યા. તે મહારાજને દિલાસો દેવા જતા હતા એટલામાં પંચાદાસ એકલો અંદર આવ્યો.

" દેવ ! વિજયસિંહ તો પકડાયો નહિ. પરંતુ એક સ્વાર ખબર લઇ આવ્યો છે કે, કેટલાક શૈવ સરદારો રણુદુર્ગ ઉપર ચઢી આવ્યા છે, માટે દેવાજ્ઞા હોય તો હુ તૈયાર રાખેલુ સર્વ લશ્કર લઇ વલ્લભીરાજનું પૌરૂષ

બતાવું. વિજયસિંહ પણ ત્યાંજ હશે, એટલે તેનો પણ વિનાશ કરવો કઠણ નહિ પડે." પંચાદાસે હાથ જોડી કહ્યું.

"અમારી તમને સંપૂર્ણ આજ્ઞા છે." સચિવે પ્રત્યુત્તર વાળ્યો.

"હા, હા, ઝટ જાઓ, પરંતુ તેના જેવાજ શાઠ્ય કરવામાં હોશિયાર થશો ત્યારેજ એના ઉપર વિજય પ્રાપ્ત કરશો." લક્ષ્મીગુપ્તે વધાર્યું.

"દેવાજ્ઞા તથા દિવ્ય સૂચના મસ્તકે ચઢાવું છું." પંચાદાસે પ્રણામ કર્યાં અને ચાલ્યો ગયો.

ગુપ્તમંડળ વેરાયું. રાજા વિચાર ગ્રરત થઈ મહેલમાં ગયો.

પ્રકરણ ૧૦ મું.

ધર્મનું ધતિંગ-કાકુશેઠનાં કાળાં કૃત્ય!

पयः पानं भुजंगानां केवलं विषवर्धनम् ।
उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये ॥

સર્પને દૂધનું પાન, વિષ નક્કી વધારશે,
ઉપદેશે કરે ગુસ્સો, મૂર્ખ શાંતિ ન પામશે.

"વિદ્યુલ્લતાને ! મારી વિદ્યુલ્લતાને !" અર્જુનવર્મા બોલી ઉઠ્યો. "શું આ નીચ મારી શિશુ, સહાય વિનાની બાળકી ઉપર પણ દ્વેષ દેખાડી ચુક્યો છે?" કમરે હાથ નાંખી તલવાર કાઢવા જતાં ન દેખવાથી બોલી ઉઠ્યો: "અરે! જો અત્યારે તલવાર હોત તો તારા ધડ પરથી મસ્તક જુદુંજ કરી નાખત." અર્જુનવર્માએ નિશ્વાસ નાંખી કહ્યું.

"અત્યારે આટલી રીસ દર્શાવવાની જરૂર નથી. આપની પુત્રીનું આ સેવક રક્ષણ કરશેજ, અને તમને માન સહિત સુદામપુરી પહોંચાડશે. કાકુ નીચ અને ક્રૂર છે. તેને જવા દેવો એ સર્પને ચીડવીને જવા દેવા જેવુંજ

છે. પરંતુ અશસ્ત્રને મારવો એ સ્વધર્મ તથા નીતિથી વિરૂદ્ધ છે માટેજ જવા દઉં છું.” વિજયસિંહે કહ્યું.

રણદુર્ગનો ઘેરો ખલાસ થતાં કાકુશેઠે વિદ્યુલ્લતાને પકડી મંગાવી પોતાને ઘેર રાખી હતી. અનેક પ્રકારે તેના મનનું શાન્ત્વન કરવા પ્રયત્નો ચાલી રહ્યા હતા, પરંતુ શૈવબાળા એકની બે થઇ નહિ. બૌદ્ધધર્મની દિક્ષા લેવા-એ ધર્મ સ્વીકારવા તેણે સાફ ના પાડી એટલુંજ નહિ પણ કાકુ શેઠને પણ એક બે ન કહેવાનાં વચનો કહી ગઇ હતી. મોટા ગુરૂજીએ કાકુશેઠને તેના આ કૃત્ય માટે ઘણી શીખામણ દીધી પરંતુ તે તેના મનમાં ઉતરી નહતી. વિદ્યુલ્લતા સાથે ઘરડે ઘડપણ લગ્ન કરી–રાજવંશીમાં ગણાઇ રણદુર્ગ ઉપર રાજા તરીકે પોતાની સત્તા ચાલતી જોવા તેને ઘણી ઇચ્છા થઇ હતી. અર્જુનવર્માને કેદ પકડાવવામાં આ એક મુખ્ય કારણ હતું. એ જાગીદાર શૈવ હોવાથી રણદુર્ગના લોકો ઉપર તેની સારી લાગવગ હતી. શૈવોને તો તે મોટો મદદગાર થઇ પડતો અને બૌદ્ધોના ધર્મ વિરૂદ્ધ ઘણી વખત આવતો. મહારાજા વલ્લભીરાજે કાકુશેઠના કહેવાથી સુનીતિચંદ્રે કરેલી ભલામણ ઉપરથી અર્જુનવર્માને પોતાની હજુર બોલાવી તેને નજરકેદ રાખ્યો હતો. તેનાં શસ્ત્રો છીનવી લેવામાં આવ્યા હતાં અને માત્ર બૌદ્ધોના મઠમાં ફરવા દેવાની રજા આપવામાં આવી હતી.

અર્જુનવર્માને છોડવવા શૈવો અનેક ખટપટ કરતા પરંતુ બૌદ્ધો આગળ તેમને નાસીપાસ થવું પડતું. વિજયસિંહે એક વખતે મઠમાં ઘુસી જઇ કાકુ શેઠને પકડયો અને તેનાં કાળાં કૃત્યો અર્જુનવર્મા આગળ ખુલ્લાં કરવા માંડયાં, તેમાં પ્રથમ વિદ્યુલ્લતાની વાત કાઢી અર્જુનવર્માને ચેતાવ્યો હતો.

“લક્ષ્મીગુપ્ત, અત્યારે તમે મારી સંપૂર્ણ સત્તામાં છો. હું ધારૂં તો થોડા સમય ઉપર તમે જેવી અર્જુનવર્માની સ્થિતિ કરવાને આજ્ઞા કરી હતી, તેવીજ સ્થિતિનો તમને પણ અનુભવ કરાવવાને શક્તિવાન છું, પરંતુ સ્ત્રીઓ, બાલકો તથા તેવાજ પુરૂષો સામે ફેરવવાને વીર પુરૂષો શસ્ત્ર ધારણ કરતા નથી, પણ માત્ર તેમનું રક્ષણ કરવાનેજ ધારણ કરે છે. તમે પણ શસ્ત્ર ધારણ કરી શકતા નથી તેથી મારે મન તો શિશુ જેવાજ છો. તમે

મને પકડવાને મોટાં ઇનામો આપવાનાં આજ્ઞાપત્રો પ્રસિદ્ધ કરાવ્યાં છે અને શ્રી ભટાર્કદેવને પણ સમજાવીને મારા વિરૂદ્ધ મતના કર્યા છે, તોપણ હું અત્યારે તમને જવા દઉં છું. હાથ આવેલા શત્રુ ઉપર હાથ ઉપાડવો એ ભીરૂત્વનુંજ લક્ષણ છે એમ હું તો માનું છું. તમને આ સમયે આ પ્રમાણે કેદ કરવાની જરૂર પણ જોતો નથી. પરંતુ તમે જેવી રીતે અર્જુનવર્માની પુત્રીને પકડી આણી છે તેવીજ રીતે તેને માનપૂર્વક અમારે સ્વાધિન કરો એટલુંજ હું માગું છું. તમારી ધર્મની લડાઇમાં બાળકીઓએ કંઇ ગુન્હો કર્યો નથી." વિજયસિંહે કાકુશેઠને કહ્યું.

" વિજયસિંહ, તમે જેવા વીર છો તેવાજ ગંભીર છો અને ધીર છો. શૌર્ય ગુણની મૂર્તિ છો અને પવિત્ર પ્રેમની પ્રતિમા છો. મને તમારા ઉપર પૂર્ણ વિશ્વાસ છે. તમને જેમ યોગ્ય લાગે તેમ કરો !" અર્જુનવર્મા બોલ્યો.

આવો હૃદયભેદક દેખાવ આશરે પાંચેક મિનિટ સુધી ચાલ્યો. મધ્ય રાત્રિની શાંતિ જેવીજ શાંતિ થઇ રહી હતી. દરેકનુ હૃદય ધડકતું હતું અને તેનો ધબકારો પણ કિંચિત્ સંભળાતો હોય તેવો ભાસ થતો હતો. અર્જુનવર્માના હૃદયમાં સાનંદાશ્ચર્ય રાજ્ય કરતું હતું ત્યારે લક્ષ્મીગુપ્તના હૃદયમાં ભીતિ તથા આશ્ચર્યનું સામ્રાજ્ય સ્થપાઇ રહ્યું હતું. તે સ્થળે હાજર થયેલા સિપાઇઓના હૃદયમાં કાંઇક આનંદ, કાંઇક પ્રીતિ, કાંઇક ભીતિ, કાંઇક ઉત્સાહ, કાંઇક ખેદ, કાંઇક કોપ, અને કાંઇક પ્રભુત્વનું તેજ દૃષ્યમાન્ થતાં હતાં.

લક્ષ્મીગુપ્તના મનની સ્થિતિ તથા તેના સંકલ્પ વિકલ્પ અને આશ્ચર્ય અવર્ણનીય હતાં. તે તેના કટ્ટા શત્રુ-રિપુના હાથમાં હતો. તેનો પ્રતિસ્પર્ધી -એક લૂટારો-એક અધિકારહીન ક્ષુદ્ર પ્રાણી તેનુ ભવિષ્ય સૂચવવાને અત્રે શક્તિવાન્ હતો. જે સીપાઇઓ રાજાના હતા-પોતાનાજ માનતો-અરે ! જેઓ પોતાનાજ સીપાઇઓ હતા, તેજ સીપાઇઓએ દ્રોહ કર્યો હતો ! તે-લક્ષ્મીગુપ્ત-રંક કાકુમાંથી પ્રારબ્ધના જોરે બનેલો કાકુ શેઠ-કોટ્યાધિપતિ-જગપ્રસિદ્ધ ધનાઢ્ય-આવા મોટા વલ્લભીરાજને પણ ન મળે તેવા કોહિનુર હીરાનો માલિક-બુદ્ધ ધર્મનો સ્થંભ-શૈવ ધર્મનો રિપુ શ્રી ભટાર્ક મહારાજનું

વિશ્વાસ સ્થાન–જમણો હાથ–અધીકારી વર્ગનું પ્રીતિપાત્ર–વલ્લભી રાજ્યમાં શ્રેષ્ઠ, તેનીજ આ સ્થિતિ થઇ હતી! ક્રોધ, આશ્ચર્ય, ભીતિ વગેરે અનેક તેના હૃદયમાં પ્રજાસત્તાક રાજ્યથી રાજ્ય ચલાવતા હતા. ભટાર્કદેવ જાણશે તો શું કહેશે? પ્રતિસ્પર્ધીઓ શુ ધારશે? સ્વપક્ષવાળા કેવો વિચાર લાવશે? વગેરે અનેક વિચારના તરંગ તેના મન રૂપી સાગરમાં આવવા લાગ્યા. ઉર્મીઓ ઉભરાવા લાગી અને હૃદય શૂન્ય જેવું થઈ ગયુ.

લક્ષ્મીગુપ્તને મુર્ચ્છા જેવું નહતું–મૃત્યુ જેવું નહતું, પરંતુ તે અર્ધ મૃત્યુ અને અર્ધ મુર્ચ્છાવસ્થા જેવી સ્થિતિમા હતો. તેની જીહ્વા બંધ થઇ ગઇ હતી. એક શબ્દોચ્ચાર કે અક્ષરોચ્ચાર પણ કરી શકયો નહિ. તે સવ સાંભળતો હતો પરંતુ સ્વપ્નમા જેમ આપણે સાંભળીએ છીએ તેમજ તે પણ સાભળતો હતો.

"આ તે સ્વપ્ન છે કે સાચું?" આ વિચાર પણ ધીમે ધીમે તેના હૃદયમાં પ્રવેશ કરવા લાગ્યા.

વિજયસિંહ તથા અર્જુનવર્માનો સંવાદ સાંભળ્યો. અર્જુનવર્માનો ક્રોધ જોયો. સ્વજીવન ઉપર સંકટ આવી પડયુ એમ તેને લાગ્યુ, અને પોતાની વિદ્યુલ્લતા સંબંધી યુક્તિ નિષ્ફળ થશે એ સાભળી શોક ઉત્પન્ન થયો પરંતુ છેલ્લા શબ્દોએ તેના હૃદયમાં આશાનુ પુનઃ સ્થાપન કર્યું.

'આશા રૂપી જીવન દોરિથિ જીવનારો,
એ વેણ સાભળી ખુલી ગઈ આખ એની;
સૂજે ન કાઈ બિજી વાત ન કાઈ ફાવે,
વીતર્ક તર્ક મનમાંય હજાર આવે.'

"લક્ષ્મીગુપ્ત! લુંટારો આપે છે તે જીવિતદાન લેવું જો આપને ઉચિત લાગતું હોય તો તે હું તમને ખુશીથી આપું છું અને તે સાથે તમને સ્વાતંત્ર્ય પણ પાછુંજ આપું છું. વગર સરતે તમને છુટા કરૂં છું. આ ઉપરથી આપણને પણ કંઈ ધડો લેવાનો મળશે." વિજયસિંહે ગંભીર થઇ કહ્યું, અને લક્ષ્મીગુપ્તને મુક્ત કરવા સિપાઇઓને આજ્ઞા કરી.

"જે ઔદાર્યથી આપ મને જીવતદાન કરો છો, મારૂં સ્વાતંત્ર્ય પાછું બક્ષો છો તેનો બદલો વાળ્યા વિના હું નહિ રહું, અને તેનો પહેલોજ દાખલો

એ કે આ સિપાઈઓને તેમના કરેલા દ્રોહ માટે ક્ષમા કરૂં છું." લક્ષ્મીગુપ્તે કંઈક ફુલાતાં કહ્યું.

"આ સિપાઇઓ!" વિજયસિંહ હસતો હસતો બોલ્યો. "આ સિપાઇઓ! શેઠજી આ તમારા સિપાઇઓ ન હોય, પણ મારા વેશધારિ મનુષ્યો છે." વિજયસિંહે કહ્યું. કાકુશેઠ નીચું ઘાલી ચાલ્યા ગયા.

"ચાલો, મારી સાથે. વિદ્યુલ્લતાની શોધ કરવાની છે." અર્જુનવર્મા તરફ દૃષ્ટિ કરી વિજયસિંહે કહ્યું.

"માફ કરો. હું તો અત્રેજ રહીશ. વિદ્યુલ્લતાને આપે સુદામપુરી મુકી આવવાનું વચન આપ્યું છે તે પાળજો. મારાથી મહારાજાની આજ્ઞા સિવાય અત્રેથી બહાર નહિ જઇ શકાય." અર્જુનવર્માએ ખિન્ન વદને કહ્યું.

"શા માટે નહિ? અત્યારે વલ્લભીપુરનું આખું લશ્કર આવે તોપણ તેને અટકાવી રાખવાની મારામાં સત્તા છે. વળી આપ જો નહિ આવો તો વિદ્યુલ્લતા આટલાં દુઃખી તો છેજ, અને વળી બળતામાં ઘી હોમાશે, દુઃખ વધશે. મેં આપને મુક્ત કરવાનું ઉતાવળીને તીરે તેમને વચન આપેલું છે તે પૂર્ણ કરવાને હું અત્રે સાહસ ખેડી આવ્યો હતો તો તેમને પણ તમારી આ હઠથી કેટલું દુઃખ થશે તેનો વિચાર કરો." વિજયસિંહે નિરાશ થઈ કહ્યું.

"તમારા પ્રયત્નો માટે, જીવન પર્યંત હું તમારો આભારી છું જ. મારી પુત્રીને માટે તમે આટલા બધા પ્રયત્નો કર્યા, માથાકુટ કરો છો, મહેનત લેશો તે શું મારા હૃદયમાં કાંઇજ નથી? પુત્રીનુ સંરક્ષણ પિતાની હયાતી છતાં કોઇ અન્ય કરે તે પિતાને કાંઇ ન લાગે? તેનો બદલો તો તે જે આપે તે ઓછો છે, પરંતુ મારૂં શરીર રાજ સેવામાં અર્પણ કર્યું છે. રાજાના આગ્રહ છતાં હું બૌદ્ધ થતો નથી તેનું કારણ તો એજ છે કે મેં મારો આત્મા રાજાને અર્પણ કર્યો નથી. શરીરનુ ગમે તે કરવાને રાજાને સત્તા છે. હું નિરપરાધિ છું તે શું હું નથી જાણતો? હું તો જે સમયે, મને કારાગૃહમાં નાંખ્યો તેજ સમયે, આખા રાજ્યને ઉંધું કરવાની સત્તાવાળો હતો; કારણ લશ્કર મારી પાસે હતું. મારે જો આમજ બહાર નીક-

ળાવું હોત તો અહીં આવતજ શું કામ ? જે રાજાએ મને કેદ કરવાની આજ્ઞા આપી છે, તેજ રાજા જો મને મુક્ત કરવાની આજ્ઞા કરશે તોજ બહાર જઇશ. રાજ્ય ભક્તિ કરવી એ દરેકનો ધર્મ છે તેમાં હું કાંઇ વિશેષ કરતો નથી. સુખ આજ છે કાલ નથી. દુઃખ આજ છે, કાલ જતું રહેશે. આ વચનો શુ ખોટાં છે ? કાલે એનો એજ રાજા, જેણે મને કેદ કરેલો છે, તેજ મુક્ત કરી કાંઇ અધિકાર આપશે. માટે વિજયસિંહજી, હું આવી શકવાનો નથી." અર્જુનવર્માએ દૃઢતાથી જવાબ આપ્યો.

"ત્યારે આપ આપની તનયા ઉપર એક પત્ર લખી આપશો ?' શોકાર્ત હૃદયે વિજયસિંહે કહ્યું.

'ના. પત્ર પણ લખવાને મહારાજાની આજ્ઞા વિના હું શક્તિવાન નથી.' અર્જુનવર્માએ અતિ શોકમય થઇ કહ્યું. તેની આંખમાંથી આંસુ ખર્યાં 'ઠીક ત્યારે આપ પધારો.' અર્જુનવર્માનું હૈયું ભરાઇ આવવાથી ચાલ્યા ગયા.

કુંવરી રત્નાવળી ઘેર ગઇ. તેનુ મન કાંસકીમાં પરોવાયું હતું. સુલોચનાએ મારેલું મેહેણું તેને ઘણું સાલતું હતું. 'એવી કાંસકી નવી કરાવવી અથવા એજ કાંસકી લેવી.' એજ તેનો નિશ્ચય થયો હતો.

રાજમાતાને સર્વ વાત વિદિત કરવામાં આવી. તેમણે વિચાર્યું: "તે કાંસકી વળી કેવી હશે કે કુંવરી આટલી બધી હઠ લઇ બેઠી છે." તેમણે કહ્યું.

"બેટા ! તારા પિતાને કહી એથી પણ સરસ નવી કાંસકી કરાવી આપીશ. નાહક ખેદ શું કરવા કરે છે ?"

"માડી ! તેં જોઇ નથી ત્યાં સુધીજ તો. એવાં નગ આપણા ભંડારમાં કયાં છે ? પેલા "પ્રભા–કૌસ્તુભ" માટે સુલોચના કહેતી હતી કે આખી દુનિયામાં તેની જોડી મળવી મુશ્કેલ છે." રત્નાવલિએ બાળહઠ કરી કહ્યું.

"પુત્રિ, પ્રભા–કૌસ્તુભ બીજો નહિ મળે તો એ કાંસકી તને વેચાતી લઇ આપીશ. ઇશ્વરનું આપેલુ આપણી પાસે ક્યાં ધન ઓછું છે, અને આપણા રાજભંડારમાં રત્નની કયાં કમી છે ? તારા પિતાશ્રીને કહું એટલીજ વાર." માતાએ નાના બાળકને પટાવે તેમ કુંવરીને પટાવવા માંડી.

મહારાજાની મહેલમાં પધરામણી થઇ. કુંવરીનું ખિન્ન વદન જોઈ તેનું કારણ પુછ્યું. કાંસકીની વાત નીકળી અને તેમાં કુંવરીએ પોતાને કાકુ શેઠની પુત્રીએ મારેલું મહેણું પણ કહી બતાવ્યું.

નવી કાંસકી કરાવવા હુકમ અપાયો. નમુના માટે કાકુ શેઠની પાસેથી કાંસકી મંગાવવા માણુસ મોકલ્યું.

પ્રકરણ ૧૧ મું.

વલ્લભીપુરનો નાશ. ઘેલાટી વંશની સ્થાપના.

ઉત્તર એશિયામાંથી સાઇથિક લોકો યુરોપના ઠંડા મુલકમાં અને હિંદના ગરમ મેદાનો ઉપર વખતો વખત ટોળાબંધ ચઢી આવતા અને સિંધુ અને તેની આસપાસ નિવાસ કરતા હતા.

જીતેલા સાઇથિકોએ સિંધુની આસપાસ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું અને સામીમાં રાજધાની કરી હતી. છઠ્ઠા સૈકામાં સાઇથિકો સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યા કાયમના પ્રજા તરીકે વસ્યા અને લાગવગ વધારી રાજ્ય વધારતા ગયા. વલ્લભી રાજ્યમાં ચઢાઇ કરનારા અને સદંતર વલ્લભીપૂરનો નાશ કરનારા આજ લોકો હતા.

કેટલાક ઇતિહાસકારો તે સમયે બરૂગાઝા (ભરૂચ) આગળ વસનાર આર્યોના મત પ્રમાણે, વલ્લભીપુરનો નાશ કરનાર પાર્થીઅન લોકો હતા એમ જણાવે છે, કેમકે તે સમયે પાર્થિઅનોની સત્તા સિંધુથી નર્મદાના પશ્ચિમ કિનારા સુધી હતી. તેમની રાજ્યધાની મીનાગઃરા[1] જેને આરબો મીનાકોર કહે છે તેમાં હતી. સામી અને મીનાકારા બંને એકજ શહેર હતાં,

૧ મનસુર અલમનસુર (અબ્બાશી) નામના ખલીફના સરદારે એ પ્રાંત જીત્યો હતો. તે ઉપરથી એ શહેરનું નામ પાડવામાં આવેલું હતું.

તે ઉપરથી એ બંને પ્રજા પાર્થીઅન અને સાઇથાકો–એકજ[1] હશે એમ અનુમાન બાંધી શકાય.

ગમે તેમ હો, પરંતુ વિદેશી જંગલી લોકોએ વલ્લભીપુર ઉપર હલ્લો કર્યો અને રાજા શિલાદિત્ય તેના સૈન્ય સાથે મરાયો.

કાકુ શેઠની પાસેથી મહારાજા શિલાદિત્યે પ્રભા–કૌસ્તુભવાળી કાંસકી છીનવી લીધી અને તેનું ઘરબાર જપ્ત કરાવ્યું. કાકુ રીસાઈને તેનુ વેર લેવા સાઇથિકોને મળ્યો. વલ્લભીપુરની જાહોજલાલી, રાજાની નિર્બળતા તથા રાજ્યની અસ્વસ્થતા જણાવી તેમને ઉશ્કેર્યા અને ખર્ચ માટે તેણે તેમને એક કરોડ મહોરો આપવા કબુલ કર્યું

શૈવ, બુદ્ધ અને જૈનોના ઝઘડામા લશ્કર નબળું પડયું હતુ અને તેમનામાં મતમતાંત્તર વધી જવાથી બેદિલી ફેલાઈ હતી. આ તકનો લાભ વિદેશીઓએ લીધો. રાજદ્રોહી કાકુને તેમણે પોતાની નજર બહાર જવા દીધો નહતો કે જવા દેતા નહતા. જ્યાં જ્યાં જ્યારે જ્યારે તેને જવું પડતુ ત્યારે તેમના છુપા જાસુસો તેની આગળ પાછળજ રહેતા. ટુંકામાં નજરકેદી કાકુ અમને પણ ફસાવે નહિ તેની તેઓ કાળજી રાખતા હતા.

એ રત્ન હારને માટે જુદી જુદી[2] કથાઓ અને દંતકથાઓ ચાલે છે.

ટૉડ રાજસ્થાન.

૨ દંતકથામા ઈતિહાસ વિષયક કંઈ આધાર મળતો નથી. વળી એવી એક દંતકથા છે કેઃ—

એક વખતે ધુંડીમલ્લ નામે એક સાધુ પોતાના શિષ્ય સાથે વલ્લભીપુર આવ્યો. આ પવિત્ર પુરૂષે વલ્લભીપુર પાસે આવેલી ચમારડી નામે એક જગા હતી તેની પાસે ઈંધાવાળા ડુંગરની તળેટીમા નિવાસ કર્યો અને શિષ્યને ભિક્ષા લેવા મોકલ્યો. વલ્લભીપુરની વસ્તી જૈન હોવાથી આ શિષ્ય આખો દિવસ રખડયો પણ તેને ભિક્ષા ન મળી, ત્યારે તેણે જંગલમા જઈ લાકડા કાપી તેને વેચીને તેના પૈસાનો લોટ લીધો પણ તેના રોટલા કોઇ ઘડી આપે નહિ આખરે એક કુંભારણ મળી, તેણે તેને રોટલા ઘડી આપ્યા આ રીતે કેટલાક દિવસ વીતી ગયા. એટલે લાકડાના ભારા જાથુ ઉચકવાથી શિષ્યના માથાના વાળ ઘસાઈ જવા માંડયા. સાધુએ શિષ્યના માથામા ટાલ જોઇ તેનું કારણ પૂછયું. શિષ્યે ઉત્તર

વલ્લભીપૂરમાં સૂર્યનો પવિત્ર ઝરો જેને સૂર્યકુંડ પણ કહેતા તેમાંથી રાજા શિલાદિત્યના બોલાવવાથી સપ્તાશ્વ (સાત માથાવાળો ઘોડો) નીકળતો, જે ઘોડો શિલાદિત્યની ગાડીએ રણસંગ્રામમાં જોડવામા આવતો. આવી સહાયથી કોઇ પણ દુશ્મન ફાવી શકતો નહતો. પાપી સચીવે–કાકુના આભારી સેવકે –સુનીતિચંદ્રે–દુશ્મન પાસે આ મદદની છુપી વાત જણાવી દીધી અને પવિત્ર કુંડને ગાયના લોહીથી ભ્રષ્ટ કરવામાં આવ્યો. રાજાએ મદદ માટે સપ્તાશ્વને બોલાવવા ઘણોએ પ્રયત્ન કર્યો, પરંતુ સ્વદેશશત્રુ મંત્રિનું પાપ તેના જાણુવામાં ન હોવાથી, અને વલ્લભીરાજ્યના મૂળ રાજાનો શ્રાપ ફળવાનો હશે તેથી તે નિષ્ફળ થયો. રાજા શિલાદિત્ય હાર્યો ને માર્યો ગયો. તેની રાણીઓ (પુષ્પાવતી સિવાયની) સતી થઇ અને શત્રુઓ જાણે રમત કરતા હોય તેમ તેમણે વલ્લભીપુરીનો નાશ કર્યો.

વલ્લભીપુરના નાશ વખતે રાણી પુષ્પાવતી યાત્રાર્થે ગએલી હોવાથી મહારાજા શિલાદિત્યના મૃત્યુ સમયે બીજી રાણીઓએ રાજા સાથે સહગમન કર્યું ત્યારે તે હાજર નહતી. રાણી ચંદ્રાવતી એ પરમાર રાજાની કુંવરી

આપ્યો: " મહારાજ ! આ નગરમા કોઇ ભિક્ષા આપતું નથી તેથી મારે જંગલમાં જઈ લાકડાં કાપી વેચવાં પડે છે; તેનો લોટ આણું છું ને એક કુંભારણ મને તેના રોટલા ઘડી આપે છે આ કારણથી મારા વાળ ઘસાઇ જવા માડયા છે. સાધુ બોલ્યો: " હું જ આજે માગવા જઈશ " એમ કહી પોતે ગયો પણ તેને કોઇએ ભિક્ષા આપી નહિ સાજે પાછા આવી તેણે શિષ્યને કહ્યું: " વત્સ. કુંભારણને જઈ ને કહે કે તું તારા કુટુંબના સર્વે માણસો લઈ નગર છોડી સવારમાં જતી રહેજે. આ નગર ડટાઇ જશે." કુંભાર તથા કુભારણ પોતાના દીકરાને લઈને વલ્લભી છોડી ચાલ્યા. કુંભારણને સાધુએ ચેતાવી હતી કે ' તારે નગર તરફ પાછું વળી જોવું નહિ ' પણ દરિયા કિનારે (હાલ જ્યા ભાવનગર છે ત્યાં) જઇ પહોચી ત્યારે તેને પાછળ શું થાય છે તે જોવાનું મન થયું અને સાધુ પુરૂષની તેણે આજ્ઞા ઉલ્લંઘન કરી વલ્લભી ભણી જોયું એટલે તત્કાળ તે પાષાણની મૂર્તિ બની ગઈ. પેલા સાધુએ કુંભારણના ગયા પછી કમંડલુ ઉંધું કરી કહ્યું: 'નગર ! તું ઉંધુ વળી જા ને તારો ધનમાલ ધળ થઈ જાઓ !' એવું કહેતાજ વલ્લભીપુરનો નાશ થયો. પેલી કુંભારણ હજુ સુધી રૂવાપરી માતાના નામથી (ભાવનગરમા) પૂજાય છે.

હતી. તેને કંઈ સંતાન ન હોવાથી વારંવાર જગદંબા માતા, જેને લોકો અંબાભવાની કહેતા તેના દર્શનાર્થે જતી.

આ હુમલા વખતે રાણી સગર્ભા હોવાથી ભવાનીની આશીષ મેળવવા ગઇ હતી. યાત્રાએથી પાછા વળતાં તેને રસ્તામાંજ સમાચાર મળ્યા કે "તેની સઘળી આશાઓ ધુળ મળી છે. એટલે તેનો પતિ મરાયો છે અને યવનોએ રાજપાટ લઇ લીધું છે." આ દુઃખદ સમાચારથી તે વલ્લભીપુર જતાં અટકી પડી અને પોતે દુશ્મનોના હસ્તક આવી ન પડે તે માટે માળીઆના ડુંગરોમાં ભરાઈ ગઈ, ને ત્યાં એક ગુફામાં સંતાઇ રહી. દિવસ પુરા થયે તેને એક પુત્ર અવતર્યો. રાજા પાછળ સતી થવાના ઉદ્દેશથી આ પુત્રને વડનગરની કમળાવતી નામની સ્ત્રી કે જે ભવાનીના મંદિરમાં તેની સહિ- પણી થઇ હતી તેના ઉપર ભરોસો રાખી એ બાળકુંવર તેને સોંપ્યો અને ભલામણ કરી કે "મારા આ પુત્રને બ્રાહ્મણની વિદ્યા ભલે શીખવજે પણ ક્ષત્રીની પુત્રી સાથે તેનું સગપણ કરજે." રાણી પુષ્પાવતી મહારાજાની પાછળ સતી થઈ.

જગદંબા માતાના પુજારીની દીકરી કમળાવતીને પણ એક ધાવણું બાળક હતું, તેથી તેણે પોતાના બાળકની સાથે કુંવરને ઉછેર્યો. તેણે તેની સગી માતા તરીકેની સઘળી ફરજો બજાવી. કુંવરનુ નામ તેણે 'ગોહા'[1] પાડયું હતું.

ક્ષત્રિય લોહિથી ઉત્પન્ન થએલો ગોહા જન્મથીજ ક્ષત્રી નિવડયો. અગિઆર વર્ષની ઉમરમાં તેનામાં ક્ષત્રિય ગુણો ઝળકી નીકળ્યા. જેમ જેમ ગોહા મોટો થતો ગયો તેમ તેમ તે ગામના રજપૂતોની સોબતમાં ઉછરવા લાગ્યો, પક્ષીઓનો તથા જંગલી જનાવરોનો શિકાર કરવા લાગ્યો, અને એટલો તો તોફાની નિવડયો કે તેને કબ્જે રાખવોએ મુસ્કેલ થઇ પડયું. આ સૂર્યવંશી રત્ન કંઇ ઢાંકયું ન રહ્યું.

"પથ્થર માટી માંહે, રત્ન રહેલું લીધું ખણી ધરતી,"
"કનક રચિત માળામા, મંડિત થાતાં દીપે વિશેષ અતી."

---

૧ ગુફામા જન્મેલો

બ્રાહ્મણ બચ્ચેરેનાં છોકરાં કરતાં જંગલી ભિલ્લોનાં છોકરાંની સોબત ગોહાને ઘણી પસંદ પડતી, તેમ ભિલ્લોના છોકરાં પણ તેના સિવાય રમતાં નહતાં. આ વખતે એ મૂલકની રાજધાની ઇડરમા હતી, ત્યાં મંડળિક નામનો ભિલ્લ સરદાર રાજ્ય કરતો હતો. નાનો ગોહા વારંવાર ભિલ્લો સાથે જંગલમાં ભટકતો, ખેલતો અને શિકાર કરતો હતો; તેથી ભિલ્લોનાં છોકરાંઓનો તેમજ તેમનાથી મોટી ઉમરનાનો મિત્ર થઇ પડયો હતો. એક વખતે શિકારમાં શિકારી ભિલ્લોએ પોતાનો રાજા ચુંટી કાઢવાનો નિશ્ચય કર્યો. તેઓએ સર્વાનુમતે ગોહાનેજ રાજા તરીકે પસંદ કર્યો. જંગલી ભિલ્લો પૈકી એકે તેજ વખતે પોતાની ટચલી આંગળી કાપી ગોહાના કપાળમાં લોહીનો રાજચિન્હસુચક ચાંલ્લો (તિલક) કર્યો. આ રમતમાં કરેલું કાર્ય વૃદ્ધ ભિલ્લોએ કબુલ કર્યું અને નાનો ગોહા ભિલ્લોનો રાજા થયો.

ગોહા મોટા થયા પછી વડનગર છોડી ભિલ્લોની સોબતમાં જંગલમાંજ રહેતો હતો. તેની હોશિયારી ને લાયકી મંડળિક સરદારના જોવામાં ઘણીવાર આવી હતી. મંડળિકને કંઇ સંતાન નહતું; તેથી પોતાની પાછળ ગાદીનો વારસ ગોહાને ઠરાવ્યો. ઇડરનું રાજ્ય ત્યારથી ગોહાના હસ્તક આવ્યુ.

ગોંહાએ પોતાની પાળક માતા કમળાવતી અને તેના કુટુંબને ઇડરમાં આણ્યાં અને પોતાના દૂધભાઇને રાજ્યગુરૂ તરીકે રાખી તેમને એક સુંદર મકાન તથા વર્ષાસન બાંધી આપ્યું.

આ ગોહા અથવા ગોહાદિત્યના વંશજો ગોહીલોટી, ગ્રહિલોટી કે ઘેલોટી કહેવાયા

આ પ્રમાણે ભટાર્ક મહારાજનો પુત્ર વનનો અને ઇડરગઢનો રાજા થયો. આ પ્રદેશમાં તેના વંશજોએ આઠ પેઢી સુધી રાજ્ય કર્યું હતું. ગોહાથી આઠમો રાજા નાગાદિત્ય (ગુહાદિત્ય ૨ જો) થયો. ઇડરની આસપાસના ભિલ્લ લોકો આ પરદેશી રાજાઓના રાજ્યથી કંટાળી ગયા અને નાગાદિત્ય ઉપર હલ્લો કરી તેને માર્યો. ઈ. સ. ૭૧૬.* તે વખતે નાગાદિત્યને એક માત્ર ત્રણ વર્ષનો કુંવર બાપ અથવા બાપો નામનો હતો.

* અનુસંધાન પ્રકરણ ૧

ગુહા રાજાની વંશાવળી.

ગુહાદિત
|
કેશવાદિત્ય.
|
નાગાદિત્ય ૧લો.
|
ભગાદિત્ય (ભોગાદિત્ય)
|
દેવાદિત્ય.
|
આશાદિત્ય.
|
કાલ ભોજાદિત્ય (કલભોજ)
|
નાગાદિત્ય (૨જો)
|
બાપા (ત્રણ વર્ષનો બાળક.)

પ્રકરણ ૧૨ મું.

ઇડરનો પૂર્વ ઇતિહાસ.

ઇડરનું રાજ્ય શામળાજીના પ્રખ્યાત ડુંગરોની હારમાં આવેલું છે. એ પૂર્વકાળમાં ઇલદુર્ગના* નામથી ઓળખાતું હતું. દ્વાપરયુગમાં રાક્ષસ ઐલ્વણ અને તેના ભાઇ વાતાપીનું તે નિવાસસ્થાન હતું. આ રાક્ષસો આજુબાજુના દેશને હેરાન કરતા હોવાથી અને મનુષ્ય ભક્ષણ કરવાનો તેમનો રીવાજ હોવાથી તે સમસ્ત દેશ ઉજ્જડ થઇ ગયો હતો. વસ્તીનું નામ નિશાન ન હતું. ઝાડી પુષ્કળ ઉગી હોવાથી જંગલ થઇ

* This episode is narrated in the Purans as follows —

There lived three demons, called Atapi, Vatapi, and Alva, or Ailwan. They were blessed by the God Shiva, with the art of enchantment by means of which they devoured the innocent Brahmans. Vatapi became food and Alwa water. Atapi became a benefactor and invited every Brahman to partake of the food and water. The Brahaman came, and as soon as he ate the food and drank the water, Atapi cried the names of Vatapi and Alwa, who having responded to the call of their brother, tore off the body of the Brahman and came out. Thus they killed every Brahman and ate their flesh. One day Agastya was invited by Atapi to partake of the food and water. The Rishi complied with his invitation, and as soon as he ate the food and water Vatapi called aloud, as usual, the names of his brothers, but to his great

રહ્યું હતું. એ રાક્ષસોનો અગસ્ત્ય મુનિએ નાશ કરેલો હતો એમ કહેવાય છે. ત્યાર પછી કળિયુગના વારામાં વેણી વત્સરાજ[1] નામનો રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તેની પાસે સોનાની એક કારમી મૂર્ત્તિ[2] હતી, જેથી ડુંગર ઉપર કિલ્લો બાંધવાને અને જળાશયો વગેરે કરાવી વસ્તી વધારવાને તેને સાધન

---

surprise they did not respond to his call, as the Rishi burnt Vatapi in his stomach. Alwa, who had escaped from the belly of the Rishi, and his brother assumed different forms and began to run away when the Rishi cut off the head of Atapi. Alwa escaped and mixed himself with the ocean, when Agastya drank off the whole ocean and killed the demon. (Ram Vijaya P. 25. 6.)

૧ જ્યારે યુધિષ્ઠિર રાજા હસ્તિનાપુર ઉપર રાજ્ય ચલાવતા હતા ત્યારે વેણી-વત્સરાજ ઇડર ઉપર રાજ્ય કરતો હતો

૨. રાસમાળા. આવી એક મૂર્ત્તિ કચ્છના જામ લાખા પાસે હતી. એ મૂર્ત્તિ 'સોનાના પુરૂષ'ને નામે પ્રસિદ્ધ છે, અને તે ભુજ પાસેના ઝુડકના ધોધના દ્રોહમાં હોવાનું કહેવાય છે. (કચ્છની વાર્ત્તા)

એવું કહેવાય છે કે અમદાવાદના સુબા શેરબુલંદખાને કચ્છ પર ચડાઇ કરી હતી, ત્યારે આ પુરૂષની દંતકથાને આધારે તેણે ઝુડક પર હાથીઓથી ખેંચવાનો બાર પાડાના ચામડાનો કોશ તૈયાર કરાવ્યો હતો. એ કોશથી ત્રણ દિવસ સુધી રાત્રિ દિવસ પાણી ખેંચાવ્યું હતું. સાજના પાણી ઘણું ઓછું થયું ત્યારે એ દ્રોહમા પુરૂષા જેવું કંઈ તેજસ્વી દેખાયું રાત્રિએ અંધારૂં થવાથી બીજે દિવસે સવારે કાઢી લેવા માટે સૂબાએ મુલતવી રાખ્યું રાત્રિએ દ્રોહમાં ઉપરના ધોધમાંથી પુષ્કળ પાણી ઓચિંતું પડવાથી ઝુડકનો દ્રો પુનઃ ભરાઈ ગયો, અને શેરબુલંદખાન નિરાશ થઈ ચાલ્યો ગયો.

આવીજ બીજી એક દંતકથા લુણાવાડા સંસ્થાનની ઉત્તરે આવેલા મહિચડના કોટ માટે છે. એ કોટ લાલીઆ લુહારનો કોટ કહેવાય છે. લાલીઓ જાતનો લુહાર હતો, અને તેની પાસે પારસમણિ હતો એમ લોકોમા વાત ચાલે છે. એ મણિ તેને એક ભીલ પાસેથી મળ્યો હતો આ ભીલ તેની પાસે પોતાની કુહાડી દુરસ્ત કરાવવા લાવ્યો હતો. કુહાડીની ધારનો છેડો સોના જેવો જોઈ, લાલીઆએ ભીલને પૂછ્યું કે તેં આ કુહાડી ક્યાં ઘસી છે? જે પત્થર ઉપર ઘસી હોય તે પત્થર લઇ

મળ્યાં હતાં. વેણી વત્સરાજની રાણી પાતાળના‡ એક નાગની પુત્રી હતી. વત્સરાજ માટે એવી કથા ચાલે છે કે હરદ્વારની ઉત્તર તરફ આવેલા શ્રીનગરના રાજાને પુત્ર ન હોવાથી એક બ્રાહ્મણે પુત્રેષ્ટિ પ્રયોગ કર્યો, અને કહ્યું કે "રાણી રજસ્વળા થાય ત્યારે ચોથે દિવસે લોહીથી સ્નાન કરવું, ને પછીથી પાણીથી શુદ્ધ થઈ રાજા પાસે જવું ને પાછું પ્રાત:કાળમાં પણ તેમજ સ્નાન કરી શુદ્ધ થવું." રાણીએ બ્રાહ્મણના સૂચવેલા પ્રયોગ પ્રમાણે પ્રાત:કાળમાં લોહીથી સ્નાન કર્યું. એટલામાં એક ગીધ પક્ષી તેને માંસ સમજી ઉપાડી ગયો અને ઇડરના ડુંગર ઉપર મૂકી. તે નિર્જન સ્થાનમાં ધુમાડાના ગોટેગોટ જણાયાથી તેણે કોઇ સિદ્ધ-ઋષિ મુનની પર્ણકુટી હોવાનું અનુમાન કર્યું અને રાણી તે તરફ ચાલી. એક ઝુપડી પાસે આવી પહોંચતાં તેની ધારણા ખરી પડી. ઝુંપડીમાં ઋષિ બિરાજ્યા હતા. તેણે એક ધુંગાને ઓથે રહી ઋષિ પાસે વિનંતી કરી વસ્ત્ર માગ્યું. ઋષિએ ઉપરવાડેથી એક વસ્ત્ર તેના તરફ ફેંક્યું. રાણી નાહીને વસ્ત્ર પહેરી ઋષિઓ પાસે આવીને પોતાની સર્વ હકીકત નિવેદન કરી. ઋષિઓએ તેને પોતાની પુત્રિ પ્રમાણે પાળી. દિવસ પુરા થયે તેને પુત્ર અવતર્યો એ પુત્ર પાંચ છ વર્ષનો થયો ત્યારે ઋષિઓનાં વત્સ+ ચરાવવા જતો તેથી તેનું નામ વત્સરાજ પાડયું. તે સમયે મહાકાળેશ્વરના ડુંગર ઉપર એક અઘોરી રહેતો હતો, તેથી ઋષિઓએ તેને તે તરફ જવા મના કરેલી હતી. એ અઘોરી પોતાના મંત્રને સિદ્ધ કરવા એક બત્રિસ લક્ષણા પુરૂષની શોધ કરતો હતો. અનેક માણસોને તે ઉંચકી જતો, અને પોતાને જેવો જોઇએ તેવો ન જણાય તો તેને તે મારી નાંખતો હતો, તેથી સૌને તેની બીક લાગતી.

બાળ વત્સરાજ, પોતાનાં વાછડાં લઇ તેને મના કરેલા ડુંગર તરફ

આવ્યો! આ ઉપરથી બીજા તે પત્થર લઈ આવ્યો જેનાથી તેણે હજારો મણ લોઢાનું સોનું કર્યું, અને તે દ્રવ્યથી સાત કિલ્લા બાંધ્યા હતા.

‡ Some say that this Patal was a city situated on the banks of the Indus. (Forbes Ras Mala. Vol. 1. P. 303-4.)

\+ વાછરડાં.

ન જતાં હાલ જે ડુંગરને મદારશાનો ડુંગર કહે છે ત્યાં જતો. અહીંઆં તેણે એક સિદ્ધને જોયો, તેને નમન કરીને તે ત્યાં ઉભો રહ્યો. વત્સરાજના વિનય અને હિમ્મત જોઇ આનંદ પામેલા તે સિદ્ધે તેને મહાકાળેશ્વરના અઘોરી પાસે જવા કહ્યું. વત્સરાજે તેમને કહ્યું કે "તે ડુંગર તરફ જવા મારા ગુરૂજીએ મના કરેલી છે એટલે ત્યાં હું કેમ જાઉં?"

"તું ત્યાં જા. ત્યાંથીજ તારો ઉદ્ધાર થશે, ને ભવિષ્યમાં તું રાજા થઇશ." હું મારા મંત્ર બળથી તારૂં રક્ષણ કરીશ; પણ સાંભળ, હું કહું તે પ્રમાણેજ વર્તજે. તેમાં ભૂલ ન કરતો. એ અઘોરી પ્રથમ તારો સારો સત્કાર કરશે, ને પછીથી તેલની કઢાઇ તપાવી તેની આસપાસ સાત પ્રદક્ષિણા કરવાનું કહેશે. તે સમયે તારે કહેવું કે "તમે પહેલાં કરી બતાવો. હું બાળક શું સમજું?' સાતમી વાર ફરી રહે એટલે તેજ કઢાઇમાં તેને મારૂં નામ દઈ નાખી દેજે. તેથી તે સોનાની મૂર્તિ થઈ જશે. તેનું અંગ કાપીને સોનું વાપરીશ તેમ તેમ કાપેલો ભાગ પાછો તેવો ને તેવોજ આખો થશે. હું તારી પાછળજ થોડે દૂર ઉભો રહીશ. જા, તારૂં કલ્યાણ થાઓ." સિદ્ધે વત્સરાજને સમજાવ્યો ને તેના માથા ઉપર વરદાનનો હાથ મૂક્યો.

વત્સરાજ નમન કરી મહાકાળેશ્વરના ડુંગર ઉપર ગયો. સિદ્ધે તેને કહેલા વચનો યાદ રાખી તેમના કહ્યા પ્રમાણે કર્યું અને સોનાનો પુરુષ લેઇ ઘેર આવ્યો.

પછી તેણે ઇડરગઢ બંધાવ્યો ને વસ્તી વધારી. એક સુંદર બાગ બનાવી તેમાં વાવ, કુંડ ને સિદ્ધેશ્વરનું મંદીર બંધાવ્યું.

વત્સરાજે બંધાવેલા બાગમાંથી સુંદર ફૂલ હમેશાં કોઇ છાનું માનું ચોરી જતું, પણ ઝલાતું નહતું. વત્સરાજ પોતે શસ્ત્ર સજી તેની ચોકી કરવા ગયો. તે સમયે ગુફામાંથી એક નાગકન્યા આવી ફૂલ વીણવા લાગી, એટલે વત્સરાજે તેની વેણી ઝાલી. નાગકન્યા નાસવા લાગી એટલે તે પોતાના હસ્તક નહિ રહે એમ જાણી તેની વેણી કાપી લીધી. નાગકન્યા નાસી ગઇ અને પોતાના નિવાસ સ્થાને જઈ પોતાના પીતા નાગને સર્વ હકીકત કહી. નાગરાજે વત્સરાજને પકડવા પોતાના દૂત મોકલ્યા, પરંતુ તે વત્સ-

રાજનું રૂપ જોઈ પ્રસન્ન થયા અને વત્સરાજને આ ચમત્કારિક સ્ત્રીની વેણીની પૂજા કરતો જોઇ, તેમના મનમાં જૂદોજ ભાવ ઉત્પન્ન થયો. દૂતોએ નાગરાજને સર્વે સમાચાર કહ્યા, અને તેને નાગકન્યા પરણાવવા ભલામણ કરી.

નાગકન્યા વત્સરાજને પરણાવી. વેણી ઉપરથી તેનું નામ વેણીવત્સરાજ પડયું.

ઇડરગઢમાં એક દિવસે પ્રજા જનમાંથી કોઇનું મૃત્યુ થવાથી લોકો રડતા કકળતા હતા. નાગકન્યાએ આથી રાજાને પૂછયું કે આ લોકો આટલા બધા કેમ રડે છે ?

" કોઇ મરી ગયું છે, માટે તેના શોક નિમિત્તે તેઓ રડે છે. " રાજાએ પ્રત્યુત્તર વાળ્યો.

"જ્યાં માણુસ મરી જાય છે, ત્યા આપણે રહેવું ઉચિત નથી." નાગકન્યા બોલી.

તે ઉપરથી વત્સરાજ અને નાગકન્યા તારણ માતાના ડુંગર ઉપર ગયાં ને પાસેના વિવરમાં થઇ પાતાળમાં ઉતરી પડયા.

વત્સરાજના પછીનો કેટલોક ઇતિહાસ મળી આવતો નથી, પરંતુ ઇડરગઢ ભિલ્લોના હસ્તક હતું, અને પછીથી તે ગોહા રાજાના તાબામાં આવ્યું હતું. ગોહાના વંશજ નાગાદિત્યને હરાવી ભિલ્લોએ ફરી ઇડરગઢ પોતાને કબ્જે કર્યો; ત્યારથી ' અમે ઇડરિયો ગઢ જીત્યાં રે આનદ ભર્યા ' એ કહેવત શરૂ થઈ.

પ્રકરણ ૧૩ મું.

જદુરાય.

"આ સ્વપ્ન કે ભય-કલ્પના શી હૃદયમાં ગ્લાનિ ભરે ?
અણચિંતવી, ઉર વીંધતી, શે હૃદયનું મંથન કરે ?
નો'તુ કર્યું કઇ પાપ નો'તો શાપ પામ્યાં પૂર્વનો,
શી રીત, ઓ વિભુ તાત ! આ ઉત્પાત આવ્યો અવનવો ?"

મનુષ્યની ખરી પરીક્ષા સંકટ સમયેજ થાય છે વીરની પરીક્ષા યુદ્ધ પ્રસગેજ થાય છે. પ્રતિવ્રતાની પરીક્ષા નિરાધાર સ્થિતિમાં થાય છે. તેજ પ્રમાણે પ્રત્યેક મનુષ્યની પરીક્ષા અણીને પ્રસગે-ખરી કસોટીની વેળાએજ થાય છે.

શંકર મહારાજ, રાણી તથા બાળકુંવરને લઇ કિલ્લાની બહાર આવ્યો અને ડાબા હાથ ઉપર આવેલા એક ખડેર જેવા દેખાતા શિવાલયમાં નિર્બળતાથી પેઠો. શિવાલયમાં જઇ એક ગુપ્તદ્વાર ઉઘાડયુ અને બાળ રાજાને હાથમાં ઉંચકી લઇ પોતે આગળ ચાલી રાણીને પાછળ આવવા સુચવ્યું. રાણીએ શોકાંકિત ચ્હેરે કહ્યુ:

"અહો વિશાળ ને રળીઆમણા નગર! તારે માથે ખેદાનમેદાન થઇ જવાનું ને મારે માઠી હાલતમાં પતિ વિજોગણી થઇ ગમે ત્યાં ભટકવાનું પરમેશ્વરે સરજ્યું હશે ! હું તને કદાચ હમેશને માટે તજી જાઉં છું, અને છેલ્લી વખત તને પ્રણામ કરી વિનવું છું કે તારા શૂરવીર તનુજોની અંદર હુ મારા પ્રાણપતિને-તારા રક્ષકને-મૂકી જાઉં છું, તેમનુ અને તારા તનુજોનું તે દયાળુ પિતા રક્ષણ કરો. અરે ! આ મારો સુંદર બગીચો, જ્યાં

હુ વર્ષમાં મોટો ભાગ સહેલ કરતી અને મારા પતિ સાથે આનંદમાં દિવસ નિર્ગમન કરતી તેને હું હમેશને માટે તજું છું. અરે પ્રફુલ્લિત કમળો ! તમારી સુંદરતાથી મોહિત થઇને તમારી આસપાસ ઘાયલ થએલા ભ્રમરો ગુંજારવ કરી રહ્યા છે, ને તમારા પતિના આકર્ષણને લીધે તમે પ્રફુલ્લિત જણાઓ છો પણ તમારો પતિ સૂર્ય હમણાં હતો ન હતો થઈ જશે તે જોઇને તમે કરમાશો અને રૂદન કરશો ! તમારી સુંદરતાને હઠાવે એવી મારી પાંપણો પતિ વિયોગે આંસુ ધારાથી ઉભરાઇ જાય છે; અને તમારા પત્ર કરતાં પણ કોમલ એવી મારી છાતી પતિ વિયોગથી ને આ અકસ્માત્ દુઃખથી ફાટી જાય છે. માટે તમે મારા દુઃખમા ભાગ લો અને જ્યારે કદાપિ મહારાજ પડે ત્યારે મારી વતી તમારા ઉપર ઠરી રહેલા મોતીના દાણા જેવાં ઠારનાં અશ્રુપાત કરી પૃથ્વી ઉપરના સૂર્યનો અસ્ત થયો એમ બતાવી આપજો ! અરે બાંધવ, અરે ભાઇ શંકર, અરે મારા માડી જાયા, તું મને ક્યાં લઈ જાય છે? મારી ધીરજ રહેતી નથી ! મારા હાડ નરમ થઇ ગયાં છે ! મારા પગ ચાલી શકતા નથી ! મને શૂન્યકાર ને વેરાન જેવું લાગે છે. અરે ! મારે શું કરવું ને ક્યાં જવું ?" રાણીએ એક ઉંડો નિઃશ્વાસ નાખ્યો.

"માતાજી ! આમ હિંમત હારે આપણું કામ થનાર નથી. મહારાજની આજ્ઞા આપણે તોડી શકતાં નથી. હજી તો આપણે કિલ્લોજ વટાવી ગયાં છીએ એટલામાં જો તમે ધીરજ છોડશો અને હરખડી જશો તો આપણી એવડી ફજેતી થશે. બાળક જાગી ઉઠશે ને શોરબકોર કરશે તો શત્રુઓને જાણ પડશે અને આપણને હેમખેમ જવા નહિ દેતાં તેઓ પકડી લેશે. એ માટે જેમ બને તેમ આપણે ચોંપ કરી અહીંથી નાશી છૂટયા સિવાય બીજો ઇલાજ નથી. પાછલાં સુખ કે આવી પડતી વિપત્તિઓનો વિચાર કરવો એ બને નમતી–પડતી–સ્થિતિમાં વિનાશકારી છે. માટે ધીરજથી મારી પાછળ જલદી ચાલો." શંકર મહારાજે રાણીને સમજાવ્યું.

"ઇશ્વરની ગતિ કેવી ગહન છે ! જેણે સ્વપ્નામાં પણ પૃથ્વી ઉપર પગ મૂક્યો નથી તેને અણધાર્યું ચાલવું-દોડવું પડે એ કેવું ખેદકારક! જેને ન હોય તેને સાંપડજો પણ હોય તેનું કોઇ દિવસ જશો નહિ." રાણીએ

શિવાલયની અંદરની સુરંગમાં ઉતરતાં કહ્યું.

આ શિવાલયની સુરંગનુ બીજું મુખ, ત્રણ ગાઉ ઉપર ધીચ ઝાડીમાં એવાજ એક શિવાલયમાં આવ્યું હતું. સુરંગમાં માત્ર એક માણસ સહેલાઇથી જઈ શકે તેવડોજ રસ્તો કોતરી કાઢવામાં આવ્યો હતો. પરાકાષ્ટાએ રાણીએ આ ત્રણ ગાઉ કાપ્યા.

સૂર્યોદય થઇ ગયો હતો. બાળસૂર્યના પ્રભાવથી પૂર્વાકાશ લાલ થવા માંડયું હતું. ભગવાન સૂર્ય નારાયણે પોતાના પ્રકાશથી જગતના સર્વ જીવોને ઉત્સાહી કરી મૂકયા હતા. આપણા થાકી ગએલા મુસાફરોના પગમાં જોર આવ્યું ને હવે થોડા સમયમા આસાએશ મળશે એ વિચારથી, તેઓ જોશબંધ પગલાં ઉપાડવા લાગ્યાં.

ઠેરવેલે મુકામે આવી પહોચ્યાં. પોતાના મિત્ર જદુનાથને શંકર મહારાજ મળ્યા, રાણી અને બાળ રાજાને અંબા ભવાનીના દેવળમાં પહોંચતાં કરવા વિનવ્યુ અને રાણીને પગે લાગી પોતે રાજાને મદદ કરવા દોડતો ગયો.

આ સ્થળે જદુરામ સંબંધી ઇતિહાસ જાણવાની જરૂર છે. વાંચકવૃંદને એથી અણગમો ઉત્પન્ન નહિ થતા તે વખતના બ્રાહ્મણોનુ શૌર્ય જાણવાની તક મળશે.

જદુરામના મૂળ વંશજ વલ્લભીપુરના રહીશ હતા. બૌદ્ધ અને જૈનોના ધર્મ વિગ્રહમાં એમણે વલ્લભી રાજ્ય છોડી રણદુર્ગમા રહેવા માંડયું હતું; પણ દુષ્ટ પંચાદાસની દુષ્ટતાને લીધે તેમને તે સ્થાન છોડવું પડયું હતું અને આ સ્થળ રહેવા પસંદ કર્યું. તેઓ ધાર્મીક વૃત્તિના હોવાથી તેમને આ વડાલી નામનું જંગલી ગામ વધુ પસંદ પડયું હતું. જદુરામના પિતાશ્રી ઘણા વિદ્વાન હતા. આસપાસના રાજા રજવાડામા તેમનું ઘણું માન હતું. જ્યોતિષ વિદ્યામાં તે કુશળ હોવાથી ઇડર રાજ્યમાં, તેમજ પંચાસરના ચાવડા રાજાના દરબારમાં તે પૂજાતા, તેમનો માન મરતબો સાચવવામાં આવતો, અનેક વખત તેમને દાન દક્ષિણામા મોટી મોટી રકમો મળતી, પરંતુ તેઓ તો માત્ર તેમને તે દિવસે જેટલું જરૂરતુ હોય તેટલુજ સ્વીકારી બાકીનું પાછું આપતા. હીરાને પેટે કોયલા અવતરે, તેમ આ હરીહર

મહારાજને પેઠે જદુરામભાઇનો અવતાર થયો ! હરીહર મહારાજે, જદુ-રામને વિદ્યાભ્યાસ કરાવવા અનેક યુક્તિઓ કરી જોઇ. પરંતુ જદુરામ-ભાઇને ભણવું ગમે નહિ ! તે સમયે હાલના જેવી શાળાઓ નહતી. ગામડી મહેતાજીઓ છોકરાં એકઠાં કરી શીખવતા. અસલી ગુરૂકુળની આ એકજ પ્રથા તેમણે જાળવી રાખી હતી. આવી શાળા પણ આ સ્થળમા ન હોવાથી જદુરામભાઇને ઇડરમાં તેમના મોસાળ મોકલ્યા. શંકર અને જદુરામ બંને આ નિશાળના ગોઠિયા હોવાથી તેમનામાં મિત્રતા બંધાઇ હતી. બને સાથે રમતા અને કસરત કરતા. જદુરામભાઇ નિશાળે બરાબર જતા નહિ, અને કદાપિ શંકરની સોબતમાં જાય તો બીજા છોકરા જોડે રસ્તામાં કે નિશાળ બહાર મારામારી વિગેરે તરતોફાન કરે. મહેતાજી-પંડયા-તેમની ફરીયાદોથી કાયર થતા. નિશાળમાં આવે ત્યારથી તે જાય ત્યાં સુધી કોઇની મશ્કરી, કોઇને અડપલું અને કોઇના ગજવામાથી પંડયાની નજર ચૂકાવી ખાવાનુ લઇ લેઇ બીજાં છોકરાંને આપે કે ધોલ ધાપટ કરે ! તે સમયનુ શિક્ષણ બાર આંક ને નામાં વગેરે લખવાનું હતું તે પણ જદુરામને આખના પાટા જેવું લાગે, પણ પંડયાના મારની બીકથી બીજાની પાટીમાં જોઇ લખી લેતા અને જોવા ન દેનાર અથવા "જોયું કે જુવે છે" એવી ચાડી ખાનારને તો રસ્તામાં ઠોકે ત્યારેજ જપતો ! શંકરને પણ તેની ઘણી બીક લાગતી. તે સ્વભાવે શાંત હોવાથી કોઈની સાથે તકરાર કરતો નહિ, પરંતુ કદાચ કોઇ છોકરો તેને સતાવે તો જદુરામભાઇ તરતજ શંકરનું ઉપરાણુ લઇ તેને મારતો ! રસ્તામાં કોઇ છોકરો બીજા છોકરાને મારતો હોય તોએ જદુરામ તેનું ઉપરાણું લઇ મારનારને મારતો અને બીજાને-રડતાને કે હારેલાને-આસનાવાસના કરી ઘેર મોકલતો ! તેને મારતો દેખીને કોઈ રસ્તે જનાર ત્રાહિત મનુષ્ય પૂછે તો તે જવાબ દેતો કે 'અમે તો ભાગ્યાના ભિલ્લુ છીએ.'

મંત્રિ પુત્ર શંકરને હમેશાં કસરતના અખાડામાં જવાનું થતું. જદુ-રામભાઇને તેમાં જવાનું મન થયું. ત્યાંના શિક્ષકની રજા લઈ જદુરામને શંકરે દાખલ કરાવ્યો. થોડી મુદતમાં તે ઘણી જાતની કસરત કરતાં શીખ્યો.

મૂળથી શરીર લઠ્ઠ, કદાવર અને પોસાતું હતું તેમાં વળી કસરતને લીધે દેખાવે અને બળે બિહામણું થયું. ભર જવાનીમાં–૨૦ વર્ષની વયમાં–તે એવો પ્રચંડ પુરૂષ બની રહ્યો કે એકે એક નગરવાસી જન તેમની સામે થવાને બીવા લાગ્યો. જંગલી ભિલ્લોના યુવાન છોકરાં પણ તેનાથી ડરતાં ને તેને આવતો જોઇ સંતાઇ જતાં કે તોફાન કરતાં હોય તો ગરીબ ગાય જેવાં થઇ આડાં તેડાં ઉભાં રહેતાં!

વખતના વહેવા સાથે એના બળ વિષે લોકોમાં વિવિધ પ્રકારની વાતો થતી. કોઇ કહે એણે બ્રહ્મરાક્ષસ વશ કીધો છે, તો કોઇ એને હનૂમાન પસંદ છે, અને કોઇ ભૈરવ સાધ્યો છે એમ કહેતું, તો કોઇ એને અવતારી, રાક્ષસ કહેતું!

એકવાર રાજબાગ તરફ તે ફરવા ગએલો ત્યા મહાજનનો આંકેલો પાડો ચરતો તેના જોવામાં આવ્યો. પાડો ઘણોજ ઉન્મત્ત, માતેલો અને મારકણો હતો સૌ માણુસો તે ઉભો હોય ત્યાથી બીજેજ રસ્તો લેઇ જતાં હતાં. પાડો ચરતો હતો તેની પાસેના રસ્તા પર થઇને જદુરામ પસાર થતો હતો. પાડો તડૂકો કરી પગ વડે રજ ઉરાડતો તેના પર ધસ્યો, એટલે જદુભાઇએ તેનાં શિગડાં પકડી ખૂબ હચમચાવ્યા. લગભગ અર્ધા કલાક સુધી બે બેફિકરા પાડા વચ્ચે યુદ્ધ ચાલ્યુ. તેમના ખોંખારા અને પગના ધમકારાથી ઘણા લોક જોવા મળ્યા. જદુરામે પાડાને ઉચકીને ધબ નીચે નાંખ્યો અને તે ભાઈ પાડા ઉપર ચઢી બેઠા! પાડાની વાત આખા નગરમાં ફેલાઇ ગઇ. મહારાજા ગુહાદિત્યની સવારી પણ એ જોવા આવી ચઢી, કેમકે પાડાથી સૌ કોઇ ત્રાસી ગયું હતું, તેને જદુરામભાઇએ વશ કર્યો. રાજા પ્રસન્ન થયો અને તેનુ બલિષ્ટ પ્રચંડ શરીરથી રાજી થઈ પોતાના અંગરક્ષક થઇ રહેવા કહ્યું. જદુરામભાઇને નોકર તરીકે રહેવું પસદ ન પડયું અને થોડા સમય પછી પોતાના પિતા ગુજરી જવાથી તેમને ઇડર છોડવું પડયું.

શંકર મહારાજને નાનપણથી તેમની સાથે બનતું હોવાથી બંને ખાસ મિત્રો થઈ પડયા હતા. તેણે રાણીને અને બાળરાજાને અંબાજીના મંદિરમાં સુરક્ષિત લઇ જવાને વચન આપ્યું અને રાજમાતાને વંદન કર્યું.

જદુનાથ અને રાણી આ અરણ્યમાર્ગનાં ભોમીયાં ન હોવાથી ઠેકાણે ઠેકાણે થોભવુ પડતું. એક બે વાર તો માર્ગમાં ભૂલાં પડી આડે માર્ગે દોરાઇ પણ ગયાં હતા ને પાછાં ફરી ખરા માર્ગ પર આવ્યાં હતા. તેમને અનેક હરકતો સહન કરવી પડતી હતી. ડુંગરાળુ અને ઝાડીનો રસ્તો હોવાથી નજીકમાં કોઇ ગામ પણ શાનું હોય કે વિસામો લે ? તેમાં વળી ભિલ્લોનો ભય. વચ્ચે વચ્ચે વહેતા વહેળામાંથી પસાર થવુ પડતું ને પત્થરાળી જમીનમાં ઠેસો પણ વાગતી. રાણી થાકી ગઇ હતી. તેમાં હવે ચાલવાની આય[1] રહી નહતી. ભૂખ કકડીને લાગી હતી. શોક, ભય અને અંતરના દુઃખથી તેની આંખે તમ્મર આવ્યા. બાળરાજા પણ રોવા લાગ્યો.

રાણી પડી ગઇ. બેભાન થઇ ગઇ. તેને સાવધ કરવા જદુનાથે પાસેના વહેળામાથી પાણી આણી મુખ ઉપર છાટવા માડયુ, એટલામાં ભિલ્લોની એક નાની ટોળી, એક તરૂણ નાયકની સરદારી નીચે ત્યા આવી પહોચી. રાણીની ખુબસુરતી જોઇ તરૂણ નાયક મોહાન્ધ થયો.

"આ બાળક કોનુ છે ? આ સ્ત્રી કોણ છે ? તમે ક્યાંથી આવો છો ? ક્યાં જાઓ છો ?" વગેરે અનેક ઉપરાઉપરી સવાલો કરી તરૂણે જદુનાથને ગભરાવી નાખ્યો.

જદુનાથ આ ભિલ્લોથી જાય તેવો નહોતો. તે બ્રાહ્મણ હોવા છતાં ક્ષાત્ર ધર્મ જાણતો હતો. લડાઇ, આફત એ તે વખતે સાધારણ વસ્તુ હતી. પોતે બ્રાહ્મણ છે અને સાથેના 'માતા તથા બંધુ' છે એમ તેણે જણાવ્યું.

'નહિ આ તો રાણી છે.' કહી તરૂણે તેમને પકડવા હુકમ કર્યો.

જદુનાથે તલવાર ખેંચી. પકડવા આવેલા માણસોમાંથી એકને ઠાર કર્યો અને બીજાને ઘાયલ કરી તે નાયક ઉપર ધસ્યો. નાયક છટકી ગયો પણ એટલામાં જદુનાથને બે તીર વાગ્યા.

રાણી આ વખતે સાવધ થઇ હતી. તેણે આ ઝપાઝપી જોઇ હતી. પોતાનું રક્ષણ કરનારને એક ઘા પીઠ પર વાગ્યો છે એમ તેને જણાયું. તેણે ઉઠીને તીરનું ભાલું કાઢી નાખ્યું. જદુનાથને પોતાના ઝનુનમાં આ તીર

1 શક્તિ–બળ

જણાયું નહતું. હવે જદુનાથને તેનું દુઃખ થવા લાગ્યું. રાણીએ પોતાના પહેરેલા પટકુળનો છેડો ફાડી તેનો ઘા ચોઇ ઉપર પાટો બાંધ્યો, પરંતુ લોહી બંધ ન રહ્યું. ઘા કારી જણાયો અને થોડાજ સમયમાં પોતાને સોંપાયલાં બે રત્નો ઇશ્વરને સોંપી ભિલ્લોને પણ થથરાવતા પહેલવાન જદુરામના પ્રાણ નીકળી ગયા.

બંને રત્નો અરક્ષિત થયાં. ત્રણ વર્ષના નાના બાળકને લઇ રાણીએ હવે ચાલવા માંડયુ. ઇશ્વિર ઉપર અને જગદંબા દેવી ઉપર આધાર રાખી ઘડીમાં જય અંબે, જય અંબે, પોકારતી, ઘડીમાં હે રામ, હે રામ, ઉચ્ચારતી, તો વળી હે નાથ, હે વલ્લભ, વદતી રાણી ગાંડાની માફક આગળ ધસતી ચાલી.

પાંચ છ કોસ કાપી નાંખ્યા, પરંતુ કંઇ વિશ્રામસ્થાન મળી ન આવ્યું. રાણી, આમ તેમ બહાવરી બહાવરી જોતી જંગલની ઝાડી વટાવી જઇ એક ખુલ્લા મેદાનમા આવી. એટલામાં વળી તેની પાછળ પડેલો પેલો તરૂણ નાયક બીજા માણસોની ટુકડી સાથે આવી પહોંચ્યો અને રાણીને ઘેરી લીધી.

તેની ચેષ્ટા ઉપરથી અને આંખના પલકારા ઉપરથી આ સાધ્વી સ્ત્રીની ખાત્રી થઇ કે તે પાપદૃષ્ટિથી મારા ઉપર જુવે છે. પોતાના બાળક અને શિયળને બચાવવા કોઇ યુક્તિ તો કરવીજ એમ નિશ્ચય કરી મનમાંજ ઇશ્વિરને સ્તવી તેણે તરૂણ ભિલ્લ તરફ નેત્ર કટાક્ષ કરી તેને પોતાની કપટ-જાળમાં ફસાવા યત્ન આરંભ્યો.

ઇડરના મૃત રાજાની રાણી અને કુંવરને પકડી પોતાની દેવીને બળી-દાન આપવાનો ભિલ્લ રાજાનો વિચાર હોવાથી તેમણે તેમને શોધી પકડી લાવવા આ તરૂણ નાયકને એ કામ પર યોજેલો હતો. પરંતુ નશીબાનુસાર આ તરૂણ પોતેજ તે બળીનો બળી થઇ પડવાનો હોવાથી પતંગની માફક રાણીના લાવણ્ય રૂપી દીપક ઉપર પડયો!

પ્રકરણ ૧૪ મું.

દીપકના પ્રકાશમાં પતંગિઉં અંજાયું!

" નારીના કટાક્ષ આગળ પુરૂષ છે ગુલામ,
હાવ ભાવને કરીને હરે છે પુરૂષ હામ "

ભર્તૃહરિ નાટક.

સ્ત્રીને અમૃતના કુંડ જેવી પ્રેમ ઉપજાવનારી, રત્નોના ઢગલા જેવી મોહ ઉપજાવનારી ને રૂપના ભંડાર જેવી આનંદ ઉપજાવનારી હોવાથી શંકા થાય છે કે રખેને મહાદેવના ભયથી પોતાનો પ્રાણ બચાવવા સારૂ કામદેવેજ સ્ત્રીના સૌંદર્યમાં નિવાસ કર્યો હોય ! હાથરૂપી કમળના દાંડાવાળું, મુખરૂપી કમળવાળું, સૌદર્યતાની લીલારૂપી જળવાળું, નિતંબરૂપી કાંઠાવાળું, નેત્રરૂપી મચ્છવાળુ, કેશ કલાપરૂપી સેવાળવાળું, ને જેમાં સ્તનરૂપી ચક્રવાકની જોડી રહેલી છે એવું સ્ત્રીના શરીરરૂપી એક રમ્ય સરોવર કામ દેવના બાણરૂપી અગ્નિથી બળેલાંને સ્નાન કરવા માટે બ્રહ્માએ નિર્માણ કર્યું છે! કેસરીચંદનના ગારાથી શરીર ચિહ્નવાળું છે. ઉજળાં સ્તનો ઉપર મોતીનો હાર લગીર કંપાયમાન થતો જાય છે. નૂપુરરૂપી હંસો ચરણરૂપી કમળોમાં અવાજ કરે છે! એવી મનોહર સ્ત્રી જગતમાં કોને વશ નથી કરતી? કામદેવ પણ સ્ત્રીની આજ્ઞા પ્રમાણેજ વર્તનારો છે, કારણ કે સ્ત્રી આંખે કરીને જે પુરૂષને બતાવે છે, ત્યાં કામ જાય છે. મોંમાં જરા જરા હસવું, સરળ ને ચપળ દૃષ્ટિ, નવી નવી સુરસ વાણીની મીઠાશ, પવનથી હાલતા પલ્લવની પેઠે મંદ મંદ ચાલવું, ચંદ્રના જેવું મુખ, કમળના જેવી આંખો, તપાવેલા સોનાના જેવો શરીરનો રંગ, ભમરાથી વધારે કાળા

રંગનો ચોટલો, બીલાના જેવાં કઠણ સ્તન, હાથીના કુંભસ્થળ જેવાં જઘન, ને મોટા નિતંબ એ સ્ત્રીના સ્વાભાવિક ભૂષણ કામીજનોને અવશ્ય મોહ ઉપજાવે છે.

રાણીએ ફેંકેલા કટાક્ષ બાણથી અગ્નિ પાસેના ઘૃત જેવી તે તરૂણની સ્થિતિ થઇ ગઇ. પોતાની સાથેના માણસોને તેણે બુદ્ધિપુરસર દૂર ઝાડીમાં સંતાઇ રહેવા આજ્ઞા આપી. પોતાનું ધાર્યું બર આવશે એમ રાણી પુષ્પાવતીની ખાત્રી થતા તે વધારે ને વધારે નેત્રબાણ ફેંકતી ઘણે દૂર ચાલી. નેત્રબાણથી ઘાયલ થએલો તે તરૂણ ભિલ્લ પણ તેની પછવાડે પાળેલો કૂતરો ચાલે તેમ ચાલવા લાગ્યો.

પોતે ઝાડીથી દૂર છે અને પેલા સંતાયલા માણસો હવે જોઇ શકે તેમ નથી એવા સ્થળે આવી, વહેળા ઉપરના કરાડની ઓથે આવી અને ત્યાંજ થોભી-ઉભી રહી. તરૂણ ભિલ્લ પણ તેની પાછળ પાછળ આવ્યો. રાણીની ખુબસુરતીથી અને નેત્રકટાક્ષથી તે ગાંડોજ-મૂઢ-બન્યો હતો! અહીં આવ્યા પછી રાણીએ સ્મિતહાસ્ય કર્યું. એટલે આ સ્ત્રી ખરેખર આપણા ઉપર પ્રસન્ન થઇ છે એમ તે તરૂણ સમજ્યો.

અબળાઓને નિર્બળ માનનારા ખરેખર ભૂલજ કરે છે. મહાન્ ભોરીંગના દરમાં હાથ ઘાલવો અને સ્ત્રીઓ પ્રત્યે બળાત્કાર કરવો એ જીવનના અંતની જ નિશાની છે; પણ કામાધને પ્રાણની પરવા હોતીજ નથી. તે તો કેવળ અંધજ બને છે! તેને કંઇ સમજાતુ નથી. તેને દુનિયાનું કે ખરાખોટાનું, ઉચ્ચ કે નીચનુ ભાન રહેતુ નથી.

એકાંત જોઈ તરૂણ ભિલ્લના હૃદયમાં મોહે ઉછાળો માર્યો અને રાણી પાસે જઇ, 'વા'લી! કહી તેનો હાથ ઝાલવા ધસ્યો.

"જા દુષ્ટ! તને આવા વચન બોલતાં શરમ નથી ઉપજતી? કીર્તિવંત કુટુમ્બને કલંક લગાડનાર, તમ જેવા નિર્માલ્ય અને લંપટો ઉત્પન્ન થઇ આ જગતમાં શું ભલુ કરવાના હતા? રાણીએ જરા ક્રોધ દર્શાવ્યો અને તેની સાથે કટાક્ષ પણ કર્યું. રાણીનો ઇરાદો તરૂણને છેતરવાનો હતો પણ ચીડવવાનો નહતો.

"હું તો માત્ર તમારો પ્રેમ કેવો છે, તેજ જોતો હતો." તરૂણે કહ્યું.

"મારો પ્રેમ? કોણે કહ્યું કે મારો પ્રેમ તારા ઉપર છે?"

"આપના કટાક્ષે. આપના સ્મિત હાસ્યે."

'અબળા જાતિને સંતાપવામાં તને શું લાભ મળવાનો હતો?'

"ગુસ્સે ન થાઓ. શું તમે મારા વૈભવથી અજાણ્યા છો? હું હાલના ઇડરના નવા રાજાનો પિતરાઇ છું, અને મને સૈન્યાધિપતિની પદ્વિ હમણાં જ મળી છે. રાજાએ તો તમને પકડીને દેવીને બળીદાન આપવાનું ઠરાવ્યું છે, પરંતુ હું તમને ગુપ્ત રીતે રાખીશ અને આપણે આનંદ કરીશું. સમય આવે આપણે રાજા થઇશુ અને તમે પાછાં રાણી—."

"તું તારા વજ્ર સરખા મુખમાંથી આ પ્રમાણે અસભ્ય વાક્યોનો ઉચ્ચાર ન કર."

"વારૂ, તમે શુ કરશો?"

"હું શુ કરીશ? તે હમણાંજ તને દેખાડી આપું છું. દુષ્ટ! હમણાંજ તને તેનો યોગ્ય બદલો આપું છુ. અરેરે! હું કોણ? કોની પુત્રી? કોની રાણી? અને મારે માથે આ શું થવા બેઠુ છે? ભાઇ જદુનાથ! તું પણ આ વખતે મને છોડી ચાલ્યો ગયો?

"હા હૈયુ, વજ્રમય છે, તેથી અધિકું થયું જ છે આજે,
વલ્લભ વિયોગ કાળે, ફૂટી જતું નથી જરૂર શ્યા કાજે?"

રાણી, તરૂણ તરફ જોતાં જોતાં અફસોસ કરવા લાગી.

"વા'લી, સમજુ થઇને આવા તુચ્છ વિચાર શું કરે છે? મારા વિના તને મન માનતું સુખ હવે ક્યાં મળનાર હતુ? તારો ધણી તો ક્યારનોએ પરમાત્મા હજુર પહોંચી ગયો છે અને નવા રાજાને સોંપવાથી તો તને બળીદાનમાં આપશે."

"બળ્યુ તારૂં સુખ ચ ડાળ! આ અવનિમાં તને બીજી સ્ત્રી નથી મળતી?"

"આકાશમાં તેજસ્વી તારા અસંખ્ય છે, પરંતુ પૂર્ણિમાના ચંદ્રનો પ્રકાશ તો અવધી છે. ઓ મૃદુભાષિણી! તારા કઠોર શબ્દો પણ મને આ અવસરે અપાર શાન્તિ આપે છે."

"નિર્દોષને દુઃખ દેનાર પાપી! તારા ઉપર અચાનક વીજળી કેમ તૂટી પડતી નથી?!"

"ગમે તેમ કહેશો તેનો મને ક્રોધ ચડનાર નથી. તમારા કોમળ કરનો કિંચિત્ સ્પર્શ થશે કે મારો જન્મ સફલ થયો માનીશ."

"કુકર્મીઓનાં કાળજામાં કેવી કઠોરતા હોવી જોઇએ, તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આ ચૈતન્ય છતાં જડરૂપે ઉભેલી મૂર્ત્તિ બસ છે."

"આ તો શાણી થઇને મને શિખામણ આપે છે! કેમ મારો સ્વીકાર નહીં કરે? ઠીક." તરૂણે ક્રોધ દર્શાવી કહ્યું, અને તેજ વખતે બૂમ મારીઃ "સિપાઇઓ!"

રાણી સમય ચેતી ગઇ. પોતાની અવસ્થા કેવી થશે તેનું ભાન આવ્યું. બાળ રાજા–પોતાના એકના એક કુંવરનું શું થશે તેનો તેને વિચાર આવ્યો અને 'સિપાઇઓ'' શબ્દે તેને સાવધ કરી કપટ કરવાનું સૂચવ્યું.

"વાહ! એટલામાંજ સિપાઇઓને બોલાવવા પડયા કે!" સ્મિત કરી રાણી બોલી અને પોતાની કપટજાળમાં પતંગીઆને ભેરવવા માંડયો.

મૂઢ કંઇ ન સમજયો અને રાણીની જાળમાં ભેરવાનોજ ગયો. રાણીએ તેનાં હથિયાર દૂર કરાવ્યાં અને મોહાન્ધ થએલા તરૂણે તે દૂર કર્યા. પ્રાણાંતે પણ સત્ય માર્ગથી ચલિત ન થવાના દૃઢ નિશ્ચયવાળી નિરાધાર પણ અંબિકા પ્રત્યે શ્રદ્ધાવાળી રાણી ઘુંટણીએ પડી, બે હાથ જોડી ભગવતીની પ્રાર્થના કરવા લાગી.

"અતી પાપી હું તો, ષડરિપુ તણે પાશ પડીને,
"અસત્પથે ચાલું, દિન ગણિ ઉગારો શરણને;
"કુડા કર્મો મારાં, કદિ નવ નિહાળો કહું લળી,
"નમું જોડી પાણી, પરમ પદ પ્રીતે ભગવતી.
"દયાવંતી દેવી, શરણ ગત જાણી કરિ દયા,
"શમાવો સંતાપો, ત્રિવિધ દુઃખ તાપો કરિ ક્ષમા;
"ઉરે દૃઢ બળ આપો, પ્રણમી જપુ જાપો શિવ સતી,
"નમુ જોડી પાણી, પરમ પદ પ્રીતે ભગવતી
"નિવારી વિઘ્નોને, મુજ હૃદય આપો સુદૃઢતા,
"ચહૂ ચર્ણે તારે, તન મન તણી ઐક્ય લિનતા;

"ભરોસો મારે તો, તુજ વગર બીજો નથિ નથી,
"નમું જોડી પાણી, પરમ પદ પ્રીતે ભગવતી."

રાણી ઉભી થઇ. એટલી વારમાં કામાન્ધ ભિલ્લે સર્વે અસ્ત્રશસ્ત્ર દૂર ફેંકી દીધાં હતાં, અને પાયજામો કાઢવા નીચો નમ્યો હતો. આ તકનો લાભ લઇ રાણીએ જોરથી ધક્કો માર્યો. એક પગ ઉપર જોર રાખી ઉભો રહેલો તરૂણ નીચે ગબડયો અને ઢાળવાળી જગા હોવાથી એક બે ગડબડીયાં ખાઇ ગયો. તે બેઠો થવા જાય છે એટલામાં તો તેનીજ તરવાર વડે રાણીએ 'લે ભવાની ભોગ' કહી તેનું માથુ ઉડાવી દીધું! પોતાના પતિ અને પિતૃઓને તેના રક્તનુ તર્પણ કરી બાળકને લઈ ચાલતી થઇ. આ દુર્ઘટ પ્રસગે તેણે પોતાના ક્ષાત્રજન્મ અને વીર પત્નીત્વનુ સાર્થક કરી બતાવ્યુ.

પ્રકરણ ૧૫ મું.

રાણી પુષ્પગંધા અને સુશર્મા.

क्वचिद् भूमौ शय्या, क्वचिदपि च पर्यंकशयनं ।
क्वचिच्छाखाहारी, क्वचिदपि च शालोवनरुचिः ॥
क्वचित्कंथाधारी, क्वचिदपि च दिव्याम्बरधरो ।
मनस्वी कार्यार्थीम्, न गणयति दुःखं न च सुखम् ॥[1]

સઘળુ જગત્ પ્રીતિના પાશથી બંધાયલુ છે તેમાં માતાની સંતાન ઉપરની પ્રીતિથી તો આડો આંક! જગત્‌માં લીંબડા સમાન છાયા નથી, બ્રહ્મ સમાન કાયા નથી અને માતા સમાન માયા નથી. ક્ષુદ્ર

૧. કોઈ વાર પૃથ્વી ઉપર શય્યા થાય, કોઈ વાર પલંગપર સુવાનું મળે, કોઈ વાર ફળફળાદિનો-વૃક્ષની શાખાઓનો-આહાર કરવો પડે અને કોઈ વાર શાળના ભાતનું ભોજન મળે, કોઈ વાર કંથા પહેરવી પડે તો કોઇ વાર દિવ્ય વસ્ત્ર પણ મળે, તથાપિ કાર્યનો અર્થી મનસ્વી પુરૂષ સુખ કે દુઃખને ગણતો નથી.

જીવથી તે શ્રેષ્ટ માણુસ સુધી પ્રાણી માત્રમાં જગકર્ત્તા મહાન્ પ્રભુએ માતાના અંતઃકરણમાં પોતાનાં બાળક ઉપર ઘણુંજ હેત મૂક્યું છે. જે સ્ત્રીઓ ઘણી નિર્દય હોય છે, જેમનાં અંતઃકરણમાં પારકાનું દુઃખ જોવાથી કોઇ પણ પ્રકારની અસર થવી નથી, તેવી વજ્ર હૈયાની સ્ત્રી પણ પોતાનાં છોકરાં ઉપર પ્રેમથી જુએ છે, નરમાશથી વર્તે છે, તેમના દુઃખે પોતે ઘણી દુઃખી થાય છે અને પીડાય છે, તથા તેમનું રક્ષણ કરવાને પોતાના પ્રાણને જોખમમાં નાંખે છે.

જેવું ભાગ્ય તેવી દશા! જગત્માં સર્વ કોઇ ભાગ્યનેજ વશ છે. ભાગ્ય પણ સ્વતંત્ર નથી. તે પણ કરેલાં શુભાશુભ કર્મોને આધીન છે, તથાપિ આ ભવ અને પૂર્વ ભવનાં કર્મોથી નિર્ણીત થએલા ભાગ્યથી તેનાં ફળ-ભોગવ્યા સિવાય કોઇ થોડુંજ દૂર રહી શકાય છે? સર્વ પ્રાણીઓ ભાગ્ય-વશ છે ત્યારે રાણી પુષ્પગંધા, તું પણ કેમ ન હોય? જ્યારે રાજાથી રંક અને દેવથી દાનવ સુધી સર્વ કોઇને ભાગ્ય વળગેલું હોય છે ત્યારે તારૂં ભાગ્ય અપવાદ રૂપ નથી.

કેમકેઃ—

> येनाकारी मृणालपत्रमशनं क्रीडा करिण्यासह ॥
> स्वच्छंदं भ्रमणं च कंदरागिरेगपातं पयो निर्झरं ॥
> सोयं वन्यकरी नरेषु पतितः पुष्ण्याति देहं तृणैः ॥
> यद्वैवेन ललाट पत्र लिखितं तत् प्रोक्षितुंकः क्षमः ॥[1]

રાણી પુષ્પગંધા એકલી ભુખી ને તરસી, ટાઢ તડકો સહન કરતી ડુંગરાળ માર્ગ કાપતી હતી. વખતો વખત તેને પોતાની પૂર્વ સ્થિતિ નજર આગળ તરી આવતી. રાજાનું સ્મરણ થતાં તેની આંખમાં આંસુની ધારા ચાલતી હતી. "રાજા મારી રાહ જોતા હશે માટે આ બાળકને એકાદ વૃક્ષ મૂળમાં મુકી રાજાને મળવા જાઉં." એવું તેને વારંવાર થતું. વળી

---

૧. કમળપત્રનું ભોજન કરનાર, હાથીણીઓ સાથે ક્રીડા કરનાર, ગીરીમા સ્વછંદે ફરનાર અને ઝરણોનું જળ પીનાર હાથીને મનુષ્યના હસ્તક ગયા પછી ઘાસ ખાઇને શરીરનું પોષણ કરવું પડે છે. અર્થાત્ લલાટે લખેલું કોણ મિથ્યા કરનાર છે.

વિચાર આવતો કે " પિતૃઓનું તર્પણ કરનાર અધિકારી એવો આ એકનો એક પુત્ર, તે જો મરી જાય તો પરલોકમાં આપણી શી ગતિ થાય ? એનું કાંઇ તો થવું જોઇએ. એન કોઇ સારા સ્થળે સોંપી પછી સતી થાઉં તો પિતૃ અને પતિ ખુશી થાય. દેવલોકમા મને ત્યારેજ આવકાર મળે." એના એજ વિચારમાં દિવસે પ્રવાસ કરતી અને રાત્રીએ શિયળ સાચવવાની અને બાળકને રક્ષવાની કાળજી હોવાથી નિદ્રા પણ તેને તજી ગઇ હતી. ગમે તેમ છતાં સતી થવાનાજ વિચાર તેના મનમાં ગુચાતા. ભૂખ લાગતી તો તે પણ પોતાના બાળપુત્રની કાળજીમાં અને પતિને મળવા જવાના ચિંતનમાં તેને જણાતી ન હતી.

બાળકને પોતાની માતાની આ કાળજીની ક્યાંથી ખબર હોય ? તેને ભૂખ લાગે ત્યારે તે બિચારો રડતો. માતા તેને ફળાદિ આપી રાજી કરતી. અહિ અન્નદેવનું નામ પણ ક્યાથી ? બાળરાજા, રાણીને તેની કાલી કાલી વાણીમાં પિતા, ઘોડા, ગાડી, નોકર વગેરેના અનેક પ્રશ્નો પૂછતો. માતા તેનો શો જવાબ દે ? કેવી રીતે તેના મનનુ સાન્ત્વન કરે ? ગમે તે રીતે તેના મનનું સમાધાન કરવા જાય, પણ બાળકના મનમાં ન ઉતરે. જગલમાં પોતાના અત્યંત પ્રેમની કેવળ મૂર્ત્તિ માતા સિવાય બીજું કોણ તેની નજરે ચઢે ?

રાણી પુષ્પગધા સતી થવા વારવાર વિચાર કરતી, પરંતુ તેના બાળકુવર બાપાની નિરાશ્રિત અવસ્થા, તેની નિર્ભયતાને માટે દહેશત અને હાલની સ્થિતિ જોઇ તેની આંખમાંથી આંસુની ધારા વહ્યાં જતી. જંગલમાં આ દુખિયારી રાણીને સાન્ત્વન પણ કોણ આપનાર ? જે રાણી હમેંશાં સુખપાલોમાં બેસી ફરતી, તેને અત્યારે પગપાળે ચાલવું પડે છે ! જે રાણી સવામણ રૂની તળાઇમાં સુનારી ને જેને નિદ્રા લાવવા માટે હજારો ઉપાય થતા તેને હમણાં કઠણ ભોંય ઉપર, સુકાં પાંદડાં ઉપર કે ધૂળમાં સૂવું પડતું ! જે રોજ મિષ્ટ ભોજન આરોગતી, તેને હાલ વનફળ ઉપર કે વખતે નિરાહાર ચલાવવું પડતું ! જે રાણીની પાસે હાજર રહેનાર દાસદાસીઓનો તોટો નહતો તેને અત્યારે એકલી અટુલી ભરજંગલ વચ્ચે ભયગ્રસ્ત સ્થિતિમાં રહેવું પડતું ! જે રાણીથી ભિલ્લ લોકો કે અન્યપ્રજા જનો બ્હીતા, તેજ રાણીને તે

લોકોથી ડરવું પડે છે, અને પોતાની જાત ઉઘાડી પડી આવે તો દુષ્ટ લોકો તેને અને તેના બાળકને ઉપદ્રવ કરે, તેની પવિત્ર કાયાને ભ્રષ્ટ કરે એ માટે તેને ચોંકતું રહેવું પડે છે! વિધાતા! તારી ખુબી ન્યારીજ છે.

આઠ દિવસ જંગલમાં રખડ્યા છતાં કંઇ વિશ્રામ સ્થાન ન મળ્યું. નવમે દિવસે પ્રાતઃકાળનો સમય થયો. ક્રમે રાત્રિ વ્યતિત થઇ પ્રભાત થયું. ભગવાન સૂર્યનારાયણ ઉદયાચલ ઉપર આવી દર્શન દેવા લાગ્યા. દર્શનથી પ્રસન્ન થઇ પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. માત્ર રાત્રિનો રાજા ઘુવડ તેને જોઇ ઈર્ષ્યા કરવા લાગ્યો. પ્રાણીઓ પોતપોતાના કાર્ય પરત્વે જવા લાગ્યાં. આ સમયે ભયથી છૂટેલી, ભૂખ અને થાકથી ત્રાસેલી, પથના શ્રમથી શિથિલ થએલી, નિદ્રારહિત સતી રાણી પુષ્પગંધા બાળકુંવરને સોડીઆમાં લઇ હાલ તો અભય પ્રાપ્ત થયુ હોવાથી એક ઝાડના આશ્રયે નિદ્રાવશ થએલી હતી—પ્રાત.કાળની ઠંડી લહેર ભોગવતી સ્વપ્નવશ થઇ હતી.

પાસેજ એક નિર્મળ જળનો પ્રવાહ ખળખળ શબ્દ કરતો વહેતો હતો. પ્રવાહના તે મંજુલ ધ્વનિથી અને જળને સ્પર્શ કરી આવતા ઠંઠા પવનથી રાણીનું મન શાંત થયુ હતું.

એજ સમયે, એક બ્રાહ્મણ તે વહેળા ઉપર સ્નાન સંધ્યા કરવા આવ્યો હતો. પ્રાતઃસ્નાન કરીને પૂજા તથા આહ્નિકની સમાપ્તિ કરી તે પાછો ફરતો હતો, એટલામાં પાસેના એક વૃક્ષ તળે એક અનુપમ સુંદરી અને એક બાળક સુતેલા તેની દૃષ્ટિગોચર થયાં. બ્રાહ્મણ તેમની પાસે આવ્યો અને તપાસ કરવા લાગ્યો કે તેઓ કોણ છે? જીવે છે કે મરણ શરણ થએલાં છે? તેમના લેવાતા મુકાતા શ્વાસોશ્વાસથી બ્રાહ્મણને માલુમ પડયું કે તે બને જીવિત છે, પરંતુ સ્ત્રી સ્વપ્નમા હોય તેમ તેના મુખાર્વિંદપર વારંવાર થતા ફેરફાર ઉપરથી સમજાયું. તેના સ્વપ્નામા કાંઇ અડચણ ન આવે તેવા હેતુથી તે ધીમે પગલે પાછો થોડે દૂર જઇ ઉભો અને તેઓ બન્ને જાગ્રત થાય ત્યાં સુધી તે સ્થળ છોડી ન જવા તેના મને તેને ટેકો આપ્યો.

રાણી, ખરેખર આ વખતે સ્વપ્નમય હતી. તે પોતાના પતિ સાથે એક નંદનવન સરખા રમણીય ક્રીડોદ્યાનમાં વિહાર કરતી બેઠી હતી. રાજાને

વૈરાગ ઉત્પન્ન થયો હતો અને રાણી તેને સમજાવતી હતી.

"પ્રજાનું આપ ઉત્તમ રીતે પાલન કરો છો. પુત્રવત્ તેમને પાળો છો. આપનાથી પ્રજા સંતોષી છે, તો શા માટે આપ રાજ્યનો ત્યાગ કરવાનો વિચાર કરો છો?" રાણી, રાજાને સમજાવવા લાગી.

"પાણીના પરપોટા જેવા અસ્થિર સ્વભાવવાળા, પાળેલા શિંગડાંવાળા બકરાં જેવા, સર્પહૃદયી એવા આ ભિલ્લ લોકો આપણા ઉપર ક્યારે શુ કરશે તેનો મને મૂળગો વિશ્વાસ નથી, માટે આપણે પરલોક સંબંધી માર્ગ સાધવો એજ ઉત્તમ છે." પતિએ સાધ્વી પત્નીને ઉત્તર વાળ્યો.

"जातीशतेषु लभते किल मानुषत्वं
तत्रापि दुर्लभतरं खलु भो द्विजत्वम् ॥
तद्यो न पालयति लालयतींद्रियाणां
तस्यामृतं क्षरति हस्तगतं प्रमादात् ॥

"મનુષ્ય સિવાય બીજો કોઇ જન્મ લઈ જીવ નિત્યાનિત્ય પદાર્થનો વિવેક કરવા સમર્થ થતો નથી. મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા છતાં તેનો લાભ ન લેવો અને કામ ક્રોધાદિક દુશ્મનોના પઝામાં ફસાઇ ખરાબ થવું અને હાથમાં આવેલ અમૃતનો નાશ કરી નાંખવો એ ખરેખર શોચનીય છે."

તેથી ઉચિત છે કે પુરૂષાર્થ કરી સાધન સંપન્ન થઇ અંતરમાં રહેલા દુશ્મનોનો વિજય કરવાની ચતુરાઇ આ સંત-મહાત્મા પાસેથી શીખી લઇ, તેનાં વિરોધી કારણોનું સેવન કરવું અને મનુષ્ય જીંદગી મોહ-મમતમાં મફતમાં ગાળી નાંખવી નહિ પણ તેનુ સાર્થક કરવું" રાજાએ કહ્યું.

"આપની ઇચ્છા તેજ મારી ઇચ્છા, જ્યાં આપ, ત્યાંજ હું." રાણીએ રાજાના મતમાં મળતા થઇ કહ્યું.

આ સ્વપ્ન સમયે રાણીના વદન ઉપર ભય, આનંદ, આશ્ચર્ય, વિસ્મય, પ્રેમ, આશા, નિરાશા, નિશ્ચય અને સમાધાન, ઇત્યાદિ નિરનિરાળા મનોવિકારોની છાયા સ્પષ્ટ દેખાતી હતી. બ્રાહ્મણ આ જોઇને વિસ્મય પામ્યો. બાળ સૂર્યના કિરણોથી તેનું મુખકમળ અધિકાઅધિક પ્રફુલ્લિત અને સતેજ દેખાતુ હતું.

એટલામાં તેની સોડમાં સુતેલા બાળક તરફ તેની દૃષ્ટિ ગઇ. તે બાળકનું મોં અને જમણા પગ સિવાય સર્વ અંગ તેની માતાના વસ્ત્ર નીચે ઢંકાયલું હતું. બ્રાહ્મણ ઘડીમાં બાળકના મોં સામું અને ઘડીમાં પગ સામુ જોવા લાગ્યો. બાળકનું મુખકમળ જોતાં તેને રાજા નાગાદિત્ય યાદ આવ્યો. તેને હજુ નાગાદિત્યના નાશની અને રાજ્યક્રાન્તિની ખબરજ નહતી. "આ બિચારી કોઇ કાળચક્રના ફેરામાં પડી આ ઘોર અરણ્યમાં આવી ચઢી હશે. તેને રાત્રિએ ટાઢ, જન જનાવર અને ચોરોના ભયને લીધે નિદ્રા નહિ આવી હોય, તેથી અત્યારે તેને ગાઢ નિદ્રા આવી છે. પણ નહિ, નહિ, આ ઉંઘ નથી. મને તો તે સ્વપ્નવશ હોય તેમ તેના મુખકમળ ઉપર વારંવાર થતા ફેરફારથી જણાય છે. હવે શું કરવું? મારે એમને ઉંઘતાં મૂકીને જવું? ના, ના, એ તો નજ થાય. તેમના સાવધ થયા પછી, તેમની ખરી સ્થિતિ જાણ્યા પછી, મારાથી યથાશક્તિ જે મદદ થાય તે કરવી એ મારૂં કર્તવ્ય છે. પણ આ બાળક! બાળક તો ખરેખર કોઇ રાજવંશી લાગે છે. તેના પગમાંની રેખા ઉપરથી તે કોઇ ચક્રવર્ત્તિ રાજા થાય એમ જણાય છે. તેના નાના નાના હાથ આજાનબાહુ છે." એમ વિચારતો તે પવિત્ર બ્રાહ્મણ ઉંઘતાંને અડચણ ન થાય તેમ ધીમે પગલે થોડે દૂર જઇ એક વૃક્ષને ઓથે ઉભો રહ્યો.

થોડી વારમાં બાળક જાગ્યો અને તેના હાલન ચાલને તેની સ્વપ્નાવસ્થ માતાને પણ જાગૃતીમા આણી. બાળકને પોતાની છાતી સરસો ચાપી તે ઉંચે આકાશ તરફ જોઇ રહી, અને બાળક તરફ પુન દૃષ્ટિ કરી તેના માથા ઉપર જાણે છેવટનો હાથ ફેરવતી હોય તેમ હાથ ફેરવી એકદમ ઉભી થઇ. તેની દૃષ્ટિ એકદમ પેલા પવિત્ર બ્રાહ્મણ ઉપર પડી. સ્વપ્નમાં તેણે જોયેલી મૂર્ત્તિના જેવીજ આબેહૂબ તેની મુખાકૃતિ માલમ પડતાં, પ્રભુએજ આ પવિત્ર બ્રાહ્મણને મને સહાય કરવા મોકલ્યો લાગે છે, એમ હૃદયમાં નિશ્ચય થવાથી તે પેલા વૃક્ષ તરફ ગઇ. બ્રાહ્મણની પાસે જઇ તેને પગે લાગી, અને લાગલાજ તેના મુખમાંથી ઉદ્‌ગાર નિકળ્યા કે "હે દ્વિજશ્રેષ્ટ! હે મહાત્મા! કૃપા કરીને આપ આ મારા બાળકનો અનુગ્રહ

કરો. મને આ માયાજાળમાંથી છૂટી કરો, અને હવે મારા પતીને સ્વર્ગમાં મળવા જવા આજ્ઞા આપો, વિલંબ થાય છે. (આકાશ તરફ જોઇને) જુઓ, જુઓ, મારા પતિ મારી રાહ જુવે છે. હું આપને સાષ્ટાંગ દંડવત્ કરી ખોળો પાથરી એટલું માગી લઉ છું. મને આપની ધર્મકન્યા સમજી એટલી ભિક્ષા આપો. આ બાળકનું જતન કરજો."

"ઓ મહા સાધ્વી ! તમે કોણ છો ? આવા વનમા તમે શી રીતે આવી ચઢયાં છો ?" બ્રાહ્મણે પ્રશ્ન પૂછ્યો.

રાણીને આ પ્રશ્નનો ઉત્તર આપવાની ધીરજ રહી નહિ. તેને પોતાની પૂર્વ સ્થિતિ આંખ આગળ તરી આવી. પોતાના પતિનુ તથા માતપિતાનું તેમજ આપ્ત જનોનું સ્મરણ થવાથી બહુ દુઃખ થવા લાગ્યું. 'અરેરે ! અરેરે !' બોલતી તથા વારંવાર નિશ્વાસ નાંખતી રાણીના નેત્રમાં જળ વહેવા લાગ્યું અને વિચારના પ્રવાહમા તણાવા લાગી.

"અહો ! દુર્ભાગ્ય !" એજ ઉત્તર તેનાથી દેવાઇ શકાયો.

બ્રાહ્મણે રાણીના મનને શાન્તિ મળે તેવા અનેક દ્રષ્ટાંત આપી તેને પોતાની સાથે પોતાને ઘેર આવવા વિનતિ કરી. બાળકને ખાંધપર બેસાડી બ્રાહ્મણ આગળ થયો અને રાણી તેની પાછળ પાછળ ચાલવા લાગી.

પ્રકરણ ૧૬ મું.

રાણીનું સતી થવું.

" પ્રિય સંગતિની રહી આત્મતૃષા
પ્રીતિગ્રન્થિ શું કાળ શિથિલ કરે,
પરમાત્મ સુહાવતી પ્રેમ પ્રભા
અમરાવતીમા થતી અસ્ત ખરે
તૂટયુ બધન તોય ખસી ન શકું
લીધી પાખ, ન તોય ઉડાય પ્રિયે,
બન્યું સેતુ દ્વિલોકનું મૃત્યુ દીઠું
પણ કર્મની આડી દિવાલ નડે ! "—બાલા.

તક્ષકરાયે પોતાના પિતા બિરરાયના નામ ઉપરથી ઇ. સ. ૧૫૦ માં વસાવેલુ વડનગર, વલ્લભીરાજાના સમયમા સારી સ્થિતિએ પહોચ્યું હતું. તેની જાહોજલાલી દિન પર દિન વધતી જતી હતી. પાંચમા અને છઠ્ઠા સૈકામાં બૌદ્ધો અને જૈનોના ઝગડાની અસર તેને લાગી હતી. તેથી તેના ઉપર ઘણા હુમલા થયા હતા. વડનગરની ઘણી વસ્તી શૈવ ધર્મ માનનારી હોવાથી બૌદ્ધોના મધ્યાહ્‌ન કાળમા તેમને ઘણું ખમવું પડયું હતું. વસ્તી ભાગી ગઇ. સારા સારા ગૃહસ્થો, વિદ્વાનો અને તેમના અનુયાયી વડનગર છોડી બીજે ગામ જઇ વસ્યા હતા, એટલે હવે બ્રાહ્મણોની જુજ વસ્તી રહી હતી.

રાણી પુષ્પગંધા, પોતાના બાળકને લઇ વડનગર આવી પહોંચી. જે બ્રાહ્મણે તેની જંગલમાં શુશ્રુષા કરી હતી તે આજ નગરનો રહેવાશી હતો. તેનું નામ સુશર્મા હતું. સુશર્માને ઘેર આવ્યા પછી રાણીએ પોતાની સર્વ

હકીકત કહી સંભળાવી. મૂળે બ્રાહ્મણનું હૃદય કોમળ અને દયાર્દ્ર હોય છે તેમાં આ સુશર્મા તો વિશેષ કોમળ હૃદયનો હોવાથી, રાણી જેમ જેમ વિતક કહેતી જાય તેમ તેમ તેની આંખમાં અશ્રુધારા વિશેષ ને વિશેષ વહેતી જાય. છેવટે રાણીએ બાળરાજાને તેને સ્વાધિન કરવાની વાત કહી, તે સમયે તે પુષ્કળ રડયો–તેણે છાતી ફાટ રૂદન કર્યું! પોતાનાજ કુળમાં ચાલી આવતી કહેણી તેણે સત્ય માની. શાન્ત થઇને ઇશ્વરનો ઉપકાર માન્યો. તેજ કુળના રાજાના એક બાળકને મદદ કરવાનું તેના ભાગ્યમાં સરજાએલું હતું, એથી પોતાને તે ધન્ય માનવા લાગ્યો.

સુશર્માનો પિતા વિષ્ણુશર્મા હાલ અંબાજીમાં માતાનો પુજારી હતો. લોકો તેને તેના ઉત્તમ ગુણોને લીધે વિષ્ણુનો અવતાર માનતા અને ઘણા ભાવથી તેમની પણ પુજા કરતા. અંબાજી માતાનુ દેરૂ આરાસુરના પહાડમાં નૈઋત્ય ખુણામાં આરાવલી પર્વતની શાખાના અંતમા આવેલુ છે. દેરૂં નાનું છતાં ઘણું શોભાયમાન છે તેની આસપાસ કોટ અને અંદર ઇમારતો છે. જેમાં માતાના પૂજારી અને સેવકો રહે છે. યાત્રાળુ લોકો માટે ધર્મશાળા પણ છે. ત્યાં એક થાણું રાખવામાં આવે છે પણ માણુસના રક્ષણથી માતાજીના રહેઠાણનું રક્ષણ થાય છે એમ કહેવાય નહિ માટે માતાજી બહારનો દરવાજો બંધ કરવા આજ્ઞા આપતાં નથી. આ દહેરૂં ઘણા પ્રાચિન સમયનું છે. કહે છે કે શ્રી કૃષ્ણના વાળ આ ઠેકાણે લેવરાવવામાં આવ્યા હતા; અને રૂકિમણી અહીં માતાનું પૂજન કરવા આવેલાં હતાં ત્યારે શિશુપાળના ભયથી તેમનું આ ઠેકાણેથી શ્રી કૃષ્ણ હરણ કરી ગયા હતા. ઘણા કાળથી આવતા યાત્રાળુઓના પગના ઘસારાથી માતાજીનો ઉમરો ઘસાઇ ગયો છે. યાત્રાળુઓ દર્શન કરીને વાધા, ઘરેણાં વગેરે જેવી જેની માનતા તેવી રીતે ચઢાવે છે અને પોતાનાં અને સગાં વહાલાંના સ્વાર્પણને બદલે નાળિયેર ચડાવે છે. નાળિયેર ચઢાવાની રીત માટે એક આશ્ચર્યકારક વાત છે. બ્રહ્માએ પ્રાણી ઉત્પન્ન કર્યાં છે, તેવીજ શક્તિથી વિશ્વામિત્રે ઘણી જાતનું અનાજ ઉત્પન્ન કર્યું છે. તેમણે વળી નાળિયેરી ઉપજાવીને તેમાંથી મનુષ્ય પ્રાણી નિપજાવવા માંડયાં અને પ્રારંભમાં માણુસનું માથું નિપજાવ્યું. બ્રહ્માને

ભય લાગ્યો કે સૃષ્ટિ સૃજાવવાનું મારૂં કામ આ ઋષિજી લઇ લેશે તેથી તેમની આરાધના કરી. ઋષિએ મનુષ્ય ઉપજાવવાનું કામ બંધ કર્યું, પણ પોતાનો મહિમા રાખવા સારૂં, મનુષ્યના માથા જેવું નાળિયેરનું ફળ થાય તેમ કર્યું. ત્યારથી માતાને મનુષ્ય ચડાવવાને બદલે નાળિયેર ચડાવે છે."

અંબા માતા એ આદ્યશક્તિ છે. તેનાથીજ સમસ્ત વિશ્વની ઉત્પત્તિ થઇ છે. કળિયુગમાં જગત્ના સર્વ દેવો ઉંઘે છે, પણ જાગતી જોત તો અંબા માતાજ છે. તેનાં જૂદે જૂદે વખતે જૂદાં જૂદાં રૂપ દશ્યમાન થાય છે. તેનો પરતો ઘણો છે, એવી રીતે લોકોમાં એ માતાની ભાવના છે. હિંદુશાસ્ત્રમાં મદ્ય પીવાનો કે અપશબ્દ વાપરવાનો, કે કોઇ પણ પ્રકારની હિંસા કરવાનો, પ્રતિબંધ કરેલો છે અને તેમ કરવું શાસ્ત્રમા પાપ ગણવામા આવ્યુ છે, છતાં કોઇ દેવી મંદિરમાં ભવાઇ કરતી વખતે માતાની સન્મુખ અપશબ્દ–નિર્લજ–બિભત્સ શબ્દો વાપરે, મદ્ય પીએ કે માતાના પવિત્ર ધામમાં તેમની સન્મુખ બકરા, મરઘાં કે પાડાનુ બળિદાન આપે કે વધ કરેલા પ્રાણીનો પ્રસાદ તરીકે ઉપયોગ કરે તો તેમાં મહા પાપ છે.

માતાના રમવાના નવ દિવસો જેને નવરાત્રિ–આશ્વિન શુદ પડવાથી શુદ નવમી સુધીના નવ દિવસો–કહે છે તે દિવસે માતા પોતાની સહચરીઓ સાથે આકાશ માર્ગે રમવા નીકળે છે. તે સમયે કોઇ ઉઘાડે માથે ઘરના ચોકમા, અગાસીમાં કે એવીજ કોઇ બીજી ખુલ્લી જગામાં હોય ને તેના માથા ઉપર થઇને માતાનો રથ જાય તો તેને તે વર્ષમાં કોઇ પણ પ્રકારનો રોગ થયા વિના રહેતો નથી એવી માન્યતા હોવાથી તે દિવસોમાં ભાવિક ભક્તો બહુજ સાવચેતી અને હોશિયારી રાખે છે. માતાઓ પોતાના બાળકોને એ દિવસોમાં સાંજના સમયે ખુલ્લે માથે ફરવા દેતાં નથી. અંબામાતાજી વિષે અનેક આવી આવી પરતાની વાતો સર્વેએ સાંભળી હશે. પુરૂષો કરતાં સ્ત્રી જાતિમાં દેવ દેવીઓ માટે પુષ્કળ શ્રદ્ધા હોય છે. તે પ્રમાણે વલ્લભીરાજના શ્રીમન્ ભટાર્ક મહારાજ–શિલાદિત્ય રાજાની રાણી પુષ્પાવતી પણ શ્રદ્ધાળુ હોવાથી, વારંવાર અંબિકા દેવીનાં દર્શનાર્થે આવતી હતી. તે વખતના પુજારીની પુત્રી કમળાવતી તેમની સહીપણી થઇ હતી.

કમળાવતીનું લગ્ન વડનગરના એક રામકૃષ્ણ નામના બ્રાહ્મણ સાથે થયું હતું. રામકૃષ્ણ અને કમળાવતી, ત્યાં અંબાજીમાં સઘ વખતે હમેશાં આવતા અને વર્ષમાં બે ત્રણ માસ ત્યાં રહેતાં હતાં. રાણી પુષ્પાવતી તરફથી તેની આ સહીપણીને સારી આવક હતી. રાણીએ પોતાના આપત્તિ કાળમાં એકના એક પુત્રને કમળાવતીને સોપ્યો હતો. એક પુત્ર મોટો થયો અને ઇડરનો રાજા થયો ત્યારે તેણે પોતાના દૂધભાઇને રાજગોર તરીકે નીમી, માતા કમળાવતી અને રામકૃષ્ણને પોતાની સાથે ઇડરમાં તેડાવી રાખ્યાં હતાં. કમળાવતીનો બીજો પુત્ર, પોતાના દાદાનો વારસો મળવાથી અંબા-ભવાનીના દેવળમાં પુજારી તરીકે રહેતો.

મહાત્મા સુશર્મા એજ વંશનો હતો અને પોતાના વંશમાં ગોહારાજાને મદદ કર્યાની—વંશપરંપરાથી—ઉતરી આવેલી કહાણી તે જાણતો હતો

રાણી પુષ્પગંધાને તેણે પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. બાળરાજાને ખોળા ઉપર બેસાડી ઘડીમાં તેને ચુંબન કરે, ઘડીમા માથા ઉપર હાથ ફેરવે, ઘડીમાં શાન્ત મુદ્રાથી રાણી અને બાળક સામુ જોયાજ કરે, ઘડીમાં ખિન્ન હૃદયથી ઉતરેલે ચહેરે અશ્રુ ભર્યા નેત્રે બાળકને પોતાની છાતી સરસો ચાપે. રાણી તેની આવી સ્થિતિ જોઇજ રહી આમ કેમ કરે છે તેનું કારણ તેનાથી કલ્પાયું નહિ. "શુ આ બ્રાહ્મણ મારી હકીકત જાણી ભ્રમિત થયો છે? કે મને અહીં કંઇ જૂદાજ પ્રકારનું દુઃખ આવી પડવાનું છે?" એમ અનેક વિચાર-તર્ક વિતર્ક કરવા લાગી. "નહિ, નહિ, મારૂં હૃદય અહીં સ્વસ્થ છે. આ મહાત્મા ઉપર મને અંતરનો ભાવ થાય છે. શુ પ્રભુએ અમારા સંરક્ષણ માટે આવું સ્વરૂપ તો નહિ લીધુ હોય!" થોડા સમયમાં તેના મનમાં અનેક વિચારો ઉદ્ભવ્યા.

"માતા, નિશ્ચિંત રહો. ઇશ્વર સૌ સારૂં કરશે. મારા પેટમા હજુ તમારૂં લુણ છે. મારા પ્રાણ, આ મારા પ્રભુના કાર્યમાં ઉપયોગી થશે તો હું ઓછો પુણ્યશાળી નથી? જેનુ અન્ન ખાઇ હુ અને; દેવી કમળાદેવી વડે આજ સુધી—અમારો વંશ જીવે છે તે અન્ન મારે પણ સાર્થક કરવું જોઇએ. આ અવસર અનાયાસે મહાન્ પ્રભુએ મને આપ્યો છે." સુશર્માએ વંદન કરી કહ્યું.

"મહાત્મા ! મને મારા પુત્રના સંરક્ષણ માટે હવે પૂર્ણ ખાત્રી થઇ છે. હું તે આપનેજ સોંપી ચુકી છું. આપ તેને રાજાને યોગ્ય શિક્ષણ આપજો. દેવી કમળાવતીની પેઠેજ આ પુત્રને આપ કેળવજો. મારી ઇચ્છા હવે માત્ર પતિને મળવાનીજ છે અને તેમ કરવાની આપની આજ્ઞા અને આશિષ માગું છું. જગત્માં હવે મને કોઇ પ્રકારની આશા રહીજ નથી." રાણીએ જણાવ્યું.

"ઇશ્વરે આપને આ અમૂલ્ય પુત્ર રત્ન આપ્યુ છે, તેના ઉપર લક્ષ આપો. તેને આ સંસારમા આપના સિવાય માયાનુ કોણુ છે ? એ મોટા થશે એટલે આપના વ શનો ઉદ્ધાર કેમ નહિ કરે ? મને પૂર્ણ ખાત્રી છે કે આ બાળસૂર્ય જેવો તેજસ્વી પુત્ર, મધ્યાહ્નના સૂર્ય પ્રમાણે તારૂણ્યમાં પ્રકાસશેજ, અને આપને જગત્મા વીરમાતાની પદ્વી અપાવશેજ." સુશર્માએ પુષ્કળ રીતે રાણીના મનનુ સમાધાન કરવા યત્ન કર્યો પણ પતિ વિરહ આગળ તેને કઇ સુઝે નહિ. વારંવાર તે સૂશર્માને વિનવે કેઃ "મહારાજ! તમે સાક્ષાત્ નારાયણ પરમેશ્વર રૂપેજ મને મળ્યા છો એમ લાગે છે, તો આપના વચનનો ભગ કેમ કરી શકુ ? પણ શુ કરૂં ? મને કઇ સૂઝતું નથી. આ દુનિયામાં પતિ સિવાય મને સર્વ સૂનુ અને લુખું લાગે છે. હવે જીવવું એ શાને માટે ? આ પુત્રના લાલનપાલન માટે ? એ તો હવે તમે છો કરનારા. એ પતિ સાથે સંસારના આટલાં સુખ ભોગવ્યાં અને આટલા દિવસો મોજમઝામાં ગાળ્યા તેનાથી હવે હુ દૂર રહું ? જે પતિ મારાથી અકાળમૃત્યુએ રીસાઇ ગયા, તેને મનાવવા હુ તેની પાસે ના જાઉં ? મહારાજ ! તે જ્યાં હશે ત્યાં હું જઇશ, જઇશ, અને જઇશજ. તે જ્યાં જશે ત્યાં હું સાથે રહીશ. તેનુ જે થશે તે મારૂં થશે ! હવે જીવવું શાને માટે ? વીરમાતા કહેવરાવવા ? એ તો છે આપની પત્ની એજ એની હવે માતા, અને એજ તેને કેળવી વીર બનાવશે એટલે એજ વીરમાતા કહેવાશે. તો હવે મારે જીવવું શા માટે ? જીવવાથી શું ફળ ? શા માટે જીવવું ? માત્ર પુત્ર ઉછેરવા ? તેને સુરસ્ને ચઢાવવા ? તેના પિતાનું વેર લેવરાવવા ? તે તો આપ છો. આપ તે સર્વ ગરજ સારસોજ. આપના વંશમાં ચાલતુ આવેલુ

છે અને આપે તે સર્વ કરવા મને સ્વપ્નામાં વચન આપેલું છે—માથે લીધું છે. હું નથી, પણ તેના પિતાની જગ્યાએ આપ છો અને મારે સ્થળે આ મારાં બેન લક્ષ્મીદેવી છે. હવે જીવવા કરતાં મરવું ઘણું ઉત્તમ છે. પતિને મળવું એજ સિદ્ધાંત. એમાં કંઈ સંશય નહિ. જે વખતે હું જંગલમાં સ્વપ્નમય હતી, તે સમયે આ પુત્ર આપને સોંપવાની મારા પતિએ મને આજ્ઞા આપી હતી, અને પરલોક યાત્રાનો માર્ગ પકડવા તેમણેજ મને સુચવ્યું હતું. "જો આ મૂર્ત્તિ. તેનેજ બાળક સોંપજે." કહી જે મૂર્ત્તિ બતાવી હતી તે આબેહુબ મૂર્ત્તિ આપજ છો. મેં તેમને વચન આપ્યું છે કે આપની આજ્ઞા પ્રમાણે એજ મૂર્ત્તિને—એજ મહાત્માને પુત્ર સોંપી જલદીથી આપની સાથે સ્વર્ગમાં આવીશ. પતિ મારી વાટ જોતા હશે. મને આજ્ઞા આપો મહારાજ. આ બાળકને "મ્હારો" કહો અને આ દુઃખી પુત્રીનુ દુઃખ ટાળો."

"પુત્રવતી સ્ત્રીએ સહગમન કરવાની શાસ્ત્રમાં મના છે. વળી પુત્ર નાનો હોવાથી સહગમન કરનારી માતા અધોગતિને પામે છે. મારા હાથથી આ પુત્રનું જોઈએ તેવું સંરક્ષણ થવાનુ નથી." રાણીને ભય બતાવી સમજાવી, પણ દૃઢ નિશ્ચયવાળી પતિપ્રેમબદ્ધ સાધ્વી સતીનો સંકેત ચળ્યો નહિ. તેને ઘણું સમજાવ્યા પછી સુશર્માએ તેને સતિ થવાને સમ્મતિ આપી.

રાણીએ પોતાની પાસે છુપાવી રાખેલાં રત્નો, એક હાર તથા રાજાના નામવાળી કટાર જે તેણે સંકટ સમયે સાધન તરીકે રાખી હતી તે સુશર્માને સ્વાધિન કર્યા. પુત્રને માથે હાથ ફેરવ્યો. બંને પતિ પત્નીને પગે લાગી. સુશર્માએ ચિતા તૈયાર કરાવી. ચિતા તૈયાર થઈ. રાણી ચિતાની આસપાસ ત્રણ પ્રદક્ષિણા ફરી દેવી અંબિકાની સ્તુતિ કરવા લાગી.

"હે મહેશ્વરિ! પ્રણામ કરનારને અભયદાન દેનારી હે અંબે! તમને હું બે હાથ જોડી નમસ્કાર કરૂં છું. તમે પ્રાણી માત્રની પ્રાણ શક્તિ છો? તમારી શક્તિથી અખિલ જગત્ નાના પ્રકારની ચેષ્ટા—ક્રિયા કરી શકે છે. દુર્નિરક્ષ્ય કોટી બાલસૂર્યની પંક્તિ જેવા તેજસ્વી પ્રકાશવાળાં અને તલવાર, ઢાલ, ધનુષ્ય, બાણ, ત્રિશૂળ વગેરે આયુદ્ધો ધારણ કરેલાં ભુજચક્ર વડે દિશાંતરોને ઢાંકવાવાળાં! (વિરાટ્ સ્વરૂપી), સૃષ્ટિની આદિમાં જ્યારે તમે સ્વ-

યંભૂ[1] હતાં, ત્યારે એક શંકરને તમારાં સાક્ષાત્ દર્શન થયાં હતાં, અને તે વખતે હે ત્રિશૂળ ધારી! એ ત્રિપુરારીએજ તમારી સ્તુતિ કરી હતી કે 'હે ચંડિ! હે ચામુંડા! હે મંગલા! હે ત્રિપુરા! હે જયા! હે એકાંશે! હે શિવા! હે દુર્ગા! હે નારાયણિ! હે સરસ્વતિ! હે ભદ્રકાલિ! હે મહાલક્ષ્મી! હે સિદ્ધિ! હે રૂર ત્રિદિરિણી! તને હું પ્રણામ કરૂં છું. તમે ગાયત્રી મહારાણી, રેવતી, વિંધ્યવાસિની, ઉમા, કાત્યાયની, અને કૈલાસ વાસિની વગેરે છો. તમને મારા નમસ્કાર છે." હે વરદાયિની દેવી ચંડિકા! મારી ઉપર પ્રસન્ન થઇ મારા શરીરનો ભોગ આપ ગ્રહણ કરો અને તેની સાથે મારા સ્વામીનું શ્રેય કરો."

ચિતા પ્રત્યે જોઈ તે બોલી, હે ચિતા દેવી!

"તું કાષ્ટ નથી પણ, કાષ્ટનું વૈમાન છે, શુભ સ્વર્ગનું,"
"આનંદ તુજને નિરખતા, વાધે ઘણો તુજમા મણુ;"
"તુ લેઇ જા, મુજને હવે પ્રિયપતિ જયા વાસો વસે,"
"જઈ તેહ સહ મુજ દેહ સહુ સુખદુઃખ ત્યાના અનુભવે."

સતીએ ચિતાની મરૂડીમાં પ્રવેશ કર્યો અને કહ્યું હે સૂર્યનારાયણ! તું પ્રત્યક્ષ દેવ છે! તારૂં તેજ આ સ્થળે વ્યાપી રહ્યું છે. તું સઘળાં પ્રાણી માત્રનાં જીવનનુ મૂળ છે. તું સર્વ વસ્તુઓ બહારથી તેમ અંદરથી જુએ છે અને પ્રાણી માત્રના આંતર વિચાર જાણે છે, માટે મેં જે પાપ કીધાં હોય તે બાળી ભસ્મ કરી મને પાવન કર.

જો હું સત્ય બળેજ, દૃઢવ્રતથી ન ચળી કદા.
કિરણ એક તવ તેજ, પ્રજાળજો મેલી ચીતા.

ચિતા એકદમ સળગી. થોડાજ વખતમાં રાણીનુ શરીર અગ્નિદ્વારા પંચમહાભૂતમા મળી ગયું. ગઇ! સતી સાધ્વી ગઇ! અનેક આશાઓને ચિતાગ્નિમાં ભસ્મ કરી પતિવ્રતા સતી પતિને ભેટવા ગઇ.

---

૧. પોતાની મેળે ઉત્પન્ન થએલા.

પ્રકરણ ૧૭ મું.

આઠમા સૈકામાં પશ્ચિમ ભારતનું દિગ્દર્શન.

બાપા-રાજા નાગદિત્યનો વારસ-સુશર્મા બ્રાહ્મણને ઘેર શુકલ પક્ષના ચંદ્રની કળા પ્રમાણે મોટો થતો ગયો. શરૂઆતમાં માતૃ-વિયોગથી કેટલોક સમય તે ઝુરવા લાગ્યો હતો, પરંતુ લક્ષ્મીદેવીની સુશ્રુષાથી કાળાંતરે તે સ્વમાતાને ભૂલ્યો અને બાળપણની રમતમાં તે છેકજ વિસરી ગયો.

બાપાનો બાળપણનો કાળ એટલે ઇ સ. ૭૨૦ નો સમય. આ સમયે એક નવિન પંથ ઉદ્‌ભવ્યો હતો. ઇ. સ. ૬૨૨ માં મુસલમાની ધર્મ સ્થાપક હ. મહમ્મદ પયગમ્બર સાહેબનું અવસાન થયું. ત્યારથી લગભગ ૫૦-૬૦ વર્ષમાં એ ધર્મના અનુયાયીઓ-મુસલમાનો-દુનિયાના જૂદા જૂદા ભાગમાં પોતાનો ધર્મ ફેલાવવાને ધસ્યા ! હ. મહમ્મદ પયગમ્બર સાહેબના‡ સમયમાં તો

‡ To the Arab Nation it was as a birth from darkness into light, Arabian first became alive by means of it A poor shepherd people, roaming unnoticed in its deserts since the creation of the world. A Hero-Prophet was sent down to them with a word they could believe, see, the unnoticed becomes world-notable, the small has grown worldgreat: Within one century afterwards, Arabia is at Grenada on this hand, at Delhi on that,-glancing in valour and splendour and the light of genius, Arabia shines through long ages over a great section of the world. Belief is great, life-giving The History of a Nation becomes fruitful, soul-elevating, great, so

એ ધર્મે પોતાનો ફેલાવો માત્ર અરબસ્તાનમાંજ કર્યો હતો, પરંતુ એ મહાત્માના મરણ પછી તેમના ખલીફાઓએ એ ધર્મનો ફેલાવો કરવા માંડયો અને પરદેશોમાં ઇસ્લામી ધર્મ ફેલાવવા તથા તે દેશો પોતાને હસ્તક લેવા તરફ તેમનું વિશેષ લક્ષ ખેંચાયું હતું, અને યુરોપના કેટલાંક રાજ્યો અને એશિયામાંના કેટલાક દેશો ઉપર લગભગ એક સૈકામાં પોતાનો અમલ બેસાડયો હતો.

પ્રાચિન રોમ, જે રોમની કીર્ત્તિ આખા જગત્માં અદ્વિતીય થઇ રહી હતી, જેનાં પરાક્રમ આગળ આખું યુરોપ, ઉત્તર આફ્રિકા અને પશ્ચિમ એશિયા માથું નમાવતાં હતાં તેજ રોમ, તેજ ચક્રવર્ત્તિરાજ, ખ્રીસ્તી ધર્મનું મધ્યબીંદુ, ઇસ્લામના વાવાઝોડાએ-ઇસ્લામીઓના હાથે પાયમાલ થઇ ગયું, અને રોમના તાબામાં ઇટાલી સિવાય કંઇ પણ રહ્યું નહિ!

ઉમર નામના બીજા ખલીફાના સમયમાં એક લશ્કર ભરૂચ બંદર તરફ અને બીજું સિંધમાં આવેલા દેવળ બંદર ઉપર ચઢી આવ્યું. ઇ. સ. ૬૨૨ માં ખુરાસાનની સરહદ ઉપર આવેલા લશ્કરને સિંધીઓએ હરાવી કત્લ કર્યું હતું. વળી ઇ. સ. ૬૬૪ મા મુહલ્લબ નામનો એક આરબ સરદાર લાહોર જીતી સિધ ઉપર આવ્યો હતો, પણ ત્યાં તેનો પરાજય થવાથી નાસી જવું પડયું હતું. આવી રીતે જળ અને જમીન માર્ગે મુસલમાનોએ હિંદ ઉપર સ્વારીઓ કરવા માડી, અને ધર્મ ફેલાવવાના ઝનૂનમાં લશ્કરોએ અને રાજ્ય ભોગવવાની આશામાં ખલીફાએ માણસની ખુવારી થતી જોઇ ન હતી. તે સમયે ઇસ્લામો ઘણાજ ઉદ્ધત, બળવાન અને ધર્મ ઝનૂની હતા! તેમના ઉપદેશો પરધર્મી માણસોને પોતાનો ધર્મ બળાત્કારથી

---

soon as it believes. These Arabs, the Man Mahomet, and that one country, one spark, on a world of what seemed black unnoticeable sand; but so, the sand proves explosive powder, blazes heaven-high from Delhi to Grenada! I said, the Great Man was always as lightning out of heaven; the rest of men waited for him like fuel, and then they too would flame. *"Life."*

મનાવવાનું અને તેમ ન માને તો છેવટે તેમને કત્લ કરવાનું કહેતા હતા. વળી તેમ કરવાથી અલ્લાતાલા ખુશી થશે, અને જેઓ વધારે મારશે અથવા જેઓ ઘણા કાફરને મુસલમીન બનાવશે તેઓને સારૂ જન્નતના દરવાજા સદા ખુલ્લા રહેશે, એટલુંજ નહિ પણ તેને ત્યાં વધારે એસાએશ પણ મળશે; એમ સમજાવી જેમ હનુમાનના સર્વાંગે "રામ, રામ" શબ્દ હતો તેમ તેમના ભોળા હૃદયમાં 'મારવું, મારવું' જ અને 'મુસલમાન બનાવવું' એજ ઠસી રહ્યું હતું. તે સમયે એ લોક એવા સ્વતંત્ર અને ઉદ્ધત હતા કે સહેજ ટંટા ઉપરથી ખૂન પર આવી જતા, અને વખતે આપસ આપસમાં પણ લઢી મરતા. માખ મારવી અને માણસ મારવું એ તેમને મન સરખું હતું. સમશેર એજ તેમનો મોટો કાયદો હતો. "ઓરતો કે લીયે કાયદા હય" એજ તેમનો સિદ્ધાત હતો. તેમનો પ્રચંડ બાંધો, દેખાવડું ભવ્ય લાલચોળ શરીર અને સામા માણસમાં બીક ઉત્પન્ન કરે એવો કરડો દેખાવ હોવાથી હિંદના લોકો સ્વાભાવિક રીતેજ તેમનાથી ડરતા. ઇસ્લામી સૈન્યમાં લડાયક લશ્કર કરતાં ઉડભંગી લૂટારા લોકની સખ્યા મોટી હતી, અને તેમાં સ્વચ્છંદી લૂટારાનાં ટોળેટોળા લક્ષ્મીની લાલચે આવી ભેગા મળતાં. એ જંગલી લોકો ધાડ પાડતા, ગામ બાળતા વખતે પ્રજાની નાહક કત્લ કરતા, અને તેમની સુંદર સ્ત્રીઓને પકડી જઇ લોંડીઓ બનાવતા. એ લોકોમાં એમના ધર્મોપદેશકો સિવાય બીજા કોઇ ।વધાની દરકાર કરતા ન હતા. મુલ્લાંજીની મારફત લશ્કરને અને ઇસ્લામીઓને ઉશ્કેરણી મળતી. મુલ્લાં કહે તે પરમેશ્વર કહે તેમ માનતા. મુલ્લાંજી વારંવાર ખલીફાને* કહેતા

---

* With the Caliphates the distenction was never made between religion and politics. In Islam, theoretically, at all events, the two functions of the sovereign and the priest were inextricably enterwoven with each other. Never was an attempt made to sever the two. Nor can any attempt be ever successfully made, as religion and politics are indissolubly bound up with each other. The Muslim Sovereign has always been, and is to this day regarded as the repre-

કે: "જહાં તક અપને મજહબકે લોક યેહ મુલ્કમેં બસતે નહિ હે, વહાં તક આપ નામદારકા મુસલમીન રાજ સલામતીમેં નહિ હય, ફીર વો આબાદ કીસ તરાંહસે હોનેકા હય. કુરાનકી દરમિઆન હજરત મહમ્મદ સાહબકા ફરમાન હય કે જો એક કાફરકું મુસલમીન બનાતા હે, વો હમેશકે લિયે જીન્નતકું નજિક પુહ્રવાતા હય. જૈસે બાગમેંસે જંગલી બટવે કટવા ડાલતે હૈંય સબબ વો કુછ કામકે નહિ હૈં, વો બાંટને બ્હોત બઢ જાવે, તબ દુસરે અચ્છે અચ્છે પેડકો હરકત કરકે બઢને નહિ દેતે હૈંય. ઇસિ તરહસેં નાપાક આલમ ઓર કાફર લોક બ્હોત બઢનેસેં પાક મુસલમીનકો બઢનેમેં ખલલ પહોચવાતે હે. ઐસા કુદરતકા કાયદા હય, લેકીન સબ કાફર લોકકું કત્લ કરના ચાહીયે, ઓર સબ કાફર લોકકું પાક દીનમેં ભેલી કરના ચાહીયે. આપ આપકે સબ મુલ્કમેં સલાહસેં, ઔર જુલ્મ કરકે અપના મજહબકું બઢા દેઓ તો, અલ્લાતાલા આપ નામદારકું સારી જીન્નતકા તાજ કયું નહિ પેનાવે ? કયુ જો એક કાફરકું પાક મુસલમીન બનાતા હય, ઉસકું જીન્નતમેં ભેજતે હે, તો જો કોઇ સારી આલમકું પાક દિનમેં લાતે હૈંય, ઉસકું જીન્નતકા તાજ મિલ જાવે ઉસમે કુછ અંદેશા નહિ હય." જીન્નતનો તાજ મેળવવાની આશામાં ખલીફાએ પુન સીનાન નામના સરદારને એક મોટા લશ્કર સાથે હિંદ ઉપર મોકલ્યો, જેણે સિંધની પશ્ચિમમાં આવેલો મકરાણુનો પ્રદેશ જીત્યો, અને રાશીદ નામના બીજા સરદારે કીકાનનો પ્રદેશ સર

---

sentative of the Phrophet, if not the viear of God. The institution of the Caliphate was the direct outcome of the religions teachings of Islam The doctrine of the unity of God enforced the unity of man, and thus with the new religion a community of the faithful was formed and a divinely-sanctioned gorvernment established, designed togather all men into its bosom and to fight into destruction the Paganism of the outer world. Here, as opposed the priest and the King were merged in one person, viz, in the Caliph.

"Review."

કરી ઘણા કાફરોને મુસલમીન બનાવ્યા અને હઠીલાઓને લોહીની તરસી તરવારોને સ્વાધિન કરી અલ્લાતાલાની પાસે ઇનસાફ માગવા મોકલ્યા. કેટલેક સમયે બસરાના સૂબેદાર હજઝાઝે વળી એક મોટું લશ્કર તૈયાર કર્યું અને મહમદ કાસીમ નામના એક જુવાનીઆ સરદારના ઉપરીપણા નીચે સિંધ સર કરવા સ્વારી મોકલી.

આ સમયે હિંદમાં જૈન અને બૌદ્ધ ધર્મનું સંમેલન થયું હતું. દરેક પક્ષ પોતપોતાના ધર્મનો વિસ્તાર કરવા મથતા હતા. સૌરાષ્ટ્રમાં જૈન ધર્મ ટટાર થયો હતો. अहिंसा परमो धर्मः એ માત્ર મુખે બોલાતા વાકયે-શાસ્ત્રે-ધર્મના નિયમે જનમંડળમાં જૂદી અસર કરી હતી અંદર અંદરનો કલહ અને ક્ષુલ્લક કારણોથી ઉભા થતા ટંટા એ રાજકુળોમાં રોજનું કુસંપનું કારણ થઇ પડયું હતું. સંપ તૂટી ગયો. વૈર અને અદેખાઇએ હિંદુસ્તાનની પાયમાલી કરી નાંખી, વૈર, અદેખાઈ અને જૂદા જૂદા ધર્મ પંથે દેશદ્રોહીઓ ઉભા કર્યા વેહેપાર રોજગાર તૂટી ગયો. કળા કૌશલ્ય કટાઇ ગયાં-નાશ પામ્યાં કે જમીનમાં હતાં ન હતાં થઇ દટાઈ ગયાં! ખેતીવાડીનુ સંરક્ષણ કે તેમાં થવો જોઇતો સુધારો ખેડૂતોના પેટમાંજ રહ્યો. રાજયના અધિકારીઓ લાંચીઆ થઇ ગયા, અને ધર્મ ઉપર લક્ષ રાખી સ્વધર્મીઓને-સ્વપંથના અનુયાયીઓને-લાભ આપી પરધર્મી અન્ય પંથના અનુયાયીઓને જાણી બુજીને નુકશાન કરવા લાગ્યા. તેથી દગા કાવતરાં અને ખટપટ એજ તેઓનો ધંધો થઇ પડયો હતો.

પરદેશી રાજાઓને આ સમય ખરેખર અનુકૂળ થઇ પડયો. જ્યાં સુધી એક ધર્મ હતો ત્યાં સુધી સંપ હતો, અને સંપ હતો ત્યારે તેઓ પરદેશીઓ સામે એકત્ર થઇ લડતા હતા. તુર્કસ્તાનથી આવેલા અબુલઆસ નામના સરદારે ગુજરાત ઉપર મોટી ફોજ સાથે સ્વારી કરી હતી ત્યારે હિંદુ રાજાઓએ એકઠા થઇ તેને સજ્જડ હાર ખવરાવી હતી અને એની આખી ફોજ કત્લ કરી નાંખી હતી.

જે સમયે મહમ્મદ કાસમ નામના સરદારે સિંધ ઉપર સ્વારી કરી તે વખતે સિંધમાં દાહિરરાય નામનો બ્રાહ્મણ રાજા રાજ્ય કરતો હતો. દાહિર

રાય સૂર્યવંશી કનકસેન રાજાના મંત્રી તક્ષકના એક બ્રાહ્મણ સરદારના વંશનો હતો. વલ્લભી રાજ્ય સર કર્યા પછી કનકસેન રાજાનું રાજ્ય પુષ્કળ વધ્યું હતું અને તેની આણ પશ્ચિમમાં સિંધ, ઉત્તરમાં લોહકોટ (લાહોર) પૂર્વમાં ગયાની (હાલનું ખંભાત) અને દક્ષિણ સમુદ્ર સુધી વર્તાતી હતી. સિંધમાં તક્ષકરાયે પોતાની જાતનો સરદાર નિમ્યો હતો અને તેનોજ વંશજ હાલનો દાહિરરાય હતો. દાહિરરાયે પણ પોતાને સોંપાયલા રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેની સત્તા[1] ઉત્તરમાં કંદહાર અને કાશ્મીર સુધી, પૂર્વમાં કનોજ સુધી, પશ્ચિમમાં મકરાણ પ્રાંત અને ઓમનના દરિયા કાંઠા સુધી અને પૂર્વમાં સુરત બંદર સુધી હતી. તેણે જૂદા જૂદા પ્રાંતો અને ગામો, રાજ્યવંશી બ્રાહ્મણો અને કેટલાક ક્ષત્રીઓને વહીવટ કરવા સોંપ્યા હતા અને કેટલાક ખંડિયા રાજા હતા એવું ઇતિહાસ[2] ઉપરથી જણાય છે.

હિંદના રાજ્યકર્ત્તા એક વચની, ધર્મ શ્રદ્ધાળુ, સરળ સ્વભાવના, પ્રજાવત્સલ, અને ભોળા હૃદયના હતા. તેમનો લાભ તે સમયે બીજા પરદેશી શત્રુઓએ પુરેપુરો લીધો. ઘણી વખત તેમણે કપટાચરણથીજ રાજ્ય સત્તા હિંદુ રાજ્યકર્ત્તા પાસેથી લીધેલી હોવાનુ ઇતિહાસ આપણને જણાવે છે. તેમને દરેક પ્રસંગે હિંદના હતભાગ્યને લીધે કોઇને કોઇ દેશદ્રોહી મળ્યો જણાય છે. દાહિરરાય ઉપરની સ્વારીમાં મહમ્મદ કાસમને, દાહિરરાયનો ભવિષ્યમાં થનારો જમાઇ રણધીર મળ્યો. નિરૂનનો રાજા થવાની ઇચ્છાવાળો અને દાહિરરાયની પુત્રી સૂર્યદેવીને પરણી સિંધુપતિના જમાઈ થવાની લાલસાવાળો રણશૂર રણધીર, ભોળો રણધીર એક સંન્યાસીએ–સંન્યાસીનો વેશ ધારણ કરેલા એક મુસલમીનના હાથે–પોતાને માટે કહેલા ભવિષ્ય ઉપર લોભાઇ–લલચાઇ–દેશદ્રોહી નિવડયો–પોતે ફસાઇ બીજાને ફસાવ્યા! દુશ્મનોને હરાવવા નીકળેલો રણધીર દુશ્મનોને મળી ગયો. અંતે દાહિરરાય મરાયો. દાહિરરાયના પુત્ર જયસિંહને પણ લડાઇ કરતાં ફસાવ્યો.

આરબોના સરદાર મહમ્મદ કાસમે, સિંધના લોકોની જ્યોતિષ ઉપર

---

૧. નવારીખે માસુમી અને તુહફતુલકીરામ.

૨ સિંધ ઉપર સ્વારી.

અતિશય શ્રદ્ધા છે એમ જાણી એક દૂતને સંન્યાસીના વેશમાં સિંધની હકીકત જાણવા તથા દાહિરરાય સંબંધી બાતમી મેળવવા મોકલ્યો હતો, તેણેજ રણધીરને જ્યોતિષ કહી નિષ્પક્ષપાતે મુસલમાનોના તરફ ફેરવ્યો. સંન્યાસીના કથનને સત્ય માની દ્રોહી થયેલા રણધીર, જેને ગરીબાઇમાંથી ઉછેરી મોટો કરનાર અને આ સ્થિતિમાં લાવી ભવિષ્યમાં પોતાનો જમાઇ કરવાનું વચન આપી ચુકનાર દાહિરરાયનો પક્ષ છોડી વિધર્મીઓનો પક્ષ પકડયો તેને માટે અફસોસ કરતો હતો, તેટલામા તેનીજ ભવિષ્યમા થનારી પત્ની સૂર્યપ્રભા જેવી સૂર્યદેવીએ, "મારા દુષ્ટ, દ્રોહી, વિશ્વવાસઘાતી પ્રિયતમ! આજ તારૂં કાર્ય કે?" કહી તેને ફિટકાર આપી તેનો ઘાત કર્યો. પોતાનીજ કટાર તેના હૃદયમાં ભોકી દીધી. તેણે એક ધીમી ચીસ પાડતાં કહ્યું હે દયાળુ મહાન્ પિતા! હે પ્રભુ! હિંદમા મારા જેવા દ્રોહીઓને શા માટે જન્મ આપે છે? મને માફ કર પ્રિયે! હું ફસાયો–છેતરાયો–તેથીજ દ્રોહ કર્યો છે. મ્હારા જેવા દેશદ્રોહીને જેવી શિક્ષા મળવી જોઇએ તે મળી છે. બસ–" એટલામાં રણધીરના હૃદયમાં તરતજ બીજી વારની કટારી ભોકાઇ. "ક્ષમા, પ્રિયે ક્ષમા–" એટલું કહેતાં કહેતાં રણધીરનું શરીર તરફરડીયાં ખાવા લાગ્યું. કેટલીક વારે તેનો આત્મા પાપી શરીરમાંથી નીકળી ગયો. હિંદમાંથી એક પાપી–દેશદ્રોહી ઓછો થયો!

મહમ્મદ કાસમે દાહિરરાયની બન્ને કુંવરીઓને પકડી ખલીફા સાહેબને નજરાણા દાખલ–ભેટ તરીકે બગદાદ મોકલી દીધી. સૂર્યદેવીએ પોતાના પિતાનું વેર લેવા ઘણો યત્ન કર્યો હતો. મહમ્મદ કાસમને પણ મારી નાંખવા બંને બ્હેનો મરદના પોશાકમાં તેના તબુમાં ઘુસી ગઇ હતી પરંતુ તેમાં તે ન ફાવી અને આખરે કેદ પકડાઇ બગદાદ આવવું પડયું. અહીં તેમણે પોતાનું બનતું કરવા પાસા નાંખી જોયા, અને તેમાં તે સવળા પડયા. "મહમ્મદે અમને પ્રથમ નાપાક કરી આપની પાસે મોકલી છે." એવું કહી ખલીફાને ગુસ્સે કર્યો, અને સિંધને પાયમાલ કરનાર, પોતાના કુળનું સત્યાનાશ વાળનાર મહમ્મદને જીવતા ગધેડાનું ચામડું ઉતરડી તેમાં તેને જીવતો ઘાલી ચામડું સીવી લઇ ખલીફા પાસે પેટીમાં પેક કરી મોકલવાનો હુકમ કરાવ્યો.

અન્તે બ્હેનો પોતાનું શિયળ સાચવવા અને પરધર્મીઓના હાથમાં જતાં બચવા એક બીજાને કટાર મારી વૈર લીધાના સંતોષથી મરી ગઇ. ધન્ય છે એવી હિંદુ કુમારિઓને! ધન્ય છે એવી મહાન્ સતી દેવીઓને કે જેણે સ્વધર્મનું રક્ષણ કરવા આપઘાત કર્યો.

પ્રકરણ ૧૮ મું.

બાપ્પાની બાલ્યાવસ્થા.

દૂધમાં માખણ છે, અને માખણમાં ઘી છે, કાષ્ટમાં જેમ અગ્નિ છે તેમ જળમાંથી પણ અગ્નિ ઉત્પન્ન થઇ શકે છે, પરંતુ તે અમુક પ્રકારની ક્રિયાઓથીજ પ્રદિપ્ત થાય છે. કસોટી વખતે પ્રત્યક્ષ થાય છે. માતાના અને પિતાના દુર્ગુણો અથવા સદ્દગુણો બાળકમાં આમ દૂધ ઘીની પેઠે ઓત પ્રોત હોય છે. વીરમાતા પિતાના પુત્રોમાં વીરત્વ ગુપ્તપણે રહેલું હોય છે. બાલ્યાવસ્થામાં તે શક્તિને કોઈ વિકસાવનાર હોય તો તે તેજસ્વી વૃક્ષની પેઠે ધીમે ધીમે દીપી નીકળે છે અને એક કાળે વીરમાતા પિતાના નામને દીપાવે છે. એક સમય એવો હતો કે તે સમયઃ—

માત કહે બાળકને, "બેટા! રખે રણે પાછો ફરતો! *
રખે લજવતો કૂખ માહરી, કૂળ રખે કાળું કરતો!
હું ઘરડી આશીષ દઉં જે, 'ફતેહ' પામશે સંગ્રામે,
રક્ષા બાંધુ જેથી દેવ સહુ, સાહ્ય આવશે સહુ કામે!"
વૃદ્ધ બાપ કહે, "પળીયા ક્યારે, આ સોનેરી કે'વાયે,
રણે જીતિ આવે જશ પામી, કે રણમાં મરવું ચાહે."
કહે નારિ "સાંચરો સુખેથી, ધર્મ બતાવો ખરેખરો,
એક જીત શુણિ શબ્દ એકલો, શોક સર્વ કરનાર પરો;

* પાણીપત.

કદી પડે તન રણે તમારૂં, નહીં શોક કંઈ થાવાનો,
સતી થઈ લઈ પિયૂ ગોદમાં, મળે લાભ બળિ મરવાનો !
જઇએ સાથે સજોડ સ્વર્ગે, મોજ માણિએ તે ધામે,
એથી સારૂં કયું જગતમાં, કીર્તિ અમર સંધે જામે !
જો આવ્યા કદિ જીત કરીને, હરખ પૂર બહુ છલકાશે,
પ્રેમ નદીમાં પછી ઝીલતાં, દીન રાત સહુ વહિ જાશે.
પણ આવ્યા જો હાર ખાઇને, પૂઠ બતાવી જો રણને,
તો એના હેવાતન કરતાં, ચાહિશ બહુ વિધવા પણને,
માટે સ્વામી બનો કેશરી, કરી જીત ઝટ અહિં આવો,
તુર્ક ટોપિની કલગી મારી, કંચૂકી માટે લાવો.
મુકી છોગલું વાંસે બાંધિશ, પથારીએ રોળીશ સદા !
જીત તમારી થએલી રણમાં, એથી સાંભરશે સર્વદા. ”

\+ + × × ×

આવું કહેનાર વીર માતપિતાને કૂખે જન્મેલાં બાળકો સંસ્કારી નિકળે તેમાં શી નવાઈ ? એક બીજમાંજ આખા વૃક્ષના સંસ્કારો હોય છે. ભૂમિમાં તો માત્ર તેને પોષવાનીજ કેટલીક શક્તિઓ હોય છે. એતો નિર્વવાદ છે કે માતા પિતાના ગુણો તેના બાળકમાં આવે છે જ. સિંહના બચ્ચાને ભલેને બાળપણથીજ–જન્મથીજ બીકણ બકરાંના ટોળામાં મૂકવામાં આવે ! ભલેને થોડો વખત તે તેમના જેવું પણ થઇ જાય–ભીરૂ–કાયર બની જાય ! બીકણ –બાયલુ બને પણ એકવાર સિંહને જોતાં, તેની ગર્જના સાંભળતાં, તેના બળની પ્રશંસા સાંભળતાં અવશ્ય પોતાના બળનું તેને ભાન થશેજ થશે. વીર માતા પિતાના પુત્રને જનમ્યા પછી બે ચાર મહિને કે બે ચાર દિવસે ભલે કોઇ લઇ જાય અને કાયર પુરૂષોના સંસર્ગમાં રાખે તો પણ તેની વીરતાના ગુણો વખત આવે–પ્રસંગે પ્રકટી નીકળશે જ; તેજ પ્રમાણે કોઇ કાયરને અથવા કાયર જનની સંતતિને કદાચ મહાવીરોની સાથે જન્મથી જ રાખવામાં આવ્યો હોય, અનેક શાસ્ત્રો અને વિવિધ પ્રકારના શસ્ત્રો વાપરવાનું તેને જ્ઞાન આપવામાં આવ્યું હોય, વીરત્વના હજારો ચોપડાપોથાં

તેની પાસે વાંચવામાં આવે, અને કદાચ તેની વાણીમાં પણ વીરત્વનાં વાક્યોની ગર્જના થાય તોપણ, રણદુંદુભિ વાગતાં, રણ વાદિત્રોના ધ્વનિ થતાં, રણ ગર્જના થતાં વીરને જે આનંદ થશે, વીરના હૃદયની જે સ્થિતિ થશે, તેજ સ્થિતિ તે કાયરની સંતતિના હૃદયની થશે એમ તો કોઇનાથી પણ નહિ કહી શકાય! બગલાને ભલે નાનપણથીજ હંસના ટોળામાં ઉછેરવામાં આવે, કદાચ તેમને જોઇ-તેમનું અનુકરણ કરી તે પોતાનો આહાર કદાચ મુકી પણ શક્યો હોય છતાં, પોતાના ભાઇ બગલાઓને જ્યારે તેજ આહારમાં પ્રવૃત્ત થએલા જોશે ત્યારે તેને ઇચ્છા પણ નહિ થાય! તે તેમના તરફ વિરતા વૃત્તિથી જોશે એમ કહેવું એતો એક સાહસજ ગણાશે.

સંસ્કાર બળ પાસે મનુષ્ય નિર્બળજ છે એજ અમારૂં કહેવું નથી. દુઃખ એ મનુષ્યને બદલે છે, તેના ગુણો કેળવે છે, ત્યારે સંસર્ગ તેને સુમાર્ગે દોરે છે; છતાં સંસ્કાર મહા બળવાન છે. જાણે અજાણે તે ફળદાયક થાય છે.

વસ્તુના ગુણ અને અવગુણ તેના ગ્રાહકની વૃત્તિ ઉપરજ છે. એકજ વસ્તુ એકને પ્રાપ્ત થાય તો તે તેને જીવનદાતા થાય છે, ત્યારે એજ વસ્તુ અન્યને પ્રાપ્ત થતાં તેના પ્રાણનાશના કારણરૂપ બને છે. એક રત્ન જો ઝવેરીને મળે તો તેનું મૂલ્ય લાખોથી પણ કદાચ વધારે થાય છે, પરંતુ એજ રત્ન જો એક અજ્ઞાન ભિક્ષુકને પ્રાપ્ત થાય તો તે પથ્થરની પેઠે ફેંકી દેવાય છે. સાકર એ મનુષ્યને મિષ્ટ અને પોષક છે, અને તેજ ગર્દ્દભને પ્રાણનાશક છે, તેમજ એકજ સત્તા, એક સુજ્ઞને લાભદાયક નિવડે છે ત્યારે તેની તેજ સત્તા-અધિકાર-મૂર્ખને નિષ્ફળકારી અને દુઃખદાયક હોય છે.

બાપ્પા, હવે ૮-૯ વર્ષનો થવા આવ્યો હતો. માતાનો વિરહ તેને વિસારે પડયો હતો. સુશર્માએ તેને બાલ્યાવસ્થાથીજ ક્ષત્રિયને ઉચિત હોય એવા વિદ્યાભ્યાસની શરૂઆત કરાવી હતી. પ્રાતઃકાળમાં તે પોતાની સાથેજ બાપ્પાને ઉઠાડતો અને સ્નાન સંધ્યા કરાવી ઇશ્વર સ્મરણ કરાવતો. તેણે તેના કુમળા હૃદયમાં ધાર્મિક સંસ્કારોનું બી રોપ્યું હતું અને તેને રોજ જળ સિંચનનું કામ તે બાપ્પા પાસેજ કરાવતો. બાળકને અનુકૂળ એવી કસરત કરાવતો. સાંજના અને રાત્રિના ફુરસદના સમયે તે રામાયણ અને મહા-

ભારતના ચદ્ર સૂર્યવંશિય અનેક પરાક્રમી વીર રાજાઓના ચરિત્રો, ટુંકામાં પણ બાળરાજાને સાંભળવા અને મનન કરવાનો રસ પડે તેવી રીતે, બાળકોને સમજણ પડે તેવી ભાષામાં વાર્તારૂપે કહેતો હતો. બાળકોને વાર્તાઓ સાંભળવી ઘણી પસંદ પડે છે. તે રસથી તેઓ સાંભળે છે અને ક્વચિત્ ક્વચિત્ તેઓ તે સાભળવાના રસમાં તલ્લિન થઇ આસપાસ શું બને છે તેનું પણ તેમને ભાન રહેતું નથી. તેમાં રાજા રાણીની વાર્તાઓ, તેઓનાં પરાક્રમ, અને હારજીત સાંભળવી બાળકોને ઘણીજ ગમે છે. જીત સાંભળી તેઓ ખુશી થાય છે અને હાર સાંભળી તેમનુ હૃદય દ્રવે છે. જો કે બંનેમાંથી કોઇ પણ પ્રસંગ સાથે તેમને લાગતું વળગતું હોતું નથી. સુશર્માએ પણ તેજ પદ્ધતિ પકડી બાપ્પાને સુબોધકારી પણ ભવિષ્યમાં એક વીર ક્ષત્રિયને ઉપયોગી થઇ પડે તેવી વાતો કહી તેના ક્ષત્રિય લોહીને બાળપણથીજ ઉત્તેજન મળે તેમ કરતો હતો, તે સાથે ધર્મ સબધી માહીતી પણ તેવીજ રીતે આપતો. તે રાજકુળમાં ઉત્પન્ન થયો છે, રાજા રાણી તેનાં માબાપ હતાં, વગેરેની સમજણ તેણે તેને વાતમાં ને વાતમાંજ આપી હતી. "હું રાજપુત્ર છું, અને આર્યકુળ દિવાકર વંશમા મારો જન્મ છે તો મારા પૂર્વજોની કીર્ત્તિને છાજે તેવાં મહાન્ કાર્યો કેમ ન કરૂં ?" એવું બાપ્પા કોઇ કોઇ પ્રસગે સુશર્માને કહેતો હતો. સુશર્મા તેનાં આવાં વચનોથી આનંદ પામતો અને તેને અધિક ઉત્તેજન આપતો હતો.

બાપ્પા, જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મસ્તીખોર થયો. આડોશી પાડોશીનાં છોકરાંનો સરદાર થઇ તેમને અમુક કાર્ય કરવા હુકમ કરતો, અને સોંપેલું કાર્ય જે ન કરે અથવા યથાયોગ્ય કરી ન લાવે તેને મારતો. પોતે તોફાન કરતો અને બીજાં સમોવડિયાં છોકરાંને તોફાન કરતાં શીખવતો અને લોકોની લઢાઇ વહોરી લાવતો. ગામમાં નજીકની શેરીનાં છોકરાં ભેગાં કરી બે પક્ષ પાડી એકની સરદારી પોતે લેતો ને બીજા પક્ષનાં છોકરાં જોડે મારામારી કરતો. જે નાસે તેને પકડીને મારે. પોતે ઝાડ ઉપર ચઢે ને જે ઝાડ ઉપર ચઢતાં ડરે તેને ઠોકે. પડે આખડે પણ તેથી તેનો જોમ નરમ ન પડે. ગુરૂજી પોતાના શિષ્યના તોફાનથી કોઇ કોઇ

વેળા ગુસ્સે થતા, પરંતુ "છોકરાં તો એવાંજ હોય. બાળક તોફાનીજ સારો. જે અત્યારે તોફાન કરે છે તે ભવિષ્યમાં શાન્ત અને એ સારો થવાનોજ." એવા ગુરૂપત્નીના શબ્દો આગળ ગુરૂજી શાન્ત થતા. બાપ્પા ગમે તેવો તોફાની હતો, પરંતુ ગુરૂજી અને ગુરૂપત્નીથી ડરતો. તેમને કદી ગુસ્સે થવાનો પ્રસગ આપતો નહિ. તેમની આજ્ઞા સદાએ પાળતો. આજ્ઞાનો અનાદર કરતો નહિ, તેમ તે ન પાળવા મનમાં પણ કદી વિચાર સરખો લાવતો નહિ, અને તેમના સામુ કદી ઉચ્ચાર સરખો પણ કરતો નહિ.

બાપ્પાના આ આશ્રય સ્થાન-ગામ-નું નામ વડનગર હતું. એક વખતની પૂર્ણ જાહોજલાલીવાળું એ ગામ હાલ પડતી દશામાં આવ્યું હતું. પચીશત્રીશ ઘર બ્રાહ્મણોનાં હતાં અને બીજાં રજપૂત, જમીનદાર વગેરેનાં મળી બસોએક ઘર, વાણીઆ અને બીજા કારીગરોનાં પચાસેક ઘર હતાં. આ સિવાય જંગલી ભિલ્લોની વસ્તી ઘણી હતી. હાલ વડનગર ઉપર ઇડરના ભિલ્લ સરદારની હકુમત ચાલતી હતી. ઇડરના ક્ષત્રિય રાજાને મારી ભિલ્લોએ રાજ્ય સ્વાધિન કર્યું હતું, પરંતુ રાજાની રાણી અને તેનો પુત્ર પકડાયલાં ન હોવાથી ભિલ્લ સરદાર સદા ચિંતાતુર રહેતો. કુંવર મોટો થઇ આપણા ઉપરજ ચઢી આવી આપણી સત્તા ખુચવી લેશે એ તેને મોટી બ્હીક હતી. રાણી અને કુંવરને પકડી આપનારને મોટું ઇનામ આપવાનું ઠરાવ્યું હતું. એ ઇનામ આ ભિલ્લ સરદારની સુંદર કન્યાનું પાણી ગ્રહણ હતું, તેથી સાહસિક ભિલ્લોએ રાણી અને કુંવરની શોધ માટે વિલક્ષણ પ્રયત્નો ચલાવ્યા હતા. રાણી પુષ્પગધા સતી થઇ ત્યારે 'અમુક સ્ત્રી' વડનગરમાં સતી થઇ છે એવી બાતમી ભિલ્લ સરદારને મળવાથી તેણે પોતાના જાસુસોને તે તરફ દોડાવ્યા હતા પરંતુ તેમની પોતાનીજ વડનગરની વસ્તીમાંથી તેની કંઇ બાતમી મળી ન હતી.

બાપ્પો, હવે ભિલ્લોનાં છોકરાં જોડે ફરવા લાગ્યો. તેમની સાથે તીર કામઠું લઇ જંગલમાં રખડવા અને શિકાર કરતાં શીખ્યો. ભિલ્લ લોકો અને ગામના સઘળા માણસો બાપ્પાને સુશર્માનો પુત્રજ ધારતા. બ્રાહ્મણના છોકરાની આવી બહાદુરી જોઇ ભિલ્લોનાં છોકરાં તેના ઉપર ફિદા ફિદા થવા લાગ્યાં.

ધીમે ધીમે બાપ્પો તરૂણ ભિલ્લોમાં જાણીતો થયો, અને તેમની સાથે ગુરૂજીથી છાનોમાનો જનાવરના શિકાર કરવા લાગ્યો. તેના બાહુબળ આગળ ભાગ્યેજ કોઇ હરણ સટકી જવા પામતું. થોડાજ સમયમાં તે વડનગરના તરૂણ ભિલ્લોમાં માનીતો અને અગ્રેસર થઇ પડયો.

બાપ્પાને હવે વડનગરમાં રાખવો એ સુશર્માને ઘણું કઠણ અને ભય·વાળું લાગતું. પુષ્પગંધાને અંત સમયે એ પતિપત્નીએ વચન આપ્યું હતું કે "બાપ્પાને અમે પેટના છોકરા પ્રમાણે જીવીશુ ત્યાં સુધી રાખી, તેનામાં ક્ષાત્રકુળને યોગ્ય એવા ગુણો લાવીશું," એથી અને બાપાથી છુટું પડવું તેમને ઠીક લાગતું ન હતું, તેમજ બાપ્પાને પણ આ ધર્મનાં માતપિતાથી દૂર થવું એ ઘણું સખ્ત લાગતું, તેથી સુશર્મા બાપ્પાના શિર ઉપર ઝઝુમતા ભયને માટે ઘણો ચિંતાતુર રહેતો બાપ્પા શિકારે જતો ત્યારે હુલ્લડપણામાં એક બે દિવસ જંગલમા ગાળી નાખતો, પણ જ્યારે તે નજીકમાં હોય ત્યારે પોતાના મિત્રોને ભૂલથાપ આપીને પણ તે માતપિતાનાં દર્શન કરી જતો, કારણ કે તે તેમને માતપિતા પ્રમાણેજ માનતો. કોઇને પણ તેના માબાપનું નામ કે ગામ કહેવાની સુશર્માએ બાપ્પાને સખ્ત મનાઇ કરી હતી. બાપ્પાનું નામ તેણે સુદેવ પાડયુ હતું અને એજ નામથી તેના સોબતીઓમાં અને આખા વડનગરમાં તે પ્રસિદ્ધ હતો. પરતુ ગામના વૃદ્ધ અનુભવિ ક્ષત્રિઓને બાપ્પાએ ક્ષત્રિનો પુત્ર હોવો જોઇએ એમ તેનાં લક્ષણો ઉપરથી શંકા આવી હોવાથી પોતાના છોકરાઓને બાપ્પાની સોબતમાંજ રહેવા દેતા, અને બાપ્પાને નુકશાન ન થાય તેમ તેની સહાયતા કરવા પુત્રોને શીખામણ આપતા.

પ્રકરણ ૧૯ મું.

બાપ્પાનો વિદ્યાભ્યાસ.

સુશર્માએ હવે સુદેવને (બાપ્પાને) રાજ્યધર્મ શીખવવા-તેનાં બી વાવવા-શરૂ કર્યું. સુદેવની સાથે તેના અન્ય રજપૂત મિત્રોએ આવવા માંડયું અને તે દ્વારાએ વૃદ્ધ રજપૂતોનું પણ ત્યાં આવાગમન થવા લાગ્યું.

"બ્રાહ્મણોમાં પણ આવાં ક્ષત્રિય ગુણનાં છોકરાં અવતરે છે ખરાં!" એક વૃદ્ધ ક્ષત્રિયે પોતાની દાઢીના ગુચ્છા મરડતાં અને થોભીયા ઉપર હાથ નાખતાં સુશર્મા પ્રત્યે જોઇ કહ્યું.

"હા, બાપુ. જુઓને, પરશુરામનો દાખલો." સુશર્માએ કંઇ શંકા ખાતાં પેલા વૃદ્ધ સૂર્યસિંહ તરફ શંકાશિલ નજરે જોઇ ઉત્તર આપ્યો.

"પરશુરામ! પરશુરામ!" કંઈક યાદ આવતાં હાથ ઉપર કપાળ ટેકવી સૂર્યસિંહે કહ્યું.

"હા, બાપુ, પરશુરામ! જમદગ્નિ બ્રાહ્મણનો પુત્ર. જેણે એકવીશ વખત નક્ષત્રિ પૃથ્વી કરી હતી તે."

"એક ફરશિએ ફરશરામે,[1] શૂર ક્ષત્રિય ચકચૂર કર્યા,
રહ્યો ન જોદ્ધો એક જીવતો, ખપ્પરમાં[2] સૌ ખપી ગયા;
હામ ધરે નહિ કોઇ જીતવા, તે ક્ષત્રી ખોળી કાપ્યા,
એ શૂરાતન હાય ગયું ક્યાં, રામભટો[3] પર શું કોપ્યા?
કરી એકઠાં જોદ્ધાનાં શબ, પાણિપત્ત મેદાન મધ્યે,

---

૧. પરશુરામ. ૨. રોળ. ૩ બ્રાહ્મણ, શૂરવીર.

લોહિ કાઢિ ભરિ ભરી ખોબલા, સાર્યું શ્રાદ્ધ[1] વિખ્યાત ખરે!
પરિયાનાં પરિયાં કરી પાવન, બાવન વીર ઉઠયા પોતે,
કીર્ત્તિ અમર કરવા કવિઓએ, ઠરાવી દેહ અમર જો તે!"[2]

"આ આપનો સુદેવ, પરશુરામ નીકળવાનો! મારા વૃદ્ધનું વચન ખોટું નહિ પડવાનું. એનાં લક્ષણજ કહી આપે છે." સૂર્યસિંહે સુદેવ તરફ આંગળી કરી કહ્યુ.

"બાપુ, એ સમય ગયો.' સુશર્માએ કહ્યું અને વળી વધાર્યું કેમ કેઃ-

"ધર્મ તણા વિધાના ગ્રંથો, કરી બ્રાહ્મણો શ્રેષ્ઠ થયા,
ભણિ વિદ્યા બળહીણ બન્યા નહિ, શૂર કામ પણ કરી ગયા."

હમણાં તોઃ—

"લાડુ ઝાપટી, પેટ ઓળશી, સુસ્ત ખાધરા ભોલ બની,
ફરે નકામા બટો આજ પણ, જુદી વાત હતી ઋષિ તણી."

"એટલે ભવિષ્યમાં શું થશે એ કેમ કહેવાય?"

"કેમ શું કહેવાય? મારૂં વૃદ્ધનું વચન ખોટું નહિ પડે." હું ઘણા દિવસથી એની સર્વ ચેષ્ટા જોઉં છું. સૂર્યસિંહે છાતી ઠોકી કહ્યું.

"હવે એ પરશુરામ નિવડે તેમાં શો ફાયદો થવાનો? હવે ક્ષત્રિયો ક્યાં છે? હવે તો બધા બાયલા રહ્યા છે. જો તેમ ના હોત તો ક્ષત્રિયોના પવિત્ર સિંહાસન ઉપર અનાર્ય ભિલ્લો બેસે ખરા? સમય સમયને ખાતો આવે છે. લોકોની ધર્મ ઉપર શ્રદ્ધા નથી એટલુંજ નહિ પણ પોતપોતાનામાં પણ વિશ્વાસ નથી. સંપ રહ્યો નથી. અનેક પંથોએ–ધર્મ મતોએ મનુષ્યને ડગમગતો કરી નાંખ્યો છે. આ ખરૂં કે તે ખરૂં? આ ધર્મ મોક્ષદાયી છે કે તે પંથ મુક્તિદાતા છે? આ મહાત્મા ખરો કે તે મુનિ સત્ય? આવા સંશયાત્મક સમયમાં બ્રાહ્મણોએ અતિશયોક્તિના પગલાં ભરી મનુષ્યને વધારે સંશયમાં મૂક્યો છે, તેમાં વિદેશીઓના હુમલાઓએ અને વિદેશી ધર્મ પ્રવર્તનારાઓના વચનોથી અને લાલચોથી વધુ ને વધુ ભ્રમ ઉપજાવ્યો છે. વળી–"

વચમાંજ વૃદ્ધ બોલી ઉઠયોઃ "એ બધું ખરૂં, પરંતુ સુદેવ, પરશુરામ

---

૧. પરશુરામે મારેલા રજપૂતોનું લોહી કાઢી શ્રાદ્ધ સાર્યું હતું. ૨ પાણીપત.

નિવડે તેમાં અમને તો વધુ લાભ છે મહારાજ!" સૂર્યસિંહે સુશર્માને બોલતો અટકાવી કહ્યું.

"શો લાભ તમને થવાનો છે, બાપુ!"

"ભલેને તે અમારા રજપૂતોને મારે, પણ તે સાથે મુસલમાનોને દેશ બહાર હાંકી કાઢશે, એ ઓછો લાભ છે? સૌની અવધી હોય છે. કાળ પોતાના પંઝામાંથી કોઇને મુકતો નથી. તે તો જ્યારે લાગ આવે છે ત્યારે સૌના ચૂરેચૂરા કરી નાંખે છે. સહસ્ત્રાર્જુને મદમાં આવી બ્રાહ્મણ સ્ત્રીપર કુદૃષ્ટિ કરીને બ્રાહ્મણ ધન હરી લીધું ત્યારેજ પરશુરામને હાથે તેનો અંત આવ્યો બાકી તે તો એમજ સમજતો હતો કે મારૂં રાજ કદી પણ નાશ પામવાનું નથી. ગર્વિષ્ટ રાજા રાવણે બ્રાહ્મણો પાસેથી કર માગ્યો પણ તે શું આપે? તેમની પાસે વનફળ ને વનવાસ સિવાય બીજી શી સંપત્તિ હોય કે તે કર આપે? પણ સત્તાના મદમાં અંધ બનેલા રાજા રાવણને તો કંઈ પણ જોઇતું હતું. તેથી બ્રાહ્મણોએ પોતાની તર્જની-આંગળીમાંથી રકત કાઢી ઘડો* ભરી આપ્યો ને પછી તેનાથી તેનો ક્ષય આવ્યો! ઇંદ્ર જે રાવણનો દાસાનુદાસ, તે પણ રાવણની પડતીનો સમય આવ્યો જાણી પોતાના સારથી સાથે રથ મોકલી રામને આશ્રય આપ્યો.

કંસ રાજા પણ તેવોજ પ્રમાદી હતો. દુર્યોધનના મદ ને જૂલ્મમાં કંઇ ન્યૂનતા ન હતી. તેની સામા મોટા મોટા રાજાઓ થયા હતા. આ

---

* રાવણે પ્રજાજન પાસેથી કર વસુલ કર્યો, તે સમયમા બ્રાહ્મણો પાસેથી કોઇ પણ પ્રકારનો કર લેવાતો નહિ. તેથી આ "રાવણી" કરમાથી બ્રાહ્મણો છટકી ગયા હતા પરંતુ સત્તાના મદમા છકી ગયેલા રાવણે બ્રાહ્મણો પાસેથી પણ કર લેવા રાક્ષસી હુકમ કર્યો! બ્રાહ્મણો પાસે કરમાં આપવાનું શુ હોય? વનમા રહેનારા, વનફળ, ફળાદિ ઉપર ગુજરાન ચલાવનારા અને તપ એજ જેનુ ધન છે એવા બ્રાહ્મણો પાસે-ઉપવિત, કે લગોટી સિવાય અન્ય કંઈ સાધન ન હતું. અત્યાગ્રહ ઉપરથી બ્રાહ્મણોએ પોતાની તર્જની આંગળીમાથી રક્ત કાઢી રાવણના અનુચરને તે લોહીનો ઘડો ભરી આપ્યો. ઘડો રક્તથી ભરેલો જોઈ રાવણ ચમકયો અને તેને અનર્થના કારણરૂપ ગણી, તેના અનુચરને તે કોઇ સ્થળે દાટી દેવા હુકમ કર્યો. પુરાણમાં એમ વર્ણવામાં આવ્યું છે કે આ દાટેલા ઘડામાથી જાનકીજીની ઉત્પત્તિ થઈ, ને તેનાજ વડે રાવણના આખા કુળનું નિકંદન થયું —રામાયણ.

ઉપરથી એવું માલમ પડે છે કે આર્ય પ્રજા માત્ર સહિષ્ટ ને નીતિબળ ઉપર રહેનારી છે. મહારાજ! હાલના મુસલમાન રાજા પ્રજા પીડવામાં, રૈયતને રંજાડવામાં, ચોતરફ પોતાનો ગૌરવ પ્રતાપ દર્શાવવામાં, મદોન્મત નિરંકુશિત રહી માત્ર ધર્મને નામે અન્યને કનડવામા, ઉદ્ધતાઇ, ખટપટ અને નાદાની કરવામાં, સુંદર અને અતિ કોમળ સ્ત્રીઓને પોતાના જનાનામાં લઈ જઇ રાખવામાં કે તેમને લુંડી તરીકે બગદાદના બજારમાં વેચવામાં ધન્ય માને છે! આ વીરબાળક, તેમને તેમ કરતાં તો અટકાવશે?" સૂર્યસિંહે લાલચોળ આંખ્યોથી અને વચમાં વચમાં તલવારની મુઠ ઉપર હાથ નાંખતાં કહ્યું.

"હા, એ સત્ય પણ ધારો કે મારો સુદેવ પરશુરામના જેવો શૂરવીર નીકળ્યો તો તે એકલો શું કરશે?" બાપ્પા માટે શક ન જાય માટે 'મારો સુદેવ' કહી સુગર્માએ વાત લંબાવી.

"તમારો સુદેવ? મહારાજ! તમારો સુદેવ? અને એકલો શું કરશે? તમારા સુદેવને અમારાં બાળકો મદદ કરશે. તેમને આ ભિલ્લ રાજાની સરદારી તળે રહેવાનું પસંદ પડશે? કદાપિ નહિ. એ બાળકોએ સુદેવને "અમારોજ" કહ્યો છે અને તે તેમનોજ થશે, તેમનોજ રહેશે અને અમારા ક્ષત્રિય પુત્ર, એ-એ-ક્ષત્રિય સુદેવને-તમારા સુદેવને નિમકહલાલ રહેશે." "તમારા" શબ્દ ઉપર વારંવાર ભાર મુકીને સૂર્યસિંહે હવે પોતાની શંકા કાઢવા માંડી.

"તેમ થશે તો દેશહિતનું કાર્ય થશે. પ્રજાજનનું કલ્યાણ થશે. પૃથ્વી ઉપરથી કલહ ઓછો થશે. સર્વત્ર શાંતિ ફેલાશે." સુદેવે શાન્તતાથી કહ્યું.

"દેશહિત વગેરે થશે તે સાથે અમારા મર્હુમ રાજાનું પણ હિત સચવાશે. તેમનો મૃતાત્મા શાંતિ પામશે." સૂર્યસિંહે કહ્યું.

"એ શી રીતે?" સુદેવે આશ્ચર્ય ચકિત થઈ પૂછ્યું.

"શી રીતે? મહારાજ માફ કરજો. સુદેવ એ આપનો પુત્ર નથી, પરંતુ એ અમારા ક્ષત્રિય લોહીનો પુત્ર છે. "પુત્રનાં લક્ષણ પારણામાંથી"જ જણાય કર્મ છૂપે નહિ ભભૂત લગાયા. એજ અમારા નાગાદિત્ય મહારાજનો

જ પુત્ર ! ધન્ય છે મહારાજ, ધન્ય છે તમને. ધન્ય છે તમારી રાજ સેવાને. જે કાર્ય રજપૂતોએ ન કર્યું તે કાર્ય તમે બ્રાહ્મણે કર્યું. મહારાજ ! અમને પણ અમારૂં લોહી વહાલું છે. તમે જે ગુપ્ત રાખવા માગો છો તે અમારા વૃદ્ધ જનોની આંખ આગળ ગુપ્ત નહિ રહે, અને રહ્યું પણ નથી. અમે નાગાદિત્ય મહારાજનું લુણ ખાધું છે. અમે નિમકહરામ નહિ થઇશું. સુદેવને આપ પાળજો, ઉછેરજો અને અમે રક્ષીશું. સુદેવમાં તમે ક્ષત્રિય વિદ્યા રૂપી બીજ વાવજો અને અમે તથા અમારાં બાળકો તે ઉપર જળ સિંચીશું. લક્ષ્મીબાઇ તેની માતા છે તો અમારી સ્ત્રીઓ સુદેવની ઉપમાતા થશે. આપ તેના પિતા છો તો અમે સઘળા ક્ષત્રિય વીરો તેના રક્ષક પિતા થઇશું, અને ક્ષત્રિયત્વનું સાર્થક કરીશુ." સૂર્યસિંહે નમન કર્યું. કહેતાં કહેતાં તેની આંખમાં નાગાદિત્ય મહારાજના સ્મરણથી આંસુઓ ઉભરાઇ આવ્યાં અને બંને બાજુ બે ધારા વહેવા લાગી.

"બાપુ ! બાપુ ! આ શું ?"

"આ શુ ? કરેલાં પાપનો પશ્ચાતાપ અને તેનું પ્રાયશ્ચિત."

"પાપ ? અને તેનું પ્રાયશ્ચિત આમ અશ્રુથી ?"

"હા, હા. પાપ અને વળી મહા પાપ ! કરેલા પાપનો–અરેરે ! એ મહા પાપનો પશ્ચાતાપ થોડા સમય સુધી થયો હતો–પછીથી કાળ બળે ભુસાઇ ગયું હતું. આ બે ચાર માસથી ફરી તેજ પાપનો પશ્ચાતાપ હૃદયમાં જાગ્રત થયો અને તેનું પ્રાયશ્ચિત આ અશ્રુ રૂપે નહિ તો બીજી કઇ રીતે?"

"ક્યા પાપનુ ?"

"હા, એ હુ આપને સમજાવું. મહારાજ નાગાદિત્ય ઉપર ભિલ્લ લોકો હુમલો કરવાના છે એવી બાતમી મને મારા ભિલ્લ સિપાઇથી મળી હતી, પરંતુ મેં તેને તે વખતે હસી કાઢયો હતો અને મહારાજને ચેતાવ્યા ન હતા ! બીજે પ્રસંગે અમુક દિવસેજ, ઓચિંતો હુમલો થશે એવી બાતમી મળ્યા છતાં મારા આળસમાં–પ્રમાદમાં અને એક જુના વૈરના બળાપામાં મહારાજને ચેતાવવાનું મને ઠીક લાગ્યું ન હતું, પરંતુ ભિલ્લો આમ કરશે એવી મને ખાત્રી પણ ન હતી. સમયે મને ખાત્રી કરી આપી. પાછ-

ળથી પસ્તાવો થયો, તે ભુલાયો અને આ સાક્ષાત્ નાગાદિત્ય મહારાજની આબેહુબ મૂર્તિ આપના સુદેવનાં દર્શને, મારો ભુલાયલો પશ્ચાતાપ જાગ્રત કર્યો; ત્યારથી તેનું પ્રાયશ્ચિત કરૂં છું."

"આપ શા ઉપરથી કહો છો કે એ મહારાજ નાગાદિત્યનો જ કુંવર છે?"

"એની તાદૃશ્ય મુખાકૃતિ અને બચપણના ગુણ ઉપરથી."

"બાપુ ભૂલ થતી હશે. ઘણાએ જણની મુખાકૃતિ એક બીજાને આબેહુબ મળતી આવે છે."

"તેથી શું થયું? મારૂં હૃદય તેની સાબીતી આપે છે તો."

"સુદેવ, ખરેખર મારો—અમારો પુત્ર છે. નાગાદિત્ય મહારાજના પુત્રની અને રાણીની આપણા સરદારે ઘણી શોધ કરાવી હતી પરંતુ તેમનો પત્તો ન લાગ્યો. પ્રભુ જાણે તેઓ ક્યાં ને કેવી સ્થિતિમાં હશે?"

"ભલે મહારાજ, એ તમારો પુત્ર થાય. મને તેની હરકત નથી. હું તો તેના તરફ પૂજ્ય ભાવે જોઇશ અને આનંદ પામીશ."

પ્રકરણ ૨૦ મું.

વિદ્યાભ્યાસ.

પિતા સ્વરૂપ સુશર્મા પાસેથી વાર્તાઓ સાંભળી સાંભળી સુદેવ વાર્તાઓનો ઘણો શૉખીન થયો હતો. સુશર્માએ પણ તેને વાતોમાં રસ પડે અને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી, વીરરસથી ભરેલી વાતો કહેવા માંડી હતી. આજ પિતા પુત્ર વચ્ચે નીચે પ્રમાણે વાત થતી હતી—

સુશર્મા: "પૂર્વે કોઇ મુનિએ, શ્યેન પક્ષીના હાથમા સપડાયલી એક નાની ઉંદરડી પોતાની નજરે પડવાથી, દયાને લીધે તેને બચાવી અને તપના બળથી એક સુંદર કન્યા બનાવી, પોતાના આશ્રમમાં ઉછેરી મોટી કરી. યુવાવસ્થા પ્રાપ્ત થએલી તે કન્યાને જોઇ તેનો વિવાહ કોઈ બળવાન દેવ સાથે કરવાની

ઇચ્છાવાળા તે મુનિએ સર્વ દેવોને એક પછી એક બોલાવી પોતાની ઇચ્છા કહી. પ્રથમ સૂર્યદેવને બોલાવી કહ્યું કે "આ મારી કન્યા બળવાનને આપવાની છે માટે તેને અંગીકાર કરો."

સૂર્યદેવે કહ્યું "મુનિરાજ, મેઘ મારાથી વધારે બળવાન છે, કેમકે તે મને ક્ષણ માત્રમાં ઢાંકી દઇ મારૂં તેજ હિણુ કરે છે. માટે આપની પુત્રિ મેઘરાજાને આપો."

મુનિએ સૂર્યદેવને રજા આપી મેઘરાજાને બોલાવ્યા અને તેમને પણ સૂર્યને કહ્યુ હતું તે પ્રમાણે કહ્યું.

મેઘરાજાએ કહ્યું: "મારા કરતાં વાયુદેવ અતિશય બળવાન છે, કેમકે તે મને પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે દિશાએ ઘસડી જાય છે. માટે આપ આપની કન્યા તેમને આપો."

ત્યારે મુનિએ વાયુદેવને બોલાવી પોતાની ઇચ્છા જણાવી.

વાયુદેવે કહ્યુ: "મુનિજી ! મારા કરતાં પર્વતો ઘણા બળવાન છે. મારાથી તેઓ જરા પણ કંપાયમાન થતા નથી. માટે આપ શૈલરાજને આપની કન્યા પરણાવો એટલે આપની ઇચ્છા બર આવશે."

મુનિશ્રીએ શૈલરાજને આગ્રહપૂર્વક બોલાવી પોતાની ઇચ્છા જણાવી.

શૈલરાજે કહ્યું: "મહાત્મા શ્રી ! મારા કરતાં ઉંદરો ઘણા બળવાન છે. ગણપતિ મહારાજના તે વાહન છે, અને મારા જેવા કઠણ શરીરવાળાને પણ છિદ્રો–કાણાં–પાડી અશક્ત બનાવે છે, માટે આપ તે મહાન્ બળવાન રાજાને આપની આ યુવાવસ્થા પ્રાપ્ત થએલી કન્યા આપો, તો આપની મનોવાંચ્છના ફળીભૂત થશે."

એ પ્રમાણે એ કન્યાની પૂર્વ જાતિને જાણનારા તે સર્વ દેવોએ ક્રમે ક્રમે, મુનિને ક્રોધ ઉત્પન્ન ન થાય અને પોતાને ના કહેવાથી શ્રાપ ન મળે તેવા સંતોષકારક ઉત્તર આપ્યા. પછીથી મુનિએ જંગલમાં રહેનારા એક ઉંદરને બોલાવ્યો, તેને પોતાની ઇચ્છા જણાવી તથા સર્વ દેવોએ આપેલા જવાબ પણ કહી સંભળાવ્યા. ઉંદર રાજકન્યાને જોઇ કહેવા લાગ્યા, "મુનિજી ! આ કન્યા મારા દરમાં શી રીતે પેસી શકશે ?" મુનિએ કન્યા

સામું જોઇ કહ્યું: "તું પ્રથમની ઉંદરડીજ થા." તરતજ યુવાવસ્થા પ્રાપ્ત થએલી તે મુગ્ધા-એક વખતની મુનિની બાળા ઉંદરડી થઇ ગઇ."

"વત્સ સુદેવ! આ પ્રમાણે પૂર્વે જે જેવું હોય છે તે તેવુંજ થાય છે. વિધિએ જેને જેવો કર્યો છે તે તેવોજ નિવડે છે, અને વિધાતાએ છઠ્ઠીના દિવસે જે અક્ષરો કપાળમાં અંકિત કરેલા છે, તે નિષ્ફળ જતા નથી.

"ललाटपे लिखितं विधाता, षष्ठेदिने याक्षर मालिका च."

"વત્સ! હવે વિશ્વાસમા ફસાવી દુષ્ટો કેવી રીતે છેતરે છે તેની વાત કહું છું તે લક્ષપૂર્વક સાંભળ.

"કોઇ સર્પ વૃદ્ધ થવાથી પુરૂષાર્થ કરવામાં અશક્ત હોવાથી પોતાનો ભક્ષ સહેલાઇથી મળે તેવી ઇચ્છાથી તે એક તળાવ કાઠે ધ્યાન ધરી બેઠો. એવી રીતે ધ્યાનમાં બેઠેલો જોઇ તળાવમાનાં સર્વ દેડકાંઓ ભેગાં થઇ જોવા ટોળે મળ્યાં. તેમાંના કોઇ દોઢ ડાહ્યા દેડકે દૂરથી પૂછયુ: "યોગીરાજ! હમણાં તમે પૂર્વની પેઠે તમારૂં ભક્ષ નથી કરતા કે શુ?"

"મારાથી કોઇ દેડકાની પાછળ દોડતાં ભૂલમાં એક બ્રાહ્મણના પુત્રને અંગુઠે દંશ દેવાઇ ગયો, જેથી તેજ વખતે મારા દાંતમાંનુ કાતીલ ઝેર ચઢી ગયું અને તે બ્રાહ્મણ પુત્ર મૃત્યુ પામ્યો. પુત્રના મૃત્યુથી શોક પામેલા તે બ્રાહ્મણે શ્રાપ દીધો કે "તું દેડકાઓનું વાહન થજે." હવે હું તમારૂં ભક્ષણ શી રીતે કરી શકું? હવે તો હું તમને મારી પીઠ ઉપર બેસાડી ફેરવનારૂં વાહન બન્યો છું." ધ્યાનસ્થ સર્પે જવાબ આપ્યો.

"એ ઉપરથી આવા સુંદર વાહન ઉપર બેસવાની ઉત્સુક્તાવાળો તે દેડકો, જળની બહાર નીકળી ઘણા આવેશથી સર્પની પીઠ ઉપર જઇ બેઠો. થોડે દૂર તેને આમ તેમ ફેરવી પોતે થાકી ગયો હોય તેમ સર્પે જણાવ્યું. પેલા દેડકાએ પાણીમાં પોતાના કુટુંબમાં અને મિત્રોમાં જઈ સર્વને આ વાત જણાવી. સર્પનો ભય ઓછો થએલો હોવાથી દેડકાઓ વારવાર સર્પની પાસે જવા લાગ્યા. તેના ઉપર ચઢી ફરવા અને કુદવા લાગ્યા. ક્રમે ક્રમે સર્પ પણ એક બે દેડકાઓનું ભક્ષણ કોઇ ન જાણે તેમ કરવા લાગ્યો અને થોડી મુદતમાં તો તે તળાવમાંના ઘણા દેડકાઓ તેનું ભક્ષ થઈ પડયા!"

"હે સુદેવ, એ પ્રમાણે પગપેસારો કરેલા બુદ્ધિમાનથી મૂર્ખ જીવો ઠગાયા વગર રહેતા નથી, માટે રાજાએ નીતિવેત્તા થવું જોઇએ. જો રાજા બુદ્ધિમાન હોય તોજ પોતાની ઇચ્છા પ્રમાણે રાજ્યને સુખેથી ભોગવી શકે, અને મૂર્ખ હોય તો પોતાના નોકરો અને શત્રુઓના હાથથી તે વિનાશ પામે છે.

"વત્સ, રાજ્ય લક્ષ્મી એ ધૂત લીલાની પેઠે કપટયુક્ત, જલ તરંગ જેવી ચપળ, અને મદિરા પેઠે મોહ ઉપજાવનારી છે, માટે ધીર ગંભીર વિચારના મંત્રીઓથી યુક્ત, કોઇ પણ ખરાબ વ્યસનથી વિરક્ત અને દરેક વાતના અભિપ્રાયને સારો કે ખોટો સમજનારા રાજાની પાસેજ તે રાજ-લક્ષ્મી પાશથી બંધાએલી હોય તેમ અચલ થઇ ઉત્સાહપૂર્વક રહે છે. વળી મૂર્ખાઓના ઉપદેશથી, મૂર્ખ લોકો ઐહિક અને આમુષ્મિક એ બંને સુખનો વિપાત કરે છે. સમજુ પુરૂષે તો મૂર્ખોનુ સેવન નહિ કરતાં પંડિતોનુંજ સેવન કરવું. વળી અસંતોષ એ પણ દોષજનક છે. તે વિષે વળી એક દૃષ્ટાંત કહુ છું તે સાંભળ:—

" ભિક્ષામાં સંતોષ માની રહેતા કેટલાએક હૃષ્ટપુષ્ટ સંન્યાસીઓને જોઇ કોઇ મિત્રો પરસ્પર કહેવા લાગ્યા: " અહોહો, આ સંન્યાસીઓ ભીખ માગી ખાનારા છતાં કેવા અલમસ્ત છે ? તેમનું શરીર કેવું હૃષ્ટપુષ્ટ દેખાય છે ? " ત્યારે તેમાના એક મિત્રે કહ્યું: " હું તમને તેની મઝા બતાવું છું. પ્રથમની માફક ખાતા હશે છતા, જુઓ હું કેવો તેમને દુબળો પાડી દઉ છું ? " એમ કહી એક દિવસ તે સંન્યાસીઓને પોતાને ઘેર જમવા તેડી લાવ્યો અને પૂજા અર્ચનાદિ કરી તેમને ઉત્તમ ભોજન જમાડયાં. આ ઉત્તમ ભોજનથી લલચાઇ " રોજ આપણને આવું ભોજન મળે તો ઠીક " એમ તે સંન્યાસીઓ વિચારવા લાગ્યા. તેમનો ભાવ ભિક્ષા ભોજન-ઘેર ઘેર માગેલા ટુકડા ઉપરથી-ઉઠી ગયો, અને ભોજનના અસંતોષથી તેઓ દિન પર દિન દુબળા પડવા લાગ્યા. શરીર સુકાતું ચાલ્યું, અને પહેલાંના હૃષ્ટપુષ્ટ શરીર ઉપર કરચલીઓ દેખાવા લાગી, ત્યારે પેલા મિત્રે પોતાના બીજા મિત્રોને કહ્યું: " પ્રથમ જ્યારે આ લોકો ભિક્ષા ભોજન ઉપર જ સંતુષ્ટ રહેતા હતા ત્યારે, તેમનું શરીર કેવું હૃષ્ટપુષ્ટ હતું ? અને હાલ તેના અસંતોષને લીધે

કેવા દુબળા પડી ગયા છે?" સુખની ઇચ્છા રાખનાર સુજ્ઞ માણસે પોતાના મનને સંતોષમાંજ સ્થાપવું; અસંતોષ હમેશ બંને લોકમાં[1] દુઃસહ[2] આપનાર છે."

"વત્સ સુદેવ!

सन्तोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् ।
सन्तोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ॥

સુખાર્થી મનુષ્યે સંતોષ રાખીને નિયમમાં રહેવું, સંતોષ સુખનું મૂળ છે. અસંતોષ દુઃખનું કારણ છે.

કેમકેઃ—

न नित्यं लभते दुःखं न नित्यं लभते सुखं ।
शरीर मेवायतनं दुःखस्य च सुखस्य च ॥[3]

નિરંતર દુઃખ હોતું નથી, તેમ નિરંતર સુખ પણ મળતું નથી. આ શરીર સુખ અને દુઃખ એ બંનેનું સ્થાનજ છે.

માટેઃ—

सुखं वा यदि वा दुःखं प्रियं वा यदि वाऽप्रियं ।
प्राप्तं प्राप्त मुपासीत हृदये ना पराजितः ॥[4]

સુખ હો અથવા દુઃખ હો; પ્રિય હો અથવા અપ્રિય હો; જે આવે તેને અપરાજિત ચિત્તથી સેવવું.

કેમકે—

यस्माद भावी भावी वा मनुष्यः सुखदुःखयोः ।
आगमे यदि वापाये न तत्र ग्लपयेमनः ॥[5]

સુખ દુઃખ અવશ્ય ભોગવવાંજ પડે છે, માટે સુખનો નાશ અને દુઃખની પ્રાપ્તિ થાય ત્યારે ખેદ કરવો નહિ.

માટેઃ—

सुखमा पतितं सेवे दुःखमापतितं सहेत् ।
काल प्राप्त मुसापीत शस्यानामिव कर्षकः ॥[6]

---

૧ આ લોક અને પરલોક. ૨ દુઃખ. ૩. મનુ ૪-૧૨. ૪. શાન્તિપર્વ ૧૭૪-૫૧. ૫. વન. ૧૭૯-૧૬. ૬. ૨૫૮-૧૫.

સુખ આવે ત્યારે સુખને સેવવું, અને દુ ખ આવે ત્યારે દુ ખને સહન કરવું. ખેડૂતો જેમ ધાન્યના સમય ઉપર આધાર રાખે છે તેમ કાલની ગાતથી જે પ્રાપ્ત થાય તેને સેવવું.

કેમકેઃ—

सन्तापाद् भ्रश्यते रुपं सन्तापाद् भ्रश्यते बलं ।
सन्तापाद् भ्रश्यते ज्ञानं सन्तापाद् व्याधि मृच्छति ॥[1]

સંતાપથી રૂપ જાય છે. સંતાપથી બળ જાય છે. સંતાપથી જ્ઞાન જાય છે અને સંતાપથી વ્યાધિ પ્રાપ્ત થાય છે.

"આ સંસાર જો કે સુખ પ્રતીત કરાવનાર ભાસે છે, પરતુ તે દુઃખ પ્રધાનજ છે. જીવ માત્ર જો પોતાના અતઃકરણમા ઉદ્દ્ભવના સુખ-દુઃખનો હિસાબ રાખે તો તેને સ્પષ્ટ જણાશે કે સાંસારિક સ્થિતિમા સુખાનુભવ કરતા દુઃખાનુભવ વધારે છે. કદાચિત્ કોઈ પુણ્યવાન્ પુરુષને સાંસારિક સ્થિતિમાં ન્યૂન દુઃખનુ ભાન થતું હોય છે તોપણ જગત્‌ની દુઃખ પ્રધાનતા તેથી કંઈ મટતી નથી. મનુષ્ય માત્રને દુઃખના સમયમાં ગભરાવું નહિ, પણ ધૈર્ય રાખીને દુ ખ ટાળવાના ઉપાય યોજવા. ઘણીવાર આપણે જોઈએ છીએ કે આપત્તિ એક પછી એક આવવા લાગે છે, અને તેથી વિકળ થએલો મનુષ્ય પ્રાણ તજી દે છે; અથવા તો અધિક દુઃખી થઇ જાય છે, માટે દરેક સુજ્ઞ મનુષ્યે એવો સમય-આપત્તિનો સમય-આવવાનો છે એમ સમજીને, જેમ કોઈ આપણે ઘેર આવનાર સજ્જન પુરૂષના આતિથ્ય માટે સાવધાન રહીએ છીએ તેમ સાવધાન રહેવુ ઘટે છે. "કર્મની ગહન ગતિ છે." એમ જે કહેવાય છે તે ખોટું નથી. કર્મ કંઇ આ જન્મનુ ફળ આ જન્મમાં આપે છે તેમ નથી. પાપ પુણ્ય કર્યુ હશે તેનું ફળ કોઇ પણ જન્મમાં મળે છે. કહ્યું છે કે—

यत्कर्म बीजमुप्तं येनपुरा निश्चितं सतरभुंक्ते ।
पूर्वकृतस्य हि शक्यो विधिनापिनकर्तु मन्यथा भावः ॥

---

૧. ઉદ્યોગ ૩૫-૧૬૦૩.

तस्माद्यत्र यथायद् भवितव्यं यस्य दैवयोगनं ।
तत्र तथा तत्प्राप्त्यै विवशोसौनीयतेऽत्रन भ्रांतिः ॥

"જે કર્મ બીજ પૂર્વે, વાવ્યું તે તો જરૂર ભોગવવું,
પૂર્વાર્જિત કર્મોમાં, વિધિથી પણ અન્યથા કદી ન થાવું;
તેથી જ્યાં જ્યમ જેનું, ભવિષ્ય થાવું જરૂર તે વારે,
ત્યાં ત્યમ તેનુ થાવા, વિવશ બનાવી પરેશ પહોંચાડે."

"વત્સ ! કરેલાં કર્મ ભોગવવાનાં છે. કોઇ મોડાં તો કોઇ વહેલાં, કોઇ આ જન્મમાં તો કોઇ અન્ય જન્મમાં, કોઇ બાળપણમાં તો કોઇ યુવાવસ્થામાં, કોઇ મધ્યકાળમાં તો કોઇ વૃદ્ધાવસ્થામાં. જ્યારે જેનો સમય થશે ત્યારે તે ભોગવવાજ પડશે. પરંતુ કર્મબંધનથી છૂટવાના ખરા માર્ગ પ્રમાણે ચાલીએ તો ઈશ્વર આપણને સહાય કરેજ છે, અને અંતે આપણને કર્મબંધનથી તે છોડાવે છે. નઠારૂં કર્મ જ્યારે ત્યારે પણ નઠારૂં ફળ આપ્યા વિના રહેતુંજ નથી. ભૂંડુ કર્મ કરનારાને કદાચિત્ તાત્કાલિક લાભ ભાસે છે, તેમને સોનાનો સૂર્ય ઉગેલો લાગે છે, પરંતુ જ્યારે ત્યારે તેનું ભૂંડું ફળ ભોગવ્યા વિના છૂટકોજ નથી ! મહાન્ પુરૂષોએ બાંધેલો સિદ્ધાંત "**आत्मवत् सर्व भूतेषु**" એ સાચો છે. આપણા સંબંધમાં કરેલાં બીજાનાં કૃત્ય આપણને રૂચતાં નથી તો આપણે કરેલાં કૃત્યો બીજાને કેમ રૂચે ? નઠારાં કર્મ કરનાર મનુષ્યો જો કે ઘણી ગુપ્ત રીતે ખોટાં કૃત્યો કરે છે, તોપણ તેમને તેમના કર્મોનું ફળ આપનાર કોઇ સત્તા છે. તેનાથી તેમનાં કૃત્યો છુપાં રહી શકતાં નથી. આથી સ્પષ્ટ જણાય છે કે કર્મ ફળ આપનાર સત્તા સર્વ સ્થળે વ્યાપી રહેલ છે. નઠારૂં કર્મ કરનારને તત્ક્ષણ જો તેના કર્મનું ફળ ન મળે તો તેથી કાંઇ રાજી થવાનું નથી. પાપીને તેના પાપ કર્મનો પસ્તાવો થયાંજ કરે છે. તેને અંતરમાં સંતાપ અને ભય રહે છે. માટે દ્રવ્યોપાર્જનમાં ન્યાય માર્ગનું અવલંબન કરવું. કહ્યું છે કેઃ—

सुधीरर्थार्जने यत्नं कुर्यान्न्याय परायणः ।
न्याय एवानपायो मदुपायः सर्वसंपदाम् ॥[1]

---

૧ વિ. વિલાસ. ૪૦

ડાહ્યા પુરુષે ન્યાયમાર્ગનું અવલંબન કરીનેજ દ્રવ્ય ઉપાર્જન કરવું, કેમકે ન્યાય એજ દ્રવ્ય ઉપાર્જન કરવાનો શુદ્ધ ઉપાય છે.

વળી,—

दत्तः स्वल्पोऽपि भद्राय, स्यादर्थो न्यायसंचितः ।
अन्यायात्तः पुनर्दत्तः, पुष्कलोऽपि फलोज्झितः ॥[1]

ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ધર્મ કરતાં થોડું વાપરે તોપણ તે કલ્યાણને અર્થે છે, અને અન્યાયથી ઉપાર્જન કરેલું બધુ કે ઘણું વાપરે તોપણ તે નિષ્ફળ છે એમ જાણવું.

અને,—

धर्ममर्माविरोधेन, सकलेऽपि कृतोचितः ।
निस्तन्द्रेण विधेयोऽत्र व्यवसायः सुमेधसा ॥[2]

બુદ્ધિશાળી માણસે ધર્મના તત્ત્વને વિરોધ ન આવે એવી રીતે આળસ રાખ્યા વિના ઉચિત વ્યાપાર કરવો.

વળી,—

अकर्ण दुर्बलः शूरः कृतज्ञः सात्त्विको गुणी ।
वदान्यो गुणरागी च, प्रभुः पुण्यैरवाप्यते ॥[3]

કાનનો કાચો નહિ એવો, કર્યા ઉપકારનો જાણનાર સત્ત્વશાલી, ગુણી, ઉદાર અને ગુણરાગી એવો પ્રભુ[4] પુણ્યથીજ મળી શકે છે.

સુશર્મા વાત કહેતો હતો. બાપ્પા એક ચિત્તે સાંભળતો હતો. એટલામાં સાયંકાળનો સમય થયો. સુશર્માએ કહ્યું:-વત્સ! સાયંસન્ધ્યા કરવાનો સમય થયો છે. કહેલી વાતોનું સ્મરણ રાખજે અને આપેલી શિખામણનું મનન કરજે. ત્હારૂં ભવિષ્ય ઉજળું જણાય છે. પ્રભુ ત્હારૂં કલ્યાણ કરો. બીજી વાતો પુનઃ પ્રસંગ મળતાં કહીશ. આજે તું પણ સાયંસંધ્યા કર!

---

૧ વિ. વિ. ૪૧ ૨ વિ. વિ. ૪૨ ૩ વિ. વિ. ૪૩ ૪ રાજા.

પ્રકરણ ૨૧ મું.

શિકાર.

" પુત્રનાં લક્ષણ પારણામાથી વહુનાં લક્ષણ બારણામાંથી. "

બાપ્પાની મંડળી એક દિવસ હરણનો શિકાર કરવા જંગલમાં ગઇ હતી. હરણ ડુંગરામા કુદતું કુદતું નાસતું હતું. બાપ્પા અને તેના બીજા મિત્રો પૈકી બે જણ તેની પાછળ પડયા. બાપ્પાની નેમ આ પહેલીજ વખત હરણના સુભાગ્યે ચૂકી ! હરણ બચી ગયું બાપ્પા અને તેના મિત્રો તેની પાછળ પડયા, પરંતુ જંગલના આડફાટા રસ્તામાં તેઓ વિખુટા પડી ગયા. હરણને પકડવાની લહેરમાં બાપ્પાને પોતાના મિત્રો પાછળ આવે છે કે નહિ તેનુ ભાન ન રહ્યું. એટલામાં તેજ હરણ એક મોટા વાઘનો શિકાર થઈ પડેલુ તેના જોવામાં આવ્યુ. આ પંચાનનનું ઉગ્ર સ્વરૂપ જોઇ બાપ્પાને ભીતિ ઉત્પન્ન થઇ, કારણ કે વાઘનો શિકાર તેણે કોઇ પણ વખત કરેલો ન હતો. વાઘ, હરણને પૃથ્વીપર નાંખી પડયો હતો અને તેનાં બે બચ્ચાં હરણની આસપાસ રમતાં ફરતા હતાં. બાપ્પાએ પોતાના મિત્રો પાછળ આવે છે એવી આશાથી પાછળ જોયુ અને બે ચાર બૂમ પણ મારી પરંતુ કોણ જવાબ દે ? આજ વખતે ખરા ક્ષાત્ર તેજની કસોટીની વેળા હતી. એક નાના બાળકની ધીરજ અને હિમ્મતની પરીક્ષાનો આજ વખત હતો. બાપ્પાએ પોતાના કામઠા ઉપર તીર ચઢાવ્યુ અને ચારે બાજુ જોતો જોતો ચાલ્યો, એટલામાં વાઘનાં બન્ને બચ્ચાં બાપ્પા તરફ ધશી આવ્યાં. બાપ્પાએ બન્ને બચ્ચાને તીરથી ઘાયલ કર્યાં, અને પાસે જઇ એ બન્ને બચ્ચાંને તેમના ગળામાં પોતાના ફેંટાનો ગાળો ઘાલી ઘસડતો ચાલવા લાગ્યો. થોડેક દૂર ગયો નહિ હોય એટલામાં તેની મંડળીના બે મિત્રો મળ્યા. તેમને સઘળી વાત જણાવી. વાઘ કયાં છે તે જણાવી, સાવધ રહેવા સમજા-

વ્યું અને મોટા દિમાગમા પોતાની પાછળ રહેલા સોબતીઓને જઈ મળ્યો.

દિવસ ખુલ્લો હતો. વરસાદની ઋતુ ન હતી પણ ઓચિંતુ વાદળ ચઢી આવ્યું અને હમણાં પુષ્કળ વરસાદ પડશે એવાં ચિહ્ન થવા લાગ્યાં. પવન પણ પુષ્કળ છૂટયો. ધૂળ ઉડી આકાશ ભરી નાંખ્યું. સર્વેની આંખો પણ ધૂળથી છવાઇ ગઈ બાપ્પાને તેના મિત્રો કોઇ જગ્યાએ સંતાઇ રહેવાનું કહેવા લાગ્યા, પરંતુ પંચાનન પોતાનાં બાળકોને નહિ જુએ તો તે શોધતો પાછળ આવી પહોંચવાના ડરથી હા, ના, કરતાં સર્વ જણ એક મોટા કાળા પત્થરની શીલા નીચે ભરાઇ બેઠા. આ શિલાની પાસેજ દશેક હાથ ઉપર એક સતત્ વહેતો વહેળો હતો. વરસાદ શરૂ થઇ ગયો હતો અને પવન પણ પુષ્કળ છૂટયો હતો.

શિલા તળે બેઠા પછી તેમની નજર વાઘે કરડેલા એક છોકરા ઉપર પડી. તે સમયે વાઘ ત્યા ન હતો, પરતુ છોકરો એકલો ત્યાં પડયો હતો. સર્વેએ મળી તે છોકરાને પોતાની પાસે ઉપાડી આણ્યો શિલા મોટી હોવાથી અંદર વા કે વરસાદની છાંટ પણ ન આવે તેમ હતું, તેમ બહારથી આવનારની નજરે અંદર કોણ છે તે એકદમ જણાય તેવું ન હતું. પેલા છોકરાનો ઘા બાપ્પાએ ધોઈ નાંખી તેના ઉપર પાણીનો ભીનો પાટો બાંધ્યો. છોકરો જરા સાવધ થયો એટલે સૌ પોતાની પાસેનું ભાથુ કાઢી ખાવા લાગ્યા.

વળી વિજળીઓનો ચળકાટ થવા લાગ્યો. મોટા ગડગડાટ સાથે વા અને વરસાદ શરૂ થયો. અર્ધા કલાકમાં ડુંગરા ભરી કાઢ્યા અને પાણી ખળખળ વહેવા લાગ્યું. પાસેનો વહેળો પણ પૂરજોસમાં વધ્યો અને પાણી ઠેઠ શિલાના મુખ લગી આવી પહોચ્યું.

જંગલમાં પવન પાણીનું જોસ, વિજળીઓનો ચમકાટ, આકાશમાં થતો ગડગડાટ, તેનો પ્રતિધ્વનિ, અને ગડગડાટમાં થતી હિંસક પ્રાણીઓની ગર્જનાથી ગમે તેવા ધૈર્યવાનનું ધૈર્ય ઘડીભર જતું રહે તો આ દશ વર્ષના બાળક બાપ્પાનું શું ગજું ? તેને ડર લાગ્યો. હવે શું થશે ? ઘેર શી રીતે જવાશે ? માતાપિતા શુ કહેશે ? વગેરે વિચારે તેની આંખમાં જળજળિયાં આવ્યાં. તેના જંગલી મિત્રોએ તેને આશ્વાસન આપ્યું અને એક રજપૂત

મિત્રે તો, "મારા પ્રભુ ! આ શું ? તારી આંખમાં તે આંસુ હોય ?" કહી તેને છાતી સરસો દાબ્યો.

"મારા પ્રભુ !" એ શબ્દે બાપ્પાને શુદ્ધિમા આણ્યો, અને આ મિત્રે મને ઓળખ્યો ધારી પોતાથી થએલી મુર્ખાઇ ઉપર તે હસી પડયો.

પાછલા પ્રકરણમાં આવી ગએલા સૂર્યસિંહને પંદર વર્ષની ઉમરનો એક પુત્ર હતો. સુશર્મા સાથે થએલી વાતચિતમાં સૂર્યસિંહે સુદેવ એજ બાપ્પા છે એમ નક્કી કર્યું હતું અને સુશર્મા હજુ પોતાનાથી બાપ્પાના જીવના જોખમ માટે એ વાત છુપાવે છે એમ ખાત્રી થઇ હતી. પોતાના પુત્રને તેણે એ વાત જણાવી હતી, અને બાપ્પાની સાથેજ રહેવા સૂચના આપી હતી. પોતાના મિત્રના સ્વામિની આંખમાં આસુ જોઇ: "મારા પ્રભુ ! આ શું ? તારી આખમાં તે આસુ હોય ?" એમ તેનાથી બોલાઇ જવાયું, અને પોતાનુ માથું બાપ્પાની આગળ મૂકી તેને ખવરાવી શાન્ત પાડયો.

જે સમયે બાપ્પા અને તેના મિત્રો હરણનો શિકાર કરવા જંગલમાં હરણની પાછળ પડયા હતા, તેજ સમયે એક ઠાકોરનો પુત્ર પોતાના ત્રણ ચાર સોબતીઓ સાથે તેજ જંગલમાં જોએલી એક વાઘની જોડનો શિકાર કરવા આવ્યો હતો. આ જોડ પૈકીના એક વાઘે હરણનો શિકાર કરેલો છે અને તેના બને બચ્ચાંને બાપ્પાએ પકડી આણ્યાં છે, એવું આપણે આગળ વાંચી ગયા. આ નવા શિકારીઓ વાઘનો શિકાર કરી તેને લઇને આવતા હતા તેવામાં વાવાઝોડું થયુ અને વરસાદની શરૂવાત થએલી હોવાથી ભરાઇ બેસવાની જગ્યા શોધતા હતા એટલામાં પુષ્કળ વરસાદ પડયો. તેમનાં બધાં કપડાં ભીંજાઇ ગયાં. પવન અને ભીંજાયલા કપડાંથી શરીરને થએલી ઠંડીને લીસે થરથર ધ્રુજવા લાગ્યા.

વરસાદ લગભગ કલાકેક પુષ્કળ વરસ્યા પછી એકદમ ઉઘાડ થયો અને તાપ શરૂ થયો. થોડા વખતમાં તો ત્યાં વરસાદ પડયો હતો કે નહિ એવી સ્થિતિ થઇ રહી.

ઠાકોર પુત્ર, પોતાના મિત્રો સાથે તાપ પડવાથી કપડાં સુકવી જવાની તૈયારી કરવા લાગ્યો.

બીજી બાજુ બાપ્પા અને તેના મિત્રો પણ ખાઇ પી તાજા થઈ ઘેર જવા તૈયાર થયા હતા.

એટલામાં વાઘણ આવી અને વાઘને ન જોતાં ગર્જના કરવા લાગી. તેને પોતાના સ્વામીનો પ્રતિઉત્તર ન મળવાથી તેને શોધતી શોધતી આવતી હતી, એટલામાં વાઘને મરેલો જોઇ ખૂબ ખીજવાઇ, અને તેમાં વળી પોતાનાં બચ્ચાં જડતાં ન હોવાથી તેનો ગુસ્સો વધ્યો હતો. નવા શિકારીઓને હવે ભય નજીક આવતો જણાયો તેઓ પોતપોતાના ધનુષ્યને સજ કરવા લાગ્યા. ધનુષ્યની દોરીઓ પાણીથી ભીંજાયલી હોવાથી તેનો તાણ જોઇએ તેવો થતો ન હતો તેથી તેમની ધીરજ જતી રહી, પરંતુ કંમરે બાંધેલી તલવારો ઉઘાડી કરી પ્રસગ આવે તેનો ઉપયોગ કરવાની તૈયારી રાખી ચાલવા માંડયું.

બાપ્પાના સોબતીઓ પણ વાઘણના તડૂકાથી ભય પામ્યા, અને ડુંગરા ઉપર ચાલતી વાઘણને જોઇ હિમ્મત હારી ગયા. બચાવ માટે ઝાડ ઉપર ચઢી સંતાવાની યુક્તિ ખોળી કાઢી. નાના નાના સોબતીઓને પહેલાં ઝાડ ઉપર ચઢાવી દીધા અને બીજા પોતપોતાના અનુકૂળ ઝાડે ચઢયા બાપ્પાએ એક મોટા પથ્થર પાછળ વાઘના બચ્ચાંને સતાડયાં, અને તે અને બીજા બે એક મોટા ઝાડ ઉપર ચઢી ગયા. સર્વે પાસે તીરકામઠાં હતાં. કેટલાક પાસે તીર કામઠું અને નાની તલવાર હતી.

વાઘને મરેલો જોઈ વાઘણ ઘણી ગુસ્સે થઇ. પોતાની પૂછડીનો જમીન ઉપર પ્રહાર કરતી, ક્રોધ દર્શાવતી આમતેમ દોડવા લાગી. તેને મનુષ્યની ગંધ આવી. એ ગંધને સુંઘતી સુંઘતી પેલા નવા શિકારીઓ નજીક આવી. તેમની અને વાઘણની એક દષ્ટિ થઇ. વાઘણનું ઉગ્ર સ્વરૂપ જોયા પછી ધનુષ્યની દોરી કામ કરી શકે તેવી નથી એ જોઇ શિકારીઓ ગભરાયા, અને શું કરવું તેના વિચારમાં પડયા ! મેદાન લગી જવાનો વિચાર કરી વાઘણ તરફ દષ્ટિ રાખતા તેઓ આગળ ચાલ્યા. વાઘણ ડુંગરા ઉપર તડુકા કરતી હતી અને તે પણ ઉતરવાનો લાગ સાધતી હતી. તે પણ પેલા શિકારીઓ ઉપરજ લક્ષ રાખતી, પગ અને પૂછડી પછાડતી, ગર્જના કરતી તેની સાથેજ ટેકરાઓ ઉપર ચઢઉતર કરતી હતી. મેદાન આવ્યું, ટેકરા પુરા

થયા. વાઘણ નીચે ઉતરી અને તેમની સામે આવી. શિકારીઓને નાસી જવાનો લાગ ન હતો. વાઘણને પણ પોતાનો શિકાર છોડી જવાનું મન ન થયું. આ સ્થળથી ૩૦-૪૦ ડગલાં ઉપર આવેલાં ઝાડો ઉપર બાપ્પા અને તેના મિત્રો ભરાઈ બેઠેલા હતા. બાપ્પાને કૌતક લાગ્યું અને ઉત્સાહ થયો. પોતાનું નાનું તીર કામઠું તૈયાર કરી હાથમાં ઝાલી રાખ્યું, તેની સાથે બીજાં બે તીરકામઠાં પણ તૈયાર થયાં, માત્ર છોડવાની વાર હતી.

નવા શિકારીઓએ વાઘણને ચારે બાજુથી ઘેરી લેઇ અને લાગ આવે કે તેના ઉપર શરસંધાન કરી તેને ઠાર કરવી, એવો ઠરાવ કરી મૂક્યો હતો. વાઘણ પણ થોભી સમય-લાગ શોધતી હતી. તેણે એક તડૂકો કરી એક શિકારી ઉપર ઓચિંતી દોડી તલપ મારી. પેલો શિકારી તેની તલપને ચૂકવી શક્યો નહિ. બીજા શિકારીઓ હવે વાઘણ ઉપર ઉલટયા. વાઘણને પેલા શિકારીએ પેટમાં તલવાર મારી, પરંતુ તેને તે ન લાગતાં માત્ર ઉઝરડો થયો. બીજા ત્રણે શિકારીઓને પોતાના ઉપર આવેલા જોઇ વાઘણે તેને છોડી દીધો અને ઠાકોર પુત્ર ઉપર તલપ મારી. ઠાકોર પુત્ર તૈયારજ હતો. વાઘણની તલપ તેણે પોતાની તલવાર ઉપર ચૂકવી પણ તલવાર હાથમાંથી છુટી જઇ વેગળી પડી, માત્ર તેના પંઝા પકડયા. હવે બંનેનુ દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. તેના સાથીઓની પણ વાઘણના અંગ ઉપર જવાની હિમ્મત ચાલી નહિ. ઠાકોર પુત્રના શરીર ઉપર અને હાથ ઉપર લોહી વહેતું હતું, છતાં તેણે ઘણીજ ધીરજ રાખી હતી.

બાપ્પાની મંડળીએ વાઘણને બીવરાવવા ખૂબ જોરથી ઘોંઘાટ કરી મૂક્યો, પણ વાઘણ તો ઉલટી વધારે ચિડાઇ. ઠાકોર પુત્રની શક્તિ કમી થવા લાગી હતી. બાઝમબાઝા કરતાં બને જણ જે ઝાડ ઉપર બાપ્પા હતો તે નજીક આવી પહોંચ્યા. બાપ્પાના મનમાં પોતાનુ તીર મારવાનું થઇ આવ્યું તીર મારતાં કોને વાગશે એ નક્કી જેવું ન હતું, કેમકે બંને જણ ક્ષણ ક્ષણમાં ગડમથલ કરતા હતા. બાપ્પાના બંને સાથીઓ બાણ મારવામાં ઘણાજ હોંશિયાર હતા. તેણે બાપ્પાને તીર મારતાં રોકયો, ને કહ્યું કે "જો તીર વાઘણને ન વાગ્યું ને પેલા શિકારીને વાગ્યું તો બધું નકામું

જશે. ખરૂં શૌર્ય બતાવવાનો અત્યારેજ સમય છે. નીચે ઉતરી તલવારથી વાઘણને મરાય તોજ તેનો પ્રાણ બચે."

"નારે બાપ, તો તો આપણું આવીજ બને તો." બીજાએ કહ્યું.

"હું નીચે ઉતરી વાઘણને મારી શિકારીનો જીવ બચાવીશ, જે થનાર હશે તે થશે. આવા ક્રુર પ્રાણી સાથે હાથોહાથ લઢનારનો જીવ આપણે ન બચાવીએ તો આપણું જીવ્યુજ નકામુ છે." બાપ્પાએ પ્રત્યુત્તર આપ્યો. "મને તમારી તલવાર આપો.' કહી દશ વર્ષનો બાળક બાપ્પા, પેલા ના કહેનારની તલવાર લઇ મોમાં પકડી નીચે ઉતર્યો અને ધીમે પગલે જઈ વાઘણ ઉપર પાછળથી હલ્લો કર્યો.

વાઘણ ઠાકોર પુત્રને છોડી દઇ બાપ્પા તરફ ફરી, પરંતુ એટલામાં તેના ઉપર બે ઘા પડયા. એક બાપ્પાનો અને બીજો તેના છુપા રક્ષક પેલા સૂર્યસિંહના પુત્રનો, જે બાપ્પાની પાછળ ઉતર્યો હતો અને જેણે બાપ્પાને ઉશ્કેર્યો હતો.

ઠાકોર પુત્ર એટલામાં સાવધ થયો. તે લાગલોજ ઉભો થયો અને પોતાની કમ્મરે લટકતો છરો કાઢી વાઘણના પેટમાં ખોસી દીધો ખરો, પણ છરો ખેંચી લેવાની તેનામાં શક્તિ ન રહી. વાઘણના પંઝા વાગવાથી લોહી બહુ વહી ગયુ હતું. તેને મૂર્ચ્છા આવી અને પડયો. પોતે વાઘણના ભયથી મુક્ત થયો છે તેનું પણ ભાન તેને ન હતું બાપ્પાએ વાઘણનુ માથુ કાપી નાંખ્યુ. ઠાકોર પુત્રને શુદ્ધિમાં આણવા પ્રયત્ન કરવા લાગ્યા. પહેલાં ઘાયલ થએલા શિકારીઓને ઉંચકી બીજા શિકારીઓ ત્યાં આવી પહોંચ્યા એટલામાં, બાપ્પાની મંડળી પણ ઉતરી ત્યાં એકઠી થઈ ગઇ. નાના અને મોટા શિકારીઓ સર્વે બાપ્પાની વાહ વાહ બોલવા લાગ્યા.

ઠાકોર પુત્ર સાવધ થયો. પોતાનો જીવ એક નાના બાળકે બચાવ્યો, તે તેના જાણવામાં આવ્યું.

આ યોગથી બાપ્પાના જીવનમાં નવીનજ પ્રભાવ થયો.

પ્રકરણ ૨૨ મું.

બાપ્પાનો ભાગ્યોદય.

उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रु विग्रहे ।
राजद्वारे श्मशाने च यः तिष्ठति सः बान्धवः ॥

દશ વર્ષના એક નાના બાળકે પોતાનો જીવ બચાવ્યો, એ જોઇ ઠાકોર પુત્ર સમરસિંહને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થયું. તે બાપ્પાને ભેટી પડયો અને પોતાનો જીવ બચાવી જે ઉપકાર કર્યો છે, તે જન્મભર નહિ ભુલું એમ દર્શાવતો હોય તેમ તેની આંખ સામુ જોઇ રહ્યો. તે બાપ્પા જોડે પોતાના મિત્રો સહિત વડનગર ગયો.

સુશર્મા અને તેમનાં ધર્મપત્ની, બાપ્પાને આવતાં વાર થઈ તેથી અને વચ્ચે પડેલા વરસાદને લીધે તેનું શું થયું હશે તે વિચારતાં બારણામાં રાહ જોઇ ઉભાં હતાં. બાપ્પા તેમને જોઇ દોડીને પગે પડયો, અને "માતા પિતા ઘણીવાર થઇ, ક્ષમા કરો" કહી માફી માગી સુશર્માએ તેને આશિષ આપી અને લક્ષ્મીબાઇએ "ઘણું જીવો, મોટાં પરાક્રમ કરી પ્રતાપી થાઓ. પુનઃ રાજ્ય સંપાદન કરો અને કુળની પ્રતિષ્ઠા વધારો." કહી હાથ ઝાલી ઉઠાડયો. એટલામાં પાસે આવતા અન્ય અપરિચિત ધનુષ્ય તલવારવાળા ચાર મનુષ્યોને જોઇ બંને જણ વિચારમાં પડયાં. "એ કોણ હશે? શું બાપ્પાની બાળ લાગી? શું બાપ્પાને પકડી જવા આવ્યા હશે? અરેરે! ઈશ્વર, હવે શું થશે?" એમ તેમના મનમાં ઉપરાઉપરી વિચાર આવવા લાગ્યા.

સમરસિંહે તેમને પ્રણામ કર્યા અને તેના અન્ય સાથીઓએ પણ તેમ કર્યું. સર્વેને આશીર્વાદ અને આવકાર આપી સુશર્મા શાન્ત થયા. સમરસિંહે નાના ગુરૂદેવનાં પુષ્કળ વખાણ કર્યા અને જંગલમાં બનેલી સઘળી હકીકત કહી સંભળાવી.

" મારા પ્રાણદાતાને મારી સાથે મારે ઘેર તેડી જવા હું આપની રજા લેવા આવ્યો છું. આપ કૃપા કરીને રજા આપશો. " સમરસિંહે કહ્યું.

સુશર્માને ઘણો વિચાર થઈ પડયો. " હા કહું કે ના કહું ? જવા દેવામાં ફાયદો છે તેમ ગેરફાયદો પણ છે. " તેને જૂદી જૂદી જાતના તર્ક વિતર્કો થયા. સાશંક મુદ્રાથી બાપ્પા તરફ જોયું. બાપ્પાએ પણ તેવી જ રીતે સુશર્મા સામું જોયું. સુશર્માએ સમરસિંહને ઉત્તર દીધું:–

" ઠાકોર, આપના જેવાની વિનંતિ મારે માન્ય ન કરવી એ ઠીક નથી. વળી મારા કરતા મારા આ બાળકની ઘણી સારી બરદાસ્ત આપને ત્યાં લેવાશે એમાં પણ કંઈ શંસય નથી, તેમ આપનો આ બાળક પ્રત્યે ઉત્પન્ન થએલો નિષ્કપટ પ્રેમ ઉત્તરોત્તર વૃદ્ધિને પામશે એમ પણ હું સારી પેઠે સમજું છુ. એ બધું ખરૂં પણ આ બાળ ઘણો અલ્લડ છે. કઇ જગાએ કેવી રીતે વર્તવું તેની એને મુદ્દલ માહિતી નથી. હજુ તો તેને દશમુ વર્ષ બેઠું છે. આટલી નાની વયમા મારાથી જૂદો પાડવાની મારી ઇચ્છા થતી નથી. કદાચ હું હા કહું પરંતુ મારી પત્ની તેનાથી વિખૂટી પડી આપની સાથે મોકલવા સમ્મતિ આપશે જ નહિ. માટે—"

" મહારાજ, મારી પ્રાર્થના છે કે આપ પણ સહકુટુંબ મારે ત્યાં પધારો. ત્યાં આપને સર્વ પ્રકારની જોઇતી વ્યવસ્થા કરી આપીશ. આપ આપનું ધર્મ કર્મ ત્યાં ખુશીથી કરજો. આપને કોઈ પ્રકારની અડચણ આવવા નહિ દઉં. " સમરસિંહે વચમાં જ કહ્યું.

આખરે અત્યંત આગ્રહ જોઇ બાપ્પાને એક પખવાડિયા સુધી લઇ જવાની સુશર્માએ પરવાનગી આપી.

" મને તો ઇશ્વર જે જોઇએ તે આપે જ છે. ઘર આગળ જે મળે

છે તેમાંજ મને સંતોષ છે. એથી વધારેની મારે બીલકુલ ઇચ્છા નથી.” કહી બાપ્પાનું રક્ષણ કરવા સૂચવ્યું.

બાપ્પાને લઇ સમરસિંહ પોતાના વતન ભંડેરગઢ ગયો.

ભંડેરગઢનો કિલ્લો ઝારોળાના ડુંગરોથી આશરે પંદર મૈલ ઉપર વાયવ્ય ખુણામાં આવ્યો હતો. યદુવંશનો ઠાકોર વીરસિંહ ત્યા રાજ્ય કરતો હતો. તેની સત્તા ભંડેરના કિલ્લા ઉપરાંત ૨૫ ગાઉ દૂર સુધી હતી. તેણે ઘણી ગાયો પાળી હતી. તેની ગૌશાળામાં હજાર ઉપરાંત ગાયો હતી. સમરસિંહ, તેનો એકનો એક કુંવર હતો. પોતાના પુત્રના આ નાના મિત્રનુ મુખાર્વિંદ જોતાંજ વીરસિંહને ખાત્રી થઇ હતી કે એ બ્રાહ્મણ પુત્ર નથી. ભવિષ્યમાં તે મહાન્ પરાક્રમી તેમજ ભાગ્યશાળી નીપજશેજ.

સમરસિંહ અને બાપ્પાની જોડી બંધાઇ. જ્યાં જાય ત્યાં સાથેના સાથે. એક મોટો અને એક છેક નાનો. એક ઉમ્મરે આવેલો તો એક છેક અલ્લડ નાની વયનો બાળક. એક બાળપણથી માતપિતાને હાથે ઉછરી, ખાનપાનાદિથી હૃષ્ટપુષ્ટ થએલો તો બીજો બ્રાહ્મણનું સાત્વિક અન્ન ખાઇ ઉછરેલો મુકલકડી. આવી બંનેની જોડી જોઇ લોકોને રમુજ ઉત્પન્ન થતી. બે ત્રણ દિવસમાં તો બાપ્પાએ તેની મીઠી વાણીથી અને ચતુરાઇથી કિલ્લાના લોકોનો પ્રેમ મેળવી લીધો.

સમરસિંહને હવે પોતાના મિત્રને મલ્લવિદ્યા, શસ્ત્રવિદ્યા, અશ્વારોહણ વગેરે ક્ષત્રિને જરૂર એવી કળા શિખવવાનુ સ્વાભાવિક મન થયુ. જાણે કુદરતે જ તેને તેવી પ્રેરણા કરી. બાપ્પાને ઘોડા ઉપર બેસવાનો પ્રસંગ કદી મળેલો ન હતો. ભિલ્લોનાં છોકરાઓની સંગતમાં માત્ર તીર મારવાનું શીખ્યો હતો છતાં તેને પોતાની નાની તલવાર ઘણી સારી રીતે વાપરવાનું આવડતુ હતું. સમરસિંહને તેના નાના મિત્રને શિખવવામાં મુસ્કેલી નડી નહિ. યુદ્ધકળાના પાઠ બાપ્પાને ઘણા સહેલા લાગ્યા, તે સાથે તેમાં તેને ગમ્મત પડી. કુદરતેજ તેને વિશેષ બુદ્ધિ બક્ષી હોય એવું જણાતું. ભંડેરગઢના કિલ્લામાંના બાળક, જુવાન અને વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ, સર્વેનો બાપ્પા માનીતો થયો. શસ્ત્ર વિદ્યા સંબંધી તેના માર્મિક પ્રશ્નો સાંભળી સઘળાને

રમુજ સાથે આશ્ચર્ય થતું. પોતાના કુંવરના નાના મિત્રની ચપળતા, હિમ્મત, ચતુરાઈ અને ધીરજ જોઇ વીરસિંહ સાનંદાશ્ચર્ય પામતો. દોડવાની, ઝાડે ચઢી જવાની, તરવારની, તીરવતી નિશાન તાકવાની વગેરે શરતો બાપ્પાની પરીક્ષા માટેજ વૃદ્ધ વીરસિંહ રમાડતો, તેમાં બાપ્પો સૌથી પહેલોજ માલમ પડતો, અને રમતમાં કદાચ તે પડતો તો તેની દરકાર કરતો નથી જોઇ વૃદ્ધ ઠાકોર ઘણો ખુશ ખુશ થતો.

આથી બાપ્પાનું અંગ ઘણું કઠણ થયું, ને તેના શરીરનો બાંધો બંધાયો. બાપ્પાની એકદર ચેષ્ટા જોઇ વીરસિંહ તેને પોતાનો નાનો છોકરો છે તેમ ગણતો.

બાપ્પાની મુદત પુરી થઇ. સુશર્માને ત્યાં તેને પાછો મોકલવાનો વખત આવી પહોચ્યો. કિલ્લાના સર્વ લોકો 'જવાનું છે' સાંભળી ઘણા દીલગીર થવા લાગ્યા. વીરસિંહ અને સમરસિંહ તેમજ તેનું આખું કુટુંબ દીલગીર થયું. પણ કરે શુ? બ્રાહ્મણને આપેલુ વચન તોડવું તે તેમની શક્તિ બહાર હતું. બ્રહ્મ કોપ! મુદત થઇ જવાથી રખેને બ્રાહ્મણ ગુસ્સે થાય ને દુર્વાસા *મુનિ પેઠે શ્રાપ દે, એવો તેમને ભય લાગતો. બ્રહ્મ કોપનો ભય તેને

---

* કેટલાક બ્રાહ્મણો સ્વભાવે શાંત પણ ઉગ્ર ક્રોધી હોય છે જરા જરામાં તેમને ક્રોધ ચઢે છે અને એકદમ શાન્ત પડતો નથી. દુર્વાસા ઋષિનુ એકવાર ઈન્દ્રે કોઈ ક્ષુલ્લક નિમિત્તથી અપમાન કર્યું એમ આરોપ આવ્યો. ઋષિ ગુસ્સે થયા, અને આ ત્રણ લોકના પતિ ઈન્દ્ર રાજાને શ્રાપ દીધો ઋષિ ઘણા તામસી અને ક્રોધી હતા. ઇન્દ્રે ઘણા કાલાવાલા કર્યા, તોપણ ઋષિને દયા ન આવી અને ઉલટું કહ્યુ કે.—

नाहं कृपालु हृदयो न चमां भजते क्षमा ।
अन्ये ते मुनयः शक्र दुर्वाससमवे हिमाम् ॥ १ ॥
गौतमादि भिरन्यैस्त्वं गर्वमापादितो मुधा ।
अक्षान्ति सार सर्वस्वं दुर्वाससमवेहिमाम् ॥ २ ॥

૧. હું કૃપા કરૂં એવા હૃદયનો નથી, મારામાં ક્ષમા રહી નથી હે ઇન્દ્ર! તે મુનિઓ તો બીજા (કે જે કૃપાળુ હૃદયવાળા હોય), મને તો દુર્વાસા જાણ.

૨. ગૌતમાદિ મુનિઓથી તું ગર્વિષ્ટ કરાવાયો છું. (ગૌતમાદિએ તારા અપ-

અગ્નિ ભય કરતાં પણ વધારે લાગતો હતો. બાપ્પાને સુશર્માને ત્યાં જવા કરતાં અહીં રહેવાનુ મન વધારે હતું. અત્રે તેને વધારે સુખ મળ્યું હતું. અહીંથીજ તેના પરાક્રમનો સૂર્યોદય થવાનો હોય તેમ તેને લાગતું હતું, તેમ છતાં સુશર્મા અને લક્ષ્મીમાતા પ્રત્યેનો તેનો પ્રેમ પણ પ્રબળ હતો.

એક રાજપુત્રને છાજે તેવો પોશાક તથા અલંકાર આપી બાપ્પાને વડનગર વિદાય કરવાની તૈયારીઓ ચાલી. વીરસિંહ પણ તેમની સાથે જવા તૈયાર થયો. ત્રણે જણ ત્રણ ઘોડા ઉપર સ્વાર થઈ વડનગર જવા બપોર પછી નીકળ્યા. વૃદ્ધ વીરસિંહ વડનગરમાં રહેતા પોતાના મિત્ર સૂર્યસિંહને મળી બાપ્પાના જન્મ સંબંધી તપાસ કરવા માટેજ વડનગર જવા સામેલ થયો હતો.

રાયોની ક્ષમા આપીનેજ તને ગર્વિષ્ઠ કર્યો છે), મને તો, હે ઈન્દ્ર ! ક્રોધનો સાર (કોઈનુ કોઇ પણ પ્રકારનું લગાર પણ વિરોધીપણું સહન ન કરવાનો જેનો સ્વભાવ છે) જેનું સર્વ દ્રવ્ય છે એવો દુર્વાસા જાણ.

वसिष्ठाद्यैर्दयासारैः स्तोत्रं कुर्वद्भिरुच्चकै. ।
गर्वं गतोऽसि ये नैवं मामप्यद्यावमन्यसे ॥ ३ ॥
चलज्जटा कलापस्य भ्रूकुटी कुटिलं मुखम् ।
निरीक्ष्य कस्त्रिभुवने ममयो न भयंगत· ॥ ४ ॥
नाहं क्षमिष्ये बहुना किमुक्तेन शतक्रतो ।
विडम्बनामिमां भूय. करोष्यनुनयात्मिकाम् ॥ ५ ॥

૩ કરૂણાના સારને ધારણ કરનારા તે વસિષ્ઠાદિ ઋષિઓ તારૂં સ્તવન કરે છે, તેથીજ તને ગર્વ પ્રાપ્ત થયો છે, જેથી હે ઈન્દ્ર ! તું મારી પણ આજે અવજ્ઞા કરે છે.

૪. હે ઇન્દ્ર ! વિખરાએલી જટાવાળો જે હું, તેનું વાંકી ભ્રમરોવડે ક્રોધની પ્રતીતિ કરાવતું મારૂં મુખ જોઈને આ ત્રિભુવનમા કોણ ભય પામતું નથી ?

૫. હે સો અશ્વમેધ કરનાર ! બહુ કહેવાથી શું થયું ? હું ક્ષમા કરવાનો નથી. મારૂં સાંન્તવન કરવા તારો પ્રયાસ, પુનઃ મારૂં ઉપહાસ કરવા જેવું છે.

પ્રકરણ ૨૩ મું.

નવિન પ્રવાસી.

" અનાથને દેવો આધાર, વગર ઢીલથી કરવી વા'ર,
લાયક પદ પછી સુખનું લહે, કાળ જાય ને કહેણી રહે "

" આજે બાપ્પા કેમ ન આવ્યો ? " આખો દિવસ રાહ જોઇ થાકેલો સુશર્મા પંડિત પથારીમાં આડે પડખે પડતાં બોલ્યો.

" નાથ ! મને પણ તેજ વિચાર આવે છે. " લક્ષ્મીદેવીએ પ્રત્યુત્તર આપ્યો.

" સવારે તો જરૂર આવવોજ જોઇએ. બપોર સુધી નહિ આવે તો હું ભંડેરગઢ ચાલી નાંખીશ. " સુશર્માએ કંઇક વિચાર કરતાં કરતાં કહ્યું.

" સ્વામીનાથ, સમરસિંહને તપાસ કરવા મોકલીશું ? "

" ના, ના, તેથી તો તે કોણ છે, તેની તજવીજ થાય. થોડા સમય પર સૂર્યસિંહે મને ઘણા સવાલ કર્યા હતા. તેમને મ્હેં ઉડતો જવાબ આપ્યો છે. પરંતુ સૂર્યસિંહ તો નક્કીજ માને છે કે તે મહારાજ નાગાદિત્યનોજ કુંવર છે. વખતે તેના ખુલ્લા પડી જવાથી તેના ઉપર સંકટ આવી પડે. " બીજે પડખે પડતાં સુશર્મા બોલ્યા.

" નાથ, મને આજે શું થાય છે તે સમજણ પડતી નથી. આજ સવારથી મારો જીવ બળે છે, અને જમણી આંખ ફરકે છે. વળી રાત્રિના સ્વપ્નાએ મને બહુ બીવરાવી છે. પ્રભુ ! પ્રભુ ! મારા બાપ્પાને કંઇક થયું તો હું પરલોકમાં શી ગતિને પામીશ ? મહારાણીને મારૂં લજ્જામણું મુખ શી રીતે દેખાડીશ. મારો બાપ્પો શું કરે છે ? એમ પૂછશે તેનો શો

જવાબ દઇશ ? દેવી અંબિકે ! મારા બાપ્પાને જીવતો ને જાગતો મારી સમક્ષ જોઇશ ત્યારેજ હું ઘી ખાઇશ, અને તારે પારે દીવો અને નાળિએર મોકલીશ."

"સતી ! આમ સંકલ્પ વિકલ્પ શા માટે કરો છો ? બાપ્પાનું આયુષ્ય ૧૦૦ વર્ષ ઉપરાંતનું છે અને તેમાં એક દિવસ પણ કોઇ કમી કરનાર નથી. તેના ઉપર ગમે તેવું સંકટ આવી પડશે, પણ તેમાંથી તે પાર ઉતરશે અને મોટો પરાક્રમી-ચક્રવર્તિ રાજા થશે એવો તેની જન્મ કુંડળીમાં યોગ છે. તમે નિશ્ચિંત રહો." સુશર્માએ પોતાની પત્નીને શાન્ત પાડવા કહ્યું.

"વ્હાલા, બાપ્પા શતાયુ જીવો એવું હું ઇચ્છું છું અને આશીષ દઉં છુ, પરંતુ આજ રાત્રિએ તેના સબંધમાં મને ખોટુ સ્વપ્ન આવ્યું છે. મેં તેને નદીના પૂરમાં તણાતો જોયો. એની સાથે બીજા પણ બે કે ત્રણ સ્વાર હતા. એ પણ ઘોડા ઉપર હતો. તે બેભાન થયો હતો અને કોઇ ઉજડ કિનારા ઉપર મૃત્યુ પામેલો મને જણાયો. આવા ખોટા સ્વપ્ને મને ભયભીત કરી છે અને કંઇ સૂજતું નથી. આ દુશ્ચિહ્ન વળી શું સૂચવે છે ! આંખનું ફરકવું અને જીવનું બળવું મને આજ પ્રથમવીજ થાય છે; એથી ખરેખર કંઇ સંકટ આવી પડેલું લાગે છે." આંખમા ખળખળ વહેતા અશ્રુવાળી લક્ષ્મીદેવી બોલી.

સુશર્માની આંખમાં પણ અશ્રુ વહેતાં હતાં, પણ તે આડે પડખે પડેલો હોવાથી જોઈ શકી ન હતી.

પતિ પત્ની બંને પોતાને સોંપાયલા ધનની ફીકર કરતાં હતાં એટલામાં દ્વાર ઠોકાયું. "એ બાપ્પો આવ્યો." "જગદંબાએ મારી અરજ સાંભળી" એમ પ્રત્યેકના મુખમાથી બોલી જવાયું.

"અંદર કોણ છે ?" ફરી બારણું ઠોકાયું.

"એતો કોઇ નવિનજ." બંને બોલી ઉઠયાં.

"અંદર કોણ છે ? કૃપા કરી ઉઘાડો."

"કોણ ?"

"પ્રવાસી."

૨૦–૨૧ વર્ષનો ઘોડા ઉપર બેઠેલો એક તરૂણ વડનગરમાં આવ્યો. તેના મુખ ઉપરથી જણાતું હતું કે તે આ પ્રદેશમા નવોજ આવેલો છે અને પોશાક ખાત્રી આપતો હતો કે તે દૂર દેશનો રહીશ હોવો જોઇએ. રાત્રિનો વખત હતો. કૃષ્ણ પક્ષનું અંધારૂં હતું. કોઇ સ્થળે મુકામ કરવાનું સાધન ન હોવાથી તે ચાલ્યો ચાલ્યો સુશર્માના ઘર આગળ અંદર દીવાનો પ્રકાશ જોઇ આવ્યો હતો. રાત્રિના લગભગ અગિયારનો સમય હોવાથી, અને કહેવાતા સુધરાઇ ખાતાના સુધરેલા દીવાનો પ્રકાશ ન હોવાથી અંધારૂં વિશેષ હતુ. ગામમાં સર્વે નિદ્રાધિન થએલાં હતાં. માત્ર સુશર્મા બાપ્પાની રાહ જોતા હોવાથી ત્યાં દીવાનો પ્રકાશ હતો.

'પ્રવાસી' શબ્દ સાંભળી સુશર્માએ બહાર આવી 'કોણ?' ફરી પૂછ્યું.

'મહારાજ, હું અત્યંત સંકટમાં સપડાયલો ક્ષત્રી છું. દૂર દેશથી આવું છુ. શ્રમિત છું. પ્રવાસનો ઘણો શ્રમ લાગ્યો છે. બે ચાર દિવસ કોઇ જગાએ શાન્ત રહેવાની જરૂર છે. આજ ચાર મહિનાથી નિર્જન અરણ્યમાં જે મળે તે ખાઇ, (ઘોડા તરફ આંગળી કરી) આ મારા જીવજાન દોસ્ત સાથે એક સરખો પ્રવાસ કરૂં છુ. આ વખતેજ હું આ ગામમાં આવ્યો છું, કેમકે મને વિશ્રાતીની ઘણી જરૂર લાગી છે. એટલો વખત અથવા તો નિદાન આજની રાત્રિ તમારે ત્યાં મને વિશ્રામસ્થાન મળે તો હું બહુ સુખ માનુ. તમારો ઉપકાર હું ભુલીશ નહિ. રાત્રિ ગઇ છે અને આ સ્થિતિમાં અન્ય સ્થળની શોધ કરવા આ ક્ષણે હું સમર્થ નથી. જો તમારા અંતરમાં દયાનો વાસ હોય તો વિલંબ કર્યા વિના મને આશ્રય આપો." પ્રવાસીએ ઘોડા ઉપર બેઠાં બેઠાં જવાબ દીધો.

"આવો, હાલ તો ઘરમાં આવો. ઘોડાને આ પાસેની ઓરડીમાં બાંધો." તરૂણ પ્રવાસીનાં દીન વચન સાંભળી સુશર્માએ કહ્યું.

બંને અંદર ગયાં અને બારણું વસાયું.

"ભાઇ, તમે કોણ છો? ક્યાંથી અને શા નિમિત્તે આવ્યા છો? ચાર મહિનાથી જંગલમાં કેમ રખડો છો? અને થોડે છેટે વસ્તીવાળાં ગામો છતાં તમે આટલા બધા થાકથી અને ભૂખથી પીડાયલા અત્રે આવી

વિશ્રામસ્થાન માગો છો, તો એવા કેવા સ્વાર્થ માટે વિચરો છો તે ખરૂં ખરૂં કહો." વિશ્રાંતી લીધા પછી પ્રવાસીને સુશર્માએ પ્રશ્ન કર્યો.

"મહારાજ, મારી કથા લાંબી છે. તમને પ્રાતઃકાળે સ્વસ્થપણે કહીશ. મારે માટે કોઇ પણ પ્રકારની શંકા રાખ્યા વિના અત્યારે મને નિદ્રા લેવા દો." પ્રવાસીએ પ્રત્યુત્તર આપ્યો.

"ભાઇ, તમે જાણો છો? સમય ઘણો ખરાબ છે. પ્રજાને ઘણું દુઃખ છે. કાળે કાળે નાના પ્રકારના ભય પ્રજા ઉપર આવી પડે છે. પ્રજાજનો ઉપર સાવધાનપણે રાજ સેવકોની દેખરેખ રહે છે. અજાણ્યા પ્રવાસીને કોઇએ ઘરમાં ન રાખવાનો રાજાનો હુકમ છે, અને વૃદ્ધોથી મળેલી શિક્ષા છે તો પછી હું નિઃશંકપણે કેમ રહી શકું?"

"પરિચય વિના પાત્રાપાત્રની પરીક્ષા થતી નથી અને વળી નવિન પુરૂષનો પરિચય કે વિશ્વાસ, હૃદયબળ કે પરમાર્થ બુદ્ધિ વિના થતો નથી એ તો નિઃશંક છે."

"માટેજ મારે આપને પૂછવું પડયુ."

"મને જરા ઠંડુ જળ આપો."

"ક્ષુધા લાગી હશેજ. તમારે માટે ભોજન તૈયાર થાય છે. હાલ તુરત આ શરબત પીઓ. શ્રમ ઉતરશે."

સુશર્માને ત્યા આવેલો પ્રવાસી ટાઢું શરબત પી શાંત થયો.

"મહારાજ, આજ ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ થયાં મેં શાન્તિથી નિદ્રા લીધી નથી અને ત્રણ દિવસમા મે લગભગ સો કોશની મજલ કરી છે. નીચે જીવે ખાધું નથી અને બેશીને જળ પણ પીધું નથી. અત્યારેજ આ તમારા આશ્રમમાં બેસીને જળ પી શાન્ત થયો છું. ખાવાનું થતા સુધી મારી આંખ મળવા દો. હું ચોર નથી, ઠગ નથી કે નથી લૂંટારો. હું તમારા રાજ્યનો દૂત નથી એ નિશ્ચય રાખજો." પ્રવાસી પોતાના માટે પાથરેલા આસન ઉપર સૂતો અને તત્કાળ ઊંઘવા લાગ્યો.

આ સમય એકંદર ઉત્તર અને પશ્ચિમ હિંદમાં ચળવળનો સમય હતો. પ્રત્યેક રાજ્યમાં ખળભળાટ થયો હતો. ઘણાના પ્રાણ દેહથી જૂદા

થયા હતા. ઘણા સુખી જીવો દુ:ખમાં આવી પડયા હતા. સુંદર કાયાઓ રણમાં રોળાતી હતી. રૂધિરની નદીઓ વહેતી હતી અને યોગણીઓના ખપ્પર ભરાતાં હતા! નંદનવન સરખી રમ્યભૂમિ સ્મશાનવત્ થતી. ગામોનાં ગામો ઉજડ થતાં અને લોકો નાસભાગ કરતા હતા દેશદ્રોહીઓ ઉત્પન્ન થયા હતા અને પોતાના થોડા લાભ માટે લોકોના જાનમાલને નુકશાન કરતા અને કરાવતા હતા! મુસલમાની ધર્મનાં ટોળેટોળાં ભૂખ્યાં તીડની માફક ઉભરાઈ આવતાં. મારામારી અને કાપાકાપી થતી હતી. હિંદની વહુ બેટીઓને તેઓ ઉચકી જતા અને પરદેશમાં લોડીઓ તરીકે વેચતા. ધર્મને નામે અનેક પ્રકારનો અત્યાચાર થતો હતો!

ગુજરાત અને કાઠિયાવાડમાં વનરાજ ચાવડો પોતાનું ગએલું રાજ્ય પુનઃ સંપાદન કરવા માટે મથતો હતો.

અજમેરના રાજ્ય ઉપર મુસલમાનોએ ચઢાઇ કરી તેની દાણાદાણ કરી મૂકી હતી. તેના રાજા માણિકરાય અને તેનો પૂત્ર રણમાં પડયા હતા.

ચોહાણ વંશના રાજાઓએ ગુજરાતના પશ્ચિમ કિનારા સુધી મુસલમાનોને નસાડી મૂકયા હતા.

વળી જૈન ધર્મ, બ્રાહ્મણ ધર્મ અને બૌદ્ધ ધર્મનો ઝઘડો ચાલતો હતો તેમજ શૈવ, શાકત અને સૂર્યોપાસકમા પણ હમેશ મતાંતર હોવાથી કજીઓ ચાલુજ હતો. એકની એકજ ગીર્વાણ ભાષા જે ઘણા સમયથી ચાલતી હતી અને તેનોજ અભ્યાસ કરવામાં આવતો તેજ ભાષામાં ધર્મોના તેમજ અન્ય ગ્રંથો લખાતા, તે ગીર્વાણ ભાષા આ ધર્મોના ઝઘડાએ બદલાઇ ગઇ. તેનું સ્થાન પ્રાકૃત ભાષાએ લીધું. નવા નવા ગ્રંથો એ નવીન ભાષામાં લખાયા. સનાતન આર્યધર્મનો મૂળ પાયો અને તે ઉપર ચણાઇ તૈયાર થએલી ઇમારતો ડગુમગુ થતી ગઈ. જેને જેવું રૂચે તે પ્રમાણે ગ્રંથો રચાયા અને તે મનાયા. આવા અંધાધુંધીના સમયમાં કોઇ કોઇના ઉપર વિશ્વાસ શી રીતે રાખી શકે?

"આ કોણ હશે? એનું શરીર મોટું, બીહામણું, બળવાળું જણાય છે. આંખ અને કપાળ મોટાં હોવાથી ભાગ્યશાળી જેવો લાગે છે. વસ્રો

ઉપરથી કોઇ સુખી હોય તેમ જણાય છે. સિંધ તરફનો કે દૂરનો વતની હોય તેવું તેના પહેરવેશ ઉપરથી સમજાય છે. વળી કોઈ પણ પ્રકારના ભય અને ચિંતામાં દેખાય છે. આવા માણસની હકીકત જાણ્યા સિવાય તેને ઘરમાં રાખવો તે ઠીક નથી. શું એ બાપ્પાની શોધમાં તો નહિ આવ્યો હોય ? શું બાપ્પાની બાતમી કોઇએ આપી દીધી હશે ? પ્રભુએ જે ધાર્યું હશે તે થશે. જે હશે તે પ્રાતઃકાળે જણાશે. હાલ તો મારે તેને ભોજન આપી તેના અંતરાત્માને શાન્ત પાડવો એજ મારો ધર્મ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

यो दद्यादपरि क्लिष्ट मध्वमध्वनि वर्तते ।
श्रान्ता या दृष्ट पूर्व्वाय तस्य पुण्यफलं महत् ॥ [1] ॥

"થાકેલા અને પૂર્વે નહિ દીઠેલા પથિકને શ્રદ્ધાપૂર્વક જે અન્ન આપે તેને મોટું પુણ્યફળ પ્રાપ્ત થાય છે."

તેમજઃ—

अप्रणोद्योऽतिथिः सायं सूर्योढो गृहमेधिना ।
काले प्राप्तस्त्वकाले वानास्यानश्नन् गृहे वसेत् ॥ [2] ॥

"સૂર્યાસ્ત થયા પછી આવેલા અતિથિને ગૃહસ્થે પાછો ફેરવવો નહિ. અતિથિ વખતે આવે અથવા કવખતે આવે તો પણ ગૃહસ્થે તેને ઘરમાં ભૂખ્યો રાખવો નહિ."

વળી પણ કહ્યું છે કેઃ—

देय मार्त्तस्य शयनं स्थित श्रान्तस्य चासनं ।
तृषितस्य च पानीयं क्षुधितस्य च भोजनं ॥ [3] ॥

"ગૃહસ્થે પીડિત મનુષ્યને શય્યા, થાકેલાને આસન, તરસ્યાને પાણી અને ભૂખ્યાને ભોજન આપવું."

કેમકેઃ—

अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते ।
छेत्तुः पार्श्वगतां छायां नोपसंहरते द्रुमः ॥ [4] ॥

---

૧ વનપર્વ. ૨૦૬૧ ૨. મનુ. ૩. ૧૦૫ ૩. વનપર્વ. ૨.૫૪ ૪. હિતોપદેશ ૧૦૦

" શત્રુ પણ જો ઘેર આવીને અતિથિ થાય તો તેનો પણ સત્કાર કરવો જોઇએ, કેમકે જે મનુષ્ય વૃક્ષને કાપતો હોય છે તેના ઉપરની છાયા વૃક્ષો પણ લેઇ લતાં નથી."

આવા આવા વિચારોમાં નિમગ્ન થએલા સુશર્મા મહારાજ નવિન પથિક સામું જોઈજ રહ્યા.

પ્રવાસી નિશ્ચિંતપણે ઉંઘતો હતો. ભોજન તૈયાર થયું. પ્રવાસીને જગાડયો અને ગરમ પાણીથી તેને સ્નાન કરાવ્યું. તેને જમાડયો અને પછી પોતે નિદ્રાવશ થયો.

પ્રકરણ ૨૪ મું.

બાપ્પાનું તણાવું-હારિત ઋષિનાં દર્શન.

मनसा चिन्तितं कार्यं दैवंन्यत्र चिंतयेत् ॥

कर्मणो गहनो गतिः એ કંઇ ખોટું નથી મનુષ્ય ધારે છે કંઇ, અને થાય છે કંઇ! મનુષ્ય ગમે તેવી ધારણા કરે તો પણ દૈવે ધાર્યું હોય છે તેજ થાય છે અને થવાનું. સુખ, દુઃખ, ભય, ક્રોધ, હાનિ કે લાભ જે કંઇ થાય છે તે સઘળું દૈવનાજ પ્રભાવથી. ઘણા પ્રયાસથી આરંભેલું એકાદ કૃત્ય કાંતો એકદમ અધવચ અટકી પડે છે અને તેમાંથી તૃતિયં જાગે છે, અથવા તો તે કૃત્ય પુરૂં કરતા અણધારેલી અડચણો નડે છે. જે પ્રભાતમાં શ્રી રામચંદ્રજીને યુવરાજ પદ પ્રાપ્ત કરવાનુ હતું તેજ પ્રભાતે તેમને વનવાસમાં જવું પડયું, અને તેમની સાથે સતી સીતા અને લક્ષ્મણને પણ દોરાવું પડયું! એ શું? એજ દૈવની ગતિ. એજ દૈવનો પ્રભાવ.

વીરસિંહ, સમરસિંહ અને બાપ્પા એ ત્રણે બપોર પછી વડનગર જવા નીકળ્યા. ત્રણે જણુ વાતો કરતા કરતા માર્ગ કાપતા હતા. ભાદ્રપદ મહિનાનો તાપ શાંત પડવાની તૈયારીમાં હતો. સૂર્ય પશ્ચિમમા ઉતરી પડયો હતો, છતાં ઊનો પવન આવતો હતો. ભંડેરગઢનો કિલ્લો છોડી ત્રણ ચાર કોશ ગયા નહિ તેટલામાં આકાશનો રંગ ફરતો જણાયો. થોડીવારમાં તો મેઘાડમ્બર થઇ વિજળીઓ ચમકારા લેવા લાગી. વરસાદ પડતા પહેલાં ડુંગરાળુ ખીણુ વટાળી દેવા ત્રણે ઘોડેસ્વારે ઘોડાઓને એડી મારી ઘોડા દોડાવ્યા, પરતુ તેમના મનનો વિચાર મનમાંજ રહ્યો. બાંધેલી પોટલી છૂટી જવાથી તેમાંના દાણા જેમ એકદમ વેરાઇ પડે તેમ વરસાદનું પોટલુ છૂટી ગયું! ધોધમાર વરસાદથી ખીણુમાં પાણી ભરાઇ ગયું અને તેમાં ઉપરના ડુંગરાળુ ધોધે વધારો કર્યો. પાણીના વહેણુનું જોર પુષ્કળ હોવાથી ઘોડાના પગ જમીનપર ઠરતા નહિ આગળ જવાય તેમ નહતું, તેમ પાછા ફરાય તેવું પણુ ન રહ્યું. ત્રણે જણે ઘોડા ઉભા રાખ્યા અને વરસાદ બંધ પડે ત્યાં સુધી ખીણુના એક ખાંચામાં ઉભા રહ્યા.

"હમણાં વરસાદ બંધ પડશે. આ બંધ પડયો." એમ વાટ જોતા જોતાં ખાસા બે કલાક ગયા. વરસાદ બંધ પડયો નહિ. રાત્રિ પડી ગઇ. અંધારૂં થયું અને તેમાં આકાશમાં છવાયલા મેઘાડમ્બરથી તે પુષ્કળ વધી પડયું. ઘોડા અને તેના ઉપરના સ્વારો પલળી ગયા અને પવનના જોસમાં થરથર ધ્રુજવા લાગ્યા.

વીરસિંહ અને સમરસિંહ પાછા ફરવાનો વિચાર કરતા હતા, પરંતુ બ્રાહ્મણુના શ્રાપનો ભય તેમને તેમ કરતાં અચકાવતો. વળી વડનગર લગભગ સાત ગાઉ હતું ત્યારે તેઓ કિલ્લાથી છ ગાઉ આવી પહોંચ્યા હતા. ગમે તેમ કરી વડનગર જવું એજ નિશ્ચય થયો, અને ખીણુ પસાર કરી. પલળેલાં લુગડાં નીચોવી નાંખ્યાં અને આગળ ચાલ્યા. ગાઉ એક ચાલ્યા એટલામાં પુષ્કળ અંધારાને લીધે તેમનાથી આગળ જવાયું નહિ. રસ્તો દેખાતો ન હતો અને ઘોડાઓ ઠોકર ખાતા હતા. વીજળીના ચમકારાથીજ જેટલું જોવાય તેટલું જોઇ લેતા અને આગળ ચાલતા. વખતે વીજળીના તેજથી અંજાઇ

પણ જતા અને અન્ય રસ્તો પણ લેતા. એક બે ખેતરવા ગયા નહિ એટલામાં તો, સર્પાકાર વિજળીના પુષ્કળ પ્રકાશથી અંજાયા અને પાસે વહેતા મોટા વહેળામાં પડયા! વહેળામાં પાણી ચઢતું હતું ને તાણુ પુષ્કળ હતી. ઘોડા તણાવા લાગ્યા. ત્રણે ઘોડેસ્વારો એકજ વહેળામાં જૂદા જૂદા તણાયા. દરેક જણ એક બીજાને હાકો મારે પણ સાંભળે કોણ? પવન અને પાણીના અવાજ આગળ કોણ કોનું સાંભળે અને શી રીતે સંભળાય? દરેક જણને પોત પોતાની પડી હતી.

સુદેવને વડનગર મુકવા ગએલા ઠાકોર વીરસિંહ અને કુંવર સમરસિંહ વખતસર પાછા ભંડેરગઢમાં ન આવવાથી કારભારી મંડળે તેમની શોધ માટે માણસો મોકલ્યાં. તેઓ ખીણુ વટાવી મેદાનપર આવ્યા એટલે કેટલેક છેટે વીરસિંહના ઘોડાને આમ તેમ ફરતો જોયો. ઘોડાને એકલો જોઇને અને તેના ઉપર સાજ માંડેલો છતાં કોઇ સ્વાર નજીક ન જોતાં તથા એ ઘોડો ઠાકોર સાહેબનોજ છે એમ ખાત્રી થતાં પોતાના માલીકને કંઈ નુકશાન થયું છે એમ આવેલા માણસોની ખાત્રી થઇ. ઘોડાને પકડયો અને આજુબાજુ ઠાકોરની શોધ કરી, પરંતુ તેમનો કંઇ ન મળ્યો પત્તો કે ન જણાયું પડેલુ પગલું. એટલામાં શોધમાં નીકળેલા માણસોને બીજો ઘોડો સામી કીનારે જણાયો અને તે કુવરનો છે એમ ખાત્રી થઈ. હવે સૌના હોંશકોશ ઉડી ગયા. બંને ઉપર આફત આવેલી સમજાઇ. હવે સુદેવનું શું થયું હશે, તે વિચાર થયો. તેઓ પૈકી એકને વડનગર જઇ સુદેવ, સુશર્મા પંડીતને ઘેર સુખરૂપ પહોંચ્યો છે કે કેમ? તેની તપાસ કરવા મોકલવાનું અને બીજા એકને ઘોડા લઇ કિલ્લા ઉપર જઇ ત્યાં ખબર કરવા મોકલવાનું ઠરાવી બાકીના ઠાકોર સાહેબ અને કુંવર સાહેબની શોધમાં આગળ વધ્યા. બે જણ કીનારે કીનારે ચાલ્યા અને બીજા બે કીનારા ઉપરના જંગલમાં ગયા.

વહેળાનું પાણી ઓસરતું હતું. કાળી રાત્રિ પણ પોતાનું કાળું મોં સંતાડતી હોય તેમ જવા લાગી. વ્હેળામાં ઘસડાયલો-તણાયલો દરેક જણ પોતે કાળના મુખમાં સપડાયલો છે એમ સમજતો હતો, તેને હવે કંઇક હિમ્મત

આવવા લાગી. નાનો બાપ્પા-બાળક બાપ્પા-વહેળાની બહાર નીકળવા ફાંફાં મારતો હતો પણ તેના શરીરમા તાકાત રહી નહતી. ઠંડીથી હાથ પગ અકડાઇ ગયા હતા. શરીર મૃતવત્ હતું. વૃદ્ધ વીરસિંહની અને સમરસિંહની પણ તેવીજ સ્થિતિ થઇ હતી. આ વહેળો પૂર્વમાં બનાસ નદીને મળતો હતો. બાપ દિકરો બંને જણ સંગમ આગળ પહોળા પટમાં જૂદી જૂદી દિશામાં મહા કષ્ટથી તરી બહાર નીકળ્યા.

બાપ્પા પણ પોતાનું જોર અજમાવતો અને બહાર નીકળવા પ્રયત્ન કરતો હતો પરંતુ પાણીના વહેણ આગળ તેનુ કઇ ચાલતુ નહતું. છેવટમાં પાણી ઓસરતા વહેણનુ જોર નરમ પડયુ, અને રહ્યું સહ્યું જોર અજમાવી પરાશરના વન પાસે સવારના ત્રણના સુમારે વહેળામાંથી બહાર નીકળ્યો. આખી રાતનો શ્રમ અને ઠંડીને લીધે તેનામાં શક્તિ રહી નહતી. બહાર નીકળતાજ-કિનારા ઉપર પગ મૂકતાજ તે મૂર્છા ખાઇ પડયો ! રાત્રિએ તાણમાં તેનાથી પુષ્કળ પાણી પીવાઇ ગયું હતુ, તે તેના પડવાથી નાક અને મુખવાટે નીકળવા માડયુ. ભવિષ્યમા તેના હાથે મહત્ કાર્યો કરાવવાનાં હશે તેથીજ મહાન્ દયાળુ પ્રભુએ તેને જીવતો બહાર કાઢયો, નહિ તો ક્યારનોએ એજ પ્રભુના ચરણમા જઇ પહોચ્યો હોત. રામ રાખે તેને કોણ મારનાર છે ? એ કહેવત બાપ્પાના સંબધમાં ખરી પડી.

બાપ્પો જે ઠેકાણે બેશુદ્ધ થઇ પડેલો હતો તેનાથી થોડેજ દૂર હારિત ઋષિનો આશ્રમ હતો. ઋષિ પોતાના નિત્ય નિયમાનુસાર બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી શૌચ સ્નાનાદિ માટે નીકળ્યા હતા. શૌચ વિધિ આટોપી મુખમાર્જન અને સ્નાન માટે તેઓ એજ વહેળા ઉપર હમેશાં આવતા. પ્રભુ ઇચ્છાએ આજે તેઓ આજ સ્થળે આવી પહોચ્યા. કાંઠા ઉપર કીચડ કાદવનો થર જોઇ રાત્રિએ વહેળામાં પુષ્કળ પાણી આવ્યું હશે એમ તર્ક બાંધ્યો, કેમકે ત્યાં વરસાદ પડેલો નહતો. કાદવ કીચડ ખુદતા ખુંદતા ઋષિજી આવતા હતા તેવામાં તેમનો પગ બાપ્પાના શરીરને અથડાયો. તારાના સહેજસાજ પ્રકાશમાં નીચા વળી જોતાં કોઇ બાલકનું શરીર છે એમ જણાયું. તરતજ પોતાનું ષટકર્મ મૂકી, તે શરીરને શુદ્ધિમાં આણવા ઇલાજ કરવા લાગ્યા.

પેટમાંનું પાણી બાપ્પાને બે પગે પકડી ઉંધો લટકાવી કાઢી નાંખ્યું. અને પોતાના આશ્રમમાંથી ભસ્મ લાવી તેના શરીરને ખુબ જોરથી ચોળવા લાગ્યા. મુર્છિત શરીરમાં ચૈતન્ય આવતું તથા શરીર ગરમ થતું જોઇ પોતે દંતધાવનાદિ વિધિ કરવા લાગ્યા. ઋષિના પ્રસાદે કરી બાપ્પા મૃત્યુપ્રદ મૂર્છામાંથી ઝટ છૂટી નિદ્રામાં પડી સુસ્વપ્ન અનુભવવા લાગ્યો. " મને કોઇ મહાન્ તપસ્વી પ્રસન્ન થઇ " ચક્રવર્તી ભવ " એવો આશીર્વાદ આપે છે. એવું તેને સ્વપ્નુ આવ્યું. સ્વપ્ન ખલાસ થતાં તેને જાગૃત સ્થિતિમાં આવતો જોઈ મુનિરાજ ઉતાવળે પોતાના આશ્રમ તરફ ચાલતા થયા.

બાપ્પા જાગૃત થઇ ઉઠી આમ તેમ જુવે છે તો કોઇ તેની નજરે પડયું નહિ. સ્વપ્નમાં જોએલા ઋષિની તેજસ્વી છબી તેની નજર આગળ દશ્યમાન્ થતી હતી. તેમનું પ્રસન્ન વદન, શાન્ત, ગંભીર ચહેરાના દર્શનથી થએલો આનંદ તેની નજર આગળ આવતો હતો. "ચક્રવર્તી ભવ" એવો ઋષિના આશીર્વાદનો અવાજ હજુ પણ તેના કાનમાં ગણગણુતો હતો, તેમજ તેના શરીર ઉપરની ભસ્મ, તેના મનને ખાત્રી આપતી હતી કે "તે સ્વપ્ન હોવા છતાં પણ તે સત્ય હતું. મારે તે ઋષિનાં દર્શન કોઈ પણ પ્રકારે કરવાંજ જોઇએ." એવો તેનો નિશ્ચય થયો. ઋષિ તો અદશ્ય થયા હતા. તેમના આશ્રમની તેને પણ ખબર ન હતી, તેમ આ સ્થળનો તે જાણીતો ન હતો. બાપ્પાને પ્રત્યક્ષ દર્શન દેવાની ઋષિની ઇચ્છાજ ન હતી, કેમકે, '**निस्पृहस्य तृणं जगत्**' પ્રમાણે તેમને અન્યની કંઈ પરવા ન હતી.

પ્રકરણ ૨૫ મું.

સુશર્માને ત્યાં ઝડતી.

" વા'રે ચઢવું થવું વકીલ, ધર્મ કામ કરવી નહિ ઢીલ;
દીનની પીડ જોઇ મન દહે, કાળ જાય ને કહેણી રહે. "

ઈડરના ભિલ્લ રાજાને પોતાના શત્રુ નાગાદિત્યના કુંવરની બાતમી મળી હતી. તે નાનો હતો છતાં મોટો શૂર અને પરાક્રમી છે એમ પણ તેના સાંભળવામાં આવ્યું હતું, પરંતુ તે કયા સ્થાનમાં સંતાયલો છે તેની ખબર મળતી નહતી, તેથી તેણે પોતાના ૪-૫ વિશ્વાસુ માણસોને-દરેકને ૨૦-૨૫ માણસો લઇ વનમાં શોધ કરવા અને મળે તો તેને જીવતો યા તો મરણ પામેલો પણ પકડી લાવવા મોકલ્યા હતા.

જંગલોમાં શિકારે નીકળેલી ટોળીઓ હોય તેમ આ ચાર ટોળી જૂદા જૂદા મથકોએ નીકળી પડી. વડનગર તરફ નીકળેલી ટોળી જંગલ વટાવી આગળ વધતી હતી ત્યાંજ તેઓને કંઇક બાતમી મળવાથી એકદમ વડનગરમાં પેઠી, અને સુશર્મા પંડિતને ઘેર આવી પહોચી, બે ભાગમાં વહેંચાઇ ગઇ. એકે સૂર્યસિંહના ઘરને ઘેરો ઘાલ્યો અને બીજે પંડિતના ઘર આગળ ...મ કર્યો.

સવારમાં નિત્ય નિયમ પ્રમાણે સુશર્મા જેવો પોતાના ઘરનું દ્વાર ઉઘાડે છે તેવોજ તેણે સ્હામુ એક જબરદસ્ત ભિલ્લ સશસ્ત્ર ઉભેલો દીઠો. તે ભિલ્લે ઉંચાં વસ્ત્રો પહેરેલાં હતાં અને કોઇ ક્ષત્રિય રાજાનો સરદાર હોય તેવો ઠાઠમાઠ કર્યો હતો. તેણે સુશર્મા પ્રત્યે વિનયપૂર્વક કહ્યું: " પંડિતજી મહારાજ, આપની પાસે મારે એક ખાનગી કામ છે. જો તે કરશો તો

અમારા મહારાજા પાસેથી મોટું ઈનામ અપાવીશ." એમ કહી ઉત્તરની રાહ ન જોતાં ઘરની અંદર પેઠો.

"તમારા મહારાજા પાસે મારે કંઇ કામ કરાવવાનું નથી. હું રાજકીય કામમાં કંઇ સમજતો નથી, તેમ મને ઇનામની કંઇ લાલસા નથી." સુશર્મા પેલા ભિલ્લ સામુ જોતા બોલ્યા.

એટલામાં રાત્રિનો પ્રવાસી જાગી ઉઠયો અને આશ્ચર્યચકિત થતો સુશર્મા પાસે આવી ઉભો.

"પંડિતજી, ગુહાદિત્યનો કુંવર, અમારા મહારાજાનો શત્રુ, છુપાયો છે તે અમારે સ્વાધિન કરો." ભિલ્લ સરદારે પોતાનું બોલવું શરૂ કર્યું.

"ગુહાદિત્ય મહારાજનો કુવર?" ગુહાદિત્ય રાજાને કુંવર હોય ને તેની ખબર તેને હમણાંજ પડતી હોય, તેવી રીતે આશ્ચર્ય પામતા સુશર્માએ મુખના અને હાથના ચાળા કરતાં કહ્યું.

"હા, હા, ગુહાદિત્યનો કુંવર." ભિલ્લ સરદારે જરા આંખો તતડાવી કહ્યું.

"માફ કરો. મને ગુહાદિત્યના પુત્રની બીલકુલ માહીતી નથી."

"માહીતી નથી! બ્રાહ્મણ થઇ જૂઠું શા માટે બોલો છો? બતાવો તે ક્યાં છે?" ભિલ્લે કહ્યું.

"મેં એક વખત તમને કહ્યું કે હું તે બાબત કંઇ જાણતો નથી. તમે અહીં નકામુ ધાંધળ ન કરો. જેવા આવ્યા તેવા ચાલ્યા જાઓ. તમારી બાતમીમાં ભુલ થઇ હશે. અન્ય સ્થળે તપાસ કરો." સુશર્માએ શાંતતાથી પણ મુદ્દાસર જવાબ દીધો.

ભિલ્લ સરદાર, પેલા તરૂણ ક્ષત્રિ પ્રવાસી તરફ જોવા લાગ્યો. "એ તો ગુહાદિત્યનો કુંવર નહિ હોય?" એમ શંકા ઉત્પન્ન થવાથી તેણે ફરીથી પૂછ્યું: "આ કોણ છે પંડિતજી?"

"એ કોણ છે તેની તમને શી પંચાત?"

"એજ નાગાદિત્યનો કુંવર. એનો ચહેરોજ એ રાજપુત્ર હોય એમ કહી આપે છે. જુઓ છો શું? પકડો એને." સરદારે પોતાના સોબતીઓ

પ્રત્યે જોઇ ગર્જના કરી કહ્યું.

"એક નિરપરાધી બ્રાહ્મણને ઘેર આ શું તોફાન લઇ બેઠા છો? અહીં ગુહાદિત્યનો છોકરો કોણ છે? નીકળો બહાર." પ્રવાસીએ હાથમાં તલવાર પકડી કહ્યું, પણ ભિલ્લ લોકોએ તો તેનેજ પકડી લીધો.

"આ તરૂણ પ્રવાસી મારે માટે તેમના હાથમાં પકડાયો, તે પાપ ક્યારે ફેડાશે? એને છૂટો કરાવી ભિલ્લોને ખરી હકીકત કહું? નહિ, નહિ, કદાપિ નહિ. હુંજ તેમને સ્વાધિન થાઉં એટલે બસ. ગુહાદિત્યના પુત્રને લાવી આપ એમ કહી મને કનડશેજ. બાપ્પો અત્રે નથી, પણ તરૂણ રાજ· પુત્ર આ વખતે આવા સંકટમાં પડવા આવી ચઢયો!" સુશર્મા વિચાર કરવા લાગ્યો.

"આ તરૂણ ગૃહસ્થને તમે શા માટે પકડો છો? એની વય તો જુઓ એ અરાઢ વર્ષનો જુવાન છે અને ગુહાદિત્યનો કુંવર છે એમ તમે કહો છો પણ બહુમાં બહુ તો એ દશ વર્ષનો હોવો જોઇએ. તમારા રાજાએ તમને શું ફરમાવ્યું છે? જે મળે તે ક્ષત્રી છોકરાને પકડી આણવો એમ કહ્યું હોય તો આ વડનગરમાં ઘણા ક્ષત્રી છોકરાઓ દશ વર્ષની ઉમરથી તે આ જુવાન જેવડી વયના હશે! પકડી જાઓ બધાને! નાહક લોકોને શા સારૂ સંતાપો છો! તમને મારો વહેમ છે કેમ? તો હું પણ તમારી સાથેજ તમારા રાજા પાસે આવવા તૈયાર છું, પણ યાદ રાખજો કેઃ-

"જે કોઈ સંતને સંતાપે, પાપી જન તેને જમડા નહિ છોડે રે,
અવધ આવે પકડી જાશે, ધર્માસનની પાસ,
લેશે ત્યાં ખરા ખોટાની તપાસ રે નાદાન, જે કોઈ સંતને૦
પાપને પુન્યનો ત્યાં થાશે સરવાળો રે,
લેશે ત્યાં પળે પળનો હિસાબ રે હેવાન, જે કોઇ સંતને૦
રાય ને રંકનો ત્યાં એકજ આરોરે,
તુટયો રાજા રાવણનો ગુમાન, સુખમાન, જે કોઈ સંતને૦

"તમારા આવા અન્યાયથી તમારૂં રાજ્ય છ માસ કરતાં વધુ ટક· વાનું નથી. એ નક્કી માનજો કે આ બ્રાહ્મણનો શ્રાપ કદી ખોટો થવાનો નથી."

સુશર્માના બોલવાનું શુભ પરિણામ આવ્યું. હા ના કરતાં કરતાં તે

ભિલ્લ ટોળીએ સુશર્માનું આખું ઘર શોધી વળી પોતાની ખાત્રી કરી લીધી હતી. છેવટે શ્રાપે તેમનામાં ભય ઉત્પન્ન કર્યો અને તેઓ ચાલ્યા ગયા.

આટલી વારમાં તો દશ બાર વાર તરૂણ પ્રવાસી અને ભિલ્લો વચ્ચે તકરારનો અવસર આવી પડયો હતો. પણ સુશર્મા તેને વારતો અને શાંતિ ધરવા સુચવતો.

સૂર્યસિંહના ઘર તરફ ગયલા ભિલ્લો પણ પાછા આવ્યા અને ગામને પાદરે સર્વ ભિલ્લો એકઠા થઇ, હવે કયાં જવું એવો વિચાર કરવા લાગ્યા.

ભિલ્લોના આ હલ્લાની વાત વાની પેઠે આખા ગામમાં પ્રસરી. તેમાં રજપૂતોનું લોહી ઉકળી ઉઠયું અને સુદેવને પકડી ગયા એવી બૂમથી–ગપાટાથી તરૂણ ભિલ્લ તેમજ રજપૂતો તીર, કામઠાં, તરવારો લઇ નીકળ્યા. ગામના તરૂણો અને આવેલી ભિલ્લ ટોળી વચ્ચે ઝપાઝપી થઇ; તેમાં નવો પ્રવાસી ભળ્યો. જે નાયકે આવી સુશર્માનું અપમાન કર્યું હતું અને પોતાને પકડવાને હુકમ કર્યો હતો તેના ઉપર તે ઉલટયો. બીજા ભિલ્લો મરાયા અને નાયક નાઠો. નાસતાં "લે લેતો જા. આ નાગાદિત્યના કુંવરની વતીનો પ્રસાદ!" કહી પ્રવાસીએ એક ઝટકો માર્યો પરંતુ તે નાઠો અને બચી ગયો.

"મધ્યાન્હ થયા પરંતુ સુદેવ કેમ ન આવ્યો?" સુશર્માને એવી ચિંતા થવા લાગી. વળી એમ પણ વિચાર સૂઝયો કે: "આજે સુદેવ હાજર નહતો તે પણ ઠીકજ થયુ. જો હાજર હોત તો કેવો ગજબ ગુજરત! સુદેવ સુસ્થળે છે. ઇશ્વરેજ તેને વધારે દિવસ રાખવાની ઠાકોરપુત્રને બુદ્ધિ આપી હશે. ઇશ્વરનો મારા ઉપર કેવડો મોટો ઉપકાર!" આવા આવા વિચારોથી બ્રાહ્મણનું સાત્વિક હૃદય ભરાઇ આવ્યું.

"પ્રવાસમાં ત્રાસીને આપ મારે ઘેર વિશ્રાંતી માટે આવ્યા, તો મારા પાપીની સોબતથી આપના ઉપર કેવો પ્રસગ ગુજર્યો!" પ્રવાસી તરફ જોઈ સુશર્માએ કહ્યું.

"નહિ, નહિ, મહારાજ, એમ ન બોલો. મારા દુષ્ટના પગલાંથીજ આપના ઉપર આ પ્રસંગ આવી પડયો; પરંતુ મારો ઇલાજ નથી. આ અભાગીને પોતાના શત્રુ સામા લડતાં મરવાનો પ્રસંગ ઇશ્વર જલદી આપો

એજ ઇચ્છું છું. તેવા દિવસની રાહ જોતો હું મારા આયુષ્યના રહેલા દિવસો ગુજારૂં છું. હે દ્વિજ શ્રેષ્ઠ! એવો દિવસ જલદી આવે એવો મને આશીર્વાદ આપો, અને આપને કોઇ પણ પ્રકારની હરકત ન હોય તો આ ભિલ્લોને અહીં આવવાનું શું કારણ હતું? નાગાદિત્ય મહારાજ કોણ? તેમનો કુંવર કોણ? અને આપના ઉપરજ તેમને કેમ વહેમ આવ્યો હતો વગેરે જણાવશો તો આ અભાગી આપથી નિમકહરામ નહિ નિવડે." પ્રવાસીએ બે હાથ જોડી નમન કરી કહ્યું

એ સાંભળી સુશર્માએ તેને બાપ્પા વિષે સર્વ હકીકત કહી સંભળાવી.

"મહારાજ નિશ્ચિંત રહો. હું મારી આ તરવારની પ્રતિજ્ઞા લઇ જણાવું છું કે હું બાપ્પાનો એક જીવજાન દોસ્ત થઇશ. તેના હુકમથી મારૂં માથું આપવા તૈયાર થઇશ, અને કોઇ પણ પ્રસંગે તેનાથી દૂર નહિ રહું." નવિન પ્રવાસીએ જવાબ આપ્યો.

મધ્યાહ્ન કર્મ આટોપી વૈશ્વદેવ કરી કાકબળી આપવા સુશર્મા બહાર આવ્યા અને એટલામાં[1] કોઇ અતિથિ છે કે નહિ તેની તપાસ કરતા હતા, એવામાં વળી એક નવીન અતિથિ તેમની પાસે આવ્યો અને "સુશર્મા નામના પંડિત મહારાજ ક્યાં રહે છે?" એવો પ્રશ્ન પૂછ્યો. સવારમાં બનેલા બનાવથી સુશર્માને તેનો ઉત્તર આપવો સૂઝે નહિ. તેને ભય લાગ્યો, પરંતુ અસત્ય બોલવું એ મહાપાપ છે એવું શાસ્ત્રમાં કહ્યું છે તેથી શો જવાબ આપવો તેની તેમના મનમાં ગડભાંજ થતી હતી. બ્રાહ્મણ કંઇ જવાબ આપતો નથી જાણી પેલા આવનારે ફરી કહ્યું: "મહારાજ, હું વીજયસિંહ ઠાકોરનો માણસ છું. મારે સુશર્મા પંડિતનું ખાસ જરૂરનું કામ છે. આપને માહીતી હોય તો મહેરબાની કરી મને તેમનું ઘર બતાવો. ન જાણતા હો તો ના પાડો. હું બીજે સ્થળે જઇ ચોકશી કરી લઇશ."

"ભંડેરગઢવાળા, કેમ?" વીરસિંહનું નામ સાંભળી તેણે આનંદ પામી કહ્યું.

"હા, મહારાજ. તેજ ઠાકોર."

---

૧. ઘરની નજીકમાં.

"સુશર્મા તે હુંજ. શું કામ છે તે કહો, પણ મને પહેલાં કહો કે મારો સુદેવ ખુશીમાં છે? ઠાકોરના કુંવર સમરસિંહ તેને પંદર દિવસના વાયદે લઇ ગયા હતા. સોળ દિવસ થયા પણ તે હજુ આવ્યો નહિ તેથી બે ચાર દિવસ વધારે રોકવાનો તેમનો વિચાર મને જણાવવા તમને મોકલ્યા હશે. ઠીક, આવો. અંદર આવો. બેસો, બપોરનો સમય છે. જમવાની તૈયારી છે. ખાઇ પી વિશ્રાન્તિ લઇ પછીથી જજો. ઠીક થયું કે તમે કહેવા આવ્યા, નહિ તો મારે ફેરો પડત. ત્યાં સુદેવને રાખ્યો છે તેમાં મને કંઇ હરકત નથી, પરંતુ બાળક છે. ત્યાં તેને ગમતું હોય તો ભલે બે ચાર દિવસ વધારે રહે."

"હવે આ બ્રાહ્મણને શું કહેવું?" એવું વિચારતો તે માણસ અંદર ગયો. જેને જંગલમાંથી ભંડેરગઢવાળી ટોળીએ વડનગર જઇ સુદેવ સહી-સલામત પહોંચ્યો છે કે નહિ તેની તપાસ અર્થે મોકલ્યો હતો તેજ આ માણસ હતો. "મહારાજને ખરી વાતથી વાકેફ કરવા? નહિજ. એ તો મૂર્ખાઇ કહેવાય. હવે તો એમના મન પ્રમાણેજ વાત કહેવી એજ ઠીક. જો સુદેવ ઉપર પણ સંકટ આવી પડયું હશે અને કંઇ અહિત થયું હશે તો તે છુપું રહેવાનું નથી. હાલ ખરી વાત જણાવી બ્રાહ્મણનો શ્રાપ કોણ લે?" મનમાં ગડમથલ કરતા વિચારોને આધિન થઇ, "સુદેવજી આનંદમાં છે અને ત્યાં ઠાકોર સાહેબે મોટા પ્રેમથી તેમને રાખ્યા છે." કહી ખાધું ન ખાધું કરી પ્રવાસી ત્વરાથી નીકળી ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૬ મું.

હારિત ઋષિનો આશીર્વાદઃ-'चक्रवर्त्ति भव.'

" ભાગ્યદેવી જેને પ્રસન્ન, બેડો તેનો પાર;
જશ જીત્યો તે જરૂર નર, કહું છું વારંવાર. "

સૂર્યોદય થયો. જંગલમાં પક્ષીઓએ કળાહોર કરી મૂકયો હતો. પૃથ્વીએ રંગબેરંગી બુટ્ટાદાર લીલી સાડી પહેરી હતી. ડુંગરા પણ દૂરથી લીલાછમ જણાતા અને તે ઉપર પડેલી સર્પાકાર પગરવટ બહુ સુંદર દેખાતી હતી. કેટલાંક પક્ષી તો પોતાના માળાના દ્વાર પાસે આવી જાણે બાળસૂર્યનાં દર્શન કરી નમસ્કાર કરતાં હોય અને પોતાનાં નાનાં બચ્ચાંને નમસ્કાર કરવાનું શીખવતાં હોય અથવા તેમના કુમળા મગજમાં તેમ કરવાથી પૂણ્ય થાય છે એવી વિદ્યા રૂપી દ્રવ્ય સિંચતાં હોય તેમ માળાના મુખ પાસે આવી ડોકીયાં કરતાં અને અંદર જતાં દેખાતાં હતાં! આ સમયનો દેખાવ વિશ્વકર્ત્તા પ્રભુનો અદ્ભૂત મહિમા અને તેનું અસ્તિત્વ જણાવતો હતો. પક્ષ્યાદિક નિર્બુદ્ધ પ્રાણી સુદ્ધાં આ સમયે તે મહાન્ પ્રભુનું સ્મરણ કરાવનાર મૂર્તિમંત સૂર્યનું આદરાતિથ્ય કરવા તૈયાર હોય છે, પરંતુ આપણે પ્રબુદ્ધ માનવ લોક આ સમયે કંઇ પણ કરતા નથી! કર્તવ્ય બજાવવા હોશિયારી હજુ આવી નથી એવું કહી સન્માર્ગ કર્તવ્યથી દૂર રહેલા અને પાપાચરણમાં તલ્લીન થએલા આપણે ગાઢ નિદ્રામાં પડી રહીએ છીએ કે પથારીવશ રહી તેમાં આળોટીએ છીએ, અને ઋષિ મુનિઓએ શ્રુતિ, સ્મૃતિ, પુરાણો વગેરે અનેક ધર્મ ગ્રંથોમાં સ્થળે સ્થળે, પ્રસંગે પ્રસંગે લાખો-

વાર કહ્યું છે કેઃ " સંધ્યા સમયે ઈશ્વર ચિંતન અવશ્ય કરવું. " એવું સાંભળ્યા અને વાંચ્યા છતાં આપણે દૂરના જ દૂર રહીએ છીએ.

ધ્યાન, ધારણા, જપ, તપ, સત્ શાસ્ત્રોનો અભ્યાસ એ સર્વ એક કોરે મૂકી, ઉઠયા ત્યારથી દેશકાળની વાતો, ધંધા રોજગારનીજ ચિંતા અને આડાઅવળા તડાકા, તેનાંજ વ્રત અને નિયમો, કપટ અને કળાયુક્ત વિચારો! સાંસારિક ખટપટો અને જનસમૂહમાં મોટા કહેવરાવવાની યુક્તિઓ સિવાય આપણને બીજું કરવાનો અવકાશ મળતો નથી અને મન પણ થતું નથી! એ પણ એક આ ચાલુ કળા કાળ-અરે કળિકાળનો મહિમા!

બાપ્પાને તેના ધર્મપિતા સુશર્માને ત્યાંથી ઈશ્વરની અગાધ લીલાનું અને તેના અસ્તિત્વનું ઉપરચોટિયું પણ સારૂં-સંગિન જ્ઞાન મળ્યું હતું. પોતાના ઉપર આવી પડેલા સંકટમાંથી ઈશ્વરની કૃપાથીજ તે બચ્યો એવું તેના મનમાં આવ્યું. તે કેટલોક વખત સૃષ્ટિમાં સૌંદર્ય જોતો, ઈશ્વરને સ્મરતો ઉભો અને સ્નાનવિધિથી પરવારી સ્વપ્નમાં જોએલા ઋષિનાં દર્શન કરવાના નિશ્ચયથી આગળ ચાલ્યો.

દશ વાગી ગયા હતા. સૂર્યનો પ્રકાશ પડવાથી ધરતી ઊની થઇ હતી. " આ જંગલમાં રસ્તો શી રીતે જડશે? ઘોર જંગલમાં રહેતાં હિંસક પ્રાણીઓ કંઇ ઇજા તો નાહ કરે? " વગેરે હજારો પ્રશ્ન તેના મનમાં ઉદ્ભવતા, પરંતુ મુનિશ્રીનાં દર્શનના અભિલાષીને કંઇ ગોઠતું નહિ! ગમે તે પ્રકારે મુનિશ્રીનાં દર્શન કરવાંજ એ તેનો ઉદ્દેશ હતો. તે ઘડીકમાં એક દિશામાં જતો, વળી પાછો ફરતો અને બીજી દિશા તરફ વળતો. વળી તે દિશા બદલી ત્રીજીમાં જતો. એમ દશે દિશામાં ફરી વળ્યો પરંતુ કઇ એક દિશામાં જવું તેનો તેના મનમાં નિશ્ચય થયો નહિ અને તેમાં બપોરના સખ્ત તાપે તેને રાંઘળો* કરી મૂક્યો!

આ જંગલમાં મનુષ્યનો ઝાઝો સંચાર ન હોવાથી બાપ્પાને પ્રવાસ દરમ્યાન કોઇ મળ્યું નહિ. તે ઘડીમાં તડકામાં તો ઘડીમાં છાંયડે બેસતો. એક ભ્રમિત મનુષ્યની માફક બેસે, વળી ઉઠે અને ચાલે! ખરેખર તે ભ્રમિત

---

* આકળવિકળ.

થયો હતો પરંતુ આ તેનું ભ્રમિતપણું માત્ર ઋષિનાં દર્શન અર્થેજ હતું. ક્યાં જાઉં તો ઋષિનાં દર્શન થાય એજ વિચારે તેનો જીવ ભ્રમિત થયો હતો. ફરતો ફરતો પાછલે પહોરે એક લાંબા અને ઉંડા ખાડા આગળ આવી પહોંચ્યો. આ સ્થળે એક પીપળો અને વડનું ઝાડ ઉગ્યું હતું, તેથી તે ઉંડો ખાડો બધો ઢંકાઇ ગયો હતો. કેવો ભવ્ય દેખાવ! શાંતિ અને પ્રસન્નતા ચોગરદમ પ્રસરી રહી હતી. આસપાસ ડુંગરાની ઉંચી નીચી ટેકરીઓમાં લીલોતરી ઉગેલી હોવાથી લીલી મખમલ પાથરી દીધી હોય તેવું મનોહર દેખાતું હતું. વરસાદના દિવસો હોવાથી ડુંગરામાંથી પાણીના ઝરા કોઇ જોસમાં તો કોઇ ધીમે ધીમે એમ નાના મોટા નીચે પડતા, દોડતા અને જુદો જુદો દેખાવ ખડો કરતા હતા! ત્યા ઉગેલાં ઝાડ અને વનસ્પતિઓ રંગબેરંગી પુષ્પોથી આંખને ઠંડક આપતાં હતાં. આ સ્થળ, મનુષ્ય પગરવ અને જંગલના લોકોના રસ્તાથી ઘણે દૂર એકાંતમાં આવેલુ હતું, અને નાનાં મોટાં ઉગેલાં ગીચ ઝાડોને લીધે વાઘ, સાપાદિ હિંસક પ્રાણીઓનાં સ્થળ હોય એમ જણાતું હતું.

આવા અપરિચીત સ્થળે આ બાળક સાંજના સમયે આવી ઉભો. હવે અહીંથી તેને ખસવું ગમ્યું નહિ લોહચુંબક જેમ લોહને ખેંચે છે તેમ ઇશ્વરી માયાથીજ તે ખેંચાઇ-દોરાઇ અહીં આવ્યો હોય અથવા તો ધ્યાનસ્થ મુનિના ધ્યાનથી તે દોરવાયો હોય! ગમે તેમ હોય પરંતુ તે આ સ્થળે રખડતો રખડતો આવ્યો અને ઉભો. ઉભો તે ઉભોજ રહ્યો. ન બેઠો કે ન ત્યાથી હાલ્યો! સ્થિર ચિત્તે અને સ્થિર નેત્રે પ્રભુની લીલા નિહાળવા લાગ્યો.

સત્સંગતિનો પ્રભાવજ કંઇ વિલક્ષણ છે. સત્પુરૂષો પારસમણિના કરતાં પણ અધિક છે, કારણ કે પારસમણિ તો માત્ર લોહને કંચન બનાવે છે, કંઇ પારસમણિ બનાવતું નથી, પરંતુ એક પાયરી લોહ નીચું રહે છે, ત્યારે સદ્‌ગુરૂ જો પારમાર્થિક સત્તાવાળા હોય તો પોતાના શિષ્યને તે પોતાની સમાન સ્થિતિમાં લાવી મૂકે છે. લાયકને લાયક બનાવવો એમાં કાંઈ મહાન્ પુરૂષોની મહત્તા નથી, પરંતુ નાલાયકને લાયક બનાવવો એમાંજ એમની મહત્તા છે.

અધિકારી જન તો પોતાના અધિકાર પ્રમાણે વધ્યોજ જશે, પણ અનધિકારીને અધિકારી બનાવી અધિકારપર લાવી મૂકવો એજ ઉચિત છે, અને એમાંજ મનુષ્યત્વ છે. તેમ ન કર્યું તો તેણે પછી શો અધિકાર કર્યો? તો પછી તેને "મનુષ્ય" શા માટે કહેવો? મહા પુરૂષો તેમ કરતા નથી. તેમની દૃષ્ટિ માત્રથીજ અનધિકારી પણ અધિકારી બની જાય છે.

"क्या कैलास सुमेरु क्या, सब तरु तरुहि रहंत।
सत्संगत गिरि मलय सम, सब तरु मलय करंत॥"

મલયાચલમાં સર્વ વૃક્ષો ચંદન રૂપજ થઇ જાય છે, તેવીજ રીતે મહાનુભાવ પુરૂષોના શરણમાં જનાર અધિકારી કે અનધિકારીઓ મહાત્મારૂપજ થઇ જાય છે. નહિ તો પછી મહાત્માની મહત્તા શી? અને ઇતર જનોમાં અને તેમનામાં ફેર શો? મહા પુરૂષો અધિક ભાવથી કિંવા ન્યૂન ભાવથી પણ શરણાગતને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી દે છે, અને તેમાં જેટલા દોષો રહેલા હોય છે તે સઘળાઓનુ નિવારણ કરે છે. શિષ્ય જ્યાં સુધી પોતાની પદ્વીએ ન પહોચે ત્યાં સુધી તેની સારી પેડે કાળજી રાખવી એ મહાત્માઓની ખાસ અને મોટી ફરજ છે. ખાલી ચેલા મુડી મુડીને છોડી દેવા કે મારે આટલા ચેલા છે એમ કહેવરાતા ફરવું અને "બચ્ચા માંગ ખાઓ, વિશાળ દુનિયા પડી હય" એમ કરવું, અથવા તો કોઇનું કંઈ પણ કલ્યાણ ન કરવું અને ફોગટની સેવા કરાવા તેના તન, મન અને ધનથી મોજમઝા ઉડાવવી એમાં કંઇ ગુરૂની ગુરૂતા નથી! એ તો ઉલટી લઘુતા છે! ગુરૂની ગુરૂતા તો તેજ છે કે શિષ્યને સન્માર્ગે ચઢાવી દઇ મોક્ષ–સિદ્ધિનાં પરમ સ્થાનપર પહોચાડી દેવો. ગુરૂઓ તેજ કે જેઓ પારમાર્થિક સત્તાવાળા હોય છે અને શિષ્યોનાં કલ્યાણ પણ કરી શકે છે. એટલાજ માટે કહ્યું છે કે, "પાણી પીજે છાણીને અને ગુરૂ કીજે જાણીને." મહાપુરૂષો જેઓ અપૂર્વ પારમાર્થિક સત્તાવાળા, સાત્વિક અને નિષ્કામ હોય છે, તેઓ પ્રથમ તો ઘણા શિષ્યો કરતા નથી. અને જેને શિષ્ય કરે છે તેને પાર પહોંચાડે છે. પરંતુ જે ગુરૂઓ પોતે પાર ગયા નથી તે બીજાને શી રીતે પહોંચાડે? મનુષ્યને સતપુરૂષની સંગતિ શું શું નથી કરતી?

जाड्यं धियो हरति सिंचति वाचिसत्यं
मानोन्नति दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्त्ति
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

"બુદ્ધિનું જડપણું હરી લે છે, વાણીમાં સત્યતાને સિંચે છે, માન અને મોટાઇ આપે છે, પાપ સર્વ દૂર કરે છે અને સઘળી દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરે છે."

બુદ્ધિનુ જડપણું ગયું એટલે સત્યાસત્ય અને હેય ઉપાદેયનો વિવેક થઇ અસત્યનો ત્યાગ થાય છે અને સત્ય વસ્તુનું ગ્રહણ થાય એટલે સઘળા સદાચાર અને સદ્‌ગુણનું પાત્ર થવાય છે. એ શુ સત્સંગતિથી થોડો લાભ કહેવાય ? એ પછી અનુક્રમે સત્યપણું, માન, મોટાઇ, પ્રસન્નતા અને કીર્તિ પોતાની મેળેજ ચાલ્યાં આવે છે. પૂર્વનાં કાંઇ પુણ્ય વિના સત્પુરૂષોના જેવાં આચરણ થતાં નથી. એક અનુભવી વિદ્વાન કહે છે કેઃ-

गंगेवाऽघविनाशिनी जनमनः संतोष सच्चन्द्रिका ।
तीक्ष्णांशोरपि सत्प्रभेव जगदज्ञानांधकारापहा ॥
छायेवा खिल तापनाशन करी स्वर्धेनुवत्कामदा ।
पुण्यैरेव हि लभ्यते सुकृतिभिः सत्संगति र्दुर्लभा ॥

"ગંગાની પેઠે પાપનો નાશ કરનારી, માણસોના મનને રંજન કરવામાં સારી ચંદ્રિકા જેવી, સૂર્યનાં કીરણોની પેઠે જગતના અંધારાને[1] મટાડનારી, છાયાની પેઠે સર્વ [2]તાપને ટાળનારી અને કામદુધા ગાયની પેઠે જે મનકામના થાય તે પૂર્ણ કરે એવી દુર્લભ સત્સંગતિ[3] છે, જે સારાં કામ કરનારા હોય તેને જ પુણ્યવડે મળે છે."

कल्पद्रुमः कल्पितमेव सूते । सा कामधुक्कामितमेव दोग्धि ।
चिंतामणिश्चिन्तितमेवदत्ते । सतां हि संगः सकलं प्रसूते ॥

"કલ્પવૃક્ષ, જે કલ્પના કરીએ તેજ આપે છે, કામદુધા ગાય જે

---

૧ અજ્ઞાનતા. ૨ આધિ, ઉપાધિ અને વ્યાધિના સર્વ તાપ. ૩. સત્સંગથી સારીજ કામના થાય અને તે કામનાને સત્સંગતિ પૂરે

કામના કરીએ તેજ આપે છે અને ચિંતામણિ જે ચિંતવન કરીએ તેજ આપે છે, પરંતુ સત્પુરૂષનો સંગ તો એ સઘળું આપે છે."

કલ્પવૃક્ષ, કામદુધા કે ચિંતામણી પ્રત્યક્ષ અનુભવ કરવાનું આ કલિયુગમાં-કળિકાળમાં-આ જગતમાં અસંભવિત છે; પરંતુ આ ત્રણેથી શ્રેષ્ટ જે સત્યસંગતિ-સંત પુરૂષોનો સમાગમ-અનુભવ પ્રત્યક્ષ કરવો હોય તો પણ વિરલ સ્થળે થઇ શકે છે, માટે એ લાભ ચૂકવો ન જોઇએ. સંસારના ભયતાપથી તપેલા મનુષ્યોને અનંત શીતળતા આપનાર સંત પુરૂષો જ છે. મનુષ્ય માત્રે સાચા સંત પુરૂષ શોધીને તેમને આશ્રયે જવું જોઈએ. તેમનો અમૃતમય ઉપદેશ શ્રવણ કરવો જોઇએ અને અવિચળ આનંદ ભોગવવો જોઇએ.

જે ગુરૂએ પોતેજ અનંત આનંદ-સચ્ચિદાનંદનું ઘર જોયું ન હોય તે બીજાને શું બતાવે? જે પોતેજ સ્વાત્મ કલ્યાણ કરી શકયા નથી તે શિષ્યોનાં કલ્યાણ શી રીતે કરશે? ધિકાર છે એવા પરાયા પુત્રોને ખરાબ કરનારા ગુરૂઓને! એવાને ગુરૂ નહિ પણ ગોરૂ (બળદ) સમજવા.

અખા ભકતે આવા જ ગુરૂ જોઇને કહ્યું છે કેઃ—

" ગુરૂ કર્યા મેં ગોરખનાથ, ઘરડા બળદને ઘાલી નાથ;
ધન હરે પણ ધોકો ન હરે, તે ગુરૂ કલ્યાણ શુ કરે ? ! "

સત્પુરૂષો તો પરને થતી પીડા પોતે સહન કરી શકતા નથી. બીજાંનાં દુઃખ દેખી દિલમાં બહુ દુખાય છે. કોઇ ઉપર તે કરડી નજર કરતા નથી. સર્વ ઉપર તેઓ દયા દૃષ્ટિથી જુવે છે. શક્તિ પ્રમાણે સર્વના સારામાંજ પોતાના તન, મન અને ધનનો ઉપયોગ કરે છે. કેમકે **परोपकाराय सतां विभूतयः** । તેઓ સર્વને સારે માર્ગે ચઢાવે છે. ઇશ્વરમાં એક લક્ષ રાખે છે. નિરંતર સત્કર્મ કર્યા કરે છે. કામને કોરે કાઢે છે. ક્રોધને ધકેલી મૂકે છે. લોભને ભગાડી દે છે. મદને દૂર કરે છે. મત્સરનું મુખ જોતા નથી. આશાને અળગી કરે છે. તૃષ્ણાને તરછોડી મૂકે છે. સંતોષ સાથે સંપ રાખે છે. વૈરાગ સાથે વ્યવહાર બાંધે છે. વિવેકને વેગળો કરતા નથી. ક્ષમાને માન આપે છે. દયાને દિલમાં ધારે છે. શાંતિનો શણગાર કરે છે. તિતિક્ષામાં તત્પર રહે છે. પુણ્ય અને પરોપકારમાં અપૂર્વ પ્રીતિ રાખે છે. નીતિ માર્ગમાં વણા

જાય છે. મનને સ્વાધીન રાખે છે ઇંદ્રિઓને આધીન ન થતાં તેમને વશ કરે છે. સંસારનાં માની લીધેના ક્ષણિક સુખોમાં સુખ લેતા નથી. વિષયોને વિષ સરખા ગણે છે. વ્યવહાર અને પરમાર્થનાં બંધન ન કરે એવા બોધ લે છે ને આપે છે. સર્વ પ્રાણીને પોતાના સમાનજ લેખે છે. શરીરનુ ક્ષણભંગુરપણું જાણે છે. કાળની ઉતાવળી ગતિને ઓળખે છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરૂષાર્થને અનુક્રમે સિદ્ધ કરે છે. ઇશ્વિરના સ્વરૂપને ઓળખી લે છે. સંપત્તિ મળે તો તેથી હરખાતા નથી. વિપત્તિ પડે તો તેથી પીડાતા નથી. ઉદાસી રહે તોપણ જગતનાં કલ્યાણનાં સાધનો ઉપર ઉદાસી રહેતા નથી, અને ટુંકામાં કહીએ તો સર્વ સદ્ગુણોના ધામરૂપ, સર્વ પુણ્યના પાત્રરૂપ અને સર્વ જગતને સન્માર્ગે ચઢાવનાર અને સુખ આપનાર સત્પુરૂષ છે. આવા સંત પુરૂષો ઘેર ઘેર, બારણે બારણે મળવા કે પ્રસિદ્ધિમાં આવવા કઠિન છે. ભૂમંડળમાં ભૂષણરૂપ સત્પુરૂષો ઘણાજ થોડા છે.

આ મહા પ્રપંચથી ભરેલા જગતમાં મહાન્ પુરૂષો થોડા છે, એ વાત નિઃસંદેહ છે. તથાપિ એ થોડા પુરૂષો પણ જનસમાજને ધારે તો અત્યંત લાભ કરી શકે છે. કોઇ અનુભવી કહે છે કેઃ—

ये दीनेषु दयालवः स्पृशति यानल्पोऽपि न श्रीमदो ।
व्यग्रा ये च परोपकार करणे हृष्यंति ये चार्थिताः ॥
स्वस्थाः संति च यौवनोन्मद महा व्याधि प्रकोपेऽपि ये ।
ते स्तंभैरिव सुस्थिरैः किल भरक्रांता धरा धार्यते ॥ [1] ॥

“ જે દિન પ્રાણી ઉપર દયાળુ છે, જેને જરાએ લક્ષ્મીનો મદ સ્પર્શ કરતો નથી, જે અન્ય ઉપર પરોપકાર કરવા માટે અતિ ચંચળ છે, અર્થાત્ અન્યના ભલામાં આનંદથી ભાગ લે છે, જેની પાસે યાચના કરી હોય તો રાજી થાય છે, અને જે જુવાની રૂપ છકેલો મોટો વ્યાધિ કોપ્યા છતાં પણ સ્વસ્થ રહે છે, તે અચળ સ્થંભ જેવા સત્પુરૂષોથીજ, મોટા ભારથી પીડાએલી પૃથ્વી ધારણ કરાય છે, અર્થાત્ આવા પુરૂષોના આધારેજ આ પૃથ્વી રહી છે. ”

1 મોહમુદ્ગર.

સત્પુરૂષોને આધારેજ પૃથ્વી રહે છે એમાં ઘણું ગંભીરતા ભરેલું છે, કેમકે દુનિયામાં દુરાચાર, દુરાગ્રહ અને દુઃખભાવ એ ત્રણ દદાઓ પૃથ્વીને ઉથલપાથલ કરી નાખે તેવા છે, પણ સત્પુરૂષોના બોધની-અને સત્સંગના પ્રમાણમાં-થોડી અસર પણ પૃથ્વીને ઉથલપાથલ થતી અટકાવે છે, એટલે કે સત્પુરૂષોના પ્રતાપેજ કેટલાક લોકો સદ્‌ગુણી અને સૌજન્ય ભરેલા ક્યાંહી ક્યાંહી જોવામાં આવે છે।

જેઓ ઘણા ભાગ્યશાળી હોય અને જેઓએ પૂર્વે કંઇ સુકૃત કરેલું હોય તેવાઓનેજ સત્પુરૂષનો સમાગમ થાય છે. જેઓ દુર્ભાગી હોય અને પૂર્વે કઇ સુકૃત ન કર્યું હોય તો તેમને પહેલાંથી સત્પુરૂષોનો સગ થવો બહુજ દુર્લભ છે, એ વાત અનુભવ સિદ્ધ છે! આવા પુરૂષો પણ પોતાના ભલાને માટે નિષ્પક્ષપાતપણે અનેક ઉપાયો કરે છે, પરંતુ પોતાના ઉત્તમ કૃત્યમાં જોઇએ તેવા પાર પડી શકતા નથી. સત્પુરૂષોની પંક્તિમાં અમે છીએ એવું ધારીને કેટલાક લક્ષ્મીના મદથી ભરેલા, કેટલાક યુવાનીના મદથી મદેલા-છકેલા અને કેટલાક માણસોના-અનુચરોના કે અનુમંગોઓના મદથી બુદ્ધિ જેની બહેર મારી ગઇ છે એવા પુરૂષો અભિમાનનો અગણિત ભાર માથે ઉપાડી આમ તેમ આથડતા જોઇએ છીએ! એવા લોકો ભલે પોતાના મનમાં ગમે તેમ માની બેસે પરતુ સત્પુરૂષના જેવું થવું એ દેવતાઓથી પણ જ્યાં બનતું નથી તો મનુષ્ય તે કોણ માત્ર! તરવારની ધારપર કે અગ્નિ-જવાળામાં સુવું એ કઠણ છાતીવાળાને કદાચ સહેલું છે, પરંતુ સત્પુરૂષના જેવાં આચરણથી વર્તવું એ કોઇ પણ દિવસ સહેલું નથી. સત્પુરૂષના સદાચારની ગંભીરતા જોઇ આશ્ચર્ય પામેલા શ્રીમાન્ શ્રી ભર્તૃહરિ કહે છે કે—

प्रिया न्याया वृत्तिर्मलिनमसुभंगेऽप्यसुकरं
त्वसंतो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां
सतां केनो द्दिष्टं विषममसि धाराव्रतमिदम् ॥

"ન્યાયની રીતે વર્તવું એ પ્રિય લાગવું, પ્રાણ જતા હોય તો પણ નઠારૂં કાર્ય કરવું એ પાપરૂપ જાણવું, અસત્પુરૂષો પાસે, તેમજ નિર્ધન-

ગરીબ સગાં અથવા સંબંધી પાસે યાચના કરવી, વિપત્તિને વિષે ઉંચા પ્રકારથી રહેવું અને મહાન્ પુરૂષો જે પથે ચાલ્યા હોય તે માર્ગને અનુસરીને ચાલવું, એવી રીતે આ અતિ કઠણ તરવારની ધાર જેવું તીખું વ્રત સત્પુરૂષોને કોણે શીખવ્યું હશે ?"

શ્રી ભર્તૃહરિએ લખેલાં આચરણો ખરેખર તરવારની ધાર જેવાં કઠણ છે, કેમકે આ સમયમાં ખરેખરી ન્યાયની રીતિએ આચરનાર—ન્યાયની રીતીએ વર્તવાનું પ્રિય માનનાર, પ્રાણ જતા હોય છતાં નિંધ—નઠારૂં કાર્ય કરવામાં પાપબુદ્ધિ ગણનાર અને વિપત્તિના સમયમાં ઉંચી સ્થિતિમાં રહેનાર તથા મહાન્ પુરૂષો જે માર્ગે ચાલ્યા હોય તે માર્ગે ચાલનાર—મહાન્ પુરૂષોને અનુસરનાર—મનુષ્યો આ પૃથ્વી ઉપર માત્ર આંગળીના વેઢા ઉપર ગણાય તેટલાંજ હશે! અરે જવલેજ!

લગભગ અર્ધો કલાક વીતિ ગયો. બાપ્પો ત્યાંથી ખસ્યોજ નહિ. તે પ્રકૃાત દેવીની મનોમુગ્ધકર લીલા અને તેનું અનુપમ સૌંદર્ય નિહાળતો હતો. છેવટે તે નિર્વિકલ્પ સમાધિવાળા કોઇ યોગીની માફક હાલ્યા ચાલ્યા સિવાય એ સ્થળે બેઠો. તેનાં ચક્ષુઓ જમીન ઉપરનું સંધ્યાકાળ સમયનું સૃષ્ટિસૌંદર્ય નિહાળતાં હોય એમ તેમ વગર ફરકે સ્થિર રહ્યાં હતાં. લગભગ અર્ધો કલાક સુધી તે આમ સ્વસ્થ બેસી રહ્યો. વળી તે ઉઠયો અને તેજ સ્થળે આમતેમ ફરવા લાગ્યો. એટલામાં તેને સુગંધી ધુપની ગંધ આવી તેથી મનને કંઈ વિલક્ષણ આનંદ થયો, અને રખડવાથી લાગેલો શ્રમ મટી ગયો. એ સુગંધ પ્રાતઃકાળમાં પોતાના શરીરપર લાગેલી ભસ્મની સુગંધ જેવી વાસ હોય તેમ લાગ્યું. હવે તેની ખાત્રી થઇ કે હું જેની શોધમાં પડ્યો છું તે આટલામાંજ છે, તેથી ધીમે ધીમે, જોતો જોતો, પગ મૂકતો મૂકતો તે ખાડામાં ઉતર્યો.

હારિત ઋષિનો આશ્રમ આજ સ્થળે હતો. તેમનો સમાધિ ઉતરવાનો અને સાયંસ્નાન કરવા જવાની તૈયારીનો આ સમય હતો. ધૂપ વગેરે સુગંધમય દ્રવ્યોનો ત્યાં હમેશાં ઉપયોગ થતો હતો. આવી સુગંધથી મોહિત થઇ તેમના આશ્રમના દ્વાર પાસે કોઇ કોઈ પ્રસંગે ભુજંગ પણ ફેણ માંડી

બેસતાં, તેથી ભૂલેચૂકે તે સ્થળે કોઈ આવી ચઢતું તો ભુજંગને જોઇ બે પગલે નાસતું હતું !

એ સુગંધને આધારે બાપ્પા આ આશ્રમના દ્વાર પાસે ગયો. સારા નશીબે ભુજંગનાં દર્શન તેને થયાં નહિ. દ્વાર પાસે ગયા પછી તેને ભય લાગ્યો. તેનું હૃદય ધબકવા લાગ્યું શરીર કંપવા લાગ્યું અને પગ શિથિલ થઇ ગયા ! આશ્રમનું દ્વાર એટલે એક બે હાથ પહોળુ અને ચાર હાથ ઉંચુ એવું પોલાણ ! તેમાંથી બાપ્પા અંદર ડોકીયાં કરવા લાગ્યો. એક વખત અંદર જૂવે, વળી બહાર જૂવે; એક પગ અંદર મૂકે, વળી બહાર કાઢે. વળી વધારે આગળ જાય ને બહાર આવે, એવો ક્રમ ચલાવ્યો. અંદર જવાની તેની હિમ્મત ચાલી નહિ, તેમ પાછા જવાનું પણ મન ના પાડે. એમ કરતાં કરતાં સાયંકાળ થયો એટલે ખાડો વધારે ભયંકર દેખાવા લાગ્યો તેથી તે દ્વાર પાસેજ બેસી રહેવાનો નિશ્ચય કરી ત્યાંજ બેઠો. ઇશ્વરેજ આ નાના બાળકની કસોટી કરી હશે. દેવ ભક્તને આધીન હોય છે. તે તો માત્ર ભાવનાજ ભુખ્યા હોય છે. બાપ્પાની દૃઢ ભક્તિ લક્ષમાં લઇને ઇશ્વરેજ એ ઋષિના મનમાં પ્રેરણા કેમ ન કરી ? એવો પ્રશ્ન કદાપિ ઉઠશે પરંતુ ઋષિ પોતે ક્યાં કમી હતા ? અંતર્દ્રષ્ટિથી તે તો જાણતા હતા કે મારા માટે એક સુકુમાર બાળક કષ્ટ ભોગવે છે. થયું પણ તેમજ. સ્નાન કરવા જતા પહેલાં રસ્તામાં કઇ અડચણ તો નહિ આવે એવું ધ્યાનથી જોવા લાગ્યા. ત્યાં સવારમાં જોએલા બાળકની સ્મૃતિ થઇ આવી. તે બાળક દ્વાર પાસે આવી ઉભો છે એમ જણાયું. તેમના હૃદયમાં વાત્સલ્યભાવ ઉભરાયો. સ્નાન કરવા જવાનો સામાન લઇ બહાર આવવા લાગ્યા. ઋષિના પગલાંનો અવાજ સાંભળી બાપ્પાના હૃદયમાં ભય, ઉત્સુકતા, આનંદ વગેરે અનેક પરસ્પર વિરૂદ્ધ વિકારોની લડાઇ શરૂ થઇ. ઋષિ બહાર આવ્યા. બાપ્પા તેમના સામું જોઇ રહ્યો. "જેમને મે સ્વપ્નમાં જોયા હતા તેજ એ ઋષિ." એમ ખાત્રી થતાં તે ઋષિને પગે પડયો અને આનંદાશ્રુથી તેમના પગ ભિંજવી નાંખ્યા. સાધુ લોકો દયાના સમુદ્ર, અત્યંત કોમળ હૃદયવાળા હોય છે. આ નાના બાળકની દૃઢ ભક્તિ અને દૃઢ વિશ્વાસ જોઇ તેમનું હૃદય દ્રવી

ગયું. "ઉઠ. વત્સ, ઉઠ. ઘણો શ્રમ પડયો હશે." એમ કહી તેને ઉઠાડયો અને તેના મોં, માથા ઉપર અને પીઠ ઉપર હાથ ફેરવ્યો.

"મહારાજ, આજ સવારે આપે પ્રાણદાન આપી, મારી અર્ધ જાગૃત અને અર્ધ નિદ્રાવાળી અવસ્થામા 'ચક્રવર્તી ભવ' એવો આશીર્વાદ આપ્યો હતો, તે મીઠો અવાજ હજુ પણ મારા કાનમાં ગણગણે છે. આપની જે પૂજ્ય મૂર્તિ તે સમયે દેખાઇ હતી તે ક્ષણ પણ વિસરાઇ નથી. આપની ઈશ્વરરૂપે મને ભેટ થઇ હતી પરંતુ તે સમયે આપને પગે લાગવાની બુદ્ધિ થઇ નહિ અને મને શક્તિ પણ ન હતી, તેથી પ્રત્યક્ષ દર્શન કર્યા વિના અન્ન લઇશ નહિ, એવો નિશ્ચય કર્યો. એ નિશ્ચયનુ અને લીધેલા શ્રમનું ફળ જલદીથી મને મળ્યું. આપ મને કૃતાર્થ કરો અને ભવિષ્યનો રસ્તો બતાવો." બાપ્પાએ વિનંતિ કરી."

"ઠીક છે, વત્સ! આજથી તારાં દુઃખ ગયાં સમજજે. ચાલ મારી સાથે. આપણે બન્ને સ્નાન કરીએ. આશ્રમમાં પાછા આવ્યા પછી સર્વ વાત કહીશ. મેં તને "ચક્રવર્તી ભવ" એવો આશીર્વાદ આપ્યો હતો એવું તુ કહે છે તે માત્ર તને ભાસ છે, પરંતુ હું હમણાં તને ખુશીથી પ્રત્યક્ષ તેવો આશીર્વાદ આપું છું." ઋષિએ આશીર્વાદ દઇ તેના મસ્તક ઉપર પોતાનો હસ્ત મૂક્યો.

પ્રકરણ ૨૭ મું.

હારિત ઋષિનો ઉપદેશ.

षडधिक दशनाडी चक्र मध्यस्थितात्मा ।
हृदि विनिहितरूपः सिद्धिदस्ताद्विदांयः ॥
अविचलितमनोभिः साधकैर्मृग्यमाणः ।
स जयतु जयनाथः शक्तिभिः शक्तिनाथः ॥ *

આ સમયે અર્બુદાગીરીનો પ્રતાપ વિશેષ હતો. તેના અંતર ભાગમા એટલા બધા યોગીઓ ઇશ્વર ચિંતનમાં મગ્ન થઈ ધ્યાન અને સમાધિમાં બેઠા હતા કે તેમને પ્રતાપેજ અર્બુદાગીરી તેમજ તેની આસપાસ ચારે તરફ ઘણા ગાઉ સુધી શાંતિની લહેરો પથરાઇ રહી હતી. કેટલેક સ્થળે તો ગાઉના ગાઉ સુધી ધૂપની સુગંધી પ્રસરતી હતી. તેમાં આવેલાં કેટલાંક ગિરિ શૃંગો પ્રાતઃકાળમાં ધુમસથી ઢંકાઈ જતાં અને તેના ઉપર ઉગેલી લીલોતરી કાળા ધાબા પ્રમાણે જણાતી, તેથી ઘણે દૂરથી જોનારને એ કાળાં ધાબાં વાદળા હશે કે કેમ તેનો નિર્ણય થઇ શકતો નહિ.

આ અર્બુદાગીરીના એક ઉંડાણ ભાગમા હારિત ઋષિનો આશ્રમ હતો. હાલની પેઠે તે વખતના ઋષિઓ ન હતા મઠધારી કે ન હતા મંદીર વાસી! ન હતી તેમને કોઇની દરકાર કે ન હતી કઇ લાલસા કે તૃષ્ણા! જગતની મોહજાળથી તેઓ દૂરજ રહેતા અને ઈશ્વર ભજનમાં નિમગ્ન રહી નિરંતર વિશ્વના કલ્યાણ માટે યત્ન કરતા.

હારિત ઋષિનો આશ્રમ એટલે માત્ર એક ડુંગરની ખોમાં આવેલી

* માલતી માધવ.

પર્ણકુટી! ગુફાની અંદર જે જગાએ ઋષિએ પર્ણકુટી બાંધી હતી ત્યાં એક મોટું અશોક વૃક્ષ હતું. એ વૃક્ષની ઘટાથી ટેકરીનો તમામ ભાગ આચ્છાદિત થઇ ગયો હતો. ઘટાને લીધે પર્ણકુટીનો દેખાવ દૂરથી ઘેરા લીલા રંગનો દેખાતો હતો. તેની પાસે સુંદર કદબ સરખું નાનાં પાંદડાંવાળું એક ઝાડ લગભગ દશ બાર હાથ ઉંચાઇનું ઉગ્યુ હતું. તેને કિંશુકના જેવાં પીળાં કેસરીઆ રંગનાં ફૂલ આવ્યાથી તે ફૂલ વિજળીની માફક ચમક ચમક કર્યા કરતાં હતાં. આ સ્થળે ટેકરીના આગલા ભાગમાં મહાત્મા શ્રી હારિત ઋષિ બેસતા ત્યારે એ ફૂલો જાણે મહાત્મા ઉપર છત્ર કરી રહ્યાં હોય એમ દેખાતું. પાસેજ એક કામધેનુ જેવી શ્વેત રગની બટકી ગાય એક ઝાડને થડે બાંધેલી હતી. આ મનહર જંગલની લીલોતરી ખાઇ તે ગાય અતિ હૃષ્ટપુષ્ટ થઇ હતી. મહાત્મા જ્યારે જ્યારે બહારથી આવતા ત્યારે પોતે ખુશી થતી હોય તેમ પોતાનો હર્ષ દેખાડવા તે આમતેમ કુદતી, નાચતી અને આવકાર આપતી હોય તેમ બરાડતી–બાંધડતી.

હારિત ઋષિનું વય લગભગ સો વર્ષ ઉપરાંતનુ હશે, તથાપિ તેમના શરીર ઉપર કરચલી દેખાતી નહતી. શરીર પુષ્ટ, ભરાઉ અને તેજસ્વી દેખાતું. તેમની મુખમુદ્રા અતિશય શાન્ત અને ગભીર હતી. તેમની પર્ણકુટીમાં જોતાં ત્યાં માત્ર બે તુંબડાં અને બે મૃગચર્મ પડેલાં જણાતાં હતાં. એજ તેમની સમ્પત્તિ!

બાપ્પાની ઉમર ઘણી કાચી હતી પરંતુ તેના દૃઢ સંકલ્પે મુનિને આનદ પમાડયો. બંને સ્નાન કરી રહ્યા. બાપ્પાએ પોતાના નિત્યક્રમ મુજબ સાયં સંધ્યા કરી લીધી. મુનિ પણ પરવાર્યા. મુનિએ બાપ્પાને ફરી સ્નાન કરવા આજ્ઞા કરી. બાપ્પા સ્નાન કરી ભીને કપડે હાથ જોડી તેમના સમક્ષ આવી ઉભો એટલે તેને શિવપંચાક્ષરી મંત્રનો અને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરી તેના માથા ઉપર પોતાનો હસ્ત મુક્યો. બંને જણ અરણ્ય બહારના એક નિરાળાજ માર્ગે થઇ પર્ણકુટીમાં આવ્યા. ત્યાં આવ્યા પછી ઋષિએ બાપ્પાને પ્રસાદ આપ્યો અને પોતે પણ અલ્પાહાર કરી પરવાર્યા. બન્ને સ્હામસ્હામા બેઠા અને વાતો કરવા લાગ્યા.

"મહારાજ! આપના ચરણ સમીપ રહેવાની મારી ઇચ્છા છે. કૃપા કરી આજ્ઞા આપો." બાપ્પાએ બે હાથ જોડી કહ્યું.

"વત્સ, નાના બાળકને આ યોગ નિરૂપયોગી છે અને શાસ્ત્ર વિરૂદ્ધ છે. તારે તો બાહુ બળથી કીર્તિ સંપાદન કરવી એજ શ્રેયસ્કર છે. વત્સ! તારે હાથે ઘણાં કાર્યો થવાનાં છે. તને મેં "ચક્રવર્તી ભવ" એવો જે વર આપ્યો છે તે ખરો છે. તું રાજાજ થવાનો છે. હું તારી પૂર્વ સ્થિતિ ધ્યાનથી સમજ્યો છું. તારા પૂર્વજોના જેવીજ કીર્તિ સંપાદન કરી તું નામના કરજે. ઈશ્વર તને વખતો વખત સહાય થશે. વત્સ, આજે હું તને શિખામણ આપું છું તે તારા ભાવિષ્યના કલ્યાણ માટે છે. તે ધ્યાનપૂર્વક સાંભળજે, યાદ રાખજે અને તે પ્રમાણે વર્તજે તેથીજ જગત્માં તારૂં કલ્યાણ થશે. આર્યાવર્તના આર્ય રાજાઓ માટે આ રાજનીતિજ શ્રેષ્ઠ છે. એથીજ અનેક રાજાઓ ઈશ્વર તુલ્ય પૂજાયા છે અને તેમની કીર્તિ ચિરકાળ રહી છે.

सर्वो दंडजितो लोको, दुर्लभो हि शुचिर्नरः ।
दंडस्य हि भयात् सर्व्वं जगद्भोगाय कल्पते ॥[1]

"બધા લોક કેવળ દંડ ભયથી ખરે રસ્તે ચાલે છે. સ્વાભાવિક વિશુદ્ધ સ્વભાવવાળા મનુષ્ય જગત્માં અતિ વિરલ છે. કેવળ દંડના શાસનથી સમુદાય જગત્ આવશ્યક ભોજનાદિ ભોગ કરવાને પ્રાપ્ત થાય છે."

વળી:—दंडः शास्तिप्रजाः सर्व्वा दंड एवाभिरक्षति ।
दंडः सुप्तेषु जागर्ति दंडं धर्म्मं विदुर्बुधाः ॥[2]

"દંડ પ્રજાને શાસન કરે છે, દંડ સર્વનું રક્ષણ કરે છે. સર્વ નિદ્રિત હોવા છતાં દંડ જાગ્રત રહીને સર્વની રક્ષા કરે છે. પંડિતો દંડને ધર્મ જેવો ગણે છે."

स राजा पुरुषो दंडः स नेता शासिता च सः ।
चतुर्णामाश्रमाणां च धर्मस्य प्रतिभूः स्मृतः ॥[3]

"દંડ રાજા છે, દંડ પુરૂષ છે, દંડ માણસને સારે રસ્તે દોરનાર છે. દંડ શાસિતા છે. દંડ ચારે આશ્રમના ધર્મનો જામીન છે."

---

૧. મનુ ૭. ૨૨ ૨. મનુ ૭, ૧૮. ૩. મનુ ૭.

तस्याहुः सम्प्रणेतारं राजानं सत्यवादिनं ।
समीक्ष्य कारिणं प्राज्ञं धर्म्मकामार्थ कोविदं ॥[1]

"ઉપર કહેલા દંડને અમલમાં આણનાર રાજાએ સત્યવાદી થવું, વિચારી વિચારી કામ કરવું–અર્થાત્ પૂર્ણ વિચાર કરી કામ આરંભવું, સુબુદ્ધિવાન્ થવું, અને ધર્મ કામ અને અર્થમાં પ્રવીણ થવું"

यदि न स्यान्नरपतिः सम्यङ्नेता ततः प्रजा ।
अकर्णधारा जलधौ विप्लुवेतेह नौरिव ॥[2]

"સારી રીતે રાજ ચલાવનાર રાજા જો ન હોય તો જેમ સમુદ્રમાં નાવિક સહિત નૌકા ભગ્ન થાય છે, તે પ્રમાણે પ્રજા અંધારામાં ડૂબી જાય છે.'

समीक्ष्य स धृतः सम्यक् सर्व्वा रंजयति प्रजाः ।
असमीक्ष्य प्रणीतस्तु विनाशयति सर्व्वतः ॥[3]

"યોગ્ય રીતથી પ્રજાઓના દેહ ધનાદિ રક્ષણ કર્યાથી સઘળી પ્રજા રાજ્યમાં અનુરક્ત થાય છે. ધટીત રચના ન કર્યાથી તે સર્વેનો નાશ થાય છે."

વત્સ! રાજા અને પ્રજા ઉભય ખરૂં જોતાં પરસ્પરના આશ્રયથીજ દિવસ વ્યતીત કરે છે, અને પોતપોતાના વ્યવહારને ચલાવે છે. રાજાએ પ્રજાને સમાન ભાવથી જોવી જોઇએ. "મારી સત્તા વધારે અને તમારી ઓછી છે, હું ઊંચો અને તમે નીચા છો, મારૂં કુળ ઊંચું છે અને તમારૂં કુળ નીચું છે અથવા તે નીચા કુટુંબનો છે, મારો અધિકાર વધારે અને તમારો ઓછો છે" એમ રાજ્યમદ આણવો ન જોઇએ. કારણ કે રાજા વડે પ્રજા છે, તેમ પ્રજા વડેજ રાજા છે. પ્રજાના કોશથી[4] રાજાનો કોશ[5] છે. પ્રજાની રાજભક્તિથીજ રાજા, રાજા તરીકે રહી શકે છે અને રાજાની સર્વત્ર વિજય પ્રાપ્ત કરાવનારી સત્તા, પ્રજાની રાજા પ્રત્યેની પ્રીતિજ છે. પ્રજાની સંપત્તિમાંથી મેળવેલો જે અંશ, તેજ રાજાની સંપત્તિ છે. આ જગતમાં રાજા અને પ્રજાનો ઘણો ઘણો નિકટનો સંબંધ છે, કેમકે રાજાને હાનિ થવાથી પ્રજાને હાનિ થાય છે અને પ્રજાને હાનિ થવાથી રાજાને

---

૧ મનુ. ૭. ૨૬. ૨ હિત. ૪૪૭ ૩ મનુ. ૭. ૨૯ ૪ ધન. ૫ ભંડાર

હાનિ થાય છે. આ શરીર અને શરીરી જેમ એક બીજા વડે પ્રતીત થાય છે અને નભે છે તેમ પ્રજા અને રાજા એક બીજા વડેજ હોય છે, અને નભે છે. રાજાએ નિરંતર પ્રજાની સુખ સંપત્તિને વધારવાના અને તેમને આબાદ કરવાના ઉપાય યોજવા ઘટે છે, તેમજ પ્રજાએ રાજાની સુખ-સંપત્તિ અને રાજ્યમાં શાન્તિ રહે તેમ વર્તવું ઘટે છે. આ પ્રકારના પરસ્પરના ધર્મ ઉભય રાજા પ્રજા જાણે નહિ તો, તેમને એવી અનુકૂલ પ્રવૃત્તિ થાય નહિ. રાજા પોતાની મેળેજ યોગ્ય વિચારને જાણી શકતો હોય તો પણ તેણે પોતાના યોગ્ય ધર્મનું[1] અન્ય સમર્થના મુખથી શ્રવણ કરવું. વળી પ્રજાને ધર્મમાં સ્થાપવાનો રાજાનો ધર્મ[1] છે. કારણ કે અધર્મથી વર્તતી પ્રજાનો અધર્મનો અંશ રાજાને ભોગવવો પડે છે. પ્રજા જે કાંઇ પૂણ્યનાં કામો કરે છે, તે પૂણ્યનો છઠ્ઠો ભાગ પ્રજાનું સંરક્ષણ કરનાર રાજાને મળે છે, અને જો રાજા પ્રજાનું રક્ષણ ન કરતો હોય તો તેને પ્રજાના પાપનો હિસ્સો મળે છે. વળી કહ્યું છે કે:—

यः आत्मनः प्रिय सुखे हित्वा मृगयतेश्रियं ।
अमात्यानामथो हर्षमादधात्याचिरेणसः ॥[2]

"જે રાજા પોતાના પ્રિય અને સુખનો પરિત્યાગ કરીને રાજ્યના મંગળને વાસ્તે પ્રયત્ન કરે છે, તે અમાત્યોને હર્ષ ઉપજાવે છે."

अतिव्ययोऽनवेक्षा च तथार्जनमधर्म्मतः ।
पोषणं दूर संस्थानां कोष व्यसन मुच्यते ॥[3]

"ધનાદિનો અતિશય ખર્ચ, વગર વિચાર્યું કામ કરવું, અધર્મથી પૈસા મેળવવા, અતિ દૂર રહેલાનું પોષણ કરવું એ સર્વ ભંડાર ખુટાડે એવાં છે."

ना परीक्ष्य महीपालः कुर्य्यात् सचिवमात्मनः ।
अमात्ये अर्थलिप्सा च मंत्ररक्षणमेव च ॥[4]

"રાજાએ પરીક્ષા કર્યા સિવાય કોઇને પણ પ્રધાન નીમવો નહિ કારણ કે અર્થ લિપ્સા અને ગુપ્ત કાર્યનું રક્ષણ અમાત્યમાંજ રાખવું પડે છે."

"પ્રધાન, પૈસો, કિલ્લો, પ્રજાની પ્રીતિ, મુલક, અને લશ્કર એ સાધનો

---

૧ કર્તવ્ય.ફરજ. ૨ ઉદ્યોગ ૧૩૨. ૪૫૩૧ ૩ હિત. ૩૪૮. ૪ ઉદ્યોગ.૩૭–૧૪૧૭.

સાનુકૂળ કે પ્રતિકૂળ હોય એ પ્રમાણે રાજાની ચડતી અથવા પડતી થાય છે, માટે પોતાનું હિત ઇચ્છનાર સુજ્ઞ રાજાએ એ છ વાનાં સાનુકૂળ રાખવાં. રાજાએ સામ, દામ, ભેદ, અને દંડ એ ચાર પ્રકારની સામાન્ય નીતિ તથા છ પ્રકારની રાજનીતિથી વેરી વગેરેને વશ કરવા."

"ઇંદ્ર, પવન, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર અને કુબેર એ આઠ દેવતાઓના અંશરૂપ એક મોટી દેવશક્તિ પૃથ્વી ઉપર આવીને રહે છે તે રાજા કહેવાય છે. એ ઇશ્વરી અંશ રાજાએ પોતાની ઇંદ્રિઓ વશ રાખવાનો નિરંતર પ્રયાસ કરવો. જે રાજા પોતાની ઇંદ્રિઓને વશ રાખી શકતો નથી, તે બીજા લોકોને કેમ વશ રાખી શકશે? શિકાર, જુગાર, ગાયન, નૃત્ય અને વાજીંત્રમાં પ્રીતિ, દિવસે ઊંઘવું, પારકી નિંદા કરવી અને સાંભળવી, સ્ત્રીઓની સાથે લપટાઇ રહેવું, મદ્યપાન, નકામું દેશ પરદેશ ભટક્યા કરવું, એકની વાત લઇને અન્યને કહેવી, વગર વિચાર્યે કામ કરવું, કપટ કરીને ઘાત કરવી, અદેખાઇ કરવી, પારકી મીલકત હરણ કરી લેવી, ગાળો દઇને મારવા દોડવું, દુષ્ટ જનોની સંગતમા રહેવું ને બીજાનું રમકડું થઇને નાચવું એ રાજાઓને દૂષણ લગાડનારી બાબતો છે, તેમની ઉજવળ કીર્તિને ઝાંખી કરનારી છે. નિર્દય, મદોન્મત, હિંસક, અસત્યનું સેવન કરનાર, દાંભિક, લોભી, વિષયી, વંચક, શઠ, મનમાં કંઇ અને વાણીમાં કંઇ એવો, ક્લેશ જેને વહાલો છે એવો, નીચ, પ્રિય, સ્વેચ્છાચારી, નીતિહીન, અને છળવાળા રાજા કરતાં સ્વધર્મનિષ્ટ, પ્રજા પાળક, શત્રુ સમુદાયને શિક્ષા કરનારો, દાનશીલ, ક્ષમાવાન, શૂરવીર, ભોગ સામગ્રી વિષે નિસ્પૃહ, વિરક્ત અને સાત્વિક ગુણવાળો રાજા શ્રેષ્ઠ હોઇને પોતાનું તથા પ્રજાનું સારી રીતે કલ્યાણ કરી શકે છે."

"વળી જેના વડીલો અસલથી રાજાની નોકરી કરતા આવ્યા હોય, જેણે વિદ્યાભ્યાસ કર્યો હોય, સારાં લક્ષણવાળો તથા ખાનદાન કુળનો હોય, દેશ, કાળને અનુસરી રાજા પ્રજાની સ્થિતિ જાણતો હોય, અને રાજા પ્રજાનું જે રીતે શુભ થાય એવી રીતે વર્તવા તૈયાર હોય તેને જ રાજાએ પોતાનો કારભારી નીમવો."

"તેમજ, ઉપજ નીપજ વિષે, ખરચ ખુંટણુ વિષે, પ્રધાન કારભારી અને અન્ય મોટા નોકરોની સારી અગર નઠારી ચાલ વિષે, સદેહ પડતી બાબતોમાં કાયદા રચવા વિષે, દીવાની ફોજદારી કામ વિષે, પ્રજાની સ્થિતિ વિષે, આસપાસનાં રાજ્યોની હીલચાલ અને તેમની સ્થિતિ વિષે, વિદ્વાનોના ભરણુ પોષણુ વિષે, પ્રજાનું, પોતાનું અને રાજ્યનું કેવા પ્રકારથી બહેતર થાય. એ નવ પ્રકારનાં કાર્ય વિષે રાજાએ નિરંતર યોગ્ય ચોકશી રાખવી."

"રાજાએ યુદ્ધકળા તથા શસ્ત્ર અસ્ત્ર વાપરવાની કળા શીખવી, પોતાની પાછળ થયલાં કામોમાં ગુણ દોષ તપાસવા અને ભવિષ્ય વિચારી પ્રત્યેક કામનો નિર્ણય કરવાનો મહાવરો રાખવો જોઇએ."

"બાલ્યાવસ્થામાં ધર્મનાં મૂળતત્વ જાણવાં, અને તે પ્રમાણે વર્તવાનો મહાવરો પાડવો. યુવાવસ્થામાં દઢપણે એ મૂળતત્વોને પકડી રાખી વર્તવું. જીવવું પરાધીન છે. ખબર નથી કે આજ કોનુ મૃત્યુ થશે ? માટે અહંકારનો ત્યાગ કરી શોકથી મુક્ત થવું. તૃષ્ણાનો ત્યાગ કરી ધનવાન થવું, અને સત્યતાનો સંગ કરી અમર થવું. ચોર, ઠગારા, જુગારી, ચાડીઆ, કપટી, ધમકી દઇ નાણાં કઢાવનારા, લાંચીઆ અને વિષય લંપટ રાજ્ય સેવકો, સુલેહનો ભંગ કરનારા માણુસો, જગતના કાંટા રૂપ છે, માટે તેમને પોતાના રાજની હદમાં ન રહેવા દેવા."

તેમજઃ—

दूतं चैव प्रकुर्व्वीत सर्व्वशास्त्र विशारदं ।
इंगिताकारचेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतं ॥[1]

"સર્વ શાસ્ત્રમાં કુશળ, ઇસારત તથા મુખના ભાવ વગેરેથી સામાના મનનો ભાવ સમજવાને શક્તિવાન્, વિશુદ્ધ સ્વભાવવાળો, ચતુર અને મહત્ વંશજોમાં ઉત્પન્ન થએલો હોય એવા મનુષ્યને દૂત કરવો."

अनुरक्तः शुचिर्दक्षः स्मृतिमान् देशकालवित् ।
व[illegible]वान् वीतभीर्व्वाग्मी दूतोराज्ञः प्रशस्यते ॥[2]

"રાજા ઉપર પ્રેમ રાખનાર, પવિત્ર, ચતુર, સ્મરણુ શક્તિ સંપન્ન,

---

૧. મનુ. ૭-૬૩ ૨. મનુ. ૭-૬૪

વખત તથા જગાને અનુસરી ચાલનારો, ઉન્નત શરીરવાળો, બહાદુર અને બોલવામા ચાલાક હોય એવો દૂત કરવો યોગ્ય છે."

न तु हन्यात् नृपोजातुदूतं कस्यांचिदापदि ।
दूतस्य हन्ता निरयमाविशेत् सचिवैः सह ॥[3]

"કોઇ પણ કારણથી દૂતનો વધ કરવો નહિ. જે રાજા દૂતનો નાશ કરે છે, તે મંત્રીઓની સાથે નરકમાં ગમન કરે છે."

વત્સ ! આટલું યાદ રાખીશ તો બસ છે. પ્રસંગોપાત ફરીને તને મારૂં દર્શન થશે. તે પ્રસગે તને મારે જે વધુ ઉપદેશ આપવાનો હશે તે આપીશ. કલ્યાણ મસ્તુ." કહી ઋષિ ઉઠયા અને બ્રહ્મની સ્તુતિ કરવા લાગ્યાઃ—

स्यानंदे सहजे सदा विहरतां स्वच्छंद लीलाजुषां,
निःसंगा च निर्गला च जगतां कल्याण संदोहनी ।
मत्स्यानां सलिलेऽबंर च वयसां वायोरिवाशामुखे
दुर्लक्ष्ये पथि योगिनां बहुविधा गूढाविचित्रागतिः ॥[1]
योगिध्येय पदांबुजस्त्रि जगतां नाथोहरिर्यं स्वयं
शान्तं नित्यमनुव्रजामि रजसा पूये यमित्यब्रवीत् ।
तस्माद्विश्वगुरोः सुरासुर नरैरानम्य पादांबुजा-
दात्मानंद निमग्न निश्चलमते रन्योत्र धन्योस्तिकः ॥[2]

---

૩. શાતિપર્વ.

* ૧ જેમ જળમાં મત્સ્યોની, આકાશમા પક્ષીઓની અને દિશાઓના પ્રદેશમાં વાયુની ગતિ બહુ પ્રકારની, વિચિત્ર અને ગૂઢ હોય છે, તેમ નિપુણ લોકોથી પણ લક્ષમા આવી ન શકે એવા શ્રેયો માર્ગમા પ્રવૃત્તિ કરનાર યોગિજનો, જેઓ સર્વદા સ્વાભાવિક સ્વરૂપાનંદમા વિહાર કરે છે તથા જેઓ સ્વેચ્છાનુસાર જગત્‌ના અનુગ્રહને અનુકૂલ શરીર, વાણી અને મનનીચે ક્રિયાઓ સેવે છે તેમની ગતિ રાગાદિ સંબંધ શૂન્ય, પ્રતિબંધ રહિત અને જગત્‌ના કલ્યાણને પ્રસરાવનારી હોય છે.

૨. જેના પાદારવિંદ કર્મયોગી તથા અષ્ટાગ યોગિઓએ અભ્યુદય અને નિઃશ્રેય સાથે ધ્યાન કરવા યોગ્ય છે એવા ત્રિલોકના પતિ શ્રી વિષ્ણુ ભગવાન પણ

न भृत्या नामात्या न खलु विषया नैवचहय।
न चा शून्याः कोशा न च पुरनिवेशा न सुहृदः॥
तथाप्यात्मकौकी निजबलवरा कीमरिचमू।
विजित्यैतद्विश्वं भुवन भवतात्पद्‌ भुतमिदम्‌॥[3]

આ શ્લોકો બોલતા બોલતા ઋષિજી આમ તેમ આંટા દેવા લાગ્યા.

બાપ્પાએ ઉઠી તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને કહ્યું: “ મહારાજ! આપની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે, પરંતુ મારે આ જગત્‌માં કંઈજ આધાર નથી. નથી મા, નથી બાપ; નથી ભાઇ કે નથી ભાંડું. નથી આ જગત્‌માં મિત્રો કે નથી હિતચિંતક. જેમાં જોઉં તેમાં મારા ધર્મ

જે નિર્વૈર બ્રહ્મવિદૂના સંબંધમા એમ બોલ્યા કે ' હું એમના ચરણરજથી નિત્ય પવિત્ર થવા સારૂ એમની સર્વ પ્રકારની શુશ્રુષા કરૂં '' તે જગદ્‌ગુરૂ જેમના પદ-પદ્મ દેવ, અસુર અને મનુષ્યોએ નમન કરવા યોગ્ય છે તથા જેમની બુદ્ધિ સ્વ-રૂપાનંદમા પ્રવેશ કરેલી હોવાથી અચળ થઈ છે તેમના કરતા આ જગતમાં વધારે કોણ છે ?

૩ લોક પ્રસિદ્ધ રાજાઓને યોદ્ધાઓ હોય છે, પણ આત્મારૂપ રાજાને તો દેહ, પુત્ર, સ્ત્રી આદિ સેવકો નથી. રાજાઓને બાહ્ય વ્યવહાર કરનાર પ્રધાનો હોય છે પણ આત્મારૂપ રાજાને તો મનોબુદ્ધયાદિ મંત્રિઓ નથી. રાજાને પાલન કરવાના પ્રદેશો હોય છે, પણ આત્મારૂપ રાજાને તો ખરેખર શબ્દ સ્પર્શાદિ વિષયો નથી. એકને તો અશ્વો હોય છે પણ બીજાને તો ઇંદ્રિયરૂપ અશ્વો પણ નથી. રાજાને તો દ્રવ્યાદિ પૂર્ણ ભંડાર હોય છે, પણ બીજાને તો અન્નમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય પાંચ કોશો પણ નથી. રાજાને તો નગર તથા નિવાસસ્થાન હોય છે, પરંતુ દ્વિતીયને તો જ્ઞાનેંદ્રિય, કર્મેંદ્રિય પંચપ્રાણ, પંચ મહાભૂત, અંતઃકરણ, અવિદ્યા, કામ અને કર્મ એ લિંગદેહ રૂપ પુર્યષ્ટક પણ નથી, તથા અધ્યાસ અભિમાન રૂપ વસવાનાં સ્થળ પણ નથી. રાજાને તો મિત્રો હોય છે, પરંતુ દ્વિતીયને તો તેમાં રૂડે પ્રકારે પ્રવૃત્તિ કરાવનાર મન રહ્યું છે એવા લૌકિક વૈદિક વ્યાપાર રૂપ મિત્રો પણ નથી. તો પણ તે આત્મારૂપ રાજા એકલો રહી પોતાના સચ્ચિદાનંદ રૂપ પ્રભાવથી તુચ્છ કરી નાખેલી કામાદિ ષટ્‌શત્રુઓની સેનાનો પરાભવ કરી આ સર્વ જગતનું પાલન કરે છે, એ આશ્ચર્ય કરે છે.

બા. ભૂ ૫, ૧૫૫

પિતા સુશર્મા અને માતા લક્ષ્મી દેવી, અને આજથી આપ છો. તેમનો મેળાપ મને ક્યારે થશે? તેઓ મારે માટે કેવી કલ્પના કરતાં હશે? રસ્તો પણ હું જાણતો નથી. અરણ્યમાં હું એકલો અત્યારે કેવી રીતે જઇશ? મને અત્રે જ રહેવા આજ્ઞા આપો, અને મારૂં શ્રેય થાય તેમ કરો.

"વત્સ, જા મારી આશીષ છે કે સર્વ સારૂં થશે." ઉત્તર દિશા તરફ આંગળી કરી કહ્યું:—

"આ બાજુએ જા. એક કોશ ઉપર તને જીર્ણ દેવાલય જણાશે. ત્યાં રાત્રિ ગાળજે. સવારે ઉઠી પૂર્વ તરફનો રસ્તો પકડજે. લગભગ અર્ધા કોશ જતાં તને બે તરૂણનો ભેટો થશે તેમને રસ્તો પૂછજે. તેઓ તને તારી ધારેલી જગાએ લઇ જશે, અને હમેશના તારા સાથી થશે. જા, વત્સ! બીહીશ નહિ. પ્રભુ ઉપર ભરોસો રાખજે, અસત્યથી ડરજે અને અહિંસાથી દૂર રહેજે." મુનિએ બાપ્પાના મનનુ સમાધાન કરી માથે પ્રેમભર્યો હાથ મૂકી આશિષ દીધી અને તેને દ્વાર સુધી વળાવી પાછા ફર્યા.

ઋષિએ રાત્રેજ જવાનું કહેવાથી નશીબને દોષ દેતો બાપ્પા ચાલવા લાગ્યો. ઋષિએ કહેલા એક જીર્ણ દેવાલયમાં તે આવ્યો અને ત્યાંજ વિશ્રાંતિ લીધી.

પ્રાતઃકાળ થયો. ઉદયાચળ પર સૂર્યનારાયણની સ્વારીએ દર્શન દીધાં. અંધકાર મટી પ્રકાશ થયો. જંગલમાં મંગળ થઇ રહ્યું. ભયંકર જણાતું વન–જંગલ દેદીપ્યમાન થઇ ગયું. જાણે સૂર્યના પ્રકાશે જગતમાં ચૈતન્ય રેડ્યું. જાણે આત્મા વગરના શરીરમાં આત્માનો સંચાર થયો. આ સમય માટે એક કવિ કહે છે કે:—

"હર્ષી ધરા મેઘપતિ પધારે,
તાપે તપેલી બની શાન્ત જ્યારે;
વિરૂપતા અંગથી આધી કાઢી,
શોભી શરીરે નવ તૃણ ધારી.
જાણે સુટેકી સતી કોઇ પોતે,
વિયોગ તાપે વિરૂપાંગી[1] તો જે;

---

1 કદરૂપી.

સંયોગ સુખે ખીલી નિજ અંગે,
શૃંગાર સોળે સજીને સુરંગે."
તાજી બને શુષ્ક તરૂની કાય,
પત્રાંકુરે પૂર્ણ ભર્યા જણાય;
આનંદ તો વન પ્રદેશ ડોલે,
પંખી અવાસે પ્રમુદી[1] કલોલે.[2]
આનંદતા સારસ હંસ માતા,
ફાળે ચઢયાં કો મૃગજૂથ જાતાં;
વિહારતાં વ્યોમચરો[3] ઉલ્લાસે,
પાંખો પસારી ગતિમાન ભાસે.
કોવેળ વર્ષે ટીપટીપ વારિ,
પત્રે અસંખ્યો જળબિન્દુ ધારી;
મુક્તા તણો ચોક પૂર્યોજ સાચે,
ભક્તો લીલા બ્રહ્મની જોઇ રાચે.
એવે અચિન્તો નભવાયુ વાય,
કંપાવતો વન તરૂની કાય;
પત્રેથી બિન્દુ ખરી પૃથ્વી આવે,
મુક્તાફ્ળે શું વસુધા વધાવે.
ખિલ્યો દિસે પુષ્પતણો સુબાગ,
પ્રસ્તારતો સર્વ દિશે પરાગ;
સુવાસ જે અન્ય તરૂ ધરે છે,
વિચિત્રતા વિસ્મય તો કરે છે.
કાસાર પૂરી રહી પદ્મપંક્તિ,
ભુલાવતી ભાન અગમ્ય યુક્તિ;
કુંજે કરે કેલિ કીરો અપાર,
પંખી તણા સુસ્વર સુખકાર.

---

૧ આનંદ પામી. ૨ કલ્લોલ કરે. ૩ પક્ષી.

જાણીજ એ પૂર્ણ પ્રભુ પ્રતાપ,
આસ્તા ધરે ઇશ્વરમાં અમાપ;
પૂરા સુભાગી પથી ક્ષેત્રકાર,
દુર્ભાગ્ય જેનાં વિચરે ન બહાર.
માયા તણા પંક વિષે વિધે[૧] એ,
જીવો ઝપોઝપ્પ ફસી પડે છે;
સ્થાપિતવાદી શુદ્ધ સંચિવાળા,
કો અંશીઓ તેજ રહે નિરાળા.
વાટે જતા વારિ શકે ન ખાળી,
વિરામતા વૃક્ષ વિશાળ ભાળી;
પૂર્ણોપકારી તરૂરાજ કહાવે,
પડે પિડી આશ્રિતને બચાવે
સંન્યાસીઓ આશ્રમ નીમ ધારી,
રે' એ સ્થળે ચાતુરમાસ ગાળી;
વિરાગીઓ મન શીતોષ્ણ વારિ,
લેખે ન લેતા સમદૃષ્ટિ ધારી.
વર્ષા તણો કાળ વ્યતીત થાતાં,
સુશોભતા સૃષ્ટિ પદાર્થ ભ્રાતા;[૨]
આકાશ દિસે[૩] ફરી સ્વચ્છ થાય,
દિશા દશે નિર્મળતા જણાય.
કેવો કળાનાથ[૪] કળા[૫] કરે છે,
કાન્તિ નિશા નારીની[૬] સુધરે છે;
વિહારી જેને અવલોકી રાચે,
કંદર્પનો મિત્ર શશાંક[૭] સાચે.

---

૧ એ વિધિએ. ૨ ટાઢ, તડકો અને વરસાદ. ૩ દેખાય છે; ભાસે છે ૪ પૃથ્વી. ૫ ચંદ્ર. ૬ પ્રકાશતું; વિકાસતું. ૭ રાત્રિ. ૮ ચંદ્ર; જેમાં સસલાના જેવું ચિહ્ન દેખાય છે તે.

દેવાલયો દિવ્ય બન્યાંજ ખાસાં,
આસ્તિકને ઊર અધિક આશા.
રહે દેવકાર્યે મચી નિત્ય ભક્ત,
શ્રદ્ધાતણું સ્નાયુ વહેજ રક્ત.
દીપોત્સવીના દિન દુઃખહારી,
આ લોકને તે અતિ હર્ષકારી;
નાના વિલાસે નરનારી સર્વ,
ઉધુક્ત ઉત્સાહી પૂરિત ગર્વ. "

બાપ્પા જગલ્લીલા જોતો, સૃષ્ટિ સંદર્યને નિહાળતો, મહાન્ પ્રભુના ગુણ ગાતો, ઉગતા સૂર્યને નમસ્કાર કરતો આગળ વધ્યો. રસ્તામાં તેને દેવો અને બાલો નામના બે ભિલ્લ મિત્રો આવતા જણાયા. બાપ્પાએ તેમને વીરનગર જવાનો રસ્તો પૂછ્યો. બને ભિલ્લો આનંદથી તેના વળાવા થયા અને વીરનગર તરફ ચાલ્યા.

પ્રકરણ ૨૮ મું.

નવરાત્રિ—જગદંબાની યાત્રા.

" આસો માસો શરદ પુનમની રાતજો,
ચાંદલીઓ ઉગ્યો રે, સખી ! મારા ચોકમા "

× × × × ×

" થાતી જરા નિર્મળ ભૂમિ ભાસે, "
વ્યોમે રવિ ઇન્દુ ઠરી પ્રકાશે.
વારિધિમાં સ્વાતિક વૃષ્ટિ થાતી,
ઉત્પત્તિ મુક્તા તણી તે મનાતી.
સાફલ્ય વર્ષાઋતુ કૃત્ય થાતાં,
આપાત્ત આલોક તણીજ જાતાં.

આનંદ ઉર્વી ઉર ઉભરાતો,
વિલોકીને નિજ પ્રદેશ માતો.
સર્વે સ્થળોમાં સુખશાન્તિ દેખી,
સંપૂર્ણ પોતાતણું આપ પેખી,
વિશેષ વેશી વસુધા વિરાજે,
વિવેકીઓ ત્યાં વિચરે વિલાસે.
ઉજાસ વાળી અતિ ચાંદનીમાં,
ગીતો મધુરાં નરનારી ગાતાં.
કો બાળનો સાથ રમે રૂપાળો,
વાર્તા વિષે વૃદ્ધ નિમગ્ન બાળો."

વર્ષાઋતુનો અંત આવ્યો છે. શરદ ઋતુ અને તેમાં પણ નવરાત્રિના દિવસો ચાલે છે. સૃષ્ટિ સૌંદર્ય સંપૂર્ણ ખીલી રહ્યું છે. ત્રિકૂટ પર્વતની શોભા આ સમયે અવર્ણનીય છે. તેના પર્વત શ્રૃંગો આકાશમાં ચઢવાને સ્પર્ધા કરી રહ્યાં છે. રંગ બેરંગી ફૂલોના વિકાસથી રાત્રિ પણ સુંદર દેખાય છે, તેમાં શુક્લ પક્ષના અજવાળાએ સુંદરતામાં વધારો કરેલો દેખાય છે. હેમંત ઋતુ પોતાના પ્રવાસનો સામાન આગળથી મોકલતી હોય તેમ ગુલાબી ઠંડ વાય છે, અને રાત્રિ દિવસ પણ સરખાં જેવાંજ થાય છે. વર્ષા ઋતુમાં થતા કીચડથી કંટાળેલા અને ત્રાસેલા મનુષ્યો હેમંત ઋતુનાં કૌતુક જોવા અતિશય ઉત્સુક હોય છે. કોઇ નવયૌવના જેમ ચિત્રવિચિત્ર અને આંખને મનહર વસ્ત્ર પહેરી શોભાવે છે, તેમ પૃથ્વી પણ રંગબેરંગી પુષ્પફળ અલંકારથી અને સતેજ કાંતિથી સ્વર્ગના રહીશોને મોહ ઉત્પન્ન કરી રહી હતી. ત્રિકૂટ પર્વતના શિખરોમાંથી નીકળેલાં અનેક ઘો ઘો કરતાં ચાલતાં, અમૃત જેવાં સ્વચ્છ અને મધુર જળવાળાં ઝરણો વહેળામાં વહેતાં સુંદરતામાં વધારો કરતાં હતાં. વળી દરેક પ્રકારની વનસ્પતિ ધાન્ય અને પુષ્પફળોની તો રેલછેલ થઇ રહી હતી. મયુરાદિ પક્ષી, હરણ, વાનરો વગેરે જાનવરો, વ્યાઘ્ર, સિંહાદિક હિંસક પશુ અને ક્ષુદ્ર આગા-

લોની અહીંઆં વસ્તી હતી, તેથીજ આ સ્થળ, મૃગયા, અને વનક્રીડા કરવા સારૂ ક્ષત્રિય રાજકુવરોનું પ્રિય થઇ પડયું હતું.

આ સમયે બે સ્ત્રીઓ આ પર્વતની ખીણમાં આવતી હતી. તેમનાં ચિહ્ન ઉપરથી તે એકલી અટૂલી અને આ પ્રદેશની અજાણી હોય એમ માલમ પડતુ હતું. બેમાંથી એક પ્રૌઢા હોઇ કોઇ હલકા કુટુંબની હોય તેમ જણાતું હતું ત્યારે બીજી નવયોવના અને ઉચ્ચ વર્ણની, ઉચ્ચ કુળની અને ગર્ભ શ્રીમંતાઇમાં ઉછરેલી હોય તેમ જણાતી. ઋતુઓની આ સંધીમાં અખીલ જગતમાં આનંદ દેખાતો ત્યારે આ બે સ્ત્રીઓના ચહેરા ઉપર આનંદનું ચિહ્ન પણ જણાતું ન હતું. એમની સુરતજ એવી ઘડેલી હશે કે કોઇ ભયંકર સંકટ તેમના ઉપર આવેલું હશે અને તેજ કારણે એ બંનેની મુદ્રા એવી કઇ વિચિત્ર હશે એમ તર્ક ઉભો થતો. વિચારમાં નિમગ્ન થઇ હોય તેમ એ બને સ્ત્રીઓ અત્યારે તો ધીમે ધીમે પોતાનો રસ્તો કાપતી ખીણમાં આજુબાજુ દૃષ્ટિ ફેંકતી ચાલે છે.

આજ આસો શુદ અષ્ટમી છે. નવરાત્રિના દિવસોમાં ત્રિકૂટ પર્વત ઉપર દેવીના દર્શનાર્થે બહુ યાત્રાળુઓ આવે છે. જગદબાના મંદિરે જવાનો બહુધા આજ માર્ગ હતો, પરંતુ પેલી બંને સ્ત્રીઓ પર્વત ઉપર જવાની હોય તેમ જણાતું ન હતું. તેમણે તો જૂદોજ માર્ગ લીધો હતો. જૂદે જૂદે પગ રસ્તે થઇને જનારાઓને આજ ધોરી રસ્તા ઉપર આવવું પડતું હતું. એ ચાર રસ્તા જ્યા ભેગા થતા ત્યાં પેલી સ્ત્રીઓ ઇશ્વર ઉપર ભરોસો રાખી એક રસ્તો પકડતી હતી.

જંગલના રસ્તામાં, પર્વતની ખીણોમાં અને ટેકરા ટેકરીવાળી પગથીઓ ઉપર કોઇ પુરૂષના સંગાથ સિવાય કે વળાવા સિવાય એકલાં જવું એ સ્ત્રીઓ માટે હીમત ભર્યું કામ કહેવાય! આવા જંગલમાં કોઇ પણ જાતના સંકટ સિવાય સ્ત્રીઓને ભાગ્યેજ જવાનો સંભવ હોય છે. એ બંને જણીઓ કોણ છે અને ક્યાંની વતની છે તે શી રીતે સમજાય ? તેમના ઉપર કેવા પ્રકારનું સંકટ આવી પડયું હશે તે પણ કેમ કળી શકાય ? ચહેરા ઉપરથી તેમને ઓળખવાની કંઇ નિશાની ન હતી. રાજસ્થાનમાંથી

સ્ત્રીઓનો પહેરવેશ ઘણો ખરો એક સરખો હોય છે, પરંતુ આ બંને ખાસ રાજસ્થાનની ન હતી. એવું તેમના ચહેરા ઉપરથી અથવા તો તેના પહેરવેશના અમુક ભાગ ઉપરથી જણાઇ આવતું હતું. ગમે તેમ હોય, પરંતુ તેમના જમણા હાથના છુંદણા ઉપરથી સિંધ તરફના કોઈ પ્રદેશની હોય એવું અનુમાન થઇ શકે છે. ગમે તે હો, પરંતુ તેમના સંવાદ ઉપર લક્ષ આપવાથી કંઇ બાતમી મળશે.

"કેમ ગિરિજા, આપણી નગરી છોડે લગભગ છ મહિના નહિ થયા હોય? જો, આપણે વૈશાખમાં નીકળ્યાં. કેમ ખરૂં કે નહિ?"

"હા, કુંવરી બા. છ મહિના થયા ખરા, પણ હજુએ ઇશ્વરે આપણી વિનંતિ સ્વીકારી હોય તેમ જણાતું નથી."

"ઇશ્વરનો શો દોષ કાઢવો? આપણું નસીબજ એવું, તેને કોઇ શુ કરે? સાંભળ, ગિરિજા પેલા મુવા દૈત્યે-એનું નામ સંભારતાં મને તો કંપારી છૂટે છે. મુવા પિટયાએ કેટલી આપણી પીઠ પકડી? પરંતુ જગદંબાની કૃપાથી આપણે બને તેના હાથમાથી છૂટયાં, નહિ તો આ શુદ્ધ શરીરની કેવી દુર્દશા થઇ હોત?"

"કુંવરીબા! હજુ આ કલ્પના ફરી ફરી કેમ મનમાં લાવો છો? હવે પેલા મુવા દૈત્યની આપણને જરાએ ભીતિ નથી. આપણે એટલાં છેટે આવ્યાં છીએ કે તેની એ મૂવાને કલ્પનાજ નહિ આવે."

"ગિરિજા, ઇશ્વરની ગતિ ન્યારી છે. કેમકેઃ—

न यत्रस्थेमानं दधुरतिभय भ्रान्त नयना
गलद्दानोद्रेक भ्रमदलि कदंबाः करिटतः ।
लुठन्मुक्ताभारे भवति परलोकं गतवतो
हरे रद्यद्वारे शिव शिव शिवानां कलकलः ॥

"જે ગુહા પાસે આવવાથી મદોન્મત્ત હાથીઓ ભયને લીધે એક ક્ષણ પણ ઉભા રહેવા પામતા નહિ, અને જેમાં હાથીઓના ગંડસ્થળમાંનાં મોતીનો સમુદાય પડયો છે, તેજ ગુહામાં સિંહ મરણ પામતાં આજે શિયાળવાનો અવાજ સંભળાય છે! શિવ! શિવ!! શિવ!!!

અતઃ—

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमि क्रमेण ॥

"પૈડાની ધાર પેઠે એક વાર નીચે અને એક વાર ઉપર એમ મનુષ્ય માત્રની દશા થયાંજ કરે છે, તો આપણે તે કોણ માત્ર! સિંધ જેવા દેશની અને દાહિરરાય જેવા રાજાની આજ આવી સ્થિતિ થઇ છે ત્યાં હું મારૂં દુઃખ ક્યાં ગાઉ? કેમકેઃ—

"આનંદી સુખ રમ્ય સ્થાન પળમાં, શોકાબ્ધિમાં ડૂબતું,
સુખી સૂર્ય પ્રકાશતો; દુઃખરૂપી તીમિર નાશી જતું;
ચાલે છે ઘટમાળ આ જગ વિષે જે વસ્તુતાએ કરી,
આવે દુઃખ ક્રમાનુસાર સુખ સૌ નિર્માણ છે ઇશ્વરી."

"વિશ્વે ફરે ઉદય અસ્ત ચક્ર,
આવે પ્રસંગો સુખ દુઃખ વક્ર;
કો દે ન દુખો સુખ નિપજાવી,
સંસાર કેરી ઘટમાળ એવી."

"બ્હેન ગિરિજા! એ સર્વ વિચાર તજી દે અને ઇશ્વરેજ આપણને જગદંબાના મંદિર સુધી સહીસલામત આણ્યાં છે માટે તેનોજ ઉપકાર માની જગદંબાની પૂજાર્થે જે કઇ થાય તે કરીએ. મને લાગે છે કે દુર્ગાષ્ટમી આજેજ છે. કેમ બ્હેન ખરૂં કની?"

"હા કુંવરીબા, આજજ અષ્ટમી. મંગળે મંગળે આઠ, હા, આજ મંગળવાર. બા, હું ભૂલી ગઇ હતી. અષ્ટમીને દિવસે મહામાયાના મંદિરમાં સુખરૂપ જઇશુ તો આપણે માતાની પૂજા કરીશુ, એ આપણું વ્રત હું ભૂલી ગઇ. પણ બા, મંદીર તો ઘણું દૂર દેખાય છે. જૂઓ પેલી ધ્વજા દેખાય."

"ખરેખર ગિરજા, આપણે આ વનમાં કેવી રીતે જગદંબાની પૂજા કરીશું? મેં તે દિવસે માનતા માની હતી કે જ્યારે માતા પૂજાનો દિવસ દેખાડશે ત્યારે હું જ્યાં હઇશ ત્યાં યથાશક્તિએ માતાનું પૂજન કરીશ. મંદીર દૂર છે. આજ અષ્ટમી થઈ. ત્યાં જતાં હજુ એકાદ બે દિવસ જો-

ઇએ. કેમકે રસ્તો અપરિચિત છે. મારે મારી માનતા પૂર્ણ કરવીજ જોઇએ. બ્હેન ! મને તુ કંઇક રસ્તો બતાવ. કારણ કે માતાજીએ મારી વિનતિ સાંભળીનેજ અહીં સુધી સુરક્ષિત આણી છે." ધ્વજાનાં દર્શન કરી પગે લાગતી બોલી.

"કુંવરીબા ! ચાલો આપણે પેલા સરોવર પાસે. ત્યાં સ્નાન કરી માતાજીની માનસિક પૂજા કરી લો. હુ આટલામાંથી જે વનફુલો મળશે તે લાવું છું."

બંને જણુ એક સરોવર ઉપર આવી પહોંચ્યાં. સરોવર મોટું તો ન હતું પણ નાનું છતાં સુંદર નિર્મળ પાણીથી ભરેલુ હતું અને તેની આસપાસ પુષ્કળ પુષ્પલતા અને ફળઝાડ ઉગેલાં હોવાથી રમણીય દેખાતું; વળી પાસેજ કોઇ મહાત્માએ સારી બેઠક બાંધી હતી અને એક ખુણામાં પુરાણું દેવીનું મંદીર હતું. દેવીના મંદીરના અગ્ર ભાગે કાળે કરીને ઘસાઇ ગયેલો એક લેખ હતો. લેખ ઉપર યુધિષ્ઠિરના શકનો આંકડો અને એક બે નામ સ્પષ્ટ જણાતાં હતાં. લેખનો જે ભાગ વંચાતો તે ઉપરથી "અત્રે સુશીલા નામની સુધર્મ પત્નીએ પોતાના પતીના શત્રુ સાથે લઢી, તેનો પરાજય કરી પતીના શબની સાથે સતી થઇ છે. તેની ઇચ્છાનુસાર તેની આરાધ્ય દેવતા શ્રી પાર્વતીજીનું મંદિર બાંધ્યું છે." એવો ભાવાર્થ નીકળતો. આ સમયે મંદિર બંધાયાને સુમારે હજાર વર્ષ થયાં હશે એવો શિલાલેખ ઉપરના યુધિષ્ઠિરના શકના આંકડા ઉપરથી અંદાજ નીકળતો. આ લેખ રાજકુંવરીની નજરે પડયો ત્યારે તેને અપૂર્વ આનંદ થયો. આજ જગ્યાએ પોતાની માનતા પૂર્ણ કરી પછી આગળ વધવું એમ નિશ્ચય કરી બંને જણીઓ સરોવરમાં સ્નાન કરવા ગઇ. ચાર પાંચ ગાઉની મજલ કરી હતી તેથી વિશ્રાંતિ લઇ પૂજાની તૈયારી થાય ત્યાં સુધી કુંવરી સ્નાન કરી સરોવરની પાળ ઉપર વનલીલા જોતી ફરવા લાગી.

ત્રિકુટ પર્વતના શિખર ઉપર નવરાત્રિના ઉત્સવના દિવસોમાં અષ્ટમીના હોમ વખતે અને દશમના સમારંભ વખતે સર્વ પ્રાંતોમાંથી અને દૂર દૂરના પ્રદેશોમાંથી હજારો ગરીબ, શ્રીમંત, વિદ્વાન, સ્ત્રી પુરૂષો, નાનાં મોટાં સર્વ

ટોળેટોળાં આવે છે અને આ વખતે લાખો રૂપીઆનો વ્યાપાર ચાલે છે. હીરા માણેક, ઘોડા, બળદો, મેવા, મિઠાઇ, હથિયારો વગેરે જોઇએ તેવો માલ વેચાય છે. માનતાવાળા દેવી ભકતો અને દર્શનાતુર અનેક મનુષ્યો ત્યાં આવે છે. વળી દેવીની મહાપૂજાનો, દેવીના રથનો અને બળીનો ઠાઠ વગેરે ત્યાં જોવા જેવું હોય છે, તે ઉપરથી પૂર્ણાહુતીના સમય સુધીમાં ત્યાં પહોંચી જવાનો સંકલ્પ કરી અનેક મનુષ્યો ત્યા જાય છે.

વડનગર જવા નિકળેલો બાપ્પા તેના બે મિત્રો સાથે વડનગર પહોંચ્યો પરંતુ સુશર્મા ત્યાં ન મળે તેમ દેવી લક્ષ્મી પણ ન હતાં. તેઓ ક્યાં ગયાં છે? તેનો પગ કોઇ આડોશી પાડોશીએ પત્તો ન આપ્યો. ફક્ત પૂછતાં તેઓ એટલુજ કહેતાં કે "અમે ફલાણા દિવસે સુશર્માને જોયા હતા." સુશર્માના ઘર ઉપર ભિલ્લોએ દરોડો પાડયાની હકીકત પણ તેના જાણુવામાં આવી અને એક બે વૃદ્ધોએ ભલામણ કરી કે "તમારે અહીંથી છાના માના ઘેર ચાલ્યા જવું એજ ઉત્તમ છે." પોતાને માટે સુશર્મા ઉપર આવી પડેલા દુઃખથી બાપ્પાનુ હૃદય બહુજ પીગળી ગયું અને "ઓ પિતા! ઓ માતા!" કહી પોકળ શ્રાદ્ધ કરવા લાગ્યો. આજેજ પોતે નિરાધાર છે એવું તેને ભાન થયું, તેમજ માતપિતાના વિયોગનું ખરૂં દુઃખ અત્યારેજ જણાતું. ખરા માતપિતાના અભાવે આ ધર્મનાં માતપિતા તેને કદી ઓછું આવવા દેતાં નહિ એ સાંભરી આવ્યું. પોતાના આ નાનપણુના ઘર સામે જોતો જોતો, આંખમાં અશ્રુની ધારા વહેવરાવતો પોતાના આ બે નવિન સોબતીઓ સાથે બાપ્પા જગલ તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં તેને પોતાના જુના મિત્રો મળ્યા, તેમને પણ સુશર્મા સંબંધી પૂછ્યું પણ કંઇ પત્તો ન મળ્યો. જગદંબાના મંદિરમાં પ્રત્યેક વર્ષે સુશર્મા પંડિત આશ્વિન માસમાં જતા એ યાદ આવ્યાથી પોતાના સાથેના બે મિત્રોને તે તરફ ચાલવા જણાવ્યું, અને આ રમતારામ ત્રિમૂર્તિ, ત્રિકુટ પર્વત ઉપર જગન્માતાના દર્શન અર્થે જવા નીકળી.

ઠાકોર વીરસિંહ અને સમરસિંહ તેમજ તેમની શોધમાં નીકળેલાં માણુસો એકી વખતે ભંડેરગઢમાં આવી પહોંચ્યાં. બાપ્પાની શોધ માટે

વડનગર સુશર્માને ત્યા મોકલેલો માણુસ પણ આવ્યો અને બાપ્પાને પકડવા માટે ઇડરના ભિલ્લ સરદારે મોકલેલાં માણુસોની બાતમી આપી. બાપ્પા, એ સુશર્માનો બ્રાહ્મણ પુત્ર નથી પરંતુ મહારાજા નાગાદિત્યનોજ કુંવર છે એવી વીરસિંહને ખાત્રી થઇ ગઇ. પોતાને જે શક ગયો હતો તે ખરો પડ્યો. બાપ્પાની શોધ માટે બે હુશિયાર ખાનગી માણસો તરતજ રવાને કર્યાં, અને હુકમ કર્યો કે "બાપ્પાને કોઈ પણ ભિલ્લોના હાથમાં જુવો તો તેમની સાથે લઢાઇ કરીને પણ તેને છોડાવી લાવવો." આશ્વિન શુદ પંચમી સુધી કંઇ પત્તો ન મળ્યો ત્યારે પોતે જાતેજ થોડાં માણુસો સાથે નીકળ્યો અને ઇડર સુધીનો મુલક, પારાશરનુ અરણ્ય, ડુંગરા અને વાઘનાં રહેઠાણો વગેરે સર્વ તપાસી વળ્યો. આખરે દેવીના તહેવારના દિવસોમાં કંઇક છુપી બાતમી મળશે એમ ધારી પોતે અને પોતાના સાથીઓનો વેષ બદલ્યો અને જંગદંબા દેવીના મંદિર પાસે થએલી ભીડમાં ભળી ગયો. સુશર્માને ત્યાં રાત્રિ ગાળવા માટે આવેલો અમિત પરોણો બે ચાર દિવસ રહી પોતાને માર્ગે ચાલ્યો, અને બાપ્પાની શોધ કરવા લાગ્યો.

ભંડેરગઢના કિલ્લાની બાપ્પા સંબંધી વાતચીત સાંભળી ઇડરના છૂપા દૂતોએ પોતાના સરદારને બાતમી આપી. બાપ્પા એજ નાગાદિત્ય રાજાનો પુત્ર હશે એમ સંશય થયો. અને તેમાં દૂતોએ પોતાના તરફથી બાતમી અંદર મીઠું મરચું ભભરાવી કહેલુ હતું કે "ઇડર પર એ રાજપુત્રના તરફથી મોટી સ્વારી થવાની છે." એ સાંભળી ભિલ્લ સરદારે સારા સારા લડાયક ભિલ્લોની ટોળીઓ તૈયાર કરવા માંડી, અને પોતાના બે ત્રણ હજાર ખાસ માણુસો સાથે પોતે બહાર પડયો. અષ્ટમીના દિવસે પુરૂષનું બળીદાન આપવું ઘણું ઉત્તમ છે એમ ભિલ્લોમાં માન્યતા હોવાથી ઇડરનો સરદાર યુદ્ધ કરવાના ઇરાદાથી તેજ દિવસે ભંડેરગઢ ઉપર ચઢયો.

ભંડેરગઢના દૂતોએ પણ અહીંની બાતમી ઠાકોરને જણાવી દીધી અને તેમાં કેટલીક વધારીને પણ વાત કહી તેને યુદ્ધ કરવા ઉશ્કેર્યો. ખોટી સમજ, અવિશ્વાસ અને નકામી કસાકસીથી કેટલા એક દેશના દેશ અને ખંડના ખંડ પાયમાલ થયા છે! તેવોજ પ્રકાર આ હતો. રાજ્ય લોભે

લાખો જીવોના જીવ લેઇ લોહીની નીકો વહેવરાવી છે! હજારો ઘરો પાયમાલ થયાં છે. લાખો સ્ત્રીઓ ધણી વગરની થઇ પડી છે અને અનેક માતાઓ પુત્રો વિનાની થઇ છે તેમજ અસંખ્ય બાળકોએ પોતાનાં શિરછત્ર ખોયાં છે. અહા! રાજ્યલોભ! દુષ્ટ રાજ્યલોભ! તેં અનેક અનર્થો કરાવ્યા છે, તેં અનેકના ઉષ્ણ નિઃશ્વાસ લીધા છે! ઓહો!

"રાજ્ય લોભ સ્ત્રી ધર્મ વસ્તુઓ, યુદ્ધ તણાં કારણ મોટાં,
પાંડવ કૈરવ લઢી મુઆ તે, રાજ્ય કારણે છે જોતાં;
એવાં યુદ્ધ બીજાં તો ભાગ્યે, થયાં હશે પૃથ્વી પડ પર,
શું[1] પર્શ્યનનું, શું ટ્રોજન,[2] કે શું ઝામા[3] આની આગળ.

+ + + + +

ધન્ય તર્કને,[4] ધન્ય પ્રીતિને, પ્રીતિ વસ્તુ બહુ છે ઘેલી,
પણ શત્રુવટ પડે જયહાં કે, પોબારા ગણિ દે પે'લી;
લોભ અંધ જ્યાં કરે પડે ત્યાં, હેત તણાં ચશ્માં ખોટાં,
નારિ મૂકી નર કરે પલાયન, માત મુકે બાળક રોતાં.

× × × × ×

ધન્ય સત્યની લઢાઇ આ તો,[5] દગલબાજી નવ દિશે કંઇ,
હાય હાલમાં ગજબ થાય છે, તરકટ દીસે જગત્ મહીં;
જ્યાં ત્યાં મારી શત્રુ જીતવા, અણુચિંતી અસ્વારી[6] કરે,
છાપો મારે જોઇ ઉંઘતા, સહારે કાં તો પકડે.

* * * *

---

૧ પરશિયા-ઇરાન અને ગ્રીસ વચ્ચે ઈ. સ. પૂ. ૪૯૦ થી ૪૭૯ સુધીનું યુદ્ધ ૨ સ્પાર્ટા અને ટ્રોય વચ્ચે ઈ. સ. પૂ. ૧૧૯૪-૮૪ સુધી. ૩. રોમ અને કારથેજનો વચ્ચેનું મોટું યુદ્ધ. ઇ. સ. પૂ. ૨૦૨.

૪ જ્યારે અર્જુને પાણીપતમા પોતાનાં સગા જોયાં ત્યારે શસ્ત્ર ફેંકી દઇ બોલ્યો હતો કે,

"મારી સગાં પછી રાજ પામવું, જે પર રાજ થવું ધારૂં,
તે સરવે મરિ જાશે માટે, આ શુગતન નહિ સારૂં,"

૫ મહાભારતનું યુદ્ધ. ૬. છાપો મારવો.

એક દિવસ સવારના પહોરમાં અકસ્માત ભંડેરગઢનાં માણસોએ ભિલ્લોની એક ટોળી આવતી જોઇ, સાધારણ નિયમ પ્રમાણે બંને પક્ષોએ એક બીજાના ધણીનાં ખુંધરાં શોધવા માંડયાં. વાત વધી પડી. "ઇડરના ચોરો તમારી હદ્દ છોડી અમારી હદ્દમાં કેમ આવ્યા ?" કહી ટંટો રિસાદ શરૂ કર્યો. ધક્કા ધક્કી થવા લાગી અને તેમાં તીરો ફેંકવાની શરૂઆત થઇ. ભિલ્લોની સંખ્યા સામા થનાર કરતાં વધારે હોવાથી ભંડેરગઢવાળાં માણુસોને નાસવાનો સમય આવ્યો હતો એટલામાં સુશર્માના ઘરમાં રહેલો ક્ષત્રિ અતિથિ ત્યાં આવી પહોંચ્યો. તેણે દૂરથી આ પ્રકાર જોયો હતો અને વચ્ચમાં નહિ પડવા વિચાર થયો હતો પરંતુ નબળા–અશક્તને મદદ કરવી એ ક્ષાત્રધર્મ તેના મનમાં તરી આવ્યો. વળી નજીક આવતાં તેણે સુશર્મા પંડીતને ત્યાં આવેલા ભિલ્લોને અને તેના નાયકને ઓળખ્યા, તેથી શૂર ચઢયું અને ભંડેરગઢવાળાં માણુસોને ઉશ્કેરવા લાગ્યો "શું જુઓ છો ? મારો આ ચોટ્ટાઓને! ચાલો વીરો! ઘો જગદંબાનુ નામ અને આવો મારી પુઠે." કહી પોતાની તરવાર ખેંચી અને પોતાને સુશર્માને ઘેર પકડનાર ભિલ્લને "લે, તારા કર્તવ્યનુ ફળ, જેને તુ તે દિવસે પકડનો હતો તેજ આજ તારો મારનાર થયો." કહી કાપી નાંખ્યો. ભડેરગઢવાળાઓને પણ શૂર ચઢયું હતું. તેઓ પણ તરવાર અને તીરનો મારો ચલાવતા હતા. તેથી ઇડરવાળાઓને નાસી જવું પડવું.

તે ક્ષત્રિય વીરને પોતાના કિલ્લામાં આવવા ભંડેરગઢનાં માણુસોએ વિનતિ કરી. "મારે ઘણા અગત્યના ખાનગી કામ માટે જવું છે, માટે હાલ તો મારાથી નહિ અવાય. હું બીજે પ્રસંગે આવીશ, પરંતુ તમે કોનાં માણુસ છો ? આ લઢાઇ થવાનું કારણ શું ?" ક્ષત્રિએ પૂછ્યું.

"ભંડેરગઢના ઠાકોર શ્રી વીરસિંહ અમારા પ્રભુ થાય."

"તમારા મહારાજ હાલમાં ક્યાં છે ? જો પાસે હોય તો તેમને મળીને જાઉં." એ સાંભળી સર્વે ભિલ્લોને આનંદ થયો. રસ્તામાંજ ખબર મળી કે ઠાકોર સાહેબ ત્રિકુટ પર્વતપર જવાને માટે આવે છે. તેથી તેઓએ ત્યાં થોભવાનું નક્કી કર્યું. આપણા આ ક્ષત્રિય વીરને થોભવું પસંદ ન પડયું,

કેમકે તેને તો બાપ્પાની બાતમી મેળવવી હતી, અને તેના સુખ સમાચારની જેમ બને તેમ જલદીથી સુશર્માને ખબર કરવી હતી, તેથી "દશરા પછી ઠાકોર સાહેબને જરૂર મળીશ. તેમને મારા રામ રામ કહેજો." કહી વિદાય થયો. ભિલ્લ લોકો ઘણા નારાજ થયા. પોતાના સહાયકને ઠાકોર સાહેબની મુલાકાત કરાવી તેને માટે બે શબ્દો બોલી કંઇ ઇનામ અપાવવા તેમનો વિચાર હતો.

"આપ નહિ આવો તો ઠાકોર સાહેબ અમારા ઉપર ગુસ્સે થશે. આપે અમારી લાજ રાખી અને પ્રાણુ પણ રાખ્યા છે. માટે જરૂર આપ આવજો." એમ વારંવાર ભંડેરગઢવાળા ભિલ્લો કહેવા લાગ્યા.

"જરૂર આવીશ, નિશ્ચંત રહો. ' કહી વીર રસ્તે પડયો.

બાપ્પાની સ્થિતિ એટલે તેના અસ્તિત્વના સંશય માટે આવેલો શક સુશર્માને જણાવવા આપણો સાહસી પ્રવાસી ભંડેરગઢના કિલ્લાવાળા ભિલ્લોની વિનતિ અમાન્ય કરી પાછો વળ્યો. પરંતુ સુશર્મા ન મળ્યા અને કયાં ગયા છે તેનો પણ પત્તો ન મળવાથી જગદંબાના તહેવારના દિવસોમાં ત્યાં મળશે એમ ધારી તે તરફ જવા નીકળ્યો, અને પૂર્ણાહુતીના સમય સુધીમાં ત્યાં પહોંચી જવાનો દૃઢ સંકલ્પ કરી ચાલ્યો.

બાપ્પાનો સ્વભાવ ઉચ્છૃંખલ અને ઉલ્લડ હતો, પણ તેના નવા મિત્રો તો તેનાથીએ સવાયા હતા! એક બે કરતાં કરતાં તેમની ૨૦-૨૫ ની ટોળી જામી. બધા તરૂણ, પીઠ પર ભાથુ, ખભા પર કામઠું અને હાથમાં તરવારથી સજ્જેલા હતા, વળી કોઇ પાસે ઢાલ પણ હતી. તેઓએ પગે સાબર કે કાળિયાના ચામડાના ચઢાઉ જોડા પહેરેલા હતા. કેટલાકે માથા ઉપર ફેંટો, શરીરે-એ જમાનાને અનુસરતી છાતીએ ચોટી રહે તેવી-ઘટ્ટ કપડાની બંડીઓ પહેરેલી, લુગડા વડે કમ્મર કસેલી અને ચોરણા પહેરેલા, તો કેટલાકે તહેવારના દિવસો હોવાથી કીનખાબ, કોઇએ સાદાં લુગડાં પહેરેલા; એવા ઠાઠમાં છાતી કાઢી હાથીની પેઠે ઝૂલતા ઝૂલતા ચાલતા હતા. બાપ્પા સૌના કરતાં વયમાં નાનો હોવા છતાં મુખ ઉપર વિલક્ષણ તેજ હોવાને લીધે સર્વ મંડળીમાં તે નક્ષત્રોમાં ચંદ્ર જેવો શોભતો હતો.

જંગલમાં રમતી આ મંડળી ઠઠ્ઠા મશ્કરી અને તોફાન કરતી, રસ્તામાં મળતાં હરણ, સસલાં વગેરેનો શિકાર કરતી ચાલતી હતી. હજુ તેમને એક ગાઉ ખીણનો રસ્તો કાપવાનો હતો. રસ્તો પણ ઘણો વિકટ અને ભયંકર હતો. ખિચોખિચ ઝાડી ઉગેલી હોવાથી હિંસક પશુઓનું તે આશ્રમ સ્થાન થઈ રહી હતી. મંડળીના માણસોની હોહાથી એક વાઘ ઝાડીમાંથી નીકળી આવ્યો અને મોટો બરાડો પાડી સપાટા બંધ ચાલ્યો ગયો. એટલામાં તો તેના ઉપર ત્રણ ચાર તીર પડ્યાં. એ તીર તેને વાગ્યાં કે કેમ તે તો કોણ જાણે! વળી મંડળી આગળ ચાલી એટલામાં એક રાની ડુક્કર અને પાછળ પડેલો ઘોડેસ્વાર નજરે પડયો. આ આખી ટોળી ડુક્કર ઉપર તુટી પડી. રાની ડુક્કર બે ત્રણ ચક્કર ખાઇ જમીન પર પડયો. તેને બે બાજુએ બે તીર વાગેલાં દેખાયાં. તેમા એક તીર ઘોડેસ્વારનું હતું અને બીજું તીર બાપ્પાનું નીકળ્યુ. બાપ્પાવાળી મંડળી "એ શિકાર અમારો છે" એમ કહેવા લાગી, ત્યારે ઘોડેસ્વાર "એ મારો છે" એમ કહેવા લાગ્યો. આ તકરાર ચાલતી હતી એટલામાં એક પ્રચંડ વાઘે ઝડપ મારી એક જણને પીઠેથી પકડી ઉપાડયો. આઠ દશ તરૂણો તેની પાછળ ધાયા. બાપ્પો, બાલો, દેવો અને પેલો નવીન ગૃહસ્થ પણ તેમાં સામેલ હતો. તીરોનો વરસાદ વરસવા લાગ્યો. વાઘને પકડેલા માણસને છોડી દેવો પડયો, એટલુજ નહિ પણ પોતે એકાદ ખેતરવા દૂર જઈ પડયો. પકડેલા મનુષ્યને જીવતો જોઇ સૌ ખુશી થયા. તેને પણ વાઘ ઉપર મારેલાં તીરો પૈકી બે તીર વાગેલાં હતાં. તેનો જખમ ધોવા બાંધવાનો વિચાર કરવા લાગ્યા. બાપ્પાએ પોતાનો ફેંટો ફાડી તાબડતોબ તેનો ઘા બાંધ્યો. બાલો અને દેવો આ પ્રદેશના જાણીતા હોવાથી થોડે છેટે એક નાનું સરખું સરોવર છે એવું યાદ આવવાથી જખમી માણસને ચાર પાંચ જણા ઉંચકી મોટી કાળજીથી ત્યાં લઇ ચાલ્યા અને દેવો તેમની સાથે ચાલ્યો. હવે અહીં ડુક્કરના શિકાર બાબતની તકરાર શરૂ થઇ તેમજ વાઘની પણ તકરાર હતી, કેમકે વાઘ ઘણો મોટો હતો. છેવટે ડુક્કરના બને તીરો કાઢી જોતાં, "એક મારૂં છે" એમ નવિન ગૃહસ્થે ઓળખ્યું, અને બીજું બાપ્પાનું ઓળખાયું. વાઘના

શરીરમાં પણ છ બાણ વાગેલાં જણાયાં તેમાં એક બાપ્પાનું અને નવીન ગૃહસ્થનુ એક ઓળખાયું. બાકી રહેલાંમાં બે બાલા અને દેવાનાં જણાયાથી એમ ઠર્યું કે ડુક્કર ઘોડેસ્વારે લેવું અને વાઘ બાપ્પાની મડળીએ લેવો.

આ સર્વ કાર્યમા બાપ્પાની વય, ચાલાકી, અને વાતચીત, શરીરનો બાંધો, નેત્રનું પાણી, અંગપરનાં કપડાં, બોલવા ચાલવાની વિવેક ભરી રીત-ભાત વગેરે જોઇ નવીન ઘોડેસ્વારને ઘણું કૌતક લાગ્યું અને તે કોણ છે તેની માહિતી મેળવવા ઇચ્છા થઇ આવી, તેથી તે પણ તેમની સાથે સાથે ચાલવા લાગ્યો અને જ્યા તે તરૂણો મુકામ કરતા ત્યા તે પણ મુકામ કરતો.

બાપ્પાએ પોતાના મિત્રો બાલા અને દેવાને તાકીદ કરી હતી કે "હું કોણ? ક્યાનો વગેરે માહિતી કોઇ પણ સખ્સને આપવી નહિ, તેથી આ નવીન ગૃહસ્થને માહિતી ન મળવાથી ઘણું મુઝાવા લાગ્યો. તે તરૂણ મંડળીએ સરોવરની પાળ ઉપર એક બાજુએ મુકામ કર્યો અને પેલા ઘાયલ થએલાનો ઘા ધોઈ કંઇ વનસ્પતિનો પાટો બધી સૌ પાણીમા રમવા પડયા. આ નવો પ્રવાસી પણ તેમની રમતમાં જોડાયો અને તેમનામાં ભળી ગયો.

રમત પુરી થઇ. સાયંકાળનો સમય થવા આવેલો જોઇ સૌ રસ્તે પડવાની તૈયારી કરવા લાગ્યા.

પેલી બે પ્રવાસી સ્ત્રીઓએ વનના મંદીરમાં જે પૂજાનો સામાન મળ્યો તે વડે જગદંબાનુ પૂજન કરી ફળ ફળાદિનુ નૈવેદ્ય સમર્પણ કર્યું. તેઓ પ્રસાદ ભક્ષણ કરી કંઈ વિચાર કરતી હતી તેવામા દેવીનાં દર્શન નિમિત્તે બાળો, દેવો, બાપ્પા અને પેલો પ્રવાસી વગેરે મડળી ત્યા આવી ચઢી.

પેલી સ્ત્રીઓએ માતાજીની મૂર્તિને, જંગલી રગ બેરંગી ફૂલ પત્રોથી એવી તો સુંદર રીતે શણગારી હતી કે તે પાષાણ મૂર્તિનું સ્વરૂપ જીવિત સુંદરીના જેવું દેખાતુ હતુ. પેલી મડળીને આવતી જોઇ એ બંને સ્ત્રીઓ દૂર ખસી સંતાઇ ગઈ. અસંત અંધકારમાં વિજળીનો ઝબુકો ક્ષણેક ચમકી હતો ન હતો થાય છે તેમ પેલી સુંદરી પ્રવાસીની નજરે પડવાથી તેનું મન ચંચલ થઈ ગયું હતું ત્યારે તેના અન્ય સોબતીઓનાં મન " પૂજા

કરનારે કેવી કુશળતા વાપરી છે." એવી તારિફ કરી ધ્યાનમાં તન્મય થયાં હતાં. તેમનુ લક્ષ પેલી સુંદરીના દેખાવ તરફ બીલકુલ ગયું ન હતું.

મંડળી પાછી ફરવાની તૈયારી કરતી હતી એટલે માતાજીની પ્રદક્ષિણા કરવાના નિમિત્તથી પેલા પ્રવાસીએ જોડા કાઢ્યા. પ્રદક્ષિણા કરી પરંતુ તેનો હેતુ સિદ્ધ ન થયો. નિરાશ થઇ તે પણ પેલી મંડળી સાથે પાછો ફર્યો, પરંતુ તેનું મન તેણે જે કાંઇ મંદિરમાં જોયું હતું તેમાંજ ચોટયું હતું.

રાજકુંવરીએ આ પ્રવાસીને બરોબર રીતે જોયો હતો. મંડળીના ગયા પછી બંને સ્ત્રીઓ બહાર નીકળી અરસપરસમાં ગુચપુચ કરવા લાગી.

રાજકુંવરીએ પ્રવાસીને ઓળખ્યો. "હા, એજ એ તો." એમ કહેતાંજ તેના સુકંઠમાંથી નીચે પ્રમાણે શબ્દો નિકળી પડયા.

"જાગી સખી! હૃદયે આજ સુજોત જાગી!
ભાગી સખી! ભવની ભિડજ આજ ભાગી!
હા! નાથ! નાથ! નિરખ્યા ઉરમાંહિ આજે,
આનંદ આજ સખી! કેમ કહું તને તે.
તોડયાં સખી! જગત્ બંધન સર્વ તોડયાં,
છોડયા સખી! વિષયના શણુગાર છોડયા.
જોડયા સખી! ઉર તણા મરમો પ્રિતેથી,
હા! નાથ! આજ નિરખ્યા સખી આ ચિતેથી."

"ચાલો બ્હેન, આપણે તેમની પાછળજ" મંડળીના રસ્તા ઉપર લક્ષ રાખતી એ બંને સ્ત્રીઓ છુપાતી લપાતી ગિરિજનના માર્ગે ચાલવા લાગી.

પ્રિય વાંચક, ચાલો આપણે પણ શ્રી જગદંબાના દર્શનાર્થે ગમન કરીએ.

પ્રકરણ ૨૯ મું.

પ્રેમીઓનો મેળાપ.

And they are fools who roam,
The world has nothing to bestow,
From our ownselves our joys must flow.

આવો વાંચક, આપણે જગદંબાના મંદિરમાં પ્રવેશ કરીએ. અરે! આ તે શું? આ તે રાત્રિ કે દિવસ? દિવસ કહીશું તો આકાશમાં ચંદ્ર છે. રાત્રિ કહીશું તો કેટલો બધો ઉકળાટ! શું આ દીવાઓનો ઉકળાટ હશે? ના. ના. પણ આ તો જુઓ, કેટલી બધી ગરદી! શી ભીડ! સ્ત્રી પુરૂષોનો કેવડો મોટો જમાવ! અંદર જઇશું તો શુનું શું થશે! કેમ રહેવાશે? બજારમાં પણ કેટલી ભીડ છે! કીડી પણ ચાલી ન શકે તો મનુષ્યના શા આશરા! બજારમાં પણ કેવી ઉથલપાથલ થઇ રહી છે! આ પર્વત શિખર ઉંપર આજ એક રમ્યનગર જેવું થઈ રહ્યુ છે! જાણે બીજું જાહોજલાલીવાળું વલ્લભીપુરજ! ચાલો હોમની જગાએ જઇએ. ત્યાંની પણ મોજ જોઇએ. સંભાળજો. ઠોકર ખાસો તો પછડાશો અને ચગદાશો. ઓહો! આ હોમાગ્નિની જ્વાલા કેવી સુંદર દેખાય છે! વેદ ઘોષ કેવા ચાલી રહ્યા છે! જય જગદંબા! ચાલો, કાન અને આંખ પવિત્ર થયાં. જુઓ તો ખરા, પણે ક્ષત્રીઓ, વૈશ્યની સ્ત્રીઓ, બ્રાહ્મણ સ્ત્રીઓ સાથે માતાને રીઝવવા-ખુશ કરવા ગરબા ગાય છે! કોઇ કંકુ આપે છે, કોઇ બ્રાહ્મણને દક્ષિણા વહેંચે છે અને નમસ્કાર કરે છે. કોઇ હોમ કુંડની પૂજા કરે છે, કોઇ નારિએળ આખું હોમે છે, કોઇ ત્યાં વધેરે છે, કોઇ માનતા પ્રમાણે દેવીને ચુંદડી, નારિએળ ધરાવે છે, કોઈ છત્ર બંધાવે છે,

તો કોઇ માત્ર દૂરથી દર્શન કરે છે. પણે દક્ષિણ દરવાજે બલિસ્થાન છે. લોહીનો કેટલો બધો જમાવ થયો છે! કેટલા પશુઓનાં માથાં પડેલાં છે! ઓ બાપરે! આ દેખાવ તો ઘણોજ ભયંકર! ઓ મારી મા! તારે પારે આ શું? તું તો ભાવની ભૂખી મા! ત્યાં આ હિંસા કેવી? ઓ મા! દયા કર! અને સુબુદ્ધિ આપ મા! સર્વત્ર "અહિંસા પરોધર્મ" એજ સૂત્ર ફેલાવ. અહા! વળી આટલીવારમાં આ વાઘનો ગડગડાટ શો? હા, હા. એ તો પૂર્ણાહુતીનો સમય થયો. જય જગદંબા! જય મારી મા! જય જગતજનની!

આ સઘળી ગરબડમાં કોઇ ઓળખીતું દેખાતું નથી; એમ કેમ? શું કોઇએ નહિ આવ્યું હોય? સુશર્મા તો હોમ સ્થળે હોવાજ જોઇએ. વૈદિક મંડળી પણ ઉઠી ચાલી. પેલા સુશર્મા દેખાય. સુશર્માને પગે કોણ પડે છે? હા, એજ વીરસિંહ ઠાકોર. ઘણું કરીને બાપ્પાની હકીકત કહી સુશર્માની ક્ષમા માગતા હશે.

"હાં, હાં, હાં. આ શું? ઉઠો. ઉઠો." વીરસિંહનો હાથ ઝાલી ઉઠાડતાં સુશર્મા બોલ્યા.

"ભગવાન, હું મોટો અપરાધી છું. મને અભય દાન આપો, એટલે હું મારી હકીકત કહું." વૃદ્ધ વીરસિંહે સુશર્માનો પગ પકડી રાખીને કહ્યું.

"અભયદાન છે. ઉઠો, ઠાકોર! ઉઠો." પંડિતજી બોલ્યા.

વીરસિંહે સર્વ હકીકત કહી સંભળાવી. સુશર્માને એ સાંભળી ઘણું ખોટું લાગ્યું. ખિન્ન હૃદયે "ઇશ્વરેચ્છા" એટલું બોલાયું. સર્વ મંડળીની સાથે પંડિતજી પણ સ્નાન કરવા ગયા. હોમ કરનારા બ્રાહ્મણો અવભૃથ સ્નાન માટે જવાથી સભા મડપમાં ગરદી કમી થવા લાગી હતી.

અવભૃથ સ્નાનનો સમારંભ માનસરોવર પર હતો. સરોવર વિસ્તૃત હોઇ ચારે બાજુથી બાંધેલું હતું. અને અંદર ઉતરવાની પગથી પણ ઠેઠ પાણી સુધી હતી. અવભૃથ સ્નાનની મોજ જોવા દેવાલયમાંના તેમ બજારમાંના સર્વ માણસોની ઠઠ જામી હતી. સરોવરની ચારે બાજુએ તેમજ પરથાર અને પગથીઆં ઉપર માણસો બેઠેલાં અને ઉભાં રહેલાં હતાં. વર-

ઘોડો ફરતો ફરતો સરોવર ઉપર આવ્યો ત્યારે પ્રહરરાત્રિ વીતી ગઇ હતી. તીર્થ પૂજાદિ વિધિ પૂર્ણ થતાં અધ્વર્યુ પુરોહિત વગેરે મંડળી સ્નાન કરવા ઉતરવા લાગી, તે સાથે ચારે બાજુથી પુષ્કળ મનુષ્યો સ્નાન કરવા અંદર ઉતર્યા, અને તરૂણો ભુસકા મારવા લાગ્યા.

સુશર્મા પંડિતજીનો પગ પગથીઆં ઉપરથી ખસ્યો અને પોતે પાણીમાં પડયા. સરોવર ઘણું ઉંડું હતુ અને પાણી પણ પુષ્કળ હતુ "કાઢો, કાઢો" નો પોકાર ચારે બાજુથી થવા લાગ્યો.

એક બ્રાહ્મણઃ મોટું વિઘ્ન થયુ, પંડ્યા!

બીજોઃ હા, જોશીજી, વિઘ્ન તો મોટું ખરૂં.

ત્રીજોઃ આ તો માતાજીનો કોપ હો કે!

ચોથોઃ જરૂર યજ્ઞમાં કંઇ ચૂક થએલી.

બીજોઃ સ્નાન કરવા ઉઠતી વખતે તેમની આંખમાં અશ્રુ હતાં.

પહેલોઃ પંડ્યા! માતાજીના પારે વળી અશ્રુ કેવા?

ત્રીજોઃ ખરી વાત, પેલા ઠાકોર કંઇ કહેતા હતા તો.

બીજોઃ 'ઇશ્વરેચ્છા' કહી તે ચાલ્યા હતા.

ચોથોઃ તેથીજ માતાજીએ કોપ કર્યો.

પરથાર ઉપર ઉભા રહેલા, વરૂણીમાં આમંત્રણ કરેલા, ચાર પાંચ લઠ્ઠપઠ્ઠ બ્રાહ્મણ તરૂણો વાતો કરતા હતા, ત્યારે બીજા પાંચ છ પાણીમાં શોધ માટે પડેલાઓને રાંધળા કરતા હતા.

એકઃ અરે! ત્યાં નહિ, ત્યાં નહિ.

બીજોઃ આજ જગાએ, અહિંજ ઉભા હતા.

ત્રીજોઃ કેવા મુર્ખા છે. અમારૂં તો સાંભળતાજ નથી. અહીંથી પગ ખસ્યો હતો. હુ સાથેજ હતો ને.

ચોથોઃ છેઃ, છેઃ, આમ આવ, આમ આવ; અહીં ખશી પડ્યા છે.

દરેક મલ્લે બબે વાર ડૂબકી મારી પણ કંઇ પત્તો ન લાગ્યો. લોકોમાં મોટી ગરબડ થઇ રહી, એટલામાં એક ખુણામાંથી પાંચ છ લંગોટાબંધ

તરૂણો, "બાજુ હઠો, બાજુ હઠો" કહેતા અને પોતાના બંને હાથથી લોકોને ખસેડતા, દૂર કરતા, ધક્કા મારતા, ગરદીમાથી બહાર આવી લોકોના આશ્ચર્ય વચ્ચે એકદમ પાણીમાં કૂદી પડ્યા. સર્વની પાછળ કૂદકો મારનાર એક નાના બાળકને જોઇ સર્વનું ધ્યાન તે તરફ ગયું. સર્વ સ્થળે શાન્તતા પ્રસરી રહી. એક વખત સઘળા જણે ઉપર આવી કંઇ સંકેત કરી ફરી ડૂબકી મારી. ઘણા વખત સુધી તેમાના કોઇને ઉપર આવેલો ન જોઇ, સર્વની ધીરજ જતી રહી. વળી કચપચાટ શરૂ થયો, અને ગુચપુચ વાતો થતાં છેવટે "એ પણ બુડ્યા" એમ બૂમ ઉઠી. વૈદિક મંડળીમાં ફરી કચપચાટ થયો.

"દેવતા કોપ શાન્તિ અર્થે ફરી બીજો યજ્ઞ કરવો જોઇએ."

"મૃત્યુંજયનો જપ કરવો જોઇએ."

"લઘુરૂદ્ર, કે મહારૂદ્ર કરાવવો જોઇએ."

"શતચંડી, સહસ્ત્રચંડીના પાઠ કરાવવા જોઇએ."

એમ અજ્ઞાન બ્રાહ્મણો, માત્ર પેટ પોષણાર્થે કામ કરનારા બ્રાહ્મણો, તડાકા મારી લાડવા ઠેરવવાનો યત્ન કરતા હતા તેટલામાં "જય અંબાભવાની, અંબે માતકી જય" એવો પોકાર ઉઠયો અને તેને ચારે બાજુના લોકોએ વધાવી લીધો.

"ભલું કર્યું, ખરો બહાદૂર." એવા વળી બીજા ઉદ્દ્ગાર સંભળાયા.

ચાર બાજુએ ચાર અને વચ્ચે પેલો નાનો, એમ પંડિતજીને ઉંચકીને પાણી ઉપર આવનારા પાંચ જણાને જોઇ સર્વે જણાના હૃદયમાં આનંદ આનંદ થઇ રહેલો જણાયો.

"પંડિતજી જીવતા છે ને, પંડિતજી કુશળ છે ને." એમ ચારે બાજુથી પ્રશ્નો શરૂ થયા.

પંડિતજીને લઇ પાચે જણ માનસરોવર ઉપર આવ્યા. જયજયકાર ધ્વનિ શરૂ થયો. મંગલવાદ્ય વાગવા લાગ્યાં. પંડિતજીને વાગ્યું નહતું, પરંતુ માત્ર મૂર્ચ્છા આવી હતી. તે ઉપચારથી દૂર થતાં, આંખ ઉઘાડી જોતાં તેમની નજર પોતાના પગ પાસે બેઠેલા એક દશ અગિઆર વર્ષના છોકરા

ઉપર પડી, તે પોતાને "ગુરૂજી, આપનો પુત્ર અને શિષ્ય આપને પ્રણામ કરે છે." કહી સાષ્ટાંગ કરતો જોઇ તે સાનંદાશ્ચર્ય પામ્યા.

"વત્સ! ઉઠ. કોણ સુદેવ! મારો વહાલો સુદેવ! મારે માટે તું પોતાનો પ્રાણ ખોત નહિ?" કહી તેને ઉઠાડી મુખચુંબન કરી પીઠે હાથ ફેરવી પેટ સરસો દાબ્યો.

બાપ્પાને ઘણો આનંદ થયો. જેને માટે તેણે આટલો શ્રમ વેઠી સાહસ કર્યું હતું તે પોતાના ધર્મ પિતા અને ગુરૂજી છે એમ તેને હમણાં માલમ પડયું. તેના મિત્રો બાલો, દેવો અને સાહસી પ્રવાસી એ ત્રણ પણ તેની સાથેના સાથેજ હતા.

દશરાના દિવસે વિજયોત્સવદર્શક દેવીના રથનો વરઘોડો અને સીમોલ્લંઘનનો સમારંભ શાન્તિથી પસાર થયો.

લક્ષ્મીદેવીએ બાપ્પાને છાતી સરસો ચાંપ્યો, તેને માથે અને પીઠે હાથ ફેરવી પોતાના બાળકને રમાડતી હોય તેમ તેને રમાડવા લાગી.

અત્રેજ રાજકુંવરી અને સાહસી પ્રવાસીનો મેળાપ થયો. પ્રેમી પાત્રો એકજ જગાએ મળવાથી તેમનાં ઓળખીતાંમાં આનંદ વ્યાપ્યો. સિંધના રાજા દાહિરનો પુત્ર એ આપણો પ્રવાસી હતો અને રાજકુંવરી પણ સિંધના એક સંસ્થાનના રાજાની કન્યા હતી. રાજપુત્ર શિકારમાં રસ્તો ચૂકી એક વખત આજ કન્યાના ઉદ્યાનમાં વિશ્રાન્તી લેવા આવી ચઢયો હતો. રાજપુત્રનું આદરાતિથ્ય રાજકુંવરીના હાથેજ કરવાનો પ્રસંગ આવેલો હોવાથી કુંવરીને તેનાપર પ્રેમ થયો અને તે તેને મનથી વરી ચૂકી હતી. કર્મચક્રે કુંવરી ઉપર સંકટ આવી પડયું અને તેને ઘરબાર છોડી નાસવું પડયું હતું અને રાજપુત્રને વરવાની દરેક આશા તેણે તજી દીધી હતી. ઇશ્વરેચ્છા બળવાન છે. મનુષ્યનું ધાર્યું કંઇ થતું નથી-થવાતું નથી.

પ્રકરણ ૩૦ મું.

શ્રી એકલિંગજીનાં દર્શન.

प्रातःकाले शिवं द्रष्ट्वा निशि पाप विनश्यती ।
आजन्म कृत मध्याह्ने सायाह्ने सप्त जन्मनी ॥
मेरु कांचन दत्त्वानां गवां कोटी शतैरपी ।
पंचकोटी तुरंगानां तत्फलं शिव दर्शनं ॥

સુશર્મા ગુરૂજીની સમ્મતિથી હવે બાપ્પો, પોતાના મિત્રો, બાલો અને દેવાની સાથે પારાશરના અરણ્યમા રહેતો હતો.+ આ વન સલુંબર રાજ્યની હદમાં હતું. સલુંબરનો રાજા ચિતોડનો સામંત હતો. બાપ્પાને તેણે પોતાની ગૌશાળામા રાખ્યો હતો. બાલો અને દેવો પણ ત્યાંજ ગોવાળીઆ તરીકે રહ્યા હતા. ગૌશાળાની ગાયોનું દૂધ રાજાના હુકમ પ્રમાણે કેટલુંક રાજવાડામા, કેટલુંક અમુક દેવસ્થાનમાં, કેટલુંક પોતાની હદમાંના સદાવર્તોમાં અને કેટલુંક ધર્મશાળામાં મોકલવામાં આવતું. આ સર્વ કામ બાપ્પા, બાલો અને દેવો, એમની દેખરેખ નીચે થતું. બાપ્પા, તેના સાહસ અને ચપળતાથી રાજવાડામાં સર્વ કોઇનો પ્રિય થઇ પડયો હતો. દરેક પ્રસંગે બાપ્પાને તેના કામ માટે ઇનામ મળતું. મલ્લવિદ્યામાં પણ હમણાં હમણાં બાપ્પો એકકો થયો હતો. ઘોડા દોડાવવામાં પણ સલુંબરનો

+He was clandestinely removed to the wilds of Parasara near the village Nagda, Situated about 10 miles north of the site, where at the present day stands the gorgeous citadel of Udaipur.—*Hind Rajasthan.*

કોઇ ઘોડેસ્વાર બાપ્પાની બરોબરી કરી શકતો નહિ તેમ ધનુષ્ય બાણમાં પણ ભાગ્યેજ તેને કોઇ જીતતું.

મનુષ્યને જેમ તેના ગુણો જોઇ ચાહનાર હોય છે તેમ તેના દ્વેષી પણ હોય છે. બાપ્પાને પણ તેમજ હતું. રાજવાડામાં સર્વ લોકો તેને ચાહતા હતા ત્યારે તેનીજ ગૌશાળાના અને તેનાજ તાબાનાં માણસો તેનો દ્વેષ કરતાં. ગૌશાળામાં એક તરતની વિયાએલી મોટી અને હષ્ટપુષ્ટ કપિલા ગાય હતી. એ ગાય સર્વગુણુસંપન્ન હોવાથી તેના દૂધ માટે રાજવાડામાં સઘળા લોકો ઇચ્છા કરતા હતા. રાજ્યના પુરોહિતે રાજાને તે ગાયના દૂધથી દેવના ઉપર અભિષેક કરવાને સૂચના કરી હતી. રાજાને પુત્ર સંતતિ ન હોવાથી પુત્ર પ્રાપ્તિ માટે પુત્રેષ્ટિ યજ્ઞ વગેરે ધર્મ કાર્યો ચાલતાં હતાં. રાજપત્નીને પણ પોતાને હાથેજ ગાયનું દૂધ દોહીને પુત્રવાળી સુવાસિની સ્ત્રીઓને દૂધ આપવાનું પુરોહિતજીએ ધર્મ કાર્ય માટે સૂચવ્યું હતું, પરંતુ ગાય દૂધ દેતી નહતી. એ ગાયની દેખરેખ ખાસ બાપ્પા રાખતો હતો. ગાયનું આડણ ભરેલું દેખાતું, પણ દોહતી વખતે તે પાનો મૂકતી ન હતી. છતાં પણ વાછડું પુષ્ટ દેખાતું હતું. દ્વેષીઓએ બાપ્પાના ઉપર આળ મૂક્યું કે બાપ્પા તેનું દૂધ ચોરીથી કાઢી પી જાય છે ! બાપ્પાને પણ આથી ખોટું લાગ્યું. આમાં રહેલું ગુહ્ય શોધી કાઢવાનો નિશ્ચય કરી પોતેજ તેને ચારવા લઇ જવા લાગ્યો. દશ દિવસ વહી ગયા પણ કંઇ શોધ લાગ્યો નહિ, તેમ ગાય દૂધ પણ દે નહિ. રાજા ગુસ્સે થયો. રજવાડામાં બાપ્પા વિષે ખોટું બોલાવા લાગ્યું, તેમ તેમ તેના હાથ નીચેનાં માણસો વધારે વધારે ખોટું બોલવા લાગ્યાં. બાપ્પાને ખાવું પીવું ભાવે નહિ; તેણે ઊંઘ ખોઈ, ભુખ ખોઇ, તૃષા ખોઇ ! રાત્રિ દિવસ ગાયની પાછળજ ભમવા છતાં કંઈ પત્તો ન લાગ્યો તેથી નિરાશ થયો. હારિત ઋષિનું વારંવાર સ્મરણ થવાથી તે ધ્યાનસ્થ જેવો થતો. સુશર્માને યાદ કરીને અશ્રુ સારતો. આજ દશ દિવસથી કંદમૂળ ઉપરજ રહેતો. તેણે આહાર પણ મૂક્યો. બે દિવસ સુધી તેને ખાવાનું કે પીવાનું ભાન પણ ન રહ્યું. ઇશ્વરના ઘરની આ કસોટીમાંથી અગિયારમા દિવસે બાપ્પાને તેના પ્રયત્નમાં અચાનક યશ મળ્યો. ગાય

જંગલમાં ચરતાં ચરતાં એકાએક એક ખાડામાં ઉતરી. ખાડા ઉપર નાનાં નાનાં ઝાડવાં ઉગેલાં હોવાથી તે ઢંકાઇ ગયો હતો તેથી ત્યાં ખાડો છે એમ કોઇના લક્ષમાં આવે તેમ ન હતું. બાપ્પા વેલાઓ અને છોડવાઓને દૂર કરતો ગાયની પાછળ ચાલ્યો. તેના જોવામા આવ્યું કે એક સ્થળે ગાય પોતાને પાનો મૂકે છે અને આડણુ ખાલી થયેજ ત્યાંથી ખસે છે. આ પહેલાં એક બે વખત ગાય ઘણો વખત ત્યાં ઉભી રહેલી જોવામાં આવેલી પરંતુ તે સહેજ ઉભી હશે એમ સમજી તે ઉપર લક્ષ આપ્યુ નહતું. આજેજ આ પ્રકાર જોવાથી અને આચળમાથી દૂધની સેર નીકળતી માલમ પડવાથી બાપ્પાને આનંદ થયો. આ વાત પોતાના દોસ્તોને અને ગોશાળાના અધિપતિને કહેવાનો તેનો વિચાર થયો પરંતુ હમેશાં ગાય આજ પ્રમાણે આજ જગ્યાએ આવી પોતાના દૂધનો પાનો મૂકે છે તેમાં કંઇ ઇશ્વરી ચમત્કાર હોવો જોઇએ માટે તેનો પણ શોધ કરવો એજ નિશ્ચય કરી ત્યાંથી ખસ્યો નહિ.

નસીબ સંજોગે બીજે દિવસે શિવરાત્રિ હતી. આ જગ્યાએ એક સ્વયંભૂ શિવલિંગ હતું. તેની માહિતી એકલા હારિત ઋષિને હતી. શિવલિંગ ખાડામાં ઘણું ઉડુ હતું. ગાયના દૂધની ધારા, પાંદડાં ઉપર થઇ પાણીની ધારા પ્રમાણે શિવલિગ ઉપર પડતી. બાપ્પાના દીર્ઘ પ્રયત્નથી અને પૂર્વ પુણ્યના સંચિત બળે એ બનાવ તેની નજરે પડવાથી તેને પુષ્કળ આનંદ થયો. તેની ચિત્તવૃત્તિ એકદમ શ્રદ્ધા અને ભકિતભાવથી ઉછળવા લાગી. તેણે ખાડા ઉપર ઉભાં ઉભાં પુષ્પોથી શિવલિંગની પૂજા કરી અને શ્રદ્ધાપૂર્વક પ્રભુભક્તિ કરવા લાગ્યો:—

"હે પરમાત્મા! આ વિશ્વ તેં નિર્માણ કર્યું છે. તેને તુંજ નિયમમાં રાખે છે. અપાર કરૂણાથી આ વિશ્વમાના અસંખ્ય પ્રાણીઓનુ તું હમેશ સંરક્ષણ કરે છે. હે અનાદ્યંત પ્રભુ! તારો અંતર બહાર સર્વ સ્થળે વાસ છે..જળે તું છે. સ્થળે તુ છે. અણુ અણુમાં તું છે. તું સત્ય સ્વરૂપ, મંગળ સ્વરૂપ, જીવોનું જીવન, હું તને નમસ્કાર કરૂં છું. હે કરૂણામય પિતા! તું સર્વ અવસ્થામાં મારૂં સંરક્ષણ કરે છે, તેને વાસ્તે તારી કૃપાનો :

ઉપકાર માનું છું. આ જગતમાં મારે પિતા નથી, માતા નથી. સગું નથી. વહાલું નથી. પિતા જન્મ આપી તારા ધામમાં આવ્યા, માતા નિરાધાર મૂકી સતી થઈ તેમની અને તારી સેવાર્થે સીધાવી. ગુરૂજીની સહાય હતી તે પ્રણુ દૂર રહ્યા. આવી સ્થિતિમાં હે પ્રભુ ! તુંજ મારૂં સંરક્ષણુ કરે છે. મારી પરીક્ષા જોવાને વાસ્તે જે જે લાલચો મારી વાટ જુએ છે તેનો અતિક્રમ કરવાને, તેને વશ ન થવાને તું મને સામર્થ્ય આપ. તારા મંગલ આદેશ, તારી શુભ શિક્ષા, એજ મને નિયમમાં રાખનાર છે. તારો પ્રેમ મારા મનને આર્દ્ર કરે અને તારૂં પવિત્ર રૂપ મને પ્રદર્શન થઇને સદાકાળ મારા લક્ષમાં રહે એજ માગું છું. મારાં સર્વ કર્તવ્ય સાધનોમાં તથા આ અસાર સંસારના બધા સંસર્ગ તથા કાર્યમાં મારા અંતઃકરણને તું નિર્મળ રાખ. હે પ્રભો ! તું એવી દયા કર કે વાસના તથા લાલચો તારા ઉપરના મારા વિશ્વાસને હઠાવી ન શકે. મારા જીવનની સઘળી અવસ્થામાં હું તારી સાથે દૃઢ સંબંધથી બંધાયલો રહું. મને એવું શીખવો કે મારા જીવનનો ઉદ્દેશ માત્ર તારો પ્રેમ તથા તારો પ્રસાદ પ્રાપ્ત થવાને માટે છે, અને એ ઉદ્દેશ ઉપર લક્ષ રાખીને હવે પછીના બીજા દિવસો નિર્ગમન કરૂં એવી સહાયતા આપ. હે અવિનાશી પિતા ! તું મને એવું સામર્થ્ય આપ કે પવિત્રતા તથા વિશ્વાસમાં હું ચઢતો જાઉં, જેથી પ્રાતદિન તારી પાસે આવતો જાઉં. હું તારે શરણુ આવ્યો છું, મને શુદ્ધ મતિ આપીને પાવન કર.

હે પ્રભુઃ—

“ દયા સાગરા સત્ય સર્વજ્ઞ દેવ,
તમારી કરૂં શુદ્ધ ભાવેથી સેવ;
તમે સર્વ પ્રાણી તણા માત તાત,
નમુ નિત્ય હું પ્રેમથી પ્રાણુનાથ. ૧

કિધી રાત્રિમાં નાથ સંભાળ મારી,
દયાસિંધુ દીસે દયા એ તમારી;
પિતા માત માની બહુ ઉપકાર,
સમર્પું તને પ્રેમના પુષ્પહાર. ૨

દિસે આ બધી સૃષ્ટિ આશ્ચર્યકારી,
પ્રકાશી રહી પૂર્ણ સત્તા તમારી;
તમારે બળે વિશ્વનો યંત્ર ચાલે,
તમારા રૂડા નીમને સર્વ પાળે. ૩

અહો રાશિ ચક્રે ક્રમેથી ફરે છે,
તમારા ગુણોની પ્રસિદ્ધિ કરે છે;
ક્ષિતીજે રૂડા ભાનુરશ્મિ પ્રકાશે,
મને આ સમે પૂર્ણ આનંદ ભાસે. ૪

તમારી કૃપાનો મને બોધ થાય,
સદા અંગમાં પ્રેમ ઊમ ભરાય;
તમારી મહા શક્તિને ચિત્ત ધારૂં,
કરૂં હું ઉપસ્થાન રૂડુ તમારૂં. ૫

વિરાજો તમે સૃષ્ટ વસ્તૂથિ ભિન્ન,
સદા શાન્ત રૂપે રહો છો પ્રસન્ન;
તમારી કૃપાથી મહા કૃત્ય થાય,
રૂડાં કાર્યમાં નાથ રે'શો સહાય. ૬

મહા મોહના પાશ છે આસપાસ,
ફસાવે મને ઇંદ્રિયોના વિલાસ;
ન જાણું કિયાં સંકટોનો પ્રસંગ,
અકસ્માત્ આવી પડે આજ અંગ. ૭

તમે તે સમે ધૈર્ય સંપૂર્ણ દેશો,
મને દીનને નાથ સંભાળી લેશો;
તમારી કૃપાનો હું વિશ્વાસ ધારૂં,
તમારા રૂડા ધ્યાનને ના વિસારૂં. ૮

દયા વૃક્ષ છાયા નિચે હું નિવાસું,
પરાભક્તિથી હું પ્રભુને ઉપાસું;

તમે રૂડી બુદ્ધિ કૃપાનાથ આપો,
અમારાં બધાં દુઃખ સંકષ્ટ કાપો. ૯
દયાથી તમે દોષ સર્વે શમાવો,
સદા દાસને નીતિ રૂડી બતાવો;
નિવારો અવિદ્યા તણા અંધકારો,
પ્રકાશો તમે જ્ઞાનનો દીપ મારો. ૧૦

સદા પાળું હું નીતિના મુખ્ય ધર્મ,
કરૂં વિશ્વમા સર્વ કર્તવ્ય કર્મ;
દુરાચારથી સર્વદા દૂર રાખો,
દયા સિંધુ સદ્ધર્મનું જ્ઞાન દાખો. ૧૧
નમીને નમી હું સદા પાય લાગું,
ક્ષમા નાથ હુ પાપ કર્મોની માગું;
અતિ નમ્રતાથી કહું વારંવાર,
કૃપાથી કરો પ્રાર્થના અગિકાર." ૧૨

પ્રાર્થના કર્યા પછી બાપ્પા વારંવાર સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો એટલામાં સાક્ષાત્ શ્રી શંકર મનુષ્યાવતાર ધારણ કરીને આવ્યા હોય તેવાજ સ્વરૂપવાળા હારિત ઋષિ ત્યાં પધાર્યા. તેમનાં ઓચિંતા દર્શન થવાથી બાપ્પા એકદમ ઉઠયો અને દોડતો જઇ તેમના પગમાં પડયો. "વત્સ, ઊઠ. શ્રમ બહુ લીધો છે. પુરેપુરી કસોટીમાંથી તું પસાર થયો છે. આજે તને આ શ્રી એકલિંગજી ભગવાનનાં દર્શન થયાં એટલે તારા સર્વ દુખ નાશ પામ્યાં એમ સમજ. હુ ધ્યાનથી સર્વે બીના જાણીને જ તને આશીર્વાદ દેવા આવ્યો છું. જરા શાંત થા. હું પૂજા કરી લઉ. પછી તને મારી સાથે આશ્રમમાં લઇ જઇશ." ઋષિએ તેને હાથ પકડી ઉભો કરી કહ્યું.

"જેવી પ્રભુની આજ્ઞા." નમન કરી બાપ્પાએ પ્રત્યુત્તર આપ્યો.

ઋષિજીએ શંકર ભગવાનની પૂજા કરી. બે હાથ જોડી બોલવા લાગ્યાઃ—

अगणित गुणसिंधु, पार्वती प्राणनाथं ।
स्फटिक सदृश देहं भालचंद्रार्द्ध शालं ॥

करधृत जपमालं कंठ नीलांक शोभं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ १ ॥
हरिचितवन जातैः सेवि पादारविंदं ।
बलिसुत पुरपालं भक्त वत्सल्य धारं ॥
सुरनर मुनि पुंजै रीक्षित ध्यान मूर्त्ति ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ २ ॥
अमित पतित तारं दक्ष विध्वंसकारं ।
मुनिभयमपहारं योगिध्ये याध्रि युग्मं ॥
विधिवित नित कीर्त्ति नाम संसार तारं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ ३ ॥
दश मुख रिपु मित्रं काल कालं करालं ।
प्रचुर बल मनोजा मदितारं निमेषात् ॥
जगदवन समर्थं व्याघ्र चर्मांद धानं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ ४ ॥

---

૧ ગણિ શકાય નહિ એવા અગણિત ગુણવાળા, પાર્વતીના પ્રાણનાથ, સ્ફટિક મણી સરખા ગૌર દેહવાળા, લલાટમા અર્ધ ચદ્રકારથી શોભાયમાન, હાથમાં જપમાળા ધારણ કરેલી છે એવા, કંઠમા લીલા ચિહ્નથી શોભતા અને ગણુપતીને ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરૂ છુ.

૨ વનમા ઉત્પન્ન થએલા, પુષ્પો થકી જેના ચર્ણાર્વિંદની સેવા થાય છે, બલિના પુત્ર બાણાસુરના નગ્રનું રક્ષણ કરનાર, ભક્તાચિન, દેવ મુનિઓના સમુદાયે દ્રષ્ટિવડે ધ્યાન કરવાની મૂર્ત્તિ, અને ગણુપતિને ઉત્પન્ન કર્તા એવા એકલિંગજીની સ્તુતિ કરૂં છું.

૩ અસંખ્ય પાપીઓને તારનાર, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ભંગ કરનાર, મુનિઓનો ભય ટાળનાર, યોગિઓએ ધ્યાન કરવા યોગ્ય, બ્રહ્મદેવ જેમની નિત્ય કીર્ત્તિ ગાયા કરે છે, જેમનું નામ માત્ર સંસારતારક છે એ ગણુપતિને ઉત્પન્ન કર્તા એવા એકલિંગજીની સ્તુવિ કરૂં છું.

૪ હે રાવણુના શત્રુ ! રામચંદ્રજીના મિત્ર, કાળના કાળ કરાળ, મન થકી ઉત્પન્ન થએલા, નિમેષ માત્રમાં કામ ક્રોધનો નાશ કરનાર, જગતનું રક્ષણ કરવાને

त्रिपुर भय विभिता भूमि संत्राण दक्षं ।
नगवर हिम वज्ञां वाम भागे जुषाणं ॥
शवशयन विहारं प्रस्फुरं द्रुढ मालं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ ५ ॥
तरुवर वट मूले ज्ञानमुद्रोपविष्टं ।
सकल निगम लक्ष्यं ब्रह्म संपादयंतं ॥
श्रवण मनन शौंडै र्नारदाद्यैपरीतं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ ६ ॥
कलिकलु षरीणा शेषदोषांतकारी ।
सुरधनि धृतमौलिं भक्त सेकाभिलाशं ॥
स्फुरित करणनागं भस्मनोद्भासि देहं ।
गणपति जनिकारं चैकलिंगाख्यमीडे ॥ ७ ॥
प्रसरति नहि यस्मिन्वाग्गतिः पंडितानां ।
यम नियम रतंवा यं नमो नैव वेत्ति ॥
निज जनवश गत्वं स्वल्प पूजोपयांतं ।
गणपति जनिकारं चैकलिंगाख्य मीडे ॥ ८ ॥

સમર્થ, વ્યાધ્રચર્મ ધારણ કરનાર, ગણપતિને ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરૂ છુ.

૫ ત્રિપુરને ભય આપનાર, ત્રિપુરાસુરનો નાશ કરનાર, પૃથ્વીનું રક્ષણ કરવાને દક્ષ, પર્વતોમા શ્રેષ્ઠ જે હિમાલય તેમાથી ઉત્પન્ન થએલાં પાર્વતીને પોતાની ડાબી બાજુએ બેસાડનાર, શ્મશાનમા આનંદ માનનાર, શોભાયમાન રૂદ્રાક્ષની માળા ધારણ કરનાર, ગણપતિને ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરૂં છું

૬ સર્વ ઝાડોમા ઉત્તમ વડના ઝાડના મૂળ આગળ જ્ઞાનમુદ્રાએ બેઠેલા, સઘળા વેદોમા લક્ષ રાખી બ્રહ્મત્વ મેળવવા શ્રવણ મનન કરવાને બુદ્ધિમાન નારદાદિક જેમની ચોતરફ બેઠા છે, એવા ગણપતિને ઉત્પન્ન કરનાર એકલિંગજીની સ્તુતિ કરૂં છું.

૭ જેણે ગંગાને પોતાના મુગટમા ધારણ કરી છે, જેને ભક્તના અભિષેકનો અભિલાષ છે, કાનને વિષે નાગના આભુષણો અને ભસ્મ વડે કરીને શોભાયમાન છે અંગ જેમનું, એવા ગણપતિને ઉત્પન્ન કર્તા એકલિંગજીની સ્તુતિ કરૂં છું.

૮ જેમની સ્તુતિ કરવામા પંડિતોની વાણી પણ પહોચી શકતી નથી, યમ-

रुद्राष्टकं कृतमिदं हरतत्परेण ।
सांब प्रसन्न करणा य च वाग् विशुद्धयै ॥
ये वैश्नवा शिवपराश्चपठंति नित्यं ।
ते यांति लोक ममलं, विरजं मनुष्याः ॥ ९ ॥

ઋષિએ પૂજા પૂર્ણ કરી. ત્યાર પછી બંને જણ આશ્રમમાં ગયા. બાપાને ઋષિજીને હાથે ગુરૂ પ્રસાદ મળ્યો. ગુરૂ પ્રસાદમાં તેમણે એક વિજયી ખડ્ગ હતું તે બાપ્પાને આપ્યું અને તે વાપરવાની કળા શીખવી "શ્રી એકલિંગજી એજ તારા હવેથી ઉપાસ્ય દેવ છે." એમ કહી શ્રી એકલિંગજીની અત્યંત શ્રેયસ્કર ઉપાસનાનો માર્ગ બતાવી ઋષિજીએ બાપ્પાને શ્રી એકલિંગજીનો ઇતિહાસ કહ્યો:—

"વત્સ, આ શ્રી એકલિંગજી મહાદેવની કોણે અને શી રીતે સ્થાપના કરી તેનો ઇતિહાસ એક દિવસે પુષ્પદંત નામના ગંધર્વે શિવજીને પૂછ્યો હતો, તે વખતે શ્રી શિવજીએ સ્વમુખે કહેલો તે તને સંભળાવું છું. તે ધ્યાનપૂર્વક સાંભળ."

"એક સમયે લંકા નગરીના રાજા રાવણે બ્રહ્મલોકમાં જઇ બ્રહ્મ પાસે એવી યાચના કરી કે મને શંકરનું એક બાણ એવું આપો કે જેનું પૂજન કર્યાથી દ્વાદશ જ્યોતિર્લિંગનું પૂજન કર્યાનુ ફળ મળે.

બ્રહ્માએ રાવણની સ્તુતિથી પ્રસન્ન થઇ તેને શિવનું એક બાણ આપી વરદાન આપ્યું કે આ શિવનું બાણ, ત્હારે જ્યા સ્થાપન કરવું હોય તે સ્થળ સિવાય અન્ય સ્થળે મૂકવું નહિ; જો કદાપિ મૂકીશ તો તેજ સ્થળે તે સ્થાપિત થશે.

અને નિયમ વડે કરીને તત્પર એવા જેમને નમસ્કાર કરે છે, જેનુ રૂપ કોઈ જાણી શકતું નથી, અને પોતાના ભક્તને થોડી પુ જાથી વશ થાય છે એવા ગણપતિને ઉત્પન્ન કર્ત્તા એકલિંગજીની સ્તુતિ કરૂં છું

૯ આ રૂદ્રાષ્ટક શંકરની સ્તુતિ વિષે તત્પર પુરૂષે અંબિકા સહવર્તમાન શંકરને પ્રસન્ન કરવાને અને વાણીની પવિત્રતાને અર્થે કર્યું છે જે વૈશ્નવો અથવા શિવભકતો આ એકલિંગાષ્ટકનો નિત્ય પાઠ કરે છે તે મનુષ્યો નિર્મળ, શોભાયમાન એવા કૈલાસ લોકને વિષે જાય છે.

"રાજા રાવણે બ્રહ્મા પાસેથી પેલું શિવલિંગ લઇ લંકા તરફનો રસ્તો પકડયો. રસ્તામાં આવતા મેવાડ ભૂમિમાં ત્રિકુટ પર્વત આગળ આવતાં તેને લઘુશંકા કરવાની એટલી બધી ત્વરા થઇ કે તેનામાં આગળ મુસાફરી કરવાની શક્તિ રહી નહિ, અને બ્રહ્માએ આપેલું વરદાન વિસ્મૃત થવાથી શિવલિંગ ત્રિકુટ પર્વત ઉપર મૂકી પોતે થોડે છેટે લઘુશંકા કરવા બેઠો. બ્રહ્માના વરદાન પ્રમાણે આ શંકરનું બાણુ ત્રિકુટ પર્વત ઉપર સ્થાપિત થયું.

"રાવણુ લઘુશંકા કર્યા પછી શિવનું બાણુ લેવા આવ્યો અને પોતે ઉપાડવા માંડયુ પરંતુ તે ઉપડયું નહિ. જેમ વધુ જોર કરે તેમ તેમ શિવલિંગ ભારે થવા માંડયુ. રાવણુ તેથી વિચાર કરવા લાગ્યો કે આનું કારણુ શુ? પોતે શાન્ત મને થોડીવાર વિચાર કર્યો, એટલે તેને બ્રહ્માનું વરદાન યાદ આવવાથી શિવના એકલિંગની આ સ્થળે વિધિ સહિત સ્થાપના કરી તથા વિધિપૂર્વક પૂજન કરી બોલ્યોઃ 'જેવી ઇચ્છાથી હું આપને લઇ જઇ મારા નગરમા સ્થાપન કરવા ઇચ્છતો હતો, તેવીજ ઇચ્છા આ ભૂમિમાં વસનાર રાજાઓની અને પ્રજા જનોની થાઓ." અને આ શિવના બાણુનું "શ્રી એકલિંગજી મહાદેવ" એવું નામ આપી પોતે લંકા તરફ ગયો."

"હે શિવજી, આ શ્રી એકલિંગજી, રાવણુ શા હેતુથી લઇ જતો હતો અને તેની ઇચ્છાઓ કેવા પ્રકારની હતી, તે કૃપા કરી આપ મને સમજાવો." પુષ્પદંતે શ્રી શંકરને પૃછયું

"આ શ્રી એકલિંગજીની હમેશાં પૂજા કરવાથી દ્વાદશ જ્યોતિર્લિંગના પૂજનનું તથા પંચદેવનું પૂજન કર્યાનું ફળ મળે તેવી રાવણુની ઇચ્છા હતી. તે ફળથી રાજા તથા પ્રજા ટેકી, શિવધર્મી, પરાક્રમી, શૂરી, સ્વધર્માભિમાની, નીતિમાન અને ધર્મપરાયણુ થાય. આ ફળ મેવાડમાં વસનારા રાજાઓને તથા પ્રજાજનને અવશ્ય મળશે." શિવજીએ પુષ્પદંતના પ્રશ્નનો ખુલાસો કર્યો.

"વત્સ, આ શ્રી એકલિંગજી મહાદેવની ઉત્પત્તિ મેં તમને કહી સંભળાવી. શ્રી એકલિંગજી મહાદેવનુ બાણુ પંચમૂખી છે, તેનું કારણુ તને

કહું છું. એકલિંગજી મહાદેવનું બાણ પ્રણવ રૂપ એટલે ૐકાર રૂપ છે. જેમ પ્રણવમાં ચાર વેદનાં મહા વાક્યો તથા પચદેવ છે તેમજ શ્રી એકલિંગજીનું બાણ પંચમૂખી છે ને ૐ ઉપજ છે. પ્રણવનો જાપ જપવો તથા મૂર્ત્તિ કરી તેનું પૂજન કરવું તે શ્રી એકલિંગજીનો જાપ જપવો ને પંચમુખી બાણનું પૂજન કરવું તે એકજ છે, અને તેથીજ રાવણે બ્રહ્મા પાસે શંકરના બાણની યાચના કરી હતી.

अकारो [1]वासुदेवस्यात्, उकारस्तु महेश्वरा[2]।
मकारः [3]सूर्य इत्युक्तः [4]शक्तिर्नादात्मिकामना ॥
बिंदु रुपा [5]गणेशस्यात् ॐकारा पंचदेवता ।

"વત્સ, જળે સ્થળે સર્વત્ર પરમાત્માનો નિવાસ છે. જ્યાં જે વસ્તુમાં આપણે પ્રભુનું ધ્યાન ધરીએ ત્યાં તે વસ્તુમાં પ્રભુ હોવાથી આપણી પ્રાર્થના સાંભળે છેજ. તેમાં વળી શ્રી એકલિંગજી ભગવાન તો સાક્ષાત્ પ્રણવ સ્વરૂપ હોવાથી તેમના ધ્યાનથી મનુષ્યનું કલ્યાણ થાય છે. તેનાં ત્રણે પાપ ક્ષપાય છે. અને તેને સર્વ કાર્યમાં યશ પ્રાપ્ત થાય છે. તું અને તારા વંશજો શ્રી એકલિંગજી ભગવાન પર શ્રદ્ધા રાખી ભજન પૂજન કરજો તેથીજ તમે સર્વત્ર વિજયી થશો. વત્સ! સમૃદ્ધિ મળવાથી અશ્રદ્ધાવાન થશો નહિ. અશ્રદ્ધાવાન થશો તો પડતી આવશે, માન ખંડન થશે, અને રાજ ભ્રષ્ટ થશો. જ્યાં સુધી શ્રી એકલિંગજી ભગવાનની સ્તુતિ શ્રદ્ધાપૂર્વક કરશો ત્યાં સુધી દિનપરદિન તમારો ઉદયજ થશે તમે ચક્રવત્તિ થશો. વત્સ, તમારૂ કલ્યાણ થાઓ. **चक्रवर्त्ति भव।**"

એમ કહી ઋષિજીએ બાપ્પાના માથા ઉપર હાથ મૂક્યો. બાપ્પો માથુ નીચુ નમાવી ઉભોજ હતો અને શંકર ભગવાનનું ધ્યાન ધરતો જ હતો. ઋષિજી આશિર્વાદ આપી અદૃશ્ય થયા.

---

૧ વિષ્ણુ. ૨ શિવ. ૩ સૂર્ય. ૪ શક્તિ-લક્ષ્મી. ૫ ગણેશ.

પ્રકરણ ૩૧ મું.

ઝૂલન પૂર્ણિમા—ગાન્ધર્વ લગ્ન.

" છે પ્રેમ એવી વસ્તુ કે જે સ્વાર્થને નથી માનતી,
લજ્જા તથા જજમાનને[1] પણ તે કદા ન પિછાનતી;
દીપક પરે બળતા પતંગો સર્વથા નિસ્વાર્થ તે,
ને પ્રાણ અર્પે છે ચકોરો, ચંદ્ર પર ન સ્વાર્થ તે. "

નાગદા અથવા નાગીંદ્રનું રાજ્ય પરાશર અરણ્યની પાસે ગીચ્ચ જંગલમા આવેલું છે નાગદા શહેરમાં શિવમાર્ગી બ્રાહ્મણોની ઘણી વસ્તી હતી. હજુ પણ ત્યા મહાદેવનાં ઘણા પ્રાચીન દેવાલયો જીર્ણ સ્થિતિમાં હોવા છતાં પણ તે શહેરની પ્રાચીન કાળની જાહોજહાલી સૂચવે છે. તે સ્થળનુ પ્રકૃતિ દેવીનું સૌદર્ય અને શાન્તિ ગમે તેવા નાસ્તિકના હૃદયમાં ઇશ્વર પ્રત્યેનો ભક્તિભાવ ઉત્પન્ન કરે છે. આ સ્થળે મોરી રાજાનો સામંત સલુંબર રાજા રાજ્ય કરતો હતો. સામંતરાયને સંતાનમાં માત્ર એક અગિઆર વર્ષની લાવણ્યવતી કન્યા હોવાથી તે સર્વને ઘણી લાડકી હતી. તેને મર્દાનગીના ખેલો ઘણુા ગમતા. મર્દાનગી ખેલોમાં રમનારી આ બાળા દશ અગિઆર વર્ષની હોવા છતાં લગ્ન કરવા જેવી યોગ્ય વયની જણાતી. હજુ તે અેલડ હોવા છતાં સ્વચ્છ અંતઃકરણની અને નિષ્પાપ હતી. બાપ્પાની સાથેજ રમવામાં તેને આનંદ પડતો. કુંવરીને માટે આ પારાશર વનમાં અને નાગદાના ઇશાનકોણુમાં એક ઇંદ્રના નંદનવન સરખો

[1] જાજવલ્યમાન.

વિસ્તીર્ણ બાગ તૈયાર કરાવ્યો હતો. આ બાગમાં તે પોતાની સમાન વયની સુંદર દાસીઓ અને શહેરની કુમારિકાઓ તથા નાની વયનાં બાળકો સાથે રમતી હતી. બાપ્પા પણ આ બાગમાં આવતો અને કદી કદી સામંત કન્યા બાપ્પાને રમતમાં બોલાવી મગાવતી, અગર જાતે જઇ શોધી લાવતી. ઘોડા પર બેસવું, તીર મારવું, તરવાર વાપરવી, ઝાડ પર ચઢવું વગેરે સર્વે મર્દાનગીની રમતો તે બાપ્પા પાસેથી હોંશથી શીખી હતી.

પોતાનું માન ન ખોતાં સ્હામા ઉપર અસર થાય તેવી વાત કરવાની કળા બાપ્પાને ઇશ્વરદત્ત હોવાથી સામત કન્યા અને તેની સહીપણીઓ બાપ્પા ઉપર ફીદા થઇ ગઇ હતી. કુંવરીને કોઇ પણ રમત બાપ્પા વિના ગમતી નહિ. બાપ્પાને આપ્યા વિના કોઇ પણ વસ્તુ તે ખાતી નહિ. ધીમે ધીમે કન્યાનો શુદ્ધ પ્રેમ બાપ્પા ઉપર વધતો ચાલ્યો તે એટલે સુધી કે પ્રસગે બન્ને પરસ્પર એક બીજાની ઠઠ્ઠા મશ્કરી પણ કરતાં !

રાજપૂતાનામાં ઝુલન પૂર્ણીમાનો મ્હોટો ઉત્સવ થાય છે. એ દિવસે હીંચકા ખાવાનો મહિમા છે. સામ્પ્રત તે દિવસ આવી પહોંચ્યો. એ દિવસે સ્ત્રી અને પુરૂષોનાં પૃથક્ પૃથક્ ટોળાં જંગલમાં જતાં અને ઝાડની ડાળીઓએ દોરડાં બાંધી મોટા હીચકા ખાતાં, તથા જગલમાંજ ખાઇ પી આનંદ ભોગવતાં. આ તહેવારની મોજમજા ભોગવવા નાગદાના સોલંકી રાજાની કન્યા અને ગામની અન્ય કુમારિકાઓ પણ ઝાડીમાં ગઇ હતી, પરંતુ પાસે દોરડાં ન હતાં. એટલામાં બાપ્પા અને તેના બે ત્રણ મિત્રો બાલો, દેવો વગેરે ત્યાં ફરતા ફરતા આવી ચઢયા. સોલંકી કન્યાએ બાપ્પાને દોરડાં લાવી આપવા વિનતિ કરી. બાપ્પાએ દોરડાં લાવી આપવા કબુલ કર્યું પણ મશ્કરીમાં એવી શરત કરી કે રમત શરૂ કરતાં પહેલાં તમારે સર્વેએ મ્હારી સાથે લગનની રમત રમવી. તેમાં આપણાં લગ્ન થશે. સર્વે કુમારિકાઓએ અને કુંવરીએ રમતની લેહમાં એ સરત કબુલ કરી, અને ઢીંગલા ઢીંગલીનાં લગ્નની માફક કુમારિકાઓએ સોલંકી કન્યાની ચુંદડીની બાપ્પાના પોશાક સાથે ગાંઠ વાળી છેડા ગાંઠયા ! રાજકન્યા સાથે બીજી કુમારીકાઓનાં પણ લગ્ન થયાં. લગ્નનું કાર્ય પુરૂં થયું અને સર્વે કુમારિકાઓએ એક બીજી

કન્યા સાથે સાંકળની માફક જોડાઇ રાસ લીલાની પેઠે રાસડાં લેતાં હોય તેમ પાસે ઉગેલા આંબાના ઝાડની પાછળ વર વધુનો એક એક હાથ પકડી પાંચ પ્રદક્ષિણા* કરી. થયુ! લગ્ન થઇ ગયાં. લગ્નની શી જવાબદારી છે તેનું તેમને ભાન નહોતું પણ આ રમતનું પાછળથી સર્વેને ભાન થયું. એ વાત છુપી રાખવાને સર્વેએ સોગન લીધા. તે વખતે સોગન ખાવાની રીત ઘણી વિચિત્ર હતી. જે હજુ પણ જાળવી રાખવામાં આવી છે. એક નાનો ખાડો ખોદવામાં આવ્યો અને એક કાંકરો પોતાના હાથમાં લઇને બાપ્પાએ પોતાના સર્વે મિત્રોને કહ્યું કે મારા સારા અને નરસા વખતમાં મારે તાબે રહેવાના અને છાની વાત ગુપ્ત રાખવાના તમે સર્વે સોગન ખાઓ. તમે જે જે સાંભળો તે સઘળું તમારે મારી પાસે જાહેર કરવું. કદાપિ તમે નિમકહરામ નિવડો અને કોઇ વાત મને ન કહો તો યાદ રાખજો કે તમારા બાપદાદાનાં સારાં કૃત્યો આ કાકરાની માફક ધોબીના કૂવામાં પડશે." એમ કહી બાપ્પાએ હાથમાં લીધેલો કાંકરો ખાડામા નાખી દીધો!

સર્વેએ સોગન ખાધા. વાત છુપી રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો, પરંતુ સોલંકી રાજાને તેના દુશ્મનોએ બાપ્પાના વિરૂદ્ધ અનેક વાર્તા કહી. બાપ્પાને તેથી નાગદા છોડવું પડ્યુ, અને જંગલની ગુપ્ત જગ્યાઓમાં તેને આશ્રય ખોળવો પડયો. તેની સાથે તેના બે મિત્રો દેવો અને બાલો હમેશ સાથેના સાથેજ રહેતા. દેવો પશ્ચિમ તરફના જંગલમાં આવેલા ઓગણા પનોરાનો હતો અને સોલંકી વંશનો હતો. બાલો, હાલની રાજધાનીની ખીણમાં આવેલા ઉન્દરીનો રહીશ હતો.

ઓગણાપનોરા કુદરતી રીતેજ સ્વતંત્ર સ્થિતિ ભોગવે છે. તે કોઇ પણ રાજ્ય સાથે જોડાએલુ નથી, તેમ કોઇ પણ પરદેશી વહેવારમાં ભળેલું નથી. પોતાના બાપદાદાના વખતથી ઉતરી આવતા ઉપરીની સત્તા નીચે છે. તેનો સરદાર રાણાનો ઇલ્કાબ ધરાવે છે. તે રાણાના તાબામા આવેલી ખીણમાં

*"આ સઘળી સુંદરીઓ સાથે લગ્ન કરેલું હોવાથી તેમનો બોજો બાપ્પા ઉપર પડ્યો, તેથી જૂદી જૂદી જાતનાં છોકરાં ઉત્પન્ન થયા. જેના વારસો નાગદાના જુના આંબાની આસપાસ બાપ્પાની રમતને મૂળ તરીકે લાગુ પડે છે"—**રાજસ્થાન.**

હજાર નાનાં ગામડાં છે, અને જરૂર પડે ત્યારે પાંચ હજાર તીરકામઠાંવાળાઓ સહિત આ રાણાને મદદ કરે છે. સોલંકી રજપૂતમાં સેળભેળ થઇ ગએલા લોહીના તે ભુમીઆ ભીલ છે. ઉદેપુરની ગાદી ઉપર રાજ્યાભિષેક થતી વખતે ઓગણાનો સરદાર પોતાના અંગુઠામાં છેદ પાડી તેમાંથી નીકળેલા લોહીથી રાજાને ચાંલ્લો કરે છે, અને ઉન્દરી ભીલ ચાંલ્લા ઉપર ચોઢવામાં વપરાતા ચોખાના પવિત્ર દાણાનો અને બીજાં વસાણાનો થાળ હાથમાં રાખે છે.

આ હક્ક, બાપ્પાએ વિપત્તિના સમયમાં પોતાને મદદ આપવાથી વંશપરંપરા માટે બાલા અને દેવાને આપ્યો હતો જે હજુ પાળવામાં આવે છે. એ ક્ષત્રિય ટેક માટે તેમને કેટલો ધન્યવાદ આપવો જોઇએ ? વસિષ્ટમુનિએ શ્રી રામચંદ્રજીને ઉપદેશ આપતાં કહ્યું છે કેઃ—

रघुकुल रीति सदा चलीआ-ई,
प्रान जाय वरु वचन नजा-ई.

આ ઉપદેશ અદ્યપિ પર્યંત પાળનાર એક વચની ક્ષત્રિયો, અમે તમને વંદન કરીએ છીએ.

પ્રકરણ ૩૨ મું.

મોરી રાજા.

" ગુજારે જે શિરે ત્હારે, જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારૂ પ્યારાએ, અતિ પ્યારૂ ગણી લેજે.
દુનીઆની જૂઠી વાણી, વિશે જો દુઃખ વારે છે.
જરાએ અંતરે આનંદ, ના ઓછો થવા દેજે. "

બાલાશંકર.

આ સમયે ઉજ્જનના પરમાર વંશમાં સાર્વભૌમપદનુ માન હતું. પરમારોની સત્તા બહોળા પ્રદેશ ઉપર હતી, અને તેમના સામંતોને કેટલાંક નાનાં નાનાં રાજ્યો સોંપેલાં હતાં. ઉજ્જન અને ચિતોડ એ તેમનાં રાજધાનીનાં શહેરો હતા. રાજાધિરાજ કદી ચિતોડમાં તો કદી ઉજ્જનમાં રહેતા. હાલના મહારાજા વૃદ્ધ થયા હતા. તેમને ઔરસ પુત્ર નહતો. બાપ્પાની માતા આ પરમાર વંશની હતી.

આર્યાવર્તના સર્વ રાજા આ પરમારાધિપતીને સાર્વભૌમત્વના માન બદલ નિયમિત નહિ, પરંતુ કદી કદી થોડી ઘણી ખંડણી ભરતા. સામંતો ઉપર રાજ્યસત્તા બતાવવાને નિશાની તરીકે તેમને વાવરો આપવાનો રિવાજ હતો. મંત્રીઓ રોકડ મુસારા કરતાં જાગીરો વધારે પસંદ કરતા, જે દરેક રીતે રાજ્યને ઘણું લાભકારક હતું. રાજ્યમાં અમલદારોની પદ્દી વંશપરંપરાની હતી. તેઓની નોકરી અંગીન હતી, પરતુ ઇલ્કાબ આખા કુટુંબને લાગુ પડતો.

દેશના ભાગ પાડીને પરગણાં કરવામા આવતાં. દરેક પરગણામાં ૫૦થી ૧૦૦ સુધી શહેરો અને ગામડાં હતાં, અને કોઈ કોઇમાં તેથી વધારે પણ હતાં. ચોરાસીની સંખ્યાથી અનુમાન થઇ શકે છે કે તે ભાગ સાધારણ

પેટા વિભાગ હતો. જેહાઝપુર, કમલમીરની ચોરાસી હજી પણ હયાત છે. સરહદના અમલદારોને દરબાર તરફથી નીમતા અને તેમને વાવટો, ઢોલ, છડીદાર વગેરે રાજ્યચિહ્ન આપવામાં આવતાં તેઓ નીમેલા થાણામાં હાજરી આપતા. મોટા-ઉંચી પદ્વીના સામતો જાતે કદી આવતા નહિ. તેઓ પોતાના કુળના ભરોસાદાર માણસને મોકલતા, અને જ્યારે તેમની જરૂર પડતી ત્યારેજ તેઓ હાજર થતા.

સરદારોના ચાર વર્ગ પાડવામાં આવ્યા હતા. જેની જાગીરની વાર્ષિક ઉપજ ૫૦ હજાર ઉપરાંત અને એક લાખ કે વધારે હોય તેને પહેલા વર્ગનો સરદાર કહેતા. તેઓ ખાસ આમત્રણ સિવાય દરબારમાં હાજર થતા નહિ. પાંચ હજારથી ૫૦ હજાર સુધીની ઉપજવાળા સરદારો બીજા વર્ગમાં ગણાતા, અને તેમાંથી લશ્કરી અમલદાર ચુટાતા. તેઓને હમેશાં દરબારમાં હાજર થવું પડતું. પાચ હજારની અદરની ઉપજવાળા ત્રીજા વર્ગના સરદાર ગણાતા. રાજાનો સૌથી ઉપયોગી વર્ગ આજ હતો. તેઓ હમેશાં જાતે હાજર રહેતા અને જ્યારે જ્યારે મોટી પદ્વીવાળા સામતો એકત્ર થઇ રાજાની સામે થતા ત્યારે આ ત્રીજો વર્ગ રાજાને મદદ કરતો. રાજાના પોતાના કુળનાં અન્ય માણસો ચોથા વર્ગના સરદાર ગણાતા. તેઓ ફક્ત રાજાના અધીકાર નીચે છે એમ માનતા. આ સરદારો રાજાની વગસગમાં વધારે આગળ પડતા.

બાપ્પાએ અને બાલાએ ઇડર જીતવાનું કારસ્થાન કર્યું. વળી તેમણે પરમારાધિપતિને પણ શેહ આપવાની યુક્તિ ઘડી કાઢી. એ યુક્તિ પાર પાડવાનું કામ બાપ્પાએ માથે લીધું, અને દૈવેચ્છાએ તેમાં વધારે ખટપટ કરવાની જરૂર જણાઈ નહિ. પરમાર રાજા આ વખતે ઉજ્જનથી ચિતોડ જતો હતો, તેને મૃગયાનો અતિશય શોખ હતો. રાજા-લોકોને પોતાના રાજ્ય સબંધી ચિંતા કરતાં મૃગયાની ચિંતા વધારે હોય છે! રાજ કારભારમાં કારસ્થાનીઓનું જોર વધારે હોય છે. સાહસી, ચપળ, સમયસૂચક અથવા વિનોદી તરૂણો રાજાપર પોતાની ગમે તેવી છાપ બેસાડે છે. હમેશાં રાજસભામાં મનોરંજક, ચમત્કારિક ક્રીડા અને પરાક્રમ કરવાવાળાઓનાં ટોળે-

ટોળાં આવેજ જાય છે. આવી સ્થિતિમાં પરમારાધિપતિને વશ કરવામાં બાપ્પાની મંડળીને વધુ પ્રયાસ કરવાનો નહતો. ઇડરની સરહદ ઉપર પરમારાધિપતિની સ્વારી આવતાં તેમણે આ રાજાની શિકારી મંડળીનો પ્રેમ સંપાદન કરી લીધો. પરમારાધિપતિને પણ આ નવી મંડળીનાં સાહસ અને ચમત્કાર જોઈ–સાંભળી મોટી ખુશી ઉત્પન્ન થઇ હતી.

એક દિવસ શિકારના નાદમા એક હરણ પછવાડે પડતાં પરમાર રાજા એકલો ઘણે લાંબે નીકળી ગયો. બાપ્પા અને તેની મંડળીને આવીજ તક જોઇતી હતી. તે મંડળી પણ રાજાની પછવાડે છુપી છુપી ચાલતી હતી. હરણે રાજાને બહુજ થકવ્યો. સંધ્યાકાળને સમયે રાજા અત્યંત વિકટ સ્થળે આવી ચઢ્યો. તેનાં માણસો ઘણા દૂર હતાં. તેમને તો મહારાજા કઈ દિશાએ ગયા છે તેનું ભાન પણ નહતું. બાપ્પાની મંડળીએ એક ઝુંપડી જોઇ, ત્યાં વિશ્રામ લેવા મહારાજાને વિનંતિ કરી. તેમણે રાજાના ખાવા પિવા માટે ઝુંપડીમાં ઉત્તમ વ્યવસ્થા કરી.

દાહિરપુત્ર અને સમરસિંહ બાપ્પાની મંડળીથી દૂર રહેવાથી ઘણા જ ચિંતાતુર થયા હતા. તેમને આઠ દશ દિવસ સુધી તેમના તરફની કંઇ બાતમી મળી નહતી. રખેને આ ઉછાંછળા અને ઉતાવળીઆ જુવાનો ઇડરના ભિલ્લો સાથે લડતાં સપડાય એજ તેમને ચિંતા હતી.

બાપ્પા અને તેની મંડળી (બાલો અને દેવો) એ રાજાધિરાજ ઝુંપડીની બહાર નીકળે ત્યારે તેની નજર સિંહ ઉપર પડે એવી તદબીર કરી. તેને વળી શિકારમાં નાંખવાનો વિચાર કરી રાખ્યો હતો. રાજાનાં માણસો પણ શોધતાં શોધતાં ત્યાં આવી ચઢ્યાં. રાજાને ફરી શિકારમાં ગુંથાયલો જોઇ ખિન્ન થયાં, અને બડબડવા પણ લાગ્યાં. બાપ્પા અને બાલો રાજાની પાછળ રહી તેની પૂર્ણ પ્રીતિ સંપાદન કરવા બુદ્ધિપૂર્વક તેમણે સિંહને વિકટ સ્થાનમાં ઘેરી લીધો.

આ ભાગમાં આદિ ગોરખનાથનો મઠ છે એવી બાલાને ખબર હતી. મઠની આસપાસનો પ્રદેશ ઘણો વિલક્ષણ હોઇ હિંસક પશુઓથી ભરપૂર હતો. ગોરખનાથ અને ત્યાંના યોગનિષ્ઠ શિષ્યો સિવાય બીજા કોઈ પણ

મનુષ્યનો ત્યાં કદી સંચાર ન હતો. સ્થાન અત્યંત ભયંકર અને યોગસિદ્ધિથી ભરપૂર છે એવું સર્વને માલમ હતું. પરમારાધિપતી અને તેના કેટલાક સૈનિકો અને તેના સાહસી અનુચર બાપ્પા, બાલો વગેરે આ યોગવાટિકામાં દાખલ થતાંજ તેમને વાઘાદિ પ્રાણીઓ ચારે બાજુથી પોતાનાં ભયંકર દર્શન દઈ બીવરાવવા લાગ્યાં! નાસતા સિંહને આ સ્થાન ગમી ગયું, અને રાજાએ તેને હવે મારવા વિચાર પણ કર્યો. સિંહને ખબર નહતી કે મારી પાછળ શિકારી પડેલા છે. તેણે પોતાનું ઉગ્ર સ્વરૂપ દેખાડવા રાજા તરફ ફરી તલપ મારી. રાજાએ પોતાનું મરણ નજીક જોયું એટલામાં બાપ્પાએ સિંહને સફાઇથી શક્તિહીન કર્યો. સિંહ ફરી બાપ્પા ઉપર ઉલટ્યો. બાપ્પાનું અને તેનું દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. બાપ્પાએ સિંહને ઘાયલ કરી તેને જીવતો પકડવાની તજવીજ કરી. બાપ્પાનું પરાક્રમ અને હિમ્મત જોઇ પરમારાધિપતી ઘણોજ ખુશી થયો. બાપ્પા જેવા રત્નને પોતાની પાસે રાખવાની તેની ઇચ્છા થઈ. બાપ્પાને એ વાત કહી પણ તેણે તે વખતે તેમને ઉડતો જવાબ આપ્યો.

પરમાર રાજાએ બાલા વગેરેની પાસે બાપ્પાના સાહસ અને પરાક્રમનાં વખાણ કર્યાં. બાલાએ એ ઉપરથી તેમને બાપ્પાનો બધો ઇતિહાસ જણાવ્યો.

ઇડરપતિ—બાપ્પાનો પિતા પોતાનો માંડલિક અને મિત્ર હોઇ પદચ્યુત થયો છે એ સાંભળી મહારાજાને ઘણું ખોટું લાગ્યું. વળી બાપ્પાની માતા પોતાના પરમારકુળની રાજ્ય કન્યા હતી, એવું તેને યાદ આવતાં તેને બાપ્પા ઉપર ઘણો પ્રેમ થયો.

"તારા પિતાના શત્રુને પાદાક્રાંત કરવામાં જે મદદ જોઇશે તે હું મોટા આનંદથી આપીશ. તું મારો ભાણેજ થાય છે. તારાં માતપિતાના અવસાનની વાત મને હજુ કોઇએ કહી નથી તેથી ઘણો દિલગીર છું. બોલ કેટલું સૈન્ય અને ધન તારે જોઇએ?" બાપ્પાને પાસે બેસાડી તેની પીઠે હાથ ફેરવતાં વૃદ્ધ રાજાધિરાજે પૂછ્યું.

"મહારાજ! થનાર વસ્તુ થઇ ગઈ. આપનો સેનાધિપતિ માત્ર પાંચ

હજાર સૈન્ય સાથે મારી પાછળ-જરૂર પડેથી સહાય કરવા માટે-રહે એજ ઇચ્છું છું. પ્રત્યક્ષ યુદ્ધ તો હુંજ કરીશ, અને ઇડરના ભિલ્લ સરદારને શૃંખલાબંધન કરી લાવીશ.

"ઇડર જીતીને તું ચિતોડ આવીશ ?"

"હા મહારાજ, એ કાર્ય પૂર્ણ થતાં આપની સેવામાં હાજર થઇશ." તરતજ યોગ્ય હુકમ અપાયો. મહારાજા ચિતોડ ગયા.

પ્રકરણ ૩૩ મું.

ઇડર ઉપર સ્વારી.

"જય ઉદય વિજય શિવ સમય અભય સંભારો,
હર હર હર હર રણનાદ ગાજિ ઉચ્ચારો !
કુડ કપટ અવિદ્યાવતી અનીતિ સમસ્ત,
તે ત્રિપુર દાહ કરિ કરો અસુર કુળ અસ્ત !
*   *   *   *
રણતૂર શૂર રણવાદ્ય પૂર બળજ ગવો !
ઉદ્ધાર હેતુ સગ્રામ સધ આ સજવો !
*   *   *   *
હઠ લપટ સંકટ કટ વિકટ ઝટ કરણી લો !
કર નિડર વાવરો હરિ ! કરી સુપ્રહારો !

(કાવ્ય માધુર્ય.)

ઇડરના ભિલ્લો હારી નાસી ગયા હતા છતાં તેઓ ભડેરગઢની પ્રજાને વારંવાર હરેક રીતે કનડતા-પજવતા અને લુંટી પણ લેતા. તેઓ ભડેરગઢના તાબાનાં નાનાં નાનાં ગામડામાં દરોડો પાડી લુંટ ચલવતા અને ખૂન કરતા. તેમને શાન્ત પાડવા ઠાકોર વીરસિંહે તૈયારી કરી. દાહિરપુત્ર-સિંધના રાજાનો પુત્ર-સાહસી પ્રવાસી અને તેની

પત્ની રાજકુંવર આ સમયે જગદંબાના મંદીરની યાત્રા પૂર્ણ કરી તેમને ત્યાં મેમાન તરીકે આવ્યાં હતાં. ત્યાં બાપ્પા, દેવા અને બાલો પણ આવી પહોંચ્યા.

દાહિર પુત્રે, ઇડરના ભિલ્લોને સર કરવા જવાનુ કહ્યું, પણ ઠાકોરે તેમને ના પાડી અને કહ્યું કે, "આપના જેવા મેમાનને યુદ્ધમાં અમારા છતાં મોકલવા એ એક લાંછન રૂપ છે."

બાપ્પાએ પોતાના સોબતીઓ સાથે એ યુદ્ધમાં જવા ઉત્સાહ બતાવ્યો. તેને પોતાના પિતાનું વેર લેવાની પ્રબળ ઇચ્છા થઇ હતી. મારે માટેજ એ લોકો આ લોકોને સતાવે છે માટે મારેજ તેમને એક બે હાથ બતાવવા એવો નિશ્ચય કરી તેણે ઠાકોરની રજા માગી.

બાપ્પાનું મન શ્રી એકલિંગજી ભગવાનનાં દર્શન કર્યા પછી બહુ ચંચળ થયું હતું. પોતે રાજા હોય તેમ મિત્રોને મેળવતો, અને આજ ફલાણા કિલ્લાની બાતમી તું આણ, ફલાણા ગઢમાં જઇ તું તપાસ કર કે શું થાય છે? મુસલમાનો ક્યાં છે? શું કરે છે? તેની બાતમી તું આણ; એમ રમત કરી રાજદ્વારી ઠાઠ કરતો હતો અને રમતમાં ને રમતાં તે ખરેખર બાતમી મેળવતો. તેના કુમળા હૃદયમાં ઠસી ગયું હતું કે: મુસલમાનો ધર્માંધ અને અવિચારી છે, તેઓ આપણા હિંદુના–ભારતવર્ષના જાચક છે. તેઓ ભારતવર્ષમાં જામી જશે તો પછી દેશ પરતંત્ર થશે, અને પ્રજા દુઃખી થશે!

સમરસિંહ બાપ્પાને એકલો જવા દેતો નહિ. તે પણ ઇડરના ભિલ્લોની બાતમી મેળવતો. બાપ્પાને ખાત્રી થઇ હતી કે આ કૃષ્ણરંગી લોકો મને મારવા ફરે છે તેથીજ તેણે "ઇડર ઉપર હુંજ જઇશ." એવી ઠાકોર સાહેબને વિનતી કરી ત્યાં જવાનું માગી લીધું.

"ભાઇ, તારાથી એ કામ થવું કઠણ છે." ઠાકોરે કહ્યું.

"આપનો આશિર્વાદ હશે તો સૌ સારાં વાનાં થશે. છ મહિનાની અંદર તેને આપને પગે લાગવા પકડી લાવીશ, નહિ તો મારૂં કાળું મુખ આપને કદી બતાવીશ નહિ." બાપ્પાએ હિમ્મત બતાવતાં કહ્યું.

વીરસિંહ ઠાકોરે તેને આશીર્વાદ આપ્યો, અને તેને મોકલવા કબુલ કર્યું.

બાપ્પાએ બાલા વગેરે સાથે મસલત કરી યુદ્ધમાં જવાની સર્વ તૈયારી કરી. સામંત કન્યા પ્રભાવતીએ સ્નેહમાં થોડું દ્રવ્ય પોતાના માતપિતાથી છાનું માનું મોકલી આપ્યું. સમરસિંહ-વીરસિંહ ઠાકોરનો પુત્ર-પોતાના પાંચ હજાર યોદ્ધા લઈ તેમની સાથે જોડાયો. દેવા અને બાલાએ પોતાની પાંચસો તરૂણ ભીલ કામઠી ભેગી કરી અને શ્રી એકલિંગજી શંકર ભગવાનનું સ્મરણ કરી, હારિત ઋષિએ આપેલા સુમુહૂર્ત્તે સૌએ શત્રુપર સ્વારી કરવા ભંડેરગઢથી પ્રયાણ કર્યું. મોરી રાજાનો સરદાર ઇડરની હદ પર આવી પડયાના સમાચાર પણ તેમને રસ્તામાંજ મળ્યા.

સમરસિંહ અને દાહિર પુત્રે હવે ઇડરના ભિલ્લ રાજા સાથે બુદ્ધિપૂર્વક તકરાર શરૂ કરી. તેઓ આગળથી ઇડરપર પહોંચી ગયા. બાપ્પાની મંડળી પરમારો સાથે ભળી ગઇ.

"મહારાજાધિરાજ સાર્વભૌમ પરમાર કુળેશ તરફ કંઇ રાજકામ માટે સેનાપતિ આવે છે." એમ ઇડરના રાજાને જણાવવા એક બ્રાહ્મણ સચિવને મોકલ્યો. સાર્વભૌમના સેનાપતિનો આદરસત્કાર કરવા ઇડરનો ભિલ્લ રાજા તૈયાર થયો. બાપ્પાએ પોતાના સૈન્ય પૈકી એક હજાર માણસો બાલાના હાથ નીચે, અને એક હજાર દેવાના હાથ નીચે આપી, બે બાજુએ રાખી ઇસારો થતાંજ હલ્લો કરવા તાકીદ આપી. સમરસિંહ અને દાહિર પુત્રને પણ બીજી બે બાજુઓ સોંપી, તૈયાર રહેવા જણાવી પોતે વીણી કાઢેલાં માણસો સાથે મહારાજાધિરાજના એક સરદારના ઠાઠમાં મુખ્ય દરવાજેથી અંદર જવાને ઇરાદે ચાલ્યો. ઇડરના રાજાને કોઇ ભેદુએ 'દગો થવાનો છે' એવી ખબર આપવાથી તેણે આવેલા સચિવને કેદ કર્યો. ઘણી ચપળાઇથી નાસી આવેલા તે સચિવના એક નોકરે બાપ્પાને સર્વ સમાચાર જણાવ્યા, એટલે શ્રી એકલિંગજી ભગવાનનું નામ દઈ ચારે બાજુથી તેમણે હલ્લો કર્યો. આગળની ટુકડી ઇડરમાં દાખલ થઇ. ભિલ્લો ઘણી બહાદુરીથી લઢયા પણ તેમનું કંઇ ચાલ્યું નહિ. બાપ્પા, દેવો, સમ-

રોસંહ, બાલો અને દાહિરપુત્ર એ પાંચે જણ રાજવાડા આગળ જુદે જુદે માર્ગેથી આવી ભેગા થયા. ભિલ્લ રાજા કેશરી પોશાક પહેરી, વાડાને આગ લગાડી પુત્ર બાંધવ સહિત લઢવા બહાર આવ્યો. બન્ને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. અનેક યોદ્ધા રણશૈયામાં સૂતા. લોહીની ન્હાની નદી વહેવા લાગી. જમીન લોહી પી તૃપ્ત થઈ ગઈ! હજારો માથાં ગડબડવા લાગ્યાં! કોઇ કોઇને જુવેજ નહિ! મેઘ વૃષ્ટિ પ્રમાણે બાણ વૃષ્ટિ થતી હતી. બાપ્પાને બે ત્રણ જખમ વાગ્યા હતા, તેમ બીજા યોદ્ધાઓના શરીર ઉપરથી પણ લોહીની ધારાઓ ઉડતી હતી! તેમ છતાં યુદ્ધ કરતાજ હતા. ધૂળ ઉડવાથી શત્રુ મિત્ર ઓળખવા મુસ્કેલ થઇ પડયું હતું, અને પગ નીચે હાડમાંસનો લોહીમાં ભળી થએલો કાદવ ચોંટતો હતો! સમરક્ષેત્ર જાણે નદીનો કાદવવાળો કિનારો હોય તેવો થઇ ગયો.

વીર બાપ્પા હવે ઇડરપતિની સન્મુખ આવ્યો. ધનુષ્ય ફેંકી દઇ તેણે પોતાની તલવાર કાઢી. બંનેનું હવે યુદ્ધ થવા લાગ્યું. એક બીજાના ઘા ચુકવતા હતા એટલામાં ઇડરપતિના બને પુત્રો પોતાના બાપની સહાયે આવી પહોંચ્યા. એક બાજુએ બાપ્પા એકલો અને સામી બાજુએ ત્રણ મરણીઆ લડવૈયા છતાં સુદર્શન ચક્ર પ્રમાણે ત્રણના ઘા ચુકવી બાપ્પા પોતાનું સંરક્ષણ કરતો હતો. આ પ્રકાર જોઇ બાલો અને દાહિર પુત્ર બે બાજુથી આવી પેલા ભિલ્લ કુમારો ઉપર તૂટી પડયા! દુઃશાસનની છાતી પર જેમ ભીમ પગ ધરી ઉભો હતો, તેવાજ પ્રકારે ઇડરના ભિલ્લ રાજાની છાતીપર પગ દઇ બાપ્પા ઉભો. આ જોઇ તેના બન્ને પુત્રો પિતાના શત્રુ ઉપર ધાયા, પણ વ્યર્થ! બાપ્પા અને બાલાએ ઇડરના રાજાને જીવતો પકડયો. તેનો એક પુત્ર મરાયો, અને બીજો કેદ પકડાયો.

ઇડર ઉપર બાપ્પાએ પરમારાધિપતિનું અને પોતાનું નિશાન ચઢાવી પિતૃ ઋણમાંથી મુક્ત થયો! ચૌદ વર્ષની વયે બાપ્પાએ પોતાના પિતાનું રાજ્ય પુનઃ સંપાદન કર્યું. એ સ્વબાહુબળનું પરાક્રમ અને દૈવની ઇચ્છા!!

પ્રકરણ ૩૪ મું.

રાજકન્યા પ્રભાવતી.

"રસ બસ પ્રેમે માહરૂં, હૃદય થયું દિલદાર,
ભલે જીવાડે કે હણે, પ્રેમ એક આધાર."

સોલંકી રાજકન્યા પ્રભાવતી અને બાપ્પાનાં રમતમાં થએલાં લગ્નને આજે વર્ષ દિવસ થયો છે. છોકરીઓમાં ઉમર વધવાની સાથે દશ વર્ષની ઉમર પછીથી ચાર પાંચ વર્ષ સુધીના અરસામાં તેમની મનસ્થિતિમાં ઘણો ફેરફાર થાય છે. તરૂણાવસ્થામાં નાનપણની નાદાનીઅત ધીમે ધીમે જતી રહી તેમનામાં વિનય, મર્યાદા અને શરમની છાયા આવે છે. તેમના મનમાં સંસાર સંબંધી અનેક વિચાર શરૂ થાય છે. સંસારમાં જોડાવાના ઉત્સાહમાં, ચિન્તાનું મિશ્રણ હોય છે. થોડાજ સમયમાં પતિને ઘેર ગયા પછી આવવાની પરતંત્રતા આપણને કેવી રીતે સુખદાયક થશે? એનો પણ વિચાર તેમના મનમાં ઉદ્ભવે છે. તેમને સાધારણ સમજણ આવતાંજ આપણે આપણા પતીની સેવા કરવાની છે એવો વિચાર આવે છે, અને જેને પાલવે આપણે જન્મભર પડનાર છીએ તે સ્વરૂપવાન, આપણને સુખદાતા, આપણી બરોબરીઓ હોવો જોઇએ એવું તેમને લાગે છે. અર્થાત્ આ વયમાં તેમને પતિ અને સંસાર સંબંધી અનેક વિચારો થાય છે.

એક સ્ત્રીનું પુરૂષ સાથે અથવા પુરૂષનું સ્ત્રી સાથે જીંદગીભર કાયદેસર જોડાવું તેને લોકો લગ્ન કહે છે. લગ્ન એ લોક વ્યવહારિક તેમજ ધર્મ વ્યવહારિક એક કરાર છે, તેની રૂએ સ્ત્રી પુરૂષ જ્યાં સુધી મૃત્યુથી જૂદાં

ન પડે ત્યાં સુધી એક બીજા પ્રત્યે પ્રેમ અને વિશ્વાસુપણાથી વર્તવા બંધાયલાં છે. જો એ કરાર બરાબર અમલમાં આવતો હોય તો હાલ લોકોને જે આનંદ, સંપ અને સુખ પ્રાપ્ત થાય છે તેથી અધિક સુખ અને આનંદ પ્રાપ્ત થાય તેમાં નવાઇ નથી. પરંતુ કહેવાને દીલગીરી થાય છે કે આવા સુધરેલા જમાનામાં પણ એ કરાર પ્રમાણે પ્રેમ અને વિશ્વાસુપણું ખાસ નિયમ તરીકે પળાવાને બદલે અપવાદ રૂપ પળાય છે!

લગ્ન એ મનુષ્ય મંડળનો પાયો છે. એ અમુક મનુષ્યોના સુખ સાથે નિકટનો સંબધ ધરાવે છે એટલુંજ નહિ, પણ તે લોક સમુદાય, રાજ્યો અને મોટી મોટી શહેનશાહતોની* આબાદી અને જન કલ્યાણ સાથે પણ ઘણોજ સંબધ ધરાવે છે. લોકોના ઉદ્યોગ, તાબેદારી અને હકુમતનું એ ખરેખરૂં મૂળ છે. લગ્ન કંઇ રમત નથી. લગ્ન એ કઈ ફારસ જેવું નથી અથવા આંખ મીચીને એક પ્રયોગ કરવા જેવું નથી! એ તો એક બહુ ગંભીર વિચારનું કામ છે. એ તો પ્રેમનું સામ્રાજ્ય વિસ્તારવાનું અને જન સેવા કરવાનું મહાન કૃત્ય છે.

લગ્નનો હેતુ જેવો ઉત્તમ અને પવિત્ર પ્રકારનો હોવો જોઈએ તેવો ઘણું કરીને હાલના જમાનામાં જોવામાં આવતો નથી. આ અગત્યના કરાર ઉપર હાલ ઘણું કરીને આપસ્વાર્થી અને દુષ્ટ લાગણીઓની સત્તા

---

* લગ્ન એ દુનિયાની જનેતા અને રાજ્યોનું રક્ષણ કરનાર છે, તથા શહેરો, દેવળો અને સ્વર્ગને પણ તેજ વસાવે છે. એ નીતિનો એક બળવાન ઉદ્દીપક ઉપચાર છે, અને શુભ જનસમુદાયનું એક શ્રેષ્ટ ઉદ્ભવસ્થાન છે. એક પ્રજાની આબાદી પોતાના લોકોના બળ અને કૌવતપર આધાર રાખે છે, અને એ બળ તથા કૌવત ઉપર લગ્ન સંબંધીની સાપેક્ષ પૂર્ણતાની બહુ વગ ચાલે છે. જનમંડળની રમણીયતા અને વિચારની અદલાબદલીથી મનુષ્યને આ લોકનું મુખ્ય સુખ પ્રાપ્ત થાય છે. મનુષ્ય જીવનની ખરી કિમ્મત, પ્યાર અને પરસ્પરની લાગણીની અદલાબદલીમાં રહેલી છે. જ્યારે જીંદગીમાં માણસ ઉપર ચિંતા, દિલગીરી, દુઃખ અને નિરાશા આવી પડે છે, ત્યારે તેને એવા એક સોબતીની જરૂર છે, જે સોબતી તેને એક ભાઈ કરતાં પણ વધારે વળગી રહે અને દુઃખરૂપી બોજો વહન કરવામાં તેને દિલાસો આપીને મદદ કરે. જે. રેમી ટેલર.

ચાલે છે, અને તેથી તેનાં પરિણામ નુકશાનકારક નીપજે છે. અજ્ઞાન અને અવિચારી લોકો ઘણું કરીને પોતાનાં બાળકોને પરણાવવામાં બહુ ઉતાવળ કરે છે અને પછીથી બહુ પસ્તાય છે. એટલુંજ નહિ પણ તેમના સંતા-નોને ઘણું ખરૂં દવાશાળાઓના આશ્રયે રહેવું પડે છે! વિષયી પુરૂષ દુર્વા-સનામાં રહે છે, અને પોતાની ઉચ્ચ પ્રકારની બુદ્ધિ અને ધર્મ સંબંધી શક્તિઓને નીચ પ્રકારની દુર્વાસનામાં વાળી દઇ, ઇંદ્રિયાશક્તિ બેહદ રીતે ચિરસ્થાયી કરે છે! કામદેવની સ્વારીમાં ગાંડાઇ, નબળાઇ, મૂર્ખતા અને દરિદ્રતા ચાલીજ આવે છે, અને આવા માણુસો કામદેવના ઉપાસક હોવાથી તેઓ અમિલનસાર, ઘાતકી અને દુરાચારી થાય છે! નબળા બાંધાના બાળકોમાં શરીર અને આત્માને સાથે રાખવાને પુરતી શક્તિ હોતી નથી, અને તેથી નાની વયે મૃત્યુવશ થાય છે, અથવા તો બહુ દુઃખ અને કષ્ટ સહન કરે છે!

ભવિષ્યની પ્રજા સારી અને સુખી થાય તે માટે પસંદગીનો નિયમ ઘણો અગત્યનો છે. જીંદગીના સોબતીની પસંદગી કરવામાં કેળવણી અને સ્થિતિ સંબંધી વિચાર કરવાનો છે. જ્યાં સુધી પસંદગીના નિયમપર વ-ધારે ધ્યાન આપવામાં નહિ આવે, ત્યાં સુધી સંસારી ખટપટથી જનમંડળ કલંકિત રહેશે તથા મનુષ્યોની મોટામાં મોટી આશાઓ નિષ્ફળ થશે. જો સરખે સરખાં સ્ત્રી પુરૂષોના લગ્ન થાય, તો લગ્નનો હેતુ પણ ઉત્તમ અને પવિત્ર હોવો જોઇએ. તેઓ ઉમરે યોગ્ય, તન અને મનમાં નિરોગી, એક સરખાં કેળવાયલાં અને શીખેલાં હોવાં જોઇએ, એટલુંજ નહિ પણ તેઓ વચ્ચે પ્રેમની ગાંઠ એવી મજબુત હોવી જોઇએ કે ગમે તેવા પ્રસંગે, દુઃખ કે મુશ્કેલીમાં પણ પતિ પત્નીનો જીવ એકજ રહે અને તેઓ એક બીજા સાથે દ્રઢ બંધનથી બંધાયલાં રહે, પરસ્પર સહાય કરે. આવાં લગ્નથી ઉત્પન્ન થએલી સંતતિ એ કામવાસના અને અકસ્માતનુ ફળ નથી, પરંતુ તે તો ઇચ્છિત અને પ્યારનું ફળ છે. આવાં બાળકો વધારે યોગ્ય, શુદ્ધ અવયવો-વાળાં, સંતોષી, સુખી અને સદાચરણી, સુશીલ તથા દેવ જેવી સુંદર કાન્તીવાળાં અને શક્તિ ધરાવનારાં થાય છે. બચ્ચાંઓને પોતાના

માબાપના રોગ, શક્તિ અને વૃત્તિઓ વારસામાં મળે છે. મનુષ્યની વૃત્તિઓ જેવી ઉછાંછળી, વ્યભિચારી કે બીજી જાતની હશે, તેવાં થોડે કે ઘણે અંશે તેને અનુસરતાં તેનાં કર્મો થશે. અર્થાત તેનાં સંતાનો તેવાંજ થશે. સારા અંશો સાહત જન્મ પામવું, એ મનુષ્ય જીવન સુખમય કરવામાં બહુ મોટો ભાગ ધરાવ છે.

એમાં કેળવણી કંઇક ભાગ લે છે, પરંતુ વારસામાં મળેલી વૃત્તિઓ તેમાં પ્રધાનપદ લે છે. કેળવણી કાળા સીદીને ગોરો, છોકરાને છોકરી, નબળાં ને મજબુત કરી શકતી નથી, પરંતુ તે મનોવૃત્તિઓ તથા માનસિક શક્તિઓને કેળવે છે અને તેમને સારે રસ્તે ચઢાવી શકે છે. કેળવણીથી અસલ વૃત્તિ કે શક્તિને દૂર કરી શકાય નહિ, તેમ જન્મતી વખતે જે અમુક વૃત્તિ ન હોય તે નવી દાખલ કરી શકાય નહિ. આપણા શાસ્ત્રોમાં આપણે ઘણી વખત વાંચ્યુ છે કે જે જે માતાઓએ ગર્ભાધાન વખતે જે જે વિષયોનું મનન કર્યું હશે, તેમણે તેવી તેવી વૃત્તિઓવાળાં બાળકોને જન્મ આપ્યો છે.

એક ગૃહસ્થના દીવાનખાનમાં એક મનોહર છબી હતી, અને તેજ છબીની બીજી નકલ તેણે પોતાના શયનગૃહમાં પણ રાખી હતી. એક સમયે તેનો મિત્ર તેને મળવા આવ્યો, અને પેલી દીવાનખાનાની છબી જોઇ તેને તેના પુત્રની છબી સમજી બોલ્યો કે, "તમારા પુત્રની આ કેવી મજાની સુંદર છબી છે!"

પેલા ગૃહસ્થે જવાબ આપ્યો કે, "નહિ! નહિ! એ છોકરોજ આ છબીની છબી છે!!!"

"એમ કેમ" પેલા મિત્રે પૂછ્યું.

"એ છોકરાની માતાએ આ છબીનું હમેશાં એટલું તો મનન કર્યું છે તથા ગર્ભાવસ્થામાં તેનાં એટલાં તો વખાણ કર્યાં છે કે છોકરાના ચહેરા ઉપર એ છબીમાંની ખૂબીઓની છાપ પડી રહેલી છે!" ગૃહસ્થે જવાબ આપ્યો.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે આસપાસના બનાવોથી આપણા ઉપર અસર થાય છે, અને તેવાંજ કારણોથી શયનગૃહ શણગારવાનો અને તેમાં દેવદેવીઓનાં ચિત્રો રાખવાનો રિવાજ પડેલો હોવો જોઇએ.

બચ્ચાં એ જગન્નિયંતા તરફથી અપાએલો વારસો છે તથા તે ગર્ભસ્થાનની પ્રસાદીરૂપ એક ઉત્તમ ભેટ છે. ઉત્પત્તિના કીર્તિવંત કાર્યમાં સૃષ્ટાને સહાય કરવી એજ ઉત્પત્તિનો ઉત્કૃષ્ઠ અધિકાર છે. તેને યોગ્ય થઇને તેજ પ્રમાણે ચાલવું તથા કરવું જોઇએ.

પ્રિય વાંચક ! તમે સ્ત્રી હો કે પુરૂષ હો, પણ તમને અમારા આ વચનમાં અતિશયોક્તિ જેવું નહિ લાગે કે, જ્યારે આપણે એક ટકાની ચીજ લેવા બજારમાં જઇએ છીએ ત્યારે તેને માટે હાટેહાટ ફરીએ છીએ અને તે સારી, ટકાઉ ખોળીએ છીએ, પણ નશીબમા હશે તે મળશે એમ કદી ઉચ્ચારતા નથી. પણ પુત્ર પુત્રીના વિવાહમાં તો આપણે એટલા બધા બેદરકાર છીએ કે "એતો જેમ વિધાતાના લેખ લખાયા હશે તેમજ થશે." એવા ઉચ્ચાર ઘણુંખરૂં દરેક વર્ણમાં, વિદ્વાનોમાં તેમજ અવિદ્વાનોમા પણ બોલાતા સાંભળીએ છીએ ! તમે નસીબવાદી હો, કિંવા પુરૂષાર્થવાદી હો, તે સંબંધે કશી તકરાર નથી, પણ કહેવાનુ એટલુજ કે જ્યારે તમે ટકાની ચીજ માટે અવશ્ય ખાત્રી ભરેલી તપાસ કરો છો ત્યારે, પુત્ર પુત્રીનો લગ્ન સબંધ બાંધતા તેઓ પરસ્પર શારીરિક યા માનસિક બંધારણમાં લાયક છે કે નહિ તે કેમ તપાસતા નથી ? પૂરતી તપાસ એટલીજ થાય છે કે તે વર કુળવાન છે કે કેમ ? પછી ભલેને તે દુરાચારી હોય ! અશક્ત હોય ! તે અગર તેનો પિતા કરજથી દટાયલો હોય, તેની કંઇ ચિંતા નહિ ! તમે તો જુવો છો કે દીકરી, રંડાપો પ્રાપ્ત કર્યા પછી સુખે રોટલા ખાય તેમ છે કે નહિ ? પછી ભલેને ઘરડો વર ચૉરીમા મરી જાય અને દીકરી રંડાપો ભોગવે ! " એ તો નસીબના ખેલ ! એનુ પ્રારબ્ધ ! માબાપ તો માત્ર દલાલ છે ! " એમ કહેતાં કયાં વાર લાગે છે ? ઓ પૂર્વના ઋષિ-મુનિઓનાં સંતાનો ! જ્યારે તમે ભારતના આર્યોને આવી નીચ રૂઢીઓ રૂપી બેડીઓમાં સપડાયલા જુઓ છો, ત્યારે તમારૂં લોહી પરિતપ્ત થઇ ઉકળતું નથી ? અરે ! એજ તુચ્છ અને અક્કલ વિનાની રૂઢિયોને પરિણામે ભારતીય પ્રજા નિર્બળ થઇ છે, અને આજ હજાર વર્ષ થયાં પૃથિવીના સભ્ય દેશોમાં અસભ્ય કહેવાય છે ! અજ્ઞાન કહેવાય છે ! અયોગ્ય કહેવાય છે ! ઓ મારા પવિત્ર આર્યો !

તમે તમારી પૂર્વની દશા પુનઃ પ્રાપ્ત કરો ! તોજ જગત્માં પુનઃ તમારૂં ગૌરવ વધશે. દુનિઆમાં એવો કોઈ પણ મહાદેશ નથી કે જેની પ્રજા ભારતવર્ષ જેવી બળહીન, બુદ્ધિહીણ હોય ! તેમ એવી કોઈ પણ પ્રજા નથી કે જે પોતાને મનુષ્યની શ્રેષ્ઠ પંક્તિમાં ગણાવાનો યત્ન નહિ કરતી હોય! પ્રિય વાંચનાર ! જે ભૂમિને વ્યાસ, વાલ્મિકી, પતંજલી, ભરદ્વાજ વગેરે મહાન્ વિદ્વાન્ ઋષિઓ, રામ, પરશુરામ, કૃષ્ણ, અર્જુન, ભીમ, ભીષ્મ, કરણાદિ મહાન્ વીરો શોભાવતા હતા તેજ ભૂમિ શું આ હોય ? હા, ભૂમિ તો એજ છે, પણ જેની નામાવળીનો આજ પણ અમે પ્રાત કાળમાં ઉઠીને પાઠ કરીએ છીએ, તેવા અમારા તે પૂર્વકાળના મહાન્ પુરૂષો ભરતખંડમાં આજે નથી ! ન્યાયશાસ્ત્રના નિયમ પ્રમાણે "જેવાનું તેવું થાય." ત્યારે એવા ધીર વીર પૂર્વજોનાં સંતાનો નિર્વીર્ય અને નિઃસત્ત્વ કેમ ઉત્પન્ન થયાં ? એના ઉત્તરમાં ટુંકો અને ટચ જવાબ માત્ર "અયોગ્ય લગ્ન." જ છે ! અવિદ્યાજ છે ! અને આગેવાન ગણાતા પુરૂષોની બેદરકારીજ છે !

જ્યાં સુધી સ્ત્રી પુરૂષોનાં પવિત્ર જોડાણ (લગ્ન) માં પસંદગીનું તત્વ દાખલ થાય નહિ, ત્યાં સુધી જનમંડળનો સંસાર સુખમય નીવડે નહિ, અને ઉત્કૃષ્ટ પ્રજા ઉત્પન્ન થાયજ નહિ ! જન્મારામાં જે એકેવાર પરસ્પર મળ્યાં નથી, એકબીજાની નજરે સુદ્ધાં પડયા નથી, અરે ! જેનું નામ નિશાન સુદ્ધાં પરસ્પર સાભળ્યું નથી, તેવા સ્ત્રી પુરૂષોને સ્વાર્થ પરાયણ વડિલો અને બદમાસ કાર્યસાધકો એકદમ એક અંધારી કોટડીમાં ધકેલી દે, તેમાં પરસ્પરનો પ્યાર શી રીતે જામે ? અને ઉત્તમ પ્રજા કેમ ઉત્પન્ન થાય ? શું આપણા પૂર્વજોના રીતરિવાજોને દ્રઢાગ્રહથી આપણે વળગી રહેવા ઇચ્છતા નથી ? જવાબ 'હા' મળશે. ત્યારે શુ તે સમયે 'પસંદગીનો રિવાજ' નહતો ? આપણાં શાસ્ત્રો શું કહે છે ? તે દરેકમાં સ્વયંવર મંડપની કથા તો હશેજ. સ્વયંવર એજ શારીરિક અને માનસિક યોગ્યતા તપાસવાનું સાધન છે, અને એ પસંદગીનો કાયદો પરિપૂર્ણ રીતે પૂર્વકાળમાં આપણા આર્યોમાં પ્રચલિત હતો. એને પરિણામેજ દુનિઆમાં જેનો જોટો ન જડે એવા વિદ્વાનો અને નરવીરો ભરતખંડમાં પાકયા હતા. પાછળથી

જેમ જેમ લગ્ન જેવા ઇશ્વરપ્રિય, પવિત્ર સંબંધપર સ્વાર્થની સત્તા ચાલવા લાગી, તેમ તેમ પવિત્ર પ્રેમ, સુખી લગ્ન અને ઉત્કૃષ્ટ પ્રજાથી ભરતખંડ હીન થયું અને તેનેજ પરિણામે દશ સૈકા થયાં તે જગતની સભ્ય કહેવાતી અનેક પ્રજાઓના તુંકારા સહન કરે છે! અને "ભિક્ષાન્ન દેહી" કરે છે!

પ્રભાવતી યોગ્ય વયની થઇ હતી. વાતચિતમાં પણ તેનામાં ચોક્કસપણું આવ્યું હતું, પરંતુ તે લાડકવાઇ હોવાથી અને બાળપણ લાડમાં ઉછરેલું હોવાથી હજુ કંઇક ઉદ્ધત હતી. બાપ્પાના નાગદા છોડી જવા પછી તેનામાં અતિશય ફેરફાર જણાયો. તેની મર્દાનગી ભરેલી રમતમાં રમનાર તેના સમવયી કોઇ ન મળે. તેની બહેનપણીઓ પણ બાપ્પા વિના સુની પડી હતી. રોહિણી નામની મુખ્ય દાસી, લગભગ તેર વર્ષની હતી. પ્રભાવતી કરતાં પણ તે વધારે સ્વરૂપવાન, ચાલાક, ચતુર અને વિનોદી હતી. બાપ્પા અને પ્રભાવતીને તે અત્યંત વ્હાલી હતી, તેમ તેનો પણ અંતરપ્રેમ બાપ્પા ઉપર અતિશય હતો.

પ્રભાવતી દિવસે દિવસે સુકાવા લાગી. તેને ખાવું પીવું કંઇ ગમે નહિ. રમત ગમતપર મન થતું નહિ. વિના કારણે ચાકર નફર ઉપર ચીડાવા લાગી. વડિલ મનુષ્યો સાથે મન ખોલી વાત કરતી હતી તે પણ બંધ પડયુ. કોઇને તેનું કારણ સમજાયું નહિ. માબાપ તેને કંઇ અંગરોગ થયો હશે ધારી, બાધા માનતા કરવા લાગ્યાં. વૈદ્ય, જોશી, માંત્રિકનાં ઘર ભરાવા લાગ્યાં પણ તેના અસુખનું કારણ વર્તાયું નહિ! કશાથી તેને ગુણ પડયો નહિ.

માતપિતાનો વિચાર એનાં લગ્ન કરવા સંબંધી ચાલતો હતો; આથી તેની બગડેલી સ્થિતિ અધીક બગડવા લાગી. લગ્નનું નામ સાંભળી તેને ઘણું દુઃખ થતું. "બાપ્પા સિવાય બીજાની સંગતીમાં મને સુખ થનાર નથી" એવું તેના મનમાં દૃઢ થયું હતું. "જ્યારે મારૂં મન મને છોડી બાપ્પાને વળગ્યું છે, ત્યારે આ શરીર પણ બાપ્પા સિવાય બીજાનું થવાનું નથીજ" એવો તે નિશ્ચય કરી બેઠી હતી. "ફોટોગ્રાફના કાચની પેઠે સ્ત્રીના અંતઃકરણ ઉપર જે પુરૂષની પહેલી છબી પડી, તે જીંદગી પર્યંત કદી ભૂસાતી નથી. પછી તે તેનો ધણી હોય યા પ્રીતમ હોય, પણ તે સ્ત્રી તો તેનેજ

વરી ચૂકી ! તેજ ક્ષણથી તેની થઇ ચૂકી એમ સમજવું. તેના અંતઃકરણનો પ્રેમ તો તેજ પુરૂષ ખરીદી ચૂક્યો સમજવો, પછી ભલે બીજો પુરૂષ, પેલા પુરૂષ કરતાં વધારે સુંદર, સુઘડ અને સારો હોય, તોપણ તે વૃથા છે."[1]

રોહિણીની પણ આવીજ આમેહુબ સ્થિતિ થઈ હતી. બને જણ એક બીજાથી પોતાની સ્થિતિ છુપાવતાં હતાં, તેમ તેમ સેવ્ય સેવક ભાવ જતો રહી એકમેકનાં વિશેષ અપ્રિય થતાં ગયાં.

પ્રભાવતીએ બાપ્પાને શોધી કાઢવા, અંબાભવાનીનાં દર્શન કરવા જવાના નિમિત્તે માતાની મારફત પિતાજીની રજા મંગાવી. પ્રભાવતીની સિદ્ધિમાં આકસ્મિક એક અડચણ આવી પડી, જેથી તેને ઘણો ક્લેશ અને ચિંતા થઇ. તેની મુખ્ય દાસી રોહિણી અકસ્માત્ અદૃશ્ય થઇ ગઇ. વળી અધુરામાં પુરૂં યાત્રાએ નીકળવાને દિવસેજ એક નામાંકિત સામુદ્રિકવેત્તા આવી ચઢ્યો. તેનો વિદ્યા ચમત્કાર જોવા માટે સામંત રાજાએ પોતાની કુંવરીનો હસ્ત બતાવ્યો. હસ્તની રેખાઓ જોતાંજ જોષિજી બોલ્યા. "મહારાજ ! આ કુંવરીનું લગ્ન થઇ ગએલું હોવું જોઇએ."

"લગ્ન થઇ ગએલું હોવું જોઇએ" એ શબ્દો સાંભળતાં પ્રભાવતીનો ચહેરો ઉતરી ગયો. તેના માતપિતા જોષિજી પ્રત્યે હસવા લાગ્યાં, અને અન્ય શ્રોતાઓ પણ કહેવા લાગ્યાઃ "જોષિજી ! કાંઇ ઉંઘમાં બોલો છો ? કાળી ઘોડીના સ્વાર છો કે કેમ ?"

"હું કહું છું તે કદી ખોટું પડશેજ નહિ. ફરી કહું છું કે લગ્ન થએલું હોવુંજ જોઇએ, અને તે કોઇ ચક્રવર્તિની સાથે." જોષિજીએ છાતી ઉપર હાથ દઇ કહ્યું.

"ચક્રવર્તિની સાથે." એ શબ્દે પ્રભાવતીના મોં ઉપર લાલાશ આણી. મનમાં કાંઇ સંતોષ થયો અને આનંદ થયો, પરંતુ બનાવટી ગુસ્સો બતાવી, છણકો કરી, પોતાનો હાથ જોષિજીના હાથમાંથી ખેંચી લઇ ત્યાંથી જતી રહી.

"શું આપ ખરૂં કહો છો ?" આશ્ચર્ય અને કિંચિત્ ગુસ્સાના મિશ્રિત ભાવથી સામંતે પૂછ્યું.

---

1 Dr. Wales' Marriage. "લગ્ન" જી. અ. ગોર.

“ મહારાજ ! ગુસ્સે થવાનું કાંઇ પ્રયોજન નથી. આપ યુક્તિ પુરઃસર ચોકસી કરશો તો સત્ય જણાશે. આપના નામને અને કુળને અનુચિત એવો કાંઇ પ્રકાર થયો નથી. ” જોષિજીએ ધીરજ આપતાં કહ્યું.

આ સાંભળી સામંત ઉંડા વિચારમાં પડી ગયો. તેણે રોહીણીનો ઘણો શોધ કરાવ્યો, પણ તે કંઇ મળી નહિ. સોલંકી રાજાને બાપ્પાના કૃત્ય ઉપર ઘણો ગુસ્સો આવ્યો, અને તેમાં તેના શત્રુઓએ ઉમેરો કર્યો. તેને પકડી આણવા હુકમ અપાયો. રાજવાડામાંથી દાસીઓને બંધ કરવામાં આવી. બાપ્પાને એ સઘળી બાતમી મળી ગઇ. રોહિણી નાગદા છોડી ઇડર તરફ આવી, પરંતુ બાપ્પા, ઇડરની વ્યવસ્થા કરી, ત્યાંના ભિલ્લ રાજાને કેદ કરી તે પ્રાંતનો અધિકાર બાલાને સોંપી બીજા સાથીઓ સાથે ચિતોડ ગયો હતો, તે સાંભળી નિરાશ થઇ ગઇ પણ બાલાએ તેને માન સહિત ચિતોડ મોકલી દીધી.

ઇડરના રાજ કાર્યનું કામ આટોપી સ્વસ્થતા મળતાં બાપ્પાને પ્રભાવતી યાદ આવતી. ત્યાંના ક્રીડાધાનનું સુખ અને એકંદર સર્વ ચેષ્ટા નજર આગળ તરી આવતી. તેને પહેલાં કદી નહિ અનુભવેલો તેવો કંઇક ચમત્કારિક ભાસ થયો. હમણાં તેને મહારાજાના જમણા હાથે બેસવાનું માન મળ્યું હતું. માસિક બે હજાર સુવર્ણ મુદ્રાનો પગાર મળવાનો ઠરાવ થઇ ગયો હતો. પરમાર રાજા, આ નાનકડા વીર બાપ્પા ઉપર એટલો તો પ્રસન્ન થઇ ગયો હતો કે રાજ સંબધી કોઇ પણ વાત તેને પૂછ્યા સિવાય કરતો નહિ, એટલુંજ નહિ પણ બીજા સર્વે પ્રધાનો અને સામંતોના વિચાર વિરૂદ્ધ કઈ એક વાત બાપ્પાએ સુચવી હોય તો તે મહારાજાધિરાજ માનતા. તાત્પર્ય કે બાપ્પા જે કરતો તે રાજ્યમાં થતું એવો પ્રસંગ થોડાજ સમયમાં થઇ પડયો હતો. બાપ્પાની રાજાધિરાજના મન ઉપર, તેમજ અન્ય મંત્રીઓના હૃદય ઉપર આવી સારી છાપ પડવાનું કારણ માત્ર તેના સદ્ગુણ, વીરત્વ, ચાતુરી અને મિષ્ટ ભાષણ હતાં. ઇડરના વિજયનું માન બાપ્પાએ ચિતોડાધિપતિને આપ્યું હતું. વળી સિંહના શિકાર વખતે બાપ્પાનું શૌર્ય પરાક્રમ, હિમ્મત અને પોતા ઉપર આવી પડેલું સંકટ વૃદ્ધ ચિતોડપતિ ભૂલ્યો નહતો. આવી સ્થિતિમાં બાપ્પાને આ સ્થળે કોઇ પણ પ્રકારની

ચિન્તા કે દુઃખ નહતું. પણ હમણાં હમણાં રાજકન્યા પ્રભાવતીના સ્મરણે તેને દુઃખ થવા લાગ્યું. મૃગયા રમવા ચિતોડ છોડી ઘણે દૂર નીકળી જતો ત્યારે, અને નાગદાની નજીકમાં હોય ત્યારે પ્રભાવતીનું સ્મરણ થઇ આવતું અને પોતાની પ્રેમાળ મૂર્તિનાં દર્શન કરવા ઇચ્છા થતી. પ્રભાવતી ઉપર આવી પડેલા સંકટ સંબંધી સર્વ હકીકતથી પ્રભાવતીની દાસીઓ પૈકી કોઇ એકે આવી તેને વાકેફ કર્યો, તેથી તેનું મન નાગદા જવા બહુ લલચાયું.

"પ્રભાવતીને સોલંકી રાજાએ નજરકેદ જેવી રાખી છે. હવે તેને પહેલાંની માફક ફરવા હરવાનું કે રમવાનું રહ્યું નથી. તેની મનેચ્છા પ્રમાણે હવે કશું બનતું નથી. રોજ રોજ નવા નવા રાજપુત્રની છબી તેને બતાવવામાં આવે છે. બતાવેલી છબીઓ પૈકી એકને પસંદ કરવા સ્ત્રી વર્ગ તરફથી સમજાવવામાં આવે છે. વૃદ્ધ પ્રધાન તેને ઉપદેશ આપે છે અને રાજા તરફથી દબાણ પણ કરવામાં આવે છે. તેથી તેણે આપને મળવા માટે દૃઢ સંકલ્પ કર્યો છે અને તે આપને ઝંખે છે." દાસીએ સમાચાર કહ્યા.

"ગમે તે થાઓ, પરંતુ હું નાગદા જઇ આવીશ." પ્રભાવતીના સમાચાર સાંભળી સંતાપ પામેલો બાપ્પા બોલ્યો.

"પ્રભુ! કુંવરીબાએ કહાવ્યું છે કે, આ અભાગણિ માટે આપે કોઇ પણ જાતનું સાહસ ખેડવું નહિ. આપને જોખમમાં પડેલા જોઇ, આપની દુર્દશા જોવા વખત ન આવે માટે હું પહેલાંજ આ શરીર છોડી દઇશ." દાસીએ ઉમેર્યું.

"જોખમ?"

"હા, જોખમ."

"શી રીતે?"

"સોલંકી રાજાને સર્વ ખબર પડી ગઇ છે. આપણાં લગ્નની વાત તેણે જાણી છે, એક જોષિજીએ ભાંગરો વાટ્યો છે."

"જોષિજી? વળી એ કોણ?"

"બાનો હાથ જોઈ, જોષિજીએ કહ્યું કે, "એમનાં તો લગ્ન થઇ ગયાં છે." રાજાએ પ્રથમ તો તે ન માન્યું, પરંતુ જોષિજીએ છાતી

ઠોકીને કહ્યું કે "લગ્ન થઇ ગયું છે, અને તે કોઇ ચક્રવર્તિની સાથે." એ સાંભળી રાજાને અદેશો આવ્યો, અને તપાસ કરી ત્યારે આપણાં રમતમાં થયેલાં લગ્ન જણાયાં."

"પછી ?"

"પછી શું? મેં આપને બાઇશ્રીની હકીકત જણાવી તેમ તેમને નજર કેદ રાખ્યાં છે. તેમની પાસે કોઇ દાસી રાખી નથી. અમને સૌને રજા આપી દીધી છે અને રાજ્ય બહાર જતાં રહેવાની આજ્ઞા થઇ છે."

"એક રમત માટે તેને આટલું બધું દુઃખ સહન કરવું પડે છે?"

"હા, મહારાજ! એ રમત નહિ પરંતુ લગનજ જણાયું છે, અને ગણાયું પણ તેમજ. એને જોષિજીએ લગ્ન રૂપે જાહેર કર્યું છે. હવે પ્રભાવતી એ આપનીજ છે, અને અન્ય કોઇ સાથે પુનઃ એવી રમત રમવા તૈયાર નથી."

"પ્રભાવતી! પ્રભાવતી! ધીરજ ધર. તું તારી હઠ છોડજે. હું તને જરૂર છોડાવીશ." વિચારના વમળમાં બાપ્પા બોલી ઉઠયો.

"મહારાજ, પ્રભાવતીને આ ખબર અપાય તેમ નથી. અમે નાગદાની હદ છોડી આ તરફ આવ્યા છીએ. હવે અમારાથી તે તરફ જવાય તેમ નથી. જો જઇએ તો સોલકી રાજાના હુકમ પ્રમાણે અમારે અંધારી કોટડીનું સેવન કરવું પડે. આપને લીધેજ અમારી ઉપર પણ આવો કેર ગુજાર્યો છે. હવે અમારૂં સંરક્ષણ આપેજ કરવુ યોગ્ય છે." બાપ્પાએ પ્રભાવતીને સદેશો કહેવાનું કહેતાં દાસી ઉલટી તેનેજ ગળે પડી!

દર વખતે જુદી જુદી દાસી આવતી, મળતી, અને બાપ્પાના ગળે પડતી. રોહિણી ચિતોડ પહોંચી ગઈ. ગામની પાસે આવેલો એક સુંદર બગીચો જોઇ તે ત્યાં રહી ધીમે ધીમે બાપ્પાની શોધ ચલાવવા લાગી. બાપ્પા રહે છે ક્યાં? કરે છે શું? જાય છે ક્યાં? કયા નાદમાં હવે પડેલો છે? લોકો તેને ચાહે છે કે અરૂઠ છે; વગેરે બાતમી બગીચાના માણસો પાસેથી મેળવવા લાગી. આપણો ને બાપ્પાનો મેળાપ થતાંજ તેના ઉપર આપણી સારી છાપ પડે તોજ બેડો પાર, નહિ તો લીધેલો શ્રમ

મિથ્યા, એમ વારંવાર તેના મનમાં આવતું. પૂર્વની ઓળખાણથી વળશે નહિ એમ ધારી જૂદાજ વેશમાં તેને મળવા અને તે દ્વારાએ છળવા વિચાર્યું! ગાયન અને નૃત્ય શીખવા માંડયું. ગાયનની બલીહારી જૂદીજ છે. નાના પ્રકારના વાજીંત્રનો નાદ તથા મધુર સ્વરવાળાં સ્ત્રી પુરૂષોનુ સ્પષ્ટ ઉચ્ચારવાળું મન હરણુ ગાયન એ કાનને પ્રીય લાગે છે. નવી જુવાનીમાં આવેલી પદ્મિની સ્ત્રીનું વાજીંત્ર સાથેનું મધુર ગાયન ઘણુ કરીને રસિક પુરૂષના મનને અવશ્ય હરણુ કરે છે. જેનું મન હરણુ થતું નથી તે કાં તો રસ નહિ જાણુનાર પશુ છે, અથવા તો સંસારને કેવળ અસાર જાણુનાર ઉદાસીન યોગી છે! ગાયન તથા વાજીંત્રથી કેટલાંક પશુ પણુ મોહ પામી જાય છે! સમય સમયનાં જૂદાં જૂદાં વાજીંત્રોને સમય સમયનાં સુસ્વરે ગાએલાં મનહરણુ રાગ રાગણીઓરૂપી અમૃત, કાનરૂપી પડીયા વાટે કોને પીવાં ગમતાં નથી? ઉદાસીન પુરૂષને પણુ ગાયન અવશ્ય કરીને પ્રીતિ ઉપજાવે છે. રોહિણીના સુભાગ્યે તેને ગુરૂ પણુ તેજ બાગમાં મળ્યો. રોહિણી મૂળે સ્વરૂપવાન તો હતીજ. તેનો કંઠ કેવળ ગધર્વ કન્યા પ્રમાણે મધુર અને પ્રેમાળ હતો. હમણાં તરૂણાવસ્થામાં આવતી હોવાથી તેનો ચહેરો પણુ અતિ મોહક થતો હતો. તેના સર્વ અવયવો નવિન તેજ અને વલણુ ધારણુ કરવા લાગ્યાં હતાં. આ પ્રમાણે તારૂણ્યમાં તરી આવતી અને મદને શીખવી તૈયાર કરેલી તે, ક્ષાત્રભિલ્લ બાળા કિરાતી વેશમાં ગિરિજા પ્રમાણે દીસતી હતી. તેણે બાપ્પાને–તેના મનમાં વરેલા પ્રિયજનને મૃગયામાંજ–જંગલમાંજ મળવા અને છળવા નિશ્ચય કરી તેજ રસ્તો પકડયો!

બાપ્પાને રાજનગરમાં નગરી પ્રજાનો સંગ લાગ્યો હતો. ગાયન નૃત્ય વારંવાર સાંભળવાથી અને જોવાથી તેને રસ પડયો હતો, અને પોતે પણુ તેનો ઉપાસક થયો હતો.

બાપ્પાની સાથેજ આપણો પ્રવાસી દાહિરપુત્ર પણુ ચિતોડ આવ્યો હતો. સમરસિંહ ભંડેરગઢ ગયો હતો, અને બાપ્પાની સાથે તેનો જુનો મિત્ર દેવો એક સહાયક તરીકે હમેશ સાથે રહેતો. પરમારાધિપતિએ દાહિર પુત્રને મોટો અધિકાર આપ્યો હતો. દેવાને એક હજારી સેનાપતિ બનાવ્યો

હતો. બાપ્પાનું સઘળું કામકાજ દાહિર પુત્ર અને દેવો કરતા હતા.

બાપ્પા, પ્રભાવતી અને રોહિણી એ ત્રણે-ત્રિમૂર્ત્તિને એકમેકની પ્રાપ્તિ માટે એક સરખી ઉત્કંઠા થતી હતી. પ્રભાવતીને શારીરિક ત્રાસ વધતો જતો હતો. તે નિરાશાના માર્ગમાં પ્રવાસ કરતી હતી! બાપ્પાનો ઉલ્લાસી સ્વભાવ બદલાઇ ગયો અને ચિંતાતુર, તેમજ ચીડિયો થયો. રોહિણીની હકીકત આપણે ઉપર વાંચી ગયા છીએ.

પ્રકરણ ૩૫ મું.

મુસલમાનોનાં કૃત્યો.

अहो सहन्ते बतनो परोदयं
निसर्गतोऽन्तर्मलिना ह्य साधवः

"જેનું અંતઃકરણ-સ્વભાવથીજ-મલિન છે તેવાં અસચ્ચરિત્ર મનુષ્ય અન્યનો અભ્યુદય સહન કરી શકતાં નથી."

આ સમયે હિંદુસ્તાનની વિચિત્ર સ્થિતિ હતી. આર્ય રાજાઓનું જોર નરમ હતું અને મુસલમાનો હિંદમાં મૂળ જમાવવા યત્ન કરી રહ્યા હતા. પોતાનો ધર્મ ચલાવવાની અને રાજ્ય સ્થાપિત કરવાની મુસલમાન ખલીફાની મહત્વાકાંક્ષા આજ સુધીમાં થએલા પરાજયથી કમી ન થતાં વધતીજ જતી હતી. તેના છુપા દૂતો ઉત્તર હિંદમાં ફરતા રહેતા, અને જૂદી જૂદી ટોળીઓમાં તેઓ વારંવાર લૂટફાટ કરતા, ધાડ પાડતા અને હિંદ વાસીઓને પજવતા! "ગાજરની પીપુડી વાગી તો વાગી નહિ તો કરડી ખાધી!" એ ન્યાયે તેઓ કામ કરતા. દેશ સાંપડશે તો ઠીક, નહિ તો લૂટ તો મળે છેજ એમ વર્તતા, લોકોને પકડી બળાત્કારે સ્વધર્મ સ્વીકારાવતા. સ્ત્રીઓને ઉપાડી જતા અને બાંદી તરીકે

વેચતા, અગર તેમના ઉપર બળાત્કાર પણ કરતા. તેમના લશ્કરે સિંધમાં અને પંજાબમાં હલ્લો કરી સત્તા બેસાડી હતી, ત્યાંથી તેમના દૂતો હિંદુ રાજાઓના દરબારમાં કસરતબાજ, ચાબુક સ્વાર, ઘોડાના વહેપારી; એવા એવા અનેક વેશે ભેદ લેવા આવતા, અને પ્રસંગ આવે રાજ્યોમાં નોકર રહી સર્વ બાતમી મોકલતા. દિનપ્રતિદિન આવા પ્રપંચો વધતા ગયા. અફઘાનિસ્તાન, સિંધ અને પંજાબના વટલેલા ક્ષત્રિઓ પણ તેમના આ કાર્યમાં સહાયરૂપ થઈ પડયા હતા.

આ લોકોનું એક ટોળું ઇડરથી ચિત્તોડની હદ સુધીમાં પણ ફરતું હતું. ઇડરની ઉથલપાથલ અને ત્યાંના ભિલ્લ રાજાને હરાવી કેદ કર્યો તેની માહિતી તેમણે મેળવી હતી. ભિલ્લ રાજાને બંધનમુક્ત કરવા મદદ આપવાને બહાને ભિલ્લોમાં પગપેસારો કરવાની ખટપટ રૂસ્તમ નામનો એક મુસલમાન કરતો હતો. આ મુસલમાન સિંધનો રહીશ હતો, અને દાહિર રાજાની પ્રજા પૈકીનો એક હિંદુ હતો. તેની નજર દાહિર પુત્રની સ્ત્રી ઉપર પડી. બાપ્પાનાં પરાક્રમથી તે સારી રીતે વાકેફ થયો હતો, તેનાથી મુસલમાનો બહુ ડરતા, પરંતુ બાપ્પાની સ્થિતિનો ભેદ તેમના કળવામાં આવ્યાથી, કે દાહિર પુત્રની સ્ત્રીની અભિલાષાથી હમણાં તેઓએ ખટપટ જગાવી હતી પ્રભાવતી અને બાપ્પાના પ્રેમની વાત તેમના જાણવામાં આવી હતી. આ તકનો લાભ લેઇ બાપ્પાને, ઇડરના પદચ્યુત થએલા ભિલ્લ રાજાની અતિ સુંદર ઉપવર કન્યાની સહાયથી બાલાને અને દાહિર પુત્રની સ્ત્રી ઉપર સંકટ લાવી તેને, એમ ત્રણેને એકજ વખતે ઘોટાળામાં નાખી જરૂર પ્રસંગે સૈન્ય મંગાવી ઇડરથી ચિતોડ સુધીનો મુલક પોતાને કબ્જે કરવા તેમનો ઇરાદો થયો હતો. આ સમયે ખલીફાનો મહંમદ નામનો મુખ્ય સરદાર કનોજના હરચંદ ઉપર સ્વારી કરવાને ઈરાદે મોટી તૈયારી કરતો હતો. આ મહંમદ હિંદુ સ્ત્રીઓનોજ રસીઓ હતો અને જેટલી વધારે રજપૂત સ્ત્રીઓ ભ્રષ્ટ થાય તેટલો વધારે, હિંદુસ્તાનમાં જય મળવાનો સંભવ છે એમ તે માનતો હતો.

ઇડર બાલાને સોંપી બાપ્પો ચિતોડ ગયો હતો. ઇડરના કેદ પકડાયલા ભિલ્લ રાજાની વિજળી જેવી ચંચળ, અતિ સુંદર ચંપા નામની

કન્યા ઉપર બાલો ઘણો ફીદા થયો હતો. કન્યા પણ બાલાને ઘણી ચાહતી હતી, પરંતુ પોતાના બાપને કેદ કરનાર સાથે લગ્ન કરવાથી માબાપ ગુસ્સે થશે જાણી માબાપને છોડાવ્યા પછી લગ્ન કરવું એવો તેનો આંતર વિચાર હતો. એ કન્યા, જેની ઉપર પોતે ગાડો થયો છે તે, પકડાયલા રાજાની કન્યા છે એવી બાલાને ખબર નહતી, અને તેવી ખબર ન પડે એવી દરેક યુક્તિ ધૂર્ત ચંપાએ કરી રાખી હતી. તે ગામમાં એક ઉત્તમ બગીચામાં ચાર પાંચ દાસી સાથે રહેતી હતી, અને અન્ય કોઇ સાથે સંસર્ગ રાખતી ન હતી. નાચ તમાશા નિત્ય કરાવતી અને બાલાને તે જોવા, સાંભળવા આમંત્રણ કરતી. કોકિલકંઠી ચંપાનુ બોલવું, તેના હાવભાવ, તેનાં કટાક્ષ અને એકંદર સર્વ ચેષ્ટાઓએ બાલાનું અંતઃકરણ ખેંચી લીધું હતું. જ્યારે જ્યારે બાલો તેનાં સગાં સંબંધી કે માતપિતા સંબંધી પૂછતો ત્યારે તે વાત ઉડાવતી અને તેનું ધ્યાન અન્ય વિષયમાં દોરાય તેમ કરતી. પોતે શ્રીમંત છે, વરની પસંદગી માટે સ્વતંત્ર છે, અને એજ કારણથી અત્રે થોડા સમયથી આવી રહેલી છે, એવી વાતજ જણાવતી. બાલાને કાને પણ તેવીજ વાત જાય એવી યોજના કરી મુકી હતી. મંદ મંદ હસવાથી, હાવભાવથી, શરમથી, ભયથી, સામુ જોયા વગર અર્ધ કટાક્ષ સહિત જોવાથી, મધુર ભાષણથી, ક્લેશથી અને સ્વાભાવિક વિશ્વાસથી સ્ત્રીઓ જોતજોતામાં પુરૂષોને બાધે છે. તેઓ મોહ ઉપજાવે છે, ભય ઉપજાવે છે, હસાવે છે, તરછોડે છે, ગમ્મત કરાવે છે અને પ્રસંગે ખેદ પણ ઉપજાવે છે! વિવેકથી મનને ગમે તેવાં, પ્રેમથી પરિપૂર્ણ થએલાં, રસથી શિથિલ થએલાં, રતિના અવાજથી મનને હરનારાં ગૂઢ અભિપ્રાયવાળાં, અતિશય મદને જણાવનારાં, સ્વભાવથી સુંદર, ભરોસો કરવા લાયક, કામના ઉદયને આપનાર એવાં મૃગનેણીનાં સ્વેચ્છિક ભાષણો ખચિત પુરૂષોના ચિત્તને વશ કરે છે.

ઘણા પુરૂષોને જુવાનીમાં સઘળું જગત સ્ત્રીમય ભાસે છે. મદોન્મત્ત હાથીની પેઠે નિરંકુશ થઇ ગએલું તેમનું મન સ્ત્રી વિનાના બીજા પદાર્થો નિરસ દેખે છે! કાન સ્ત્રીઓનાં મધુર ગીતો હર્ષથી સાંભળે છે, મુખ સ્ત્રીઓના અધરને ચુંબન ચાહે છે, હાથ મૃગનેણીનું આનંદથી આલિંગન કરવા ચાહે

છે. આંખ, સુંદર વસ્ત્રાલંકારથી સુશોભિત થએલી સુંદર અવયવવાળી નવ- યૌવનાને જોવા ઇચ્છે છે, ને વાણી નિરંતર સુંદર સ્ત્રીઓ સાથે હાસ્ય કરવા તત્પર રહે છે. મોહનું પ્રધાનપણું હોવાથી વિવેક નાસી જાય છે, અને રોમ રોમમાં 'સ્ત્રી,' 'સ્ત્રી' એવો ધ્વની જુવાનીમાં નીકળે છે. જુવાની આંધળીજ છે! જુવાનીનો મોહ–અંધકાર સ્વાભાવિક રીતેજ અતિ ગહન છે.

ઇડરનો સરદાર બાલો, અવિવાહિત હતો. તેના મનમાં આ ભિલ્લ કન્યાની પ્રાપ્તિ માટે વિચાર થયો, અને 'प्राप्तेषु षोडशे वर्षे गर्दभी अप्सराभवेत्' એ ન્યાયે તે ભિલ્લ કન્યાની જાળમાં ફસાયો. યુવાવસ્થાવાળી કામિનીઓના વિલાસ વિલક્ષણ હોય છે, અને ગમે તેવી હોય તોપણ યુવાવસ્થાને ગમતી સ્ત્રી મનુષ્યના મનનું આકર્ષણ કરવાવાળી હોય છે. બાલો, એ બાળા ઉપર ઘણોજ મોહ પામતો ગયો, તેમ તેમ ધૂર્ત કન્યા "હાલમાં લગ્ન થાય તેમ નથી" કહીને તેને વધારે તલસાવતી ગઈ. પોતાના અધિકારના જોરે એ કન્યાને વશ કરવી એવો વિચાર બાલાના મનમાં આવ્યો. ધૂર્ત બાલિકા તેનાથી ઉતરે તેમ નહતી. તેણે બાલાને ફસાવવાનો વિચાર કરી રાખ્યો હતો. મુસલમાન સરદાર મહમદના ગુપ્ત દૂતને પોતાનો કરી લીધો હતો; અને મદદ આપવા માટે તેની પાસેથી વચન પણ લઈ લીધું હતું.

આ વિષય વિષના તડાકામાં જે બાતમી બાપ્પાને બાલો રોજ રોજ મોકલતો તે હવે આઠ આઠ દિવસે પહોંચતી, અને વખતે તેમાં વધુ પણ દિવસ થતા. બાપ્પાને આ બાબત નવાઇ લાગી અને ગુસ્સો પણ ચઢયો. તેનો રૂપરામ નામનો નવો મિત્ર તેના ક્રોધનું કારણ જાણતાં બોલ્યો: "મહારાજ! જો હુકમ થાય તો હું ત્યાં જઈ આમ થવાનું કારણ શોધી લાવું. મુસલમાન લોકો અને તેમનું સૈન્ય અત્યાચાર કરવામાં બાકી રાખતું નથી તો વખતે તેવું તો કંઈ થયું નથી?"

"ભલે, જેવી ઇચ્છા." જવાબ મળવાથી રૂપરામ તથા સાહસી દા- હિર પુત્ર બંને ઇડર જવા નીકળ્યા.

એકલિંગજી મહાદેવનું દેવળ પુરૂં થવા આવ્યું હતું, તેના વાસ્તુ

શાન્તિ માટે વિચાર કરવા હારિત ઋષિ પાસે જવા બાપ્પા પણ તૈયાર થયો.

રૂપરામ અને સાહસી ઇડર પહોંચ્યા. ત્યાં તેમણે જૂદોજ રંગ જામેલો જોયો. મુસલમાનો અને બીજાનાં ટોળાં જોયાં. યુદ્ધની સામગ્રી જેવું ભાસ્યું. બાલાનાં માણસો પણ બહાર ફરતાં જણાયાં, તે પૈકી એક પાસેથી સઘળી બાતમી મેળવી લીધી, અને તરતજ બાપ્પા ઉપર લશ્કર મોકલવા કાગળ લખી દીધો. પોતે પણ જુદા જુદા પડાવ નાંખી ૫૦–૧૦૦ માણસો ભેળા કરી દીધા. ઇડરમાંથી કોઈએ કેદખાનાનાં તાળાં તોડી રાજકેદીને નસાડી મૂક્યા એવી ખબર મળી. ખબર ખરી હતી. ભિલ્લોમાં જોર આવેલું જણાયું, અને મુસલમાનો તેમાં ભળેલા સમજાયા.

બાલાને હવે બરોબર સપડાયલો જોઈ વૈર લેવા ભિલ્લ લોકો તૈયારી કરી રહ્યા હતા. ભિલ્લ રાજાના શરીરમાં બળ રહ્યું ન હતું, છતાં તે અને તેના બને પુત્રો રાજવાડા ઉપર છુપા માણસો સાથે ચાલ્યા. તે રસ્તે સંતાઈ રહેલો સાહસી તેમના સામે થયો. રૂપરામ રાજવાડાના નાકા ઉપરજ રાહ જોતો હતો. તેણે અંદર પેસી દરવાજા બંધ કર્યા અને માત્ર અંદર બહાર જવા આવવાની બારી ઉઘાડી રાખી હતી. બંને પક્ષ તેને પોતાનો સમજતા. દરવાજા ઉઘાડી બહારનાં માણસો ઉપર પડવાનું સાહસ ખેડવા કરતાં અંદર સપડાયલા દુશ્મનોનો ઘાણ કાઢવો એ વિચાર તેને ઉદ્ભવ્યો. પોતાની પાસે સૈન્ય થોડું હતું અને તે માત્ર ભાડુતી હોવાથી તેમના ઉપર ખાસ વિશ્વાસ ન હોવાથી દરવાજા બંધ કરી તેણે આ યુક્તિ રચી હતી. દરવાજાના કડાંને બહારથી દોરડેથી બાંધી રાખી વીશ જુવાનો પાસે તે ખેંચાવી રાખ્યાં હતાં. રૂપરામ છુપે દરવાજેથી અંદર ઘુસ્યો અને પેઠેલા મુસલમાનોને કાપતો કાપતો તેમને દરવાજા તરફ લઇ ગયો. દરવાજા પાસે સૌ બહાર નીકળી જવા ધક્કા ધક્કી કરવા લાગ્યા એટલે દરવાજાની બારી પણ બંધ થઈ ગઇ. હવે બહાર નીકળવું મુશ્કેલ થયું એટલે ટોળું ત્યાં જામ્યું. સૌને પ્રાણ વહાલા થઇ પડયા અને "હું વહેલો બહાર નીકળી જાઉં." એમ સૌ કરવા મંડયા. ગાળી પ્રદાન શરૂ થયું અને તામસી મુસલમાનોએ અંદર અંદર તલવાર ઉચકી. કાપા કાપી શરૂ થઈ. એ લાગ

જોઈ સંજ્ઞા થઈ અને દરવાજો એકદમ ધક્કા સાથે ઉઘડયો. દરવાજો ઉઘડતાંની સાથેજ કેટલાક અંદર ઉપરા ઉપરી અને કેટલાક બહાર એમ દરવાજા વચ્ચે પડયા, એટલે તે ઉપર બહાર ઉભેલા તરૂણો ગીધ માફક તૂટી પડયા. પાંચ દશ જે પકડાયા તેમની વ્યવસ્થા કરી રૂપરામ વાડાની અંદર ગયો. આપણો રાજા છુટયો જાણી ભિલ્લો પાંચ દશ વીશ વીશની ટોળીમાં શહેરમાં આવી ભરાયા, પરંતુ ભિલ્લ રાજાને અને તેના પુત્રોને પકડી ફરી કેદમાં ઘાલેલા જોઈ તેઓ આવ્યા તેવા છાના માના ચાલી ગયા. વાડાની અંદર આવી પહેલાં રૂપરામે ભિલ્લ કન્યાની શોધ કરી. તે એક ઉત્તમ શણગારેલા ઓરડામાં પ્રેમથી ઘાયલ થએલી, બેભાકળી, અસ્વસ્થ સ્થિતિમાં પડેલી જોઈ. રૂપરામના અંદર આવતાંજ તે કન્યા એકદમ ઉઠી ઉભી થઈ અને સલજ્જ એક બાજુએ ઉભી રહી. તેની દાસીએ કહ્યું "મહારાજ! આપ ગમે તે હો, પરંતુ અત્યારે આ મારી બાઈને આપ પ્રાણદાન દેવા પધાર્યા હો એમ લાગે છે. આપ ગમે તેમ કરી બાલા મહારાજની શોધ કરી તેમનો અને મારી બાઈનો મેળાપ કરાવો, અને—"

"તમારી બાઈએજ આ ઘોર પ્રસંગ મહારાજ ઉપર આણ્યો છે, અને—" દાસીને આગળ બોલતાં અટકાવી રૂપરામે કહ્યું.

"આ દાસી તેમની અપરાધી છે ખરી, પરંતુ જો તેમનો મેળાપ નહિ થાય તો જરૂર આત્મહત્યા કરનારી! તેમનામાં નિષ્કપટ પ્રેમ રાખી કેવળ પેલા રડયા મુસલમાનના નાદમાં મારા મા બાપને બંધનમુક્ત કરવા માટેજ મેં આ સાહસ કર્યું છે. તેમનો ખરો ઇરાદો જૂદોજ હતો એમ મને હમણાંજ માલમ પડયુ. તેમાંજ હું ફસાઇ અને મારા પ્રાણેશના જીવ ઉપર સંકટ આણ્યું." વચમાંજ ભિલ્લ બાળા બોલી ઉઠી.

"ઠીક. આ સર્વ ઘોટાળાનો નિવેડો પાછળથી થશે. હાલ તો બાળા, મહારાજની શોધ ક્યાં કરવી તે જણાવો." રૂપરામે પૂછ્યું.

"મહારાજ! હું તમારી સાથે આવું છું." ભિલ્લ બાળા બોલી.

"ના, હાલ તો તમે અત્રેજ રહો. તમને બહાર લઈ જવાય તેમ નથી."

"કેમ ?"

"તમે રાજ કેદી છો."

"હું ?"

"હા."

"શાથી ?"

"આ ઘોર પ્રસંગમાં તમારો હાથ છે તેથી."

"તેમા શું ?"

"તપાસ થયા પછી ખઈ ખોટું જણાયેથી તમને છોડવામાં આવશે."

"મને કેદી બતાવનાર કોણ ?"

"હું."

"તમે કોણ ?"

"બાપ્પા રાવળનો એક નોકર. ઇડરાધિપતિ મહારાજનો ગુલામ."

"તમને શો અધિકાર છે ?"

"તે સૌ પાછળથી જણાશે. તમારી દાસીને મારી સાથે મોકલો તો તમારા બાલા મહારાજની શોધ કરી લાવું."

"દાસી, જા. તપાસમાં રહેજે."

"તપાસમાં રહેજે એટલે ? મારે દાસીનું કામ નથી. હુંજ જાતે તપાસ કરીશ," ભિલ્લ બાળાના મકાન ઉપર સખ્ત જાપતો મૂકી રૂપરામ બાલાની શોધમાં નીકળ્યો. એટલામાં અનેક ઝખમો પડવાથી અશકત થ-એલો બાલો હાથમાં શસ્ત્ર સહીત મોટા આવેશમાં સ્હામું આવતો જોયો.

"ઉભી રહે લુચ્ચી ! તેંજ મારો ઘાટ ઘડાવ્યો, કેમ ? ઉભી રહે રંડા ! તનેજ હતી ન હતી કરૂં છું. પણ છટ્ ! એ સર્વ ખોટું. એ બધું કપટ પેલા તરકડાઓનુંજ ! તેમણે તેને ભોળવી, કંઇ થાપ આપી આ પ્ર-સંગ આણ્યો હશે." એમ બોલતો બોલતો બાલો રૂપરામ સામે ઝનુનમાં દોડતો આવ્યો. રૂપરામે સમયસુચકતાથી તેના હાથમાંનું હથીઆર લઈ લીધું, અને તેને સાહસી-દાહિર પુત્ર પાસે પકડી ગયો.

ચંપાને તેની દાસી સહિત પકડી લાવવા પોતાના એક માણસને રૂપરામે હુકમ કર્યો. દાહિર પુત્ર અને રૂપરામે શહેરનો બંદોબસ્ત કર્યો, અને બાપ્પા તરફથી આવી પહોંચેલા મદદ પૈકી એક હજાર માણસો ત્યાં રાખી બાલા અને ચંપાને લઈ તેઓ શ્રીએકલિંગજીના અરણ્યમાં બાપ્પાની હજુર ગયા.

પ્રકરણ ૩૬ મું.

રૂપરામ!

"જીગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે,
બધા સંસારથી એ યાર બેદરકાર જુદો છે.
* * * *
ઘડીભર બેશ બતલાવું, શીખાવું પ્રેમનો જાદુ,
અમો જાદુગરોનો યાર જો બાઝાર જૂદો છે."
* * * *
વ્હાલાં કેરાં દુઃખ શ્રવણથી પીગળે હૈયું ભીનું!
વ્હાલા કેરા દુઃખ મનનથી ભાન તો થાય તીનું.
\+ \+ \+ \+
પામી પીડા "અરર" કરવું એય ઉંચી મજા છે,
વ્હાલા! રોવું સહન કરતા એય ઉંચી મજા છે.
રોતા રોતા મનની કથવી એય ઉંચી મજા છે.
અંકે સુવું પછી સ્વજનને એય ઉંચી મજા છે.
વ્હાલા! તારૂં ગજબ ગતિનું દુઃખ દારૂણ શુણી.
જૂની વીતી સ્મરી શરીર આ કમ્પી ઉઠે છ ધ્રૂણી—લલિત.

પ્રેમ એ શરીર વિનાનો અગ્નિ છે. જ્વાળાઓનો પ્રકાશ કર્યા વગર એ સંતાપ ઉપજાવે છે. ધુમાડો કર્યા વગર આંસુ પડાવે છે. રાખ વગર શરીરને પાંડુ રંગનું કરી નાંખે છે. અખિલ

ત્રણ ભુવનમાં એવું કોઇ પ્રાણી નથી કે જે એના શર ગોચરમાં આવી નહિ ગયું હોય, આવતું નહિ હોય અથવા આવવાનું પણ નહિ હોય! એનાથી કોણ નથી બ્હીતું? પુષ્પ ધનુષ લઈને એ પોતાના બાણુ વડે મોટા મોટા બળવાનને પણ વીંધી નાખે છે. જે સ્ત્રીઓ એને તાબે થઇ ચિંતામાં પોતાના પ્રિયનુ ચંદ્ર સરખું મુખ જોયા કરે છે તેમને તો આકાશ પણ સાંકડું લાગે છે! જેઓ અંતઃકરણમાં પોતાના પ્રાણ પતિઓના આકાર ચિત્રે છે તેમને તો આખી પૃથ્વી પણ નાની લાગે છે. જેઓ પોતાના પ્રિતમના ગુણ ગણ્યા કરે છે તેમને તો સંખ્યા પણ સ્વલ્પ લાગે છે! જેઓ પોતાના વલ્લભની કથા સાંભળે છે તેમને સરસ્વતી પણ થોડા બોલી લાગે છે, અને જેઓ પોતાના પ્રાણપતિના સમાગમના સુખનુ ધ્યાન કરે છે તેમના હૃદયને તો કાળ ઘણોજ ટુંકો લાગે છે! કામદેવે સ્ત્રીના સંગ વડે કરીને ત્રણે લોક જીત્યા છે. કામ એ અપસ્માર રોગ છે! જે મંત્રો વડે મટી શકતો નથી, તેમ કોઇ ઓસડ પણ તેને અથવા તેના રોગીને લાગુ પડતું નથી! શાંતિ કરવાના બહુ ઉપાયોથી પણ તે નાશ પામતો નથી પરંતુ અતિશય વધ્યાજ જાય છે. ભ્રાંતિ પેદા કરવાથી શરીરે સહન થાય નહિ એટલું દુઃખ ઉત્પન્ન કરે છે, આંખને ડોલાવે છે તથા ઘેરે છે. અને અનેક અજાયબ ચેષ્ટાઓ કરાવે છે! સંસારરૂપી વિશાળ સમુદ્રમાં કામ રૂપી ઢીમરે–માછીએ–સ્ત્રી રૂપી જાળ પાથરી દીધી છે, તેમાં માછલાં રૂપી કામી પુરૂષો ફસાઇ પડે છે! દેવ, દાનવ, માણસ, પશુ, પક્ષી અને કીટાદિના અંતઃકરણમાં ગુપ્ત રીતે રહેનારો અને અનુકૂળ સંયોગો આવતાં ક્ષણ માત્રમાં જાગી ઉઠનારો કામ પોતાની પાસે પુરતાં સાધનો નહિ છતાં પણ જાતી બળથી બધાને નચાવે છે.

બાપ્પાને પ્રભાવતીનો વિરહ ઘણો સાલવા લાગ્યો. તે વિચારશૂન્ય અને ગાંડો બન્યો હતો. પ્રભાવતીના આ સર્વ દુઃખનું કારણ હુંજ છું એવું તેના મનમાં વારંવાર આવતું. સર્વ સંકટ વિદારનાર શ્રી એકલિંગજીની સેવા પ્રથમ કરવા વિચાર થયો, તેથી શ્રી હારિત મુનિની સમ્મતિથી એક-લિંગજી ભગવાનનું મોટું દેવાલય બાંધવાનું કામ શરૂ કર્યું હતું. એ કામની

દેખરેખ માટે જતાં આવતાં નાગદાની હદ પસાર કરવી પડતી. દરેક પ્રસંગે તેને પ્રભાવતીની સ્થિતિ યાદ આવતી અને તેને તેમાંથી મુક્ત કરવા મન પણ થઇ આવતું, પણ સાહસી, બાલો અને દેવો એ ત્રણે મિત્રોને તેણે કોઇ પણ પ્રકારનું સાહસ ન કરવા વચન આપેલું હોવાથી તે શાન્ત રહેતો. વળી પ્રભાવતી તરફથી સદેશો મળ્યો હતો કે "હું કોઇપણ રીતે અહીંથી છુટી આપની પાસે આવીશ. મારા માટે તમારો જીવ સંકટમાં નાંખશો નહિ." તેથી બાપ્પા તે વખતની રાહ જોતો હતો.

રોહિણી હવે અધીરી થઈ ગઈ હતી. પોતાના નસીબની કસોટી કરવાની તેને હજુ મુદ્દલ તક મળી નહતી. તેણે હવે ભગીરથ પ્રયત્ન ચલાવવો શરૂ કર્યો. પોતાની પહેલાંની મૈત્રિણી પૈકી ચાર પાંચ જણીઓને તેણે પોતાની સોબતમાં રાખી લીધી. તેમની મદદથી બાપ્પાની એકંદર દિનચર્યા મેળવવા લાગી. છેવટે એક દિવસે, જે બાગમાં તે રહેતી હતી તેની માલિક એક વૃદ્ધ બાઇ હતી તેને પોતે મળી અને પોતાની સર્વ હકીકત કહી સંભળાવી. પોતાની મધુર વાણીથી તેના મનમાં મોહ અને પોતા માટે પ્રીતિ ઉપજાવી. કોઇ સમયે પોતાને ઘેર બાપ્પાને આમંત્રણ કરી બોલાવવાની વ્યવસ્થા કરવાનું, બાપ્પા ત્યાં આવે ત્યારે રોહિણીના હાથે સર્વ પ્રકારે સત્કાર કરાવવાનું અને "રોહિણી પોતાની એકની એક અવિવાહિત કન્યા છે તે હું આપને અર્પણ કરૂં છું, આપ તેનો સ્વિકાર કરો." એવું કહેવાનું તે વૃદ્ધ નારી પાસેથી વચન લીધું. તે વૃદ્ધાએ ઠરાવ પ્રમાણે બાપ્પાને પોતાને ઘેર મોટો સમારંભ કરી બોલાવ્યો. સત્કાર કરવાનું કામ રોહિણીએ ઉપાડી લીધું, અને બાપ્પાનું મન આકર્ષણ કરવા પોતાની ચતુરાઇની કમાલ કરી, સંગિત અને બીજી સર્વ ચેષ્ટાથી તે સ્વર્ગમાં હોય તેવો ભાસ કરી બતાવ્યો. પરંતુ સર્વ વ્યર્થ ગયું. રોહિણી માટે તેના મનમાં યત્કિંચિત્ પણ ભાવ થએલો જણાયો નહિ. તેનું હૃદય તો ક્યારનુંએ પ્રભાવતી હરણ કરી ગઇ હતી. અન્ય સ્ત્રીઓ માટે હવે જગા રહેલી જણાઇ નહિ.

"તમારા સત્કારથી હું ઘણો પ્રસન્ન થયો છુ, સંગિત ઘણું ઉત્તમ પ્રકારનું છે." બાપ્પાએ ઉપકાર માનતાં જણાવ્યું.

"આ મારી એકની એક પુત્રી આપને અર્પણુ કરવા મારી ઇચ્છા છે. કૃપા કરી અંગીકાર કરશો." વૃદ્ધાએ બાપ્પાના જવાબમાં જણાવ્યું.

"હાલમાં લગ્ન સંબંધી વાત માંડી વાળો."

"શું આપને કંઈ અડચણુ છે ?"

"હા."

"શી ? કૃપા કરી જણાવશો."

"આગળ ઉપર જોઈ લેવાશે." કહી બાપ્પા ઉઠયો.

સર્વ મંડળ વિખરાઇ ગયું. આશાવાળી નિરાશ થઇ ગઈ !

રોહિણીની એકંદર ચેષ્ટાથી બાપ્પાના હૃદયમાં કંઇ ભાવ ઉત્પન્ન ન થયો, પરંતુ તેનો કંઇ સસ્કાર થયોજ. "તે મનહર અને આકર્ષક તરૂણી છે અને તેનો ગાયનકળાનો લાભ વારંવાર લેવામાં આવે તો ઠીક" એમ તેના મનમાં થયુ તો ખરૂં.

"ભાગ્યહીણુ જળ થળ ભમે, અગર ગગન પાતાળ,
ઘરની ઉઠી વનમાં જશે, ત્યાં પણુ અગ્નિ જાળ."

તેને સ્ત્રી ચરિત્ર કરતાં પુરૂષ પરાક્રમ બળવાન માલમ પડયું. ટેકી નરો હમેશ ચળિત વસ્તુથી પણ વિકાર પામતા નથી એ સિદ્ધ થયુ અને હરિશ્ચંદ્ર, ધ્રુવ, પ્રલ્હાદ, શ્રિયાળ, મોરધ્વજ, કર્ણુ, બલિ વગેરેનાં દૃષ્ટાન્તો તેને ખરાં લાગ્યા. બાપ્પાને વશ કરવાની કલ્પનામાં નિષ્ફળ નિવડેલી રોહિણી ઘણીજ નિરાશ થઈ! પોતાને માટે બાપ્પાને આદર તો નથી થયો, તેમ અનાદર બીલકુલ ઉત્પન્ન થયો નથી એવુ એ ચાણાક્ષીના લક્ષમાં આવી ગયું. બીજી કોઇ યુક્તિમાં ફસાવી વશ કરીશુ તો કંઇ હરકત જેવું નથી એમ તેનું મન સાક્ષી દેતું હતું. બીજી યુક્તિનો વિચાર ચલાવવા લાગી.

"ઉદ્ભવ અગણિત થાય પણ, કર્મ વિના ન પમાય;
કીડી સંચય બહુ કરે, પણુ તે તેતર ખાય."

રોહિણીના મેળાપ પછી બાપ્પાની વૃત્તિ ઘણીજ ચંચળ થઈ ગઈ. પ્રભાવતીને છોડવવાનાજ વિચાર થવા લાગ્યા. મિત્રોની સમ્મતિ મેળવી તેવી તૈયારી કરવા લાગ્યો. ચિત્તોડમાં ખલીફાનો મુખ્ય સરદાર મહંમદ

ગુપ્તપણે તપાસ કરવા આવેલાની ગુપ્ત ચરથી તેને બાતમી મળી. મુસલમાનોને નસાડવામાં તેનું મન દોરાયુ. મહમદે પોતાના પાંચ પચીસ બહુરૂપી સાથી- ઓને ચિતોડમાં છૂટા મૂકી દીધા હતા. તે જૂદા જૂદા સોંગમાં ખેલો કરી જનસમૂહનુ મન ખેચતા. એક દિવસ દાહિર પુત્રની સ્ત્રી ઉપર તેમાંના એકની એકાએક નજર પડી. તે સિંધનો રહીશ હતો અને આ બાઇને નાનપણથી ઓખળતો હોય તેમ જણાયો. તેણે તેને ઉપાડી જવા વિચાર કર્યો. બાપ્પા અને તેની મંડળીએ, આ બહુરૂપી ટોળીમાંથી ચાર પાંચ માણસોને પકડી તેમની ઝડતી લેતાં તે દૂત માલમ પડવાથી તેમને શિક્ષા કરી પોતાના સંકેત પ્રમાણે નાગદા જવા નીકળ્યા. રસ્તામાં અંધારી રાતે તે મંડળી ઉપર અન્ય મુસલમાનોએ હુમલો કર્યો. દશ પંદર મુસલમાનો પકડાયા અને તેટ- લાજ બીજા અલ્લાહની હજુરમાં પહોંચી ગયા. સવાર થતાં પકડાયલા કેદી- ઓની વ્યવસ્થા કરવા સારૂ તે મંડળી પાછી ચિતોડ આવી.

દિવાળીના દિવસો છે. ચિતોડગઢ આજે ઝધઝધાટ શોભી રહ્યું છે. ઉત્સવના દિવસો હોવાથી નગરજન આનંદમાં મહાલે છે. બાપ્પાને ઘેર પણ તેના નામ પ્રમાણે અને મોટાઇને યોગ્ય એવા ઠાઠમાં સમારભ થયો છે. ગાયન અને નૃત્ય માટે નામાંકિત ગવૈયા અને નાયકાઓને આમંત્રણ કર્યું. મહારાજાધિરાજ પરમારેશને પણ આ સમારંભમાં પધારવા વિનંતિ કરવામાં આવી હતી. તેમના પધારવાથી સમારંભનો ઠાઠ ઠીક જામ્યો હતો. હાથી, ઘોડા, મેના, પાલખીઓ, ડંકા, નિશાન, નોબત, મંગળવાદ્યો વગેરે સર્વ ઠાઠ ઘણોજ પ્રેક્ષણીય હતો. પરમારેશની સ્વારી આજે સાર્વભૌમના સાજમાં નીકળી હતી. ભાટ અને માગણોની ઠઠ જામી હતી. બાલાદાર, ચોપદાર (વેત્રધારી) લલકારતા હતા. ગિજનીના પડદા, કીનખાબની ગાદી અને કાશ્મિરી ઉંચા ગાલીચા યુક્ત સભામંડપ જોઇ મહારાજાધિરાજ ઘણા ખુશી થયા. સ્વારી પાછી વળી તે સમયે રસ્તાઓ ઉપર રોશનાઈ કરવામાં આવી હતી. ચીન અને બીજા દૂરના વહેપારીઓનું સારામાં સારૂં, તરેહ તરેહ જાતનું દારૂખાનું ફૂટવું શરૂ થયું. દારૂખાનું જોવા લોકોની ભીડ વધતી જતી હતી. આ ધાંધલમાં પરમારાધિપતીનો મસ્ત હાથી અંકુશમાં

ન રહેતાં આમ તેમ દોડવા લાગ્યો. વૃદ્ધ રાજા હાથી ઉપર બેઠેલા હતા. સૌને ભય થયુ. સૌ સૌને પોતાના જાન સાચવવા મુશ્કેલ જેવું જણાયું. લોકોનું ટોળું ઘડીમાં આ બાજુ તો ઘડીમાં સામી બાજુ એમ દોડાદોડ કરી મૂકી હાથીના મારમાંથી બચવા યત્ન કરવા લાગ્યું. કળાહોર થઈ રહ્યો. બાળકો રડવા લાગ્યાં અને બૂમ ભેગી કીકીયારી હોય તેમ હાહાકાર વર્તાઇ રહ્યો. બાપ્પાએ સમય સુચકતા વાપરી વૃદ્ધ પરમાર રાજાને ઉચકી પોતાના હાથ ઉપર લઇ લીધા. બાપ્પાનું ધૈર્ય અને સમયસુચકતા માટે સૌને બહુજ આશ્ચર્ય લાગ્યું અને તેના ઉપર સૌ કોઇનો પ્રેમ વધ્યો. મસ્ત હાથી ગાંડો બની રાજમાર્ગમાં દોડાદોડ કરતો હતો. તેને પકડવા યત્ન થયો પણ કોઇ ફાવેલું જણાયું નહિ.

એટલામાં લગભગ સોળ વર્ષનો કેવળ સુકુમાર જેવો દેખાતો, પીઠે બાણ ભાથાવાળો અને હાથમાં ધનુષ્ય ઝાલેલો એવો એક સુંદર યુવાન આવ્યો અને સુંદર ગાયન ગાવા લાગ્યો. હાથી પકડવા મથતા લોકો કામ પડતુ મૂકી ત્યાં ભરાઈ ગયા, અને અર્જુનના મોહનાસ્ત્રે કૌરવ સેનાને જેમ કર્યું હતું તેમ સર્વ હાલ્યા ચાલ્યા સિવાય પુતળા માફક ઉભા ! એથી વધુ આશ્ચર્ય તો એ હતું કે મસ્ત હાથી પોતાની મસ્તાઇ ભૂલી ગયો અને ધીમે ધીમે સ્તંભિત થવા લાગ્યો. શાન્ત થએલા તે હાથી પર મોટા ધૈર્યથી તે યુવાન ઝટ ચઢી ગયો, અને ગાતો ગાતો હાથીને લઈ બાપ્પા પાસે આવ્યો. આવેલા તરૂણને જોઈ બાપ્પાને વિસ્મય થયું.

"આ હાથી મહારાજાધિરાજનો છે, માટે ત્યાં જાઓ. આપને ત્યાં મોટું ઇનામ મળશે. ચાલો હુંજ તમારી સાથે આવું છું." બાપ્પાએ તે તરૂણને શાબાશી આપતાં કહ્યું.

બન્ને જણા ત્યાં ગયા. રાજાધિરાજે તેને બાપ્પાના હાથ નીચે પાંચસે ઘોડાનો ઉપરી નીમી પાલખી અને પોશાક આપ્યાં.

બાપ્પાને મળતી જોડી થઈ. એ તરૂણને તથા તેની ચેષ્ટાઓ જોઇને 'ઇશ્વરેજ મારા માટે આ તરૂણને મિત્ર રૂપે મોકલ્યો છે' એમ તેને થવા લાગ્યું. થોડાજ સમયમાં બન્નેનું હૃદય એક થયું. બાપ્પાએ તેને પ્રભાવતી સંબંધી ગુપ્ત વાર્તા કહી અને તેને છોડવવા જવાનો સંકેત પણ કહ્યો.

સર્વે શ્રી એકલિંગજી આવી પહોંચ્યા. શ્રી એકલિંગજીના દેવાલયની વાસ્તુ–શાન્તિ કરવાની હતી. મહા શિવરાત્રીના દિવસનું મુહુર્ત્ત રાખવામાં આવ્યું હતું. ઋષિ મુનિઓ તે સમયે પધારવાના હતા. રાજાધિરાજને આમંત્રણુ થયું હતું. એ ઉત્સવના કાર્યમાં સૌ ગુંથાયા હતા.

એક દિવસે બાપ્પા અને રૂપરામ ફરવા ગયા હતા. જંગલમાં ફરતાં ફરતાં નાગદાની હદ આવી. બાપ્પાને નાગદાની હદ જોઇ પ્રભાવતીનું સ્મરણુ થયું. આ બન્ને મિત્રો વચ્ચે એ વાત ફરી થઈ. રૂપરામે આ તકનો લાભ લીધો, અને “વાસ્તુ પહેલાં આપની પ્રભાવતીને આપની રૂબરૂ હાજર કરૂં તો હું માગું તે આપવું.” એવું વચન લીધું.

રૂપરામ એક ગવૈયારૂપે સોલંકી રાજા પાસે ગયો. તેનો કંઠ ઘણો સુંદર હોવાથી સોલંકી રાજા તેના સંગિતથી અત્યંત ખુશ થયો અને પોતાના ગળાનો કડો ભેટ આપ્યો.

પ્રભાવતી હમણાં હમણાં તેના પિતાની મરજી સાચવવા લાગી હતી. તે માતપિતાની મરજીને અનુસરતી. લગ્ન બાબતમાં કંઈ હઠ લેતી નહિ, પોતાને પસંદ પડે તેની સાથે લગ્ન કરીશ એટલુંજ માત્ર કહેતી પિતા પણ નરમ પડયા હતા. જાપતો કમી થયો હતો. મામલો સુધરતો હતો. જુની દાસીઓનું સ્થાન એક બે નવી દાસીઓને આપવામાં આવ્યું હતું, અને તે પણ પ્રભાવતીના મતને અનુસરતી હતી. ગવૈયાનું ગાયન સ્ત્રી મંડળમાં થતાંજ “આ ગવૈયો મને સંગિત શીખવે તો કેવું સારૂં?” એવું તેણે પોતાની માતાને કહ્યું. માતાએ પૂછ્યું: “સંગિત શીખવા તારી ઇચ્છા થઈ છે?”

“હા, માડી!”

“સંગિતથી તને શો લાભ થશે બેટા?”

“નશીબાનુસાર આવી પડેલું દુઃખ વીસરાશે.”

“એ સિવાય બીજો કંઈ લાભ છે?”

“મા એજ! સંગિતથી હું મારા શંભુનું મન રીઝવીશ. તેની પ્રાર્થના કરીશ. તેનાં ગાન ગાઇશ અને તેને પ્રસન્ન કરીશ. ભવિષ્યમાં દુઃખ આવી ન પડે તેવી તેની પાસે યાચના કરીશ.”

"ઠીક બેટા ! હું તારા પિતાજીની રજા માગીશ."

"મા ! પિતાને ગમે તેમ સમજાવીને પણ રજા મેળવજે." રાણીએ કુંવરીને પોતાના મતને મળતી થતી જોઇ તેને વધારે ન ઉશ્કેરવાની ખાતર સંગીત શીખવા માટે અનુમતિ આપી અને ગવૈયાને શિક્ષક તરીકે રાખ્યો. ગવૈયાએ એક દિવસ પોતાની શિષ્યાને એકાંતને સમયે પોતાની મુસાફરી દરમ્યાન તેના પ્રાણુ વલ્લભ, તેના હૃદયેશ્વર બાપ્પાનો થએલો મેળાપ અને અન્ય સર્વ ઈતિહાસ કહ્યો. ચિતોડની હકીકત જણાવી, અને એ દ્વારાએ પ્રભાવતીનો દબાયલો પ્રેમાગ્નિ જાગૃત કર્યો. પ્રભાવતીએ પણ હોંશે હોંશે બાપ્પા કોણ છે? ક્યાં રહે છે વગેરેની બાતમી ગવૈયા પાસેથી મેળવી લીધી.

* * * *

એક રાત્રિએ પ્રભાવતી ઓચિંતી અલોપ થઈ ગઇ! મહેલમાં પ્રભાવતી સંબંધી કોઇ જાણતું નથી. પોતાના પ્રિયતમને મળવાનો બીજો ઉત્તમ માર્ગ તેને આ સિવાય સૂઝ્યો નહિ. બાપ્પા પ્રેમથી દિગ્ધ છે, નેકવંત છે એટલે પ્રેમમાં ચલિત થાય તેમ નથી, એવું તેણે ગાયનકળા શિખવનાર ઉસ્તાદ પાસેથી સાંભળ્યું હતું. રોહિણી વિષે તેને વિચાર આવ્યો. "રોહિણી! તું ક્યાં છે? તું મારૂં મન જાણતી હતી. તેંજ અમારાં ગાંધર્વ લગ્ન કરી આપ્યાં છે. તું હવે ક્યાં ગઇ? હા. વખતે તુંજ મને ફસાવી ગઇ કેમ ન હોય! તારામાંજ દાળમાં કાળું કેમ ન હોય? મારી સાથેની વાતચિતમાં તું એમનાં વારવાર વખાણ કરતી હતી અને હું જો ભૂલતી ન હોઉં તો તેં મને એક વખત કહ્યું પણ હતું કે "હું તમારી સપત્ની થાઉં તો...." હા. તું કંઈ જણાતી નથી. જરૂર તું એમની પાસે ગઇ હોય તો .....; હું એમ કેમ ન માનું કે સ્ત્રી ચરિત્રના પ્રતાપે ઓ રોહિણી, તું મારો ઝડપેલો શિકાર પચાવી પડવામાં સફળ નિવડી ન હોય? અરેરે! જો એમજ થયું તો પછી મારૂં શુ થશે? સ્વાર્થી માણસને પોતાની મતલબ પાર પાડતા પહેલાં પ્રતિજનને કેટલું સંકટ ભોગવવું-સોષવું પડશે, એ જેમ ગ્નાન હોતું નથી તેમ રોહિણી જેવી સખી સરખીને કે બાપ્પા જેવા પ્રિતમ સરખાને એનું ભાન રહે એ બીલકુલ લાગતું નથી-સંભવતું નથી. જેમ ઇશ્વિરેચ્છા.

જો મારી દૃઢ વૃત્તિ છે, જો મારો અચળ પ્રેમ છે તો પછી અલબત સુખ મેળવવા દુઃખ વેઠીશ, પણ અંતે સુખનું સુખજ મળશે." વિચાર વમળમાં ડોલતી, પ્રભાવતી પંથ કાપતી નાગદાની હદ પાસે આવેલા જંગલમાં શ્રી એકલિંગજી મહાદેવને રસ્તે ચઢી.

કુદરતે પ્રેમ એ કેવી ચીજ ઉપજાવી છે કે જેથી આ દૃશ્યમાન્ જગતમાં ઉપજેલી સઘળી વસ્તુઓ એક બીજા તરફ આકર્ષાય છે? સ્નેહાની મૂલાની દુઃખાની એ પ્રમાણે જો કે એ દુ ખમય છે છતાંઃ—

[1]" હંસ નથી તજવાનો, માન સરોવર મૃત્યુ થતાં ઘેલી;
કેમ સુકાશે પ્યારી? આંબા ઉપર વીંટાયલી વેલી.

પ્રેમાંધી જીવ કોટિધા ઝુરી મરે, પ્રેમાંધના પાસમાં;
આશા નાશ થશે તથાપિ નવ તે, છોડે મહા ત્રાસમાં.
પીડા દેહ સહે તજે ગૃહ તથા, સંસાર સૂનો કરે;
તોએ પ્રેમ પુરો પડે નહિ હૃદે, અંતે દુઃખેથી મરે.[2]
રતિ પતિ ગતિ અતિ અટપટી, યતિ સતિ મનિ હઠ જાય;
ફસે ન નિકસેં કો ચતુર, સબ રાગી યું ગાય.[3]"

* * * * *

પ્રેમના ભેદ અનેક પ્રકારના છે. શરીર બંધારણમાં જેવી નસો આદિના પ્રકાર છે તેમજ પ્રેમમાં પણ વિવિધ જાતના પ્રકાર છે.

સદ્‌ગુણી પુરૂષ ને કુટિલ સ્ત્રી, કુટિલ ધણીની સદ્‌ગુણી સ્ત્રી, સાવકી મા અને સમજુ બાળક, કાચા કાનનો પિતા અને તેનો પુત્ર, ગુણવાન મિત્ર અને કૃતઘ્ની સ્નેહી, ઇત્યાદિ અનેક પ્રકારના પ્રેમ છે. એકજ વારના દર્શનથી ઉપજતો મોહ, નીતિમય પ્રેમ ભુસતાં પ્રાણીઓ, શુદ્ધ અને ખરા પ્રેમમાં નષ્ટ થતાં મનુષ્યો, દયાથીજ દ્રવતાં-દાઝતાં પ્રેમાળ જીવ, રૂપ ઉપરથીજ મોહતાં, સમગુણ, વય અને વિદ્યાથીજ ઉપજતા પ્રેમમાં તલ્લીન, વાણી ઉપરજ મરી ફીટનારાઓ, આશા ઉપરજ કુદતાં પ્રાણીઓ, ભક્તિની ઉમેદ,

---

1 ગીતિ. ૨. શાર્દુલવિક્રીડિત ૩ પ્રેમરસ.

કીર્તિના લોભી, લક્ષ્મીના લાલચુ, સંતતિના અભિલાષી-ભુખ્યાં, વગેરે સંકળનાએ જોડાયલાં પ્રેમાંધ પ્રાણીઓનો પ્રેમ, એવા એવા અનેક પ્રકાર તે પ્રેમ ?

દશરથ અને કૈકેયીનો પ્રેમ, રામ ને લક્ષ્મણનો પ્રેમ, જગદેવ અને ઉદયાદિત્યનો પ્રેમ, ધ્રુવ અને કુમતિનો પ્રેમ, રાવણ અને વિભિષણનો પ્રેમ, હિરણ્યકશ્યપુ અને પ્રહ્‌લાદનો પ્રેમ, સુદામાજી અને શ્રીકૃષ્ણનો પ્રેમ, કૌરવ પાંડવનો, ભરતજીનો શ્રી રામચંદ્ર પ્રત્યેનો, પ્રહ્‌લાદ અને નૃસિંહનો, કૃષ્ણ અને ગોપીઓનો, સુભદ્રા અને અર્જુનનો પ્રેમ, રૂક્ષ્મણી અને શ્રીકૃષ્ણનો પ્રેમ, સીતા અને શ્રી રઘુવીરનો પ્રેમ, સાવીત્રી અને સત્યવાનનો પ્રેમ, ઇંદ્રજીત અને સતિ સુલોચનાનો પ્રેમ, નળ અને દમયંતિનો પ્રેમ, ઇંદ્રિ અને અહલ્યાનો પ્રેમ, તારા અને બૃહસ્પતિનો પ્રેમ, ચંદ્ર અને રોહિણીનો, શૃગી અને રંભાનો, શાકુન્તલા અને દુષ્યન્તનો, મંદલેખા અને પુંડરિકનો, કાદંબરી અને ચદ્રાપીડ, સાનુમતિ અને વિશ્વામિત્રનો પ્રેમ, એમ ઘણી જાતના પ્રેમ દિગ્અંધ પ્રાણીઓ, જળના કીડા જળમાંજ શમે, છાણના કીડા છાણમાંજ મરે અને ભક્તિપ્રેમી જીવો સ્વર્ગમાંજ મોક્ષ પામે, તેમ મનસ્વી પ્રેમીજનો પ્રેમમાંજ પોતાનું જીવન પુરૂં કરે છે.

ભ્રમર અને કુંજલતા, પતગ અને દીપક, સર્પ અને મુરલી, ચાતક અને વર્ષા, ચંદ્ર અને ચકોર, હારળ અને લાકડું, જળ અને માછલું, કમળ અને સૂર્ય, કુમુદની અને ઉડુરાજ; એમ પરવશ પડેલાંઓ પ્રેમ દોરીથી ખેંચાઈ પોતાની ખુવારીજ કરે છે!

હા, પ્રેમ સિવાય કંઈ ચીજ નથી! પ્રેમ વિના સંસાર સુનો સદ્-નિસ્તેજ કેવળ અંધકારમય લાગે છે. પ્રેમ વગર કોઇ જીવી શકતું નથી, પ્રેમ વિના સુખ દુઃખ મળતું નથી, પ્રેમ વિના મોક્ષ નથી, પ્રેમ એ સંસારના સુખ દુઃખ રૂપી મોજામાં ધસડાવાનો-તણાવાનો-ખેંચાવાનો મછવો છે!

" ઘાયલના દુઃખને રે કાયર તે શું પ્રીછે?
અજ્ઞાની લ્હે નહિ રે, રતિની ગતિ શી છે?
નીમ સર્વે નાસેરે, જ્યારે પ્રેમ તે વ્યાપે;

મોટી મન મોહિનીરે, બીજું પ્રીતિથી ન મળે.
પણ જડ જુવો લોઢુંરે, ચમકને દેખી ચળે."[1]

કૃષ્ણના પ્રેમમાં ગોપીઓએ પણ કહ્યું હતું કેઃ—

" ઉધ્ધવ સ્નેહ તણું દુઃખ સગપણથી અધિક ગણુંરે લોલ;
અનુભવિનું અંતર જાણે, મુખડે શું ભણુંરે લોલ. "[2]

તેથીજ કવિ કહે છે કે—

" પ્રેમ કે પંથ નહિ પરનાં, પરે મનસે નહિ ડરનાં;
લાજકા ઝાઝ ડુબા દેના, ઝહાંનમેં બદનામી લેના. "

* * * *

લગભગ મધ્ય રાત્રિ થવા આવી. પાંચ છ ગાઉ કપાઈ ગયા. હજુ રસ્તો વિકટ આવવાનો હતો. રાત્રિ અંધારી હતી. ચંદ્રોદય થવાને વાર હતી. જંગલમાં ઉગેલાં ઝાડોથી અને વધી ગએલી ડાળીઓના એકત્ર થવાથી અંધારામાં અંધારૂં થયું હતું. થાક પણ લાગ્યો હતો. આગળ અંધારામાં ચાલતાં હવે ડર લાગવા માંડયો. પ્રિતમના મુખ દર્શનની આશાભરી પ્રભાવતી જોશમાં ને જોશમાં, વિચારમાં ને વિચારમાં, અનેક સંકળના ગુંથતી ચાલી આવી હતી. હવે તેના પગે આગળ ચાલવું અટકાવ્યું, એટલે વિશ્રાંતિ માટે, એક એકેલા ઘાટની પથ્થરની બાંધેલી વાવના ગભારામાં બેઠી. થોડી વાર તે ત્યાં બેસીજ રહી. બાકી રહેલી રાત્રિ નિર્ગમન કરવા અથવા ચંદ્રોદય થયે આગળ વધવાના વિચારથી તે ત્યાં બેઠી. વિચારમાં ને વિચારમાં પ્રિયતમને મળવા માટે ઉત્સુક બનેલી–અધીરી બાળાને ચંદ્ર દર્શન થયાં. પોતાના પ્રિયજનના વિચાર આગળ વધ્યા, અને પોતાના હૃદય-ચંદ્રને સંદેશો કહાવતી હોય તેમ ગણગણવા લાગીઃ—

" જઈ કહે સંદેશો મારા શ્યામને—
કુમુદનાથ! જઈ કહે સંદેશો મારા શ્યામને.[3]
ટળવળે છે પ્યારી, જળ વિનાની માછલી જયમ,
મરણ પામશે તજી વિરામને, કુમુદનાથ! જઈ કહે—૧

---

૧ પ્રેમપરીક્ષા. ૨ દયારામ. ૩ શ્યામરંગ સમીપે ન જાવું–એ રાહ. દેલવાડાકૃત.

વૃંદથી વિખુટી કરી હરણીને વને જો,
ક્યાં જઇને લેય તે આરામને-કુમુદનાથ! જઈ કહે—૨

વન વિસારી પ્રિતમ શોધવા ગઇ કોયલડી,
ભૂલી પડી માર્ગ તુ બતાવને, કુમુદનાથ! જઈ કહે—૩

રહેમ હીણુ થા ન, જા તું પ્રેમી! પ્રાણ છોડી,
પ્રેમ ઘા લગાવ્યો તે રૂઝાવને-કુમુદનાથ! જઈ કહે—૪

"રૂઝાવને, રૂઝાવને, પ્રેમ ઘા લગાવ્યો તે રૂઝાવને." એ છેલ્લી કડી બે ચાર વખત બોલતી બોલતી અશ્રુ સારવા લાગી. કુમુદનાથને પોતાનો સદેશો કહેવા વિનવતી હોય તેમ વિલું મો કરી પ્રભાવતી ચંદ્ર સામું જોઇ રહી હતી, અને જોડેલા બે હાથ ઉપર પોતાનું શીર વારવાર નમાવતી હતી.

પ્રભાવતીએ પોતાનો નાસી જવાનો સકેત ગવૈયાને જાણુવા દીધો ન હતો. ગવૈયાના હાલનચાલન ઉપર તેને શક આવ્યો હતો. તેને પોતાના પિતાનો ખાસ માણુસ તે સમજતી હતી. ગવૈયાએ પણુ તેવું વર્તન રાખ્યું હતું અને રાજવાડામાં પ્રિય થઇ પડયો હતો. પ્રભાવતી ઉપરથી કાળજી-પૂર્વક રખાતી દેખરેખ તેના આવા વર્તનથીજ દૂર થએલી હતી, પરંતુ ગવૈ-યાએ પોતાનાં ખાસ માણુસો-મરદના વેશમાં પોતા સાથે આવેલી પ્રભાવતીની પહેલાંની દાસીઓ-ને ફરતાં રાખ્યાં હતાં, તે દ્વારાએ પ્રભાવતીના અલોપ થયાના સમાચાર મળ્યા. ગવૈયાએ પોતાનો સામાન ઉઠાવ્યો અને પ્રભાવતી-ની પાછળજ પથે પડયો. જંગલમાં ચદ્રોદયના સુમારમાંજ, કુમુદનાથને વિન-વતી પ્રભાવતીને પકડી પાડી. તેને ખુબ ગભરાવી નાંખી. આખરે પોતે જે માગે તે આપવાનું વચન લીધું. તે પ્રભાવતીનો વળાવો થયો, અને બાપ્પાની હજુરમાં નમન કરી પ્રભાવતીને રજુ કરી.

પ્રકરણ ૩૭ મું.

લગ્ન અને વાસ્તુશાંતિ.

यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ॥

" તન મન વચને કર્મે, વહેવું બ્હેનિ નિત્ય અહી નીતિ;
પતિવ્રત પ્રેમે પાળી, પતિસહ જાવું આ જગને જીતી.
પ્રમાદ સત્વર ટાળી, ખાળી મનનો વિષય પ્રતિનો પ્રેમ;
શરણું પ્રભુનું સ્હાવું, પ્રાણાંતે પણ ના તજવો એ નેમ. "*

સ્થળે સ્થળે મંગળસૂચક રક્તપર્ણની પતાકાઓ ચઢાવવામાં આવી છે. પ્રત્યેક સ્થળે આમ્રપર્ણોનાં અને આસોપાલવનાં તોરણો બાંધી દીધાં છે. હારિત ઋષિ જ્યોતિષવિદ્યામાં પ્રવીણ હોવાથી તેમણે શુભ મુહૂર્ત્ત અને શુભ ઘટિકા જોઇને લગ્ન દિવસ વદ ૧૩ એટલે શાંતિના પ્રથમ દિવસે કરવાનું નક્કી કર્યું હતું. સર્વત્ર વિવિધ વાદ્યોના નાના પ્રકારના ધ્વનિ થવા લાગ્યા. બાપ્પાના આગ્રહથી અને હારિત ઋષિની અનુમતિથી નાગદાના સોલંકી રાજા અને તેમનાં ધર્મપત્નીને બોલાવી લાવવામાં આવ્યાં. તેમના આવવાથી બાપ્પા અને પ્રભાવતીનાં લગ્ન પ્રસંગે ઘણીજ અનુપમ શોભા મળી. મહારાજાધિરાજ પણ સ્વારી સાથે આવી પહોંચ્યા. બાપ્પા એ ઇડર નરેશ નાગાદિત્ય મહારાજનો કુંવર છે, એ સાંભળી તેમને વધારે આનંદ અને આશ્ચર્યનો ભાવ થયો. સોલંકી રાજાના હર્ષની સીમા રહી નહિ. પોતાને ત્યાં ગોવાળ જેવો રહેલો, એજ ઇડરપતિનો પુત્ર છે અને ચિતોડાધિપતીનો મૂછનો વાળ છે એ જાણતાં તે હર્ષે ગાંડો થયો !

* સ્વ. સૌ. વિદુષી ગોદાવરીબાઇ કૃત અદ્વૈતાનંદિનિ કાવ્ય.

"મેં આપને ઓળખ્યા નહિ, તેથી ઘણો દીલગીર છું. હું આપની જોઇએ તેવી બરદાસ્ત કરી શક્યો નહિ, માટે ક્ષમા આપશો." સોલંકી રાજાએ બાપ્પાને કહ્યું.

"રાજાજી! આપ પુજ્ય છો. હું અનાથ હતો તે સમયમાં આપે મને જોઇતી સગવડ આપી છે. દીલગીર થવાનું કંઇજ કારણ નથી."

"અમારી ભૂલને માટે ક્ષમા માગું છું, પિતાજી!" પગે પડી પ્રભાભાવતીએ કહ્યું.

"દીકરી! સર્વ નશીબાનુસાર બનેજ જાય છે."

"પિતાજી! મારાં માતા મને......" પ્રભાવતી રડી પડી.

"દીકરી! હર્ષ સમયે શોક શો?"

"પણ કહો, પિતાજી! મારાં માતા મને ક્ષમા આપશે?"

"હા, જરૂર એ પણ પાછળ આવે છે. જોષિજીનો જોષ ખરો પડયો જણાય છે."

સોલકી રાણી આવી પહોચ્યાં. મા દીકરી બંને મળ્યાં. પુત્રી પગે પડી રોઈ પડી.

"એ મારી દીકરીજ નથી" એવું કહેનારી રાણીને માતૃ પ્રેમે ભૂલાવી. પગે પડેલી દીકરીને હાથ ઝાલી ઉઠાડી અને છાતી સરસી દાબી.

"બેટા! તેં બહુજ ખોટું કર્યું."

"હા, માડી! પણ—"

"પણ શું?"

"મને દૈવ્યે ભૂલાવી."

"દૈવ્યને શેનો દોષ દે છે? ઇશ્વર જે કરે છે તે સારૂં જ કરે છે. આપણા કર્મનો વાંક હોય તેમાં ઇશ્વરને માથે શા માટે દોષ મૂકવો?"

"માડી! મારી ઉદ્ધતાઇમાં હું ભૂલી પડી." પ્રભાવતી રોઇ પડી. ડુસકાં ખાવા લાગી.

"બેટા! રડ નહિ. તારા પિતા તારૂં શ્રેયજ કરશે."

"શું?"

"તારૂં યોગ્ય સ્થાને લગ્ન કરશે. તને મનોવાંચ્છિત વર મેળવી આપશે."

"માડી !—."

"બોલ બેટા બોલ ગભરાઇશ નહિ. તારા મનનો ખુલાસો કર."

"મેં લગ્ન કર્યું છે. હું મનથી વરી ચુકી છું."

"કોને ? કોની સાથે લગ્ન કર્યું ? ક્યારે કર્યું ?" ઉપરા છાપરી અનેક સવાલ થયા.

"કોની સાથે ? આપણે ત્યાં જે ગોવાળ તરીકે અધિકારી હતા તેમની સાથે."

'ગોવાળ ?"

"હા માડી એજ."

"એક ગોવાળીઆ સાથે તારૂં લગ્ન ! હું કેમ જોઇ શકીશ ? મારે પેટે પત્થર અવતરી હત તો ઠીક થાત." કહી માએ પુત્રીને ધકકો માર્યો.

"માડી સર્વ થઇ ગયું. એ ગોવાળ નહિ પણ, ગોપાળ નિવડયા. એક રાજપૂત ફરજંદ નિવડયુ, અને મહારાજા નાગાદિત્યના કુંવર નિકળ્યા."

"પણ તારા પિતા તે કબૂલ કેમ રાખશે! બેટા તું ઠગાઇ છે. નાગાદિત્યનો કુંવર તો આ દુનિયામાં છેજ નહિ. એ તો બિચારો ક્યારનોએ હતો નહતો થઇ ગયો છે. કોઈ દુષ્ટે તેનુ ખોટું નામ ધારણ કર્યું હશે."

"માડી, તું આ તારી આશાભરી દીકરી ઉપર કોપ કરતા પહેલાં વિચાર તપાસ કર, અને પછીથી જે શ્રાપ દેવો હોય તે દેજે."

"મેં તને સ્વચ્છંદ વર્તવા દીધી એજ મારી ભૂલ થઈ છે. લાડકવાયી ધારી તને લાડ લડાવ્યાં એ મારીજ મુર્ખાઈ, અને તેનું ફળ હુ અત્યારે જોઉં છું. દીકરીઓને સ્વતત્રતા આપનારાઓ ! જો જો ! સંભાળજો !"

"મા, મા, 'નશીબાનુસાર સર્વ બને છે.' એ બોધ મને આપેજ આપેલો તે કેમ ભૂલો છો ?"

"રોહિણી ક્યાં છે ?"

"હુ શું જાણું !"

"તે આમાં સામેલ હોવીજ જોઇએ. તો તે ક્યાં છે ? તે તું જાણતી પણ હોવી જોઇએ."

"ના, માજી!"

"પેલો ગવૈયો?"

"તેની પણ મને શી ખબર!"

"તમે બંને સાથેજ નાઠાં છો."

"ના, હું એકલીજ નીકળી હતી."

"ક્યાં જવા?"

"જ્યાં નશીબ દોરી જાય ત્યાં."

"એટલે?"

"ઈશ્વર ઉપર શ્રદ્ધા અને નશીબ ઉપર ચીઠ્ઠી રાખી હું નીકળી હતી."

"પણ કયાં જવા?"

"આ જ આશ્રમે ઘણું ખરૂં આવવા."

"અહીંઆં આવવાનું કારણ?"

"પ્રેમ"

"કોની સાથે?"

"મનથી માનેલાની સાથે."

"હજુ ચબાવલા વેડા કરે છે કેમ?" રાણી ગુસ્સે થઇ ગઈ. આંખો રાતી થઇ. રૂવાં ઉભાં થયાં, અને "જા દુષ્ટા, તારૂ—"

"બસ, શાન્ત થાઓ." એકદમ સોલંકી રાજાએ આવી આગળ બોલતી રાણીને અટકાવી. "તમારા ગભરાયલા આત્માને ધીરજ આપો. સાહસ કરવાનું કામ નથી."

સોલંકી રાજાએ સર્વે હકીકત જણાવી. રાણી શાંત થયા. સમજ્યાં, અને પ્રભાવતીનાં લગ્ન મોટી ધામધૂમથી થયાં. હારિત ઋષિએ લગ્નક્રિયા પુરી થતાં આશીર્વાદ આપ્યો કે—

"રાજ્ય તારૂં શ્રેષ્ઠ થાજો, વિસ્તરો કીર્ત્તિ વિશ્વમાં;
રહો છાઇ સર્વે તું માં, તારકો જેમ સૂર્યમાં."

શ્રી એકલિંગજીના દેવાલયની શાંતિ માટે હારિત ઋષિએ પુષ્કળ સાધુસંતને આમંત્રણ કર્યું હતું. ઠાઠમાઠથી અને આનંદથી કાર્ય પુરૂં થતાં

સર્વેએ આ નવિન જોડાને આશીર્વાદ આપ્યા. આદિ ગોરખનાથ પણ આ પ્રસંગે ખાસ પધાર્યા હતા. તેમણે પોતાના મંત્રબળથી સિદ્ધ કરેલી યશસ્વી બેધારી તલવાર બાપ્પાને બક્ષીસ કરી અને તેને વાપરવાના મંત્રો શીખવ્યા. મુસલમાનોને આર્યાવર્તની બહાર કાઢવાનો ઉપદેશ કર્યો અને તેમાં "તને જય મળશેજ" એવો આશીર્વાદ દઈ કહ્યું કેઃ—

"તારૂં કલ્યાણ થાઓ. મારે હવે કહેવાનું એટલુંજ છે કે રાજ્ય કરવું એ ઘણુંજ કઠિન કામ છે, પરંતુ હું સહજ કહું છું એટલું જ જો ધ્યાનમાં રાખીશ તો તારૂં ઉત્તરોત્તર કલ્યાણ થશે અને કીર્ત્તિ વધશેઃ—

"પિતા પેરે પ્રજાને તું, સ્નેહથી નિત્ય પાળજે,
રાજ્યવૃદ્ધિ પ્રજા સ્નેહે, અવિશ્વાસે વસે ન તે.
પ્રજા કેરૂં હીત ચિત્તે, રાખશે રાય ધીર જે,
પ્રજા સંગે રહ્યો રાજા, જેમ આત્મા શરીર છે.
રાય પોષે પ્રજાને તે, પ્રજા પોષે છે રાયને,
યોગ્યથી અધિકું ઇચ્છે, અપ્રિય દુઃખી તે બને.
સુમાર્ગે સંચરી જાતે, સુમાર્ગી કરજે પ્રજા,
સુમાર્ગે છે સુખ સર્વે, ધર્મની ધરજે ધ્વજા.
જાણજે સમાન સર્વે, રાજ્યના નીમ બાંધજે,
તોડતાને દંડ દેજે, સન્નિધે મંત્રી સાંધજે.
સદ્દગુણી પંડિતો શિરે, રાજ્યનાં કાર્ય નાખજે,
તથાપિ સર્વમાં દૃષ્ટિ, ચતુરાઇથી રાખજે."

"આપની અમૂલ્ય શિક્ષાનો લાભ લીધા વિના હું કદી નહિ રહું." બાપ્પાએ બે હાથ જોડી નમન કરી કહ્યું.

એજ સમયે દેવી વાઘેશ્વરીએ બાપ્પાને એક બખ્તર આપ્યું, અને તે ઉપરાંત કામઠું, ભાલો, બરછી અને તરવાર ભેટ આપ્યાં.

અંતમાં સર્વેએ મળી પ્રભુ પ્રાર્થના કરીઃ—

"હે દેવ મંગળ દયા નિધિ વિશ્વનાથ,
આરાધિયે પ્રભુ અમે સહુ જોડી હાથ;

· પ્રેમે તમારૂં જપિએ શુભકારી નામ,
સર્વે કુટુંબ મળીને કરિએ પ્રણામ.
સર્વે તમારૂં પ્રભુ મંગળ છે વિધાન,
પ્રેરો સદા સુમતિ સત્ય કૃપા નિધાન;
પામે નહિ કદિ દયા પ્રભુની વિરામ,
સર્વે કુટુંબ મળિને કરિએ પ્રણામ.
સંતાન બાળ અમે સૌ ચરણે તમારે,
માતા પિતા શું કહિએ તમને વધારે,
જાણી સમીપ તમને પ્રભુ સર્વ ઠામ;
સર્વે કુટુંબ મળીને કરિએ પ્રણામ.
આશીષ મગળ સદા જગદીશ દેશો,
અર્ચા અમારિ ઇશ્વિર ઉર માનિ લેશો;
આપો તમારૂં પ્રભુ સન્નિધ પુણ્ય ધામ,
સર્વે કુટુંબ મળિને કરિએ પ્રણામ."

હે વિશ્વેશ મહાધિરાજ તમને, પાયે અમે લાગીએ,
કૌટુંબીજન મિત્ર સર્વ મળિને, પાપ ક્ષમા માગીએ.
સત્કર્મો સુચવી કૃપા કરિ તમે, પાપૌઘને કાપશો,
બધુ પ્રીતિ, દયા, ક્ષમા, ધૃતિ ગુણો, સ્વામી સદા આપશો. *

અન્તમાં:-

" ભજો એક ઓમકાર આનંદકારી,
પંચ વિષયને દૂર વિદારી.
ભજો એક ઓમ્કાર આનંદકારી.
ગુણ કર્મ જેનાં અનંત અપાર છે, અવિગત ને અવિકારી;
સંત મહંત સ્વરૂપ જે શોધે, ધ્યાન હૃદયમાં ધારી.
ભજો એક ઓમ્કાર આનંદકારી.

---

* પ્રા. મા.

અજર અમર એ અખડ અનુપમ, અદ્દ્ભુત માયા પ્રસારી;
પાલક પોષક રક્ષક ભક્ષક, વિવિધ લીલા વિસ્તારી.
ભજો એક ઓમ્‌કાર આનંદકારી.
વેદશ્રુતિ જેનો ભેદ ન જાણે, ગાય ગુણો લલકારી,
કાન તેનું નિત્ય જ્ઞાન મેળવવા, વૃત્તિ તણાય છે મારી.
ભજો એક ઓમ્‌કાર આનંદકારી.

* * * *

શ્રી એકલિંગજીનું સ્તવન કરી સંત મંડળી વેરાઈ ગઇ.

શાન્તીની શાન્તી થઈ. જંગલમાં મંગળ થયું. લગ્ન નિર્વિઘ્ને પસાર થયું. સોલંકી રાજાએ પોતાને પુત્ર સંતાન ન હોવાથી ભવિષ્યમાં પોતાનું રાજ્ય પ્રભાવતીને દાયજામાં આપવાનું વચન આપ્યું. સર્વે પથે પડયા.

સ્વચ્છ આકાશમાં બીજનો ચંદ્ર ઉગ્યો છે. સર્વે જણ બીજના ચંદ્રનાં દર્શન કરવા ઉત્સુક થઈ રહ્યાં છે. બાપ્પા અને પ્રભાવતી બંને મંદિરની અગાસીમાં ઉભાં છે. તેમનું ધ્યાન આકાશમાં ઉગતા બીજના ચંદ્ર દર્શન કરવા તરફ છે, એટલામાં એક મનહર સ્ત્રી તે જોડા તરફ ધીમે પગલે આવે છે. તે સ્ત્રી નજીક આવી. બને જણ આ સ્ત્રીને જોતાંજ બોલી ઉઠયાં:–" કોણ રોહિણી ? " " સખી રોહિણી. "

" હા, હુંજ હતભાગી રોહિણી. "

" તુ અહિં ક્યાંથી ? "

" મને એક સૂર્યવંશી બાળકે મોહમાં નાંખી હતી. "

" એવો તે કયો બાળક ? "

" અમારા રાજાને ત્યાં ગોવાળ રૂપે રહ્યો હતો, પરંતુ એકાએક કાંઈ કાર્ય નિમિત્તે અદૃશ્ય થયો હતો તે. "

" તેનું નામ જણાવશો ? "

" તેનું નામ ? તેમનું નામ ! " બાળા બોલતાં શરમાઈ ગઇ.

" મને કહેતાં શરમ આવતી હોય, તો આ તમારી સખીને કહો. "

" શરમ ? "

"હા."

"જેને આ દેહ અને જીવ અર્પણ કરતાં શરમ ન આવી, તેનું નામ દેતાં કોણ જાણે કેમ શરમ આવે છે?" પ્રભાવતી તરફ જોઇ રોહિણીએ કહ્યું.

"બ્હેન! આપણી હિંદુ સ્ત્રીઓ પતિનુ નામ લેતાં શરમાય છે."

"ઠીક. પણ હું નામ દઉં તો તમે મને હસશો નહિ ને? સ્ત્રીને પતિ એજ પ્રભુ છે, અન્ય પ્રભુની જરૂર નથી. નિરાકાર પ્રભુનું નામ દેતાં, તેને સ્તવતાં પાતક નાશ પામે તો સાકાર પ્રભુને ભજતાં, તેનું નામ દેતાં કેમ કલ્યાણ ન થાય?"

"થાયજ બ્હેન."

"સાંભળો ત્યારે, જે મારા પ્રભુને મેં આ દેહ અર્પણ કર્યો છે તે આ તમારીજ સાથે ઉભેલા છે તેજ, અને તેમનું નામ **બાપ્પા રાવળ.**"

"રોહિણી એ સર્વ નકામું છે. મેં તારીજ સખી સાથે હમણાં લગ્ન કર્યું છે." બાપ્પાએ કહ્યું.

"હા, હું તે જાણું છું. મેં જોયું છે અને તેમાં મારોજ હાથ છે."

"તો હવે?"

"હવેજ ખરી કસોટીનો પ્રસંગ છે. રજપૂતો અને તેમનાં બાળકો વચન ભંગ થતાં નથી. વચન પાળવા માટે જીવની દરકાર રાખતાં નથી."

"વચન!"

"હા, વચન અને તે આપે આપેલું છે તેમ આ મારી પ્રિય સખીએ પણ વચન આપ્યું છે."

"ક્યારે? કોને?"

"રૂપરામને, ગવૈયાને."

"રૂપગામ ક્યાં છે? મેં કેવું વચન આપ્યું છે?" બાપ્પાએ કહ્યું:-

"બોલાવ ગવૈયાને. મે પણ કેવું વચન આપ્યું હતુ? તેમાં તારૂં નામ પણ નહતું." પ્રભાવતીએ કહ્યુંઃ

"હું જે માગું તે આપવું." એવું વચન તમે બંને જણે રૂપરામને આપ્યું હતુ કે નહિ?"

" હા, પણ તે રૂપરામને આપ્યું હતું."

" હા રૂપરામનેજ. હું ક્યાં કહું છું કે આ રોહિણીને આપ્યું હતું."

" રૂપરામને બોલાવું ? "

" હા. "

" ઠીક ત્યારે, રૂપરામને મોકલું છું." કહી રોહિણી અદૃશ્ય થઇ.

રોહિણી નિરાશ થયા પછી પુરૂષ વેશ ધારણ કરી બાપ્પાની પાછળ ભટકવા વિચાર કરી તરતજ સજ્જ થઇ હતી. મોરીવંશના પરમારાધિપતીના હાથીને મસ્ત થએલો જોઇ પોતાની નિરાશામાં હાથીના પગ તળે ચગદી મરવાના ઇરાદે તે તરફ દોડી આવી, હાથીનું ધ્યાન પોતા તરફ દોરવા તે સંગીત ગાવા લાગી. ઇશ્વરેચ્છાથી હાથી શાન્ત થતો જણાયો. અને તેને યશ મળવાનો હોવાથી હમેશ બાપ્પાની પાસેજ રહેવાનું થયું. રૂપરામના રૂપમાં બાપ્પાને અનેક રીતે મદદ કરતા થઇ પડી. પ્રભાવતીને મેળવી આપવાની લાલચ આપી "તે જે માગે તે આપવા" બાપ્પા પાસેથી વચન લીધું. અને તેવુંજ બીજું વચન પ્રભાવતી પાસેથી પણ ગવૈયાના રૂપમાં જંગલમાં વાવ પાસે મેળવી શકી હતી. બંનેનો પ્રેમ સંપાદન કરી લીધો હતો, અને બંને જણ રૂપરામનાં ઋણી હોય તેમ કરી શકી હતી. તેમ છતાં હજુ સુધી ઓળખાઇ નહોતી !

રોહિણી અગાશીમાંથી અંદરના ભાગમાં ગઇ. રૂપરામનો વેશ પોતે ઉપર પહેરી લીધો, અને આ નવીન જોડા પાસે નમન કરી ઉભી.

" રૂપરામ ?" બાપ્પાએ તેને વગર ઓળખેજ પૂછ્યું.

" જી, મહારાજ." બનાવટી રૂપરામે ઉત્તર આપ્યો.

" તમે મારી પાસે વચન લીધું હતું. તે હવે માગો. હું આપવા ખુશી છું. તમે જાણો છો કે તમારૂં વચન લેતી વખતે રોહિણી સંબંધી કંઇ વાત થઈ નહતી. "

" હા મહારાજ. "

" તમેજ ગવૈયા હતા કે ?" પ્રભાવતીએ પૂછ્યું.

" હા, રાણીબા. "

" મારે પણ મારૂં વચન પાળવું જોઇએ. રૂપરામ ! તમારે ને રોહિણીને શો સંબંધ છે ? તમારો ચહેરો મને તદ્દન રોહિણી જેવો લાગે છે.

નાગદામાં પણ તમને જોઇ હુ રોહિણીને યાદ કરતી હતી. કૃપા કરી તમારો ઇતિહાસ હરકત ન હોય તો કહેશો ?"

"મહારાજ, હુ રૂપરામ એજ રોહિણી છું ! આપને લલચાવવા મેં ઘણા યત્નો કર્યા તેમાં હુ નિષ્ફળ નીવડી ! આખરે મસ્ત હાથીના પગ તળે ચગદાવાના હેતુથી પુરૂષ વેશ ધારણ કરી ત્યાં આવી, પરંતુ તેથીજ મારો ભાગ્યોદય થયો અને આપ બંનેને છેતરીને વચન મેળવી શકી છું."

પ્રભાવતી રોહિણીને બાઝી પડી. બંનેએ પોતાનુ વચન પાળ્યું એ કહેવું નિરર્થક છે. રોહિણીનું બાપ્પા સાથે લગ્ન થયું. બને સખીઓ બે બ્હેનો પ્રમાણે વર્તવા લાગી.

" જેવી રીતિથી પુષ્પ વાસ તિલમાં, સ્થાયી થઇ જાય છે,
નિરાકાર સુગુણ આવી ગુણીમાં, આકારી દેખાય છે;
વિવેકી ગુણગ્રાહી તે અત્તરની, તે મસ્તકે વાસના,
સત્પાત્રો ગુણ નિરખી સહ્વત બને, ધન્યાંગી સહ્વાસના."

પ્રકરણ ૩૮ મું.

ચિત્તોડગઢ.

गढमें चितोडगढ, और सब गढैयां।
रानी तो कमलावती, और सब गधैयां॥
ताल तो भोपाल ताल, और सब तलैयां।
राजा तो [illegible], और सब रजैयां॥

ચિત્તોડગઢનો ખરો અર્થ, ચિત્તોડ એજ ગઢ એવો થાય છે. ચિત્તોડ ગામ મેવાડ દેશમાં એટલે ઉદયપૂર સંસ્થાનમાં છે અને તે તેજ નામથી પ્રસિદ્ધ એવા એક જીલ્લાનું મુખ્ય સ્થાન છે. હાલનું

ચિત્તોડ ગામ, રેલ્વે ઉપર એ નામનું જે સ્ટેશન છે તેનાથી પશ્ચિમે આશરે બે માઇલ ઉપર અને કિલ્લાના ડુંગરનાં પગથીઆં આગળ વસેલું છે. વચમાં નદી ઉપર દશ કમાનોવાળો એક પુલ આવે છે, જેને રાણા લક્ષ્મણસિંહના પુત્ર અરસીએ-અરિસિંહે-બાંધ્યો હતો એવી આખ્યાયિકા છે. અલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડ ઉપર તેરમા સૈકાના અન્તમાં[1] સ્વારી કરી ઘણો ઘાણ કાઢી નાંખ્યો હતો ! તે સમયે ત્યાં અરિસિંહ રાજા રાજ્ય કરતો હતો. ચિત્તોડ કબ્જે કરી, ચૌદમા સૈકાની શરૂઆતમાં,[2] ખીજરખાનને ચિત્તોડગઢ ઉપર રાખી અલ્લાઉદ્દીન દીલ્લી ગયો. ચિત્તોડગઢનું નામ તેણે પોતાના પુત્ર ખીજરખાનના નામ ઉપરથી ખીજરાબાદ રાખ્યું હતું. દશ કમાનવાળો પૂલ ખિજરખાંએ બાંધ્યો હતો એમ પણ કેટલાક કહે છે, અને તે વાસ્તવિક અને સંભવનીય, તેમજ અધિક સંયુક્તિક લાગે છે, કેમકે એ કમાનમાં ચાર ખંડિત શિલાલેખો છે અને તે શિલાલેખો અસલી જૈન મંદિરના હોય તેમ જણાય છે. એક હિંદુ રાજા, જૈન ધર્મ પોતે ન માનતો હોય અથવા તે ધર્મ ઉપર પોતાને ગમે તેટલો તિરસ્કાર હોય, છતાં દેવાલય તોડી નાંખી તેના લેખો ફાવે તેમ તોડી ફોડીને પુલના કામમાં વાપરે, એ બિલકુલ સંભવતું નથી ! હિંદુ રાજાએ પૂલ બાંધ્યો હોય અને તે અધુરો રહ્યો હોય અથવા તો તેને સમરાવી હિંદુ લોકોને ચીડવવા મુસલમાનોએ ગમે તેમ કર્યું પણ હોય! ગમે તેમ હોય પરંતુ એ પૂલ જોવા લાયક છે, અને ચિત્તોડ જતાં તેને ઓળંગવો પડે છે.

પૂલ ઓળંગી પેલી બાજુ જતાં ડુંગરનાં પગથીઆં આગળ અર્વાચિન વસેલું ચિત્તોડ ગામ આવે છે. જુના સમયમાં ચિત્તોડ જ્યારે મેવાડની રાજધાની હતું ત્યારે તે વખતનું શહેર, રાજમહેલ, બજાર, વસ્તી અને ઘરો વગેરે સર્વ કાંઈ કિલ્લામાંજ હતું, અને હાલના ચિત્તોડ ગામમાં ફક્ત નાનું સરખું

---

૧ ઇ સ ૧૨૯૦ કે તે અરસામાં ૨. ઇ. સ. ૧૩૦૩

૨ નાટકના અંકની માફક ચિત્તોડગઢના પણ ત્રણ અંક થયા છે. એટલે ચિત્તોડને ત્રણ વખત બાળી તેની ભસ્મ બનાવવામાં આવી હતી ! આ પ્રથમ પડદો છે. અલ્લાઉદ્દીનની આ ચઢાઇ પ્રથમ ભસ્મીભૂત ચિત્તોડની દુઃખદ યાદગીરી છે !

હાટ—બજાર હતું, તેથી એને તલહટ્ટ—તળેટી એવું કહેતા. હાલના ચિત્તોડની પૂર્વ બાજુએ—કાંઇક દક્ષિણ તરફ એટલે અગ્નિ ખુણામાં કિલ્લા ઉપર જવાનો માર્ગ છે. પગથીઆં આગળનો દરવાજો 'પાડળપોળ' થી ઓળખાય છે. થોડેક દૂર આગળ જતાં બે દરવાજા આવે છે. જેમાંના એકનું નામ 'ભૈરવપોળ' અથવા 'ફુટા પોળ' છે, અને બીજાનું નામ 'હનમાન પોળ' છે. ભૈરવપોળ ઘણો ભાગી તુટી હાલતમાં છે તેથી તેને ફુટાપોળનું ઉપનામ આપ્યું હશે એવું અનુમાન થાય છે. આ બંને પોળો—દરવાજા વચ્ચે ઉપર જતાં જમણી બાજુએ બે [1]છત્રીઓનો દેખાવ છે. એ છત્રીઓ પૈકી એક બેદનોરના રાવ[2] જયમલની અને બીજી જયમલ રાવના કલ્લા નામના સગાની છે. એ બંને જણ અકબર બાદશાહ સામેના યુદ્ધમાં[3] માર્યા ગયા હતા. હનુમાન પોળથી આગળનો રસ્તો દક્ષિણ દિશા તરફ જાય છે. ત્યાં ગણેશ પોળ અને જોરલા પોળ એવા બે દરવાજા છે. ત્યાંથી ઉત્તર તરફ એ રસ્તો વળે છે, જ્યાં 'લક્ષ્મણપોળ' અને કિલ્લાનો છેલ્લો દરવાજો 'રામ પોળ' છે.

ચિત્તોડગઢ એ એક લાંબા ઉંચા ડુંગરપર વસ્યો છે, જે આજુબાજુના પ્રદેશથી ૪૦૦ ફુટ ઉંચાઈ ઉપર આવેલો છે. ડુંગરની લંબાઇ લગભગ સાડા ત્રણ માઇલ અને પહોળાઇ દોઢ માઇલ જેટલી છે, અને ઘેરાવો આઠ માઇલ જેવડો છે. તેમાં ઘાડાં જંગલો અને ભયંકર અરણ્યો છે તથા ત્યાં વ્યાઘ્રાદિ હિંસક પશુઓ રહે છે. આ ઉપરથી ગઢ ઘણો મજબૂત અને દૂર્ગમ જણાય છે. દક્ષિણ બાજુએ ફક્ત ૨૦૦ ફુટ ઉંચાઇ છે, અને કિલ્લાના ડુંગરથી ફક્ત ૧૫૦ યાર્ડ દૂર એક ટેકરો[4] આવેલો છે, જેથી કિલ્લા ઉપર

૧ સમાધિસ્થાન. ૨. પહેલા વર્ગના જાગીરદારોને મેવાડમાં 'રાવ' કહેવામાં આવે છે. ૩. ત્રીજીવાર ભસ્મિભુત ચિતોડ. સને ૧૬૫૮ ૪. અલ્લાઉદ્દીન ખીલજીએ એજ ટેકરાના બળથી કિલ્લો લીધો હતો એવી આખ્યાયિકા છે કહે છે કે બાદશાહે એ ટેકરો જાણી જોઈને કરાવ્યો હતો. પ્રથમ એકેક માટીની ટોપલીનો એક એક પૈસો અને પછીથી મોટો ઢગલો થયે દરેક ટોપલીનો રૂપીઓ અને ચઢતે ચઢતે દરેક ટોપલીની એકેક મોહોર એ પ્રમાણે દશ વર્ષ સુધી ટોપલીઓ નંખાવી માટીનો મોટો ઢગલો કરાવ્યો હતો. તેજ આ ટેકરો છે.! અને એજ ટેકરાએ ચિત્તોડગઢનું સત્યાનાશ વાળી નાંખ્યું!!

હલ્લો કરવો એ સહેલું થઇ પડે છે.

સલુંબરના રાવે બંડ કરી આ કિલ્લો પટકાવ્યો ત્યારે ઉદેપૂરના રાણાએ મહાદજી સિંધિઆની મદદ માગી હતી સિંધિઆએ દક્ષિણ બાજુએ ટેકરા ઉપરથી તોપોનો મારો ચલાવી ચિત્તોડગઢ સ્વાધીન કર્યો હતો.

કિલ્લાની અંદરની ઇમારતો ભવ્ય અને જોવા લાયક છે તે જોકે હાલ તો ખંડિએર હાલતમાં છે! 'બડા કીરથંભ'[1] રાણા કુંભાએ ઇ. સ. ૧૪૫૮ માં બાંધ્યો હતો. ઘુમટ સિવાય બાકીનું કામ જુનું છે. થોડાં વર્ષો પૂર્વે ઘુમટ ઉપર વીજળી પડી હતી, અને ઘુમટને નુકશાન થયું હતું. તેથી હાલનો ઘુમટ મહારાણા સ્વરૂપસીંગે ફરી બાંધ્યો એમ કહે છે. એ કીર્તિસ્થંભ* જમીનની સપાટીથી ૧૨૦ ફુટ ઉંચો છે, એને નવ તબક અથવા માળ છે. પ્રાચીન કારીગરોની કારીગરી આ તબકો અંદર તથા બહારથી પ્રેક્ષકના હૃદય ઉપર સારી છાપ પાડે છે, જે આધુનિક પાશ્ચાત્મિક કારીગરી કરતાં અતિ શ્રેષ્ઠ અને મનહર છે. એ કારીગરો ગયા અને તેમની કારીગરી પણ તેમની સાથે જ નાશ પામી! એ હિંદનું ઓછું હતભાગ્ય નથી! હિંદી કારીગરોએ પોતાની સર્વ કળા વાપરી બતાવેલી હોવાથીજ તેમનો જલદીથી અંત આવ્યો જણાય છે કારણ કે આજે તેવી કળા નથી! આ અંતને માટે જૂદે જૂદે સ્થળે જૂદી જૂદી આખ્યાયિકા ચાલે છે, પણ અત્રે તે

---

૧. કીર્તિસ્થંભનો અપભ્રંશ છે.

* આ કીર્તિસ્થંભ માટે ટાડ સાહેબ કહે છે કે,—

The only thing in India to compare with this is Qutub Minar at Delhi, but though much higher it is of very inferior character." (એની સાથે તુલના કરવા જોગ જે એક વસ્તુ છ તે દીલ્હીનો કુતુબ મીનાર છે, તથાપિ જો કે તે ઘણો ઉંચો છે છતા અતિ નિકૃષ્ટ પ્રતિનો છે.)

આધુનિક શિલ્પ શાસ્ત્ર પારંગત ફર્ગ્યુસન સાહેબ પણ એના વિષે લખે છે કે,—"A pillar of Victory, like that of Trojan at Rome, but in infinitely better taste as an architectural." (રોમમાં ટ્રોજન બાદશાહીના સ્થંભ સરખો આ એક જયસ્થંભ છે, પરંતુ શિલ્પશાસ્ત્ર દૃષ્ટયા તેનાં કરતાં શતધણા ઉત્તમ એવાં રમણીય તત્વોથી કલ્પીને આ સ્થંભ બનાવ્યો છે.)

સાથે સંબંધ નથી. કીર્તિસ્થંભના દરેક માળમાં હિંદના ઉપાસ્ય દેવતાઓની નાની મોટી મૂર્ત્તિઓ કોતરેલી છે, અને તેમાં પણ મહત્વની વાત એ છે કે દરેક દેવતાની મૂર્ત્તિઓ નીચે તેમનાં નામ લખેલાં છે.

આ સ્તંભને સાતમે માળે એક લેખ છે. તેમાં તેના સમાપ્ત કાળનો ઉલ્લેખ દર્શાવ્યો છે. " મહારાજાધિરાજ શ્રી કુંભકર્ણ[1] એનો મહામેરૂ શ્રી કીર્ત્તિસ્તંભ જે સમાધીશ્વરના મંદિર સાથે સંબંધ ધરાવે છે. તે સંવત્ ૧૫૧૫માં સમાપ્ત થયો, અને આ સ્તંભ જયતા નામના સૂત્રધારે[2] નાપા, પૂંજા તથા પોમા એ પોતાના ત્રણ પુત્રો સાથે તૈયાર કર્યો." એજ માળમાં જઇતા અને તેના છોકરાઓની મૂર્ત્તિઓ પણ કોરેલી છે અને સુતારને માપવાના ગજનું ચિત્ર પણ આપ્યું છે.

છેક છેલ્લા એટલે નવમા માળમાં કેટલાક ગોખલા છે, પરંતુ તેમાં ફક્ત બેજ ગોખલામાં બે શિલા પટ્ટીઓ હયાત છે, જેના ઉપર શ્લોકો કોતરેલા છે. પહેલી ઉપર ૧-૨૮ અને બીજી ઉપર ૧૬૯ થી ૧૮૭ આંક છે. વચલી પટ્ટીઓ નાશ પામેલી હોય તેમ જણાય છે કેમકે પહેલી આરંભની છે અને છેલ્લી જે હયાત છે તે ૧૮૭ આંક વાળી છે. એ લેખમાં ગુહિલવંશના મૂળ પુરૂષ બાપ્પા રાવળથી રાણા કુંભ સુધીની વંશાવળી આપેલી છે. છેલ્લી જે હયાત છે તેમાં ફક્ત કુંભારાણાનું જ ચરિત્ર છે. ગુજરાતના અને માળવાના મુસલમાન સુલતાનોએ એક સંપ કરી રાણા કુંભાનો નાશ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ જય તો કુંભાનેજ મળ્યો. એ જયના સ્મારકમાં રાણાએ આ સ્તંભ કર્યો જણાય છે.

કુંભા રાણાએ બંધાવેલો કુંભમેરૂ જોવા લાયક છે, તેમજ તે બંધાવેલા સમાધીશ્વરના મંદિરનું અને નંદી મંડપનું શિલ્પકામ જુનું અને પ્રેક્ષણીય છે. મંદિરના જુના લેખ ઉપરથી જણાય છે કે તે પ્રથમ બારમા સૈકામાં બંધાયું અને પંદરમા સૈકામાં કુંભાના પિતા રાણા મોલકે તેનો પુનરૂદ્ધાર કર્યો. સમાધીશ્વરના મંદિરના [3]ગર્ભગૃહમાં મહાદેવનુ લિંગ છે, અને તેની પાછળ એક પ્રચંડ ત્રિમૂર્ત્તિનું શિલ્પ ગર્ભગૃહની ભીંતમાં કોતર્યું છે.

---

૧ કુંભોરાણો. ૨ સુતાર. ૩ ગભારામાં ૪ ઝવાહર-ઝવલાગ.

મંદિરથી થોડે અંતરે નૈઋત્ય દિશામાં એક ગાઢી છાયાવાળા વડની નીચે બે કુંડો છે, જેને ગૌમુખ કહે છે. પૂર્વ બાજુએ ડુંગરોમાંનું પાણી કુંડોમાં આવે છે અને તે ત્યાંજ એક ઊંડી ભયંકર દરીમાં પાછું પડે છે. દરીની ઉત્તરે એક જુનો પડેલો દરવાજો છે. જે જુના ડુંગરોમાં કોરી કાઢેલી ગુફાઓનો દરવાજો હતો એમ કહેવાય છે. એ ગુફાને "રાણી ભોંયરું" કહે છે. આજ ગુફામાં જોહર કરવામાં આવતો. અલાઉદ્દીન, અકબર વગેરે બાદશાહોએ જ્યારે જ્યારે કિલ્લાને ઘેરા ઘાલ્યા ત્યારે ત્યારે કિલ્લો છોડી શત્રુ ઉપર તૂટી પડયા પહેલાં રાણાઓ પોતાની રાણીઓ વગેરે સર્વ સ્ત્રીઓને આ ભોંયરામાં મોકલાવી દેતા, અને ત્યાં ચિતા સળગાવી એ સ્ત્રીઓ અગ્નિને પોતાના પ્રાણની આહુતીઓ આપતી તેને "જોહર" એવી સંજ્ઞા આપતા.

ચિતોડગઢ પર કાલિકા માતાનું સૌથી જુની પદ્ધતિનું દેવળ છે. ત્યાંનું કોતર કામ, થાંભલા, ગભારાના બહારની ભીંતો વગેરે વેરૂળના કૈલાસ અથવા ઇન્દ્રસભાને ભુલાવે છે. એ કામ આઠમા સૈકાનું છે અને બાપ્પા રાવળે દીવ બંદરના રાજાની કુંવરીના માટેજ એ દેવળ બંધાવેલું કહેવાય છે. તેમાં ગભારાના બહારના ગોખલામાં સૂર્ય અને તેના સપ્તાશ્વની મૂર્ત્તિ છે, તેમજ ગભારાની ગણેશપટ્ટી ઉપર સૂર્યની પ્રતિમા છે. એ દેવળ સર્વથી ઉંચા ટેકરા ઉપર પૂર્વાભિમુખે બાંધેલું છે. એ સિવાય પદ્મિનીનો મહેલ, શૃંગાર ચાવડી વગેરે જોવા લાયક છે.

આવા ઇતિહાસ સ્મરણીય, રજપૂત જાતિના વંદનીય ચિત્તોડગઢ-પ્રાચીન ચિત્તોડ-ઉપર આઠમા સૈકામાં પરમારાધિપતી રાજ્ય કરતા હતા. બાપ્પારાવળ-ઇડરના ભિલ્લોની સામે લડાઇમાં મરાયલા ઘેલોટી-ગોહિલવંશી રાજા નાગાદિત્યનો અનાથ બાળક બાપ્પો, ભિલ્લોની ટોળીમાં રખડતો-ભટકતો એક બાળક-મૃત્યુના મુખમાંથી ઉગરેલો અને બ્રાહ્મણના સાત્વિક પોષણમાંથી પોષાઇ ઉછરેલો પણ સિંહનો બાળ, સિંહણનું દૂધ ધાવેલું રત્ન, કર્માનુસારે ઉચ્ચ પદ્દી પામતો ગયો.

> " નાગણનાં સો બાળકો, પણ સિંહણનું એક;
> હજાર તારામાં શશિ પણ તે ટેકજ ટેક. "

લગ્ન થયા પછી શ્રી એકલિંગજીના મંદિરનું કાર્ય આટોપી બાપ્પા

ચિત્તોડ આવ્યો. ત્યાં તેને રાજા અને અન્ય સામંત વર્ગથી સારો આવકાર મળ્યો. રાજાએ પણ લાયકી જોઈ તેને પહેલા વર્ગનો સરદાર બનાવ્યો અને સારી જાગીર આપી. આગળ જતાં બાપ્પો ચિત્તોડનો રાજા થયો. આખા રજપૂતાનામાં પ્રાચીન અને નિષ્કલંક એવું જે એકજ કુટુંબ મનાય છે, તે સીસોદીઆ અથવા ગોહિલ એ નામે પ્રખ્યાત છે. એજ કુટુંબનો બાપ્પા મૂળ પુરૂષ હતો. એ રાજકુટુંબમાંના રાજવીરોએ કરેલી મુસલમાનો સાથેની લડાઇઓ, તેમાં બતાવેલું અપ્રતિમ પરાક્રમ, પોતાના જીવની બેપર્વાઇ, શરણે આવેલાને અભયદાન આપવું, વગેરે જે અનેક ગુણો પ્રકટ કર્યા તે જગપ્રસિદ્ધ છે. એવો એક પણ ભાટ કે ચારણ નહિ હશે કે જે ચિત્તોડાધિપતિનાં યશોગાન ગાતો નહિ હોય. એ યશોગાનના શ્રવણથી ખરા રજપૂતોની તેમજ તે જાતમાંથી ફુટેલા અન્ય વર્ગોની મુખચર્યા એકદમ બદલાઇ જાય છે, તેમની ચિત્તવૃત્તિ ગંભીર થાય છે, તેમનાં બાહુ સ્ફુરણ પામે છે. આ ચમત્કાર હજુ પણ જોવામાં આવે છે. બાપ્પાના વંશજોને કેટલાક કાળ સુધી બાપ્પાના ઉપનામથી બોલાવવામાં આવતા હતા.

પ્રકરણ ૩૯ મું.

રાજ્ય-પ્રાપ્તિ.

"જશ જગમાંહિ ગવાય, જિવતર એવું આપજે;
નહિતર ઓ જગરાય, તરત દોરિ તું કાપજે.
જશ તેને છે જીવ, જશ વિણ પુરૂષો પૂતળાં;
જશ વિણ જીર ન શીવ, દેહ-દરજિ! આ ખોળિયે."*

સંપત્તિથી છકી ગએલાં માણસો સર્વ પ્રાણીને તુચ્છ ગણતાં શીખે છે! "મારા જેવો આ વખતે કોઇજ નથી" એમ ગણી તેઓ મનના શહેનશાહ બને છે! આવા માણસો સર્વદા ખુશામતી-

* પ્રતાપ નાટક. ગ. રા. ભટ્ટ સોરઠા.

આને ચહાય છે. તેમનાં વખાણ તેમને મોઢેજ કરે ત્યારે તેઓ અતિ પ્રસન્ન થાય છે! હિતોપદેશનાં વચન તેમને કડવાં ઝેર જેવાં લાગે છે! "મારાથી સર્વ પ્રાણીઓ નીચાં છે, મારૂં મકાન કેવું ઉંચું અને સુંદર છે! મારી આબરૂ કેવી સારી છે! મારી બરોબરી કોણ કરી શકે એમ છે! મારી પાસે અતુલ સંપત્તિ છે. હવે મારે બીજાની દરકાર નથી! બધા કંગાલ છે!" એમ વારંવાર તેમના મનમાં આવે છે. પાપિણી તૃષ્ણા શરીરને તપાવે છે. તે એકાગ્ર વૃત્તિ થવા દેતી નથી. ચિત્તને ચળાવે છે. મનને ભમાવે છે!

બાપ્પા જેમ જેમ પરમાર રાજાનો માનીતો થતો ગયો, તેમ તેમ બીજા સરદારો તેના ઉપર દ્વેષ કરવા લાગ્યા. તેની એકદમ ચઢતી તેઓને જોઈ ઈર્ષ્યા આવી. એ સમયમાં કાબુલ તરફથી પરદેશી દુશ્મનો ચિત્તોડ ઉપર ચઢી આવ્યા. તેમની સામે જવા પરમાર રાજાએ પોતાના સરદારોને કહ્યું. બાપ્પાને ઉચ્ચ પદ્દી આપવાથી સરદારો રીસાયલા હતા. તેમણે દુશ્મન સામે જવા ના પાડી, એટલુંજ નહિ પણ "તમારા વહાલા અને લાડકા બાપ્પાને મોકલો" કહ્યું. દરેકે પોતાને આપેલી જાગીરો રાજાને દબાવવા છોડી દીધી.

જુવાન બાપ્પા દુશ્મનો સામે જવા તૈયાર થયો. એક નાની ઉમ્મરનો જુવાન લઢાઇમાં જવા તૈયાર થએલો જોઈ સરદારોને શરમ આવી. જાગીરો છોડી દીધી હતી છતાં આગળ જતાં બાપ્પાના સૈન્યને મળ્યા. બાપ્પાએ તુમુલ યુદ્ધ કર્યું, તેમાં દુશ્મનો હાર્યા અને મેવાડની હદ છોડી નાસી ગયા. બાપ્પા તેમની પુંઠે પડયો અને ઠેઠ ગીજની સુધી તેમને નસાડી તેમનો ઘણો નાશ કર્યો! ગીજનીમાંથી સેલીમ નામના જંગલી મુસલમાન સરદારને હાંકી કાઢી ચાવડા જાતના એક સરદારને ગાદીએ બેસાડયો.[1] ઇ. સ. ૭૨૬.

ચિત્તોડના નારાજ થએલા સરદારો, જે ચિતોડ છોડી ચાલ્યા ગયા હતા, તેમને સમજાવવા રાજાએ રાજગુરૂને તેમજ તેના દૂધભાઇને એલચી તરીકે મોકલ્યા હતા. સરદારોએ માન્યું નહિ, અને જવાબમાં કહેરાવ્યું કે: "રાજાનું નિમક ખાધું છે, તેથી અમે અમારૂં વેર એક વરસ ક્ષમા કરીશું, પણ અમે હાલ તો ચિતોડમાં પગ દેવાના નથી." ખરેખર, રજપૂતોએ એ વચન

૧. એવું કહેવાય છે કે બાપ્પા આ વખતે પોતાના દુશ્મનની કન્યાને પરણ્યો.

પાળ્યું. તેઓ બાપ્પાને આગળ જતાં મળ્યા અને દુશ્મનોને હરાવી પાછા આવ્યા.

બાપ્પાને નાની વયમાં આવો પરાક્રમી અને હુશિયાર જોઇ તેઓ તેને અંતઃકરણપૂર્વક માન આપવા લાગ્યા. બાપ્પા કાબુલથી પાછો આવ્યો ત્યારે રાજાએ તેને વધાવી લીધો. ચિત્તોડની પ્રજાએ તેના ઉપર મોતી અને કંકુનો વરસાદ વરસાવ્યો સરદારો એક થઇ ગયા. તેમણે મોરી વંશના આ વૃદ્ધ રાજાને પદભ્રષ્ટ કર્યો અને બાપ્પાને ગાદી ઉપર બેસાડયો. ઇ. સ. ૭૨૮. સર્વાનુમતે બાપ્પાને "હિંદનો સૂર્ય," "રાજાનો ગુરૂ" અને "સાર્વભૌમ રાજા" નો ઇલ્કાબ આપ્યો. આ સમયે બાપ્પાની ઉમર ફક્ત ૧૫ વર્ષની હતી.

દુશ્મનોના યુદ્ધ પ્રસંગમાં બાપ્પાની મંડળી સાથે જ હતી. સાહસી, લડાઇમાં મુસલમાનોના મુખ્ય સરદાર મહમદના હાથે મરાયો, અને મરતાં મરતાં તેણે પણ મહમદને પાક પરવરદિગારની હજુરમાં પોતાનાં કાળાં કૃત્યોનો હિસાબ આપવા મોકલી દીધો ! મુસલમાનો પાસેથી બાપ્પાએ સિંધ પ્રાંત જીતી લીધો અને ત્યાં સાહસીના બાળ પુત્રને ગાદી ઉપર બેસાડી રાજમાતાને તેની વાલી નીમી બાલાને ત્યાંનો સેનાપતી અને બાળ રાજાનો સંરક્ષક નીમ્યો.

આ જીત પછી થોડે વખતે બાપ્પા સૌરાષ્ટ્રમાં ગયો. ત્યાંના ઇસુપગોળ નામના દીવ બંદરના રાજાની પુત્રી સાથે તે પરણ્યો. ચિત્તોડ પાછા જતાં તે પોતાની સ્ત્રીની વ્યાન માતાની પ્રતિમા ચિત્તોડ લઈ ગયો અને તેની ત્યાં શ્રી એકલિંગજી જેટલી પૂજા કરવા લાગ્યો. જે દેવળમાં આ બેટ નિવાસી માતાની પ્રતિષ્ટા કરવામાં આવી છે, તે દેવળ ચિત્તોડના શિખર ઉપર હજી સુધી ઉભેલું છે. વ્યાન માતાની મૂર્તિ એ જ કાલિકાદેવીની મૂર્તિ હશે. કારણ કે ત્યાં કાલિકાદેવીનું મંદિર હજી હયાત છે.

ઉપસંહાર.

" અવિચળ જશ જગમાહિ જેનો વ્યાપિ રહ્યો,
હિમાચળ પેઠે ઉંચો ગયેલો આકાશ છે;
મૂળ જેનાં પાતાળની પાર ગયા મહીમાંથી,
સૂર્ય જેવો **સીસોદિયા**—કુળનો પ્રકાશ છે."

* * * *

" નદિનાં શુભ ગંગ, તથા નૃપકુળ પવિત્ર રઘુકુળ શાખ અશી,
તરૂમા સુરવૃક્ષ, વનેચરમાં મૃગરાજની જાત ગણીછ જશી;
ખગમાં પતિ લક્ષ્મીતણા તણું વાહન, ચાહન, હું કહું વાત કશી,
કળિમાં નૃપ અન્ય વિષે ત્યમ છે શુભ **રાવળ** શાખ પવિત્ર તશી* "

ચિત્તોડ ઉપર મહાવીર–મહા પ્રતાપી બાપ્પા રાવળે ક્ષત્રિય રાજ્યનો પાયો દૃઢ રીતે રોપ્યો, અને એ સિંહાસન ઉપર ૩૬ વર્ષ રાજ્ય કર્યું. પોતાનું હિંદનું રાજ્ય હિવની રાણીના પુત્ર અપરાજીતને આપ્યું. બાપ્પાના બીજી રાણીઓના કુંવરો કમનસીબ નીવડ્યા ! જે કુંવરનો જન્મ ચિત્તોડમાં થયો હોય તેજ ગાદી વારસ ગણાતો. એ ન્યાયે અપરાજિતનો જન્મ ચિત્તોડમાં થવાથી તેનેજ ગાદી મળી.

પ્રભાવતીના પુત્રને મોસાળનું રાજ્ય મળ્યું હતું. તેને ચિત્તોડની પરવા ન હતી. રોહિણીને પાંચ પુત્રો હતા. તેઓ મારવાડમાં ગયા, અને 'ખેરની ભૂમિના' (ખેરગઢના) મૂળ વતની ગોહિલ રજપૂતોને કાઢી મૂકી પોતેજ ત્યાંના રણી ધણી થયા. વીર બાપ્પારાવની પેઠે તેમણે પણ બાહુબળ વડે ત્યાં રાજ્ય જમાવ્યું. મારવાડમાં વસેલા ઘેલોટીઓ–એહલોટી પીપારા ઘેલોટીઓ કહેવાય છે.

---

* કવિત. દુમિલાછંદ. પ્રતાપ નાટક ગ. રા. ભટ્ટ.

અપરાજીતના મોટા ભાઇનું નામ આસિલ હતું. તે દ્વારકાં પાસે પરમાર જાતના કાલીઆઓના રાજા કાબાની પુત્રીને પેટે જન્મેલો હતો. આસિલે સૌરાષ્ટ્રનો કબજો મેળવ્યો અને આસિલા ગેહલોટી નામની જાતની સ્થાપના કરી. તેના વંશજો એટલા બધા હતા કે અકબરના રાજ્યમાં પણ ૫૦ હજાર ઘેલોટી લડાઇમાં લાવી શકાયા હતા ! વીર બાપ્પાનું લોહી જ્યાં ત્યાં વીરત્વ, શૂરત્વ બતાવી રાજ સ્થાપના કરતું અને વીર હાક !

નાગદ્દાના ગ્રેહલોટીની સંખ્યા વધતી જવાથી તેઓ ટોળા બંધ ગુજરાતમાં ઉતરી પડયા. તેઓ આગળ જતાં ગામની પટેલાઇ લેતા ગયા. અને મુલક કબ્જે કરતા ગયા. તેમના વંશજોને તેમના કુળની યાદગીરી આપવા માટે ભાટ ચારણો તેમને "બાપ્પા" ના ઉપનામથી બોલાવતા. ગુજરાતમાં વસતા પટેલો, લેઉવા પાટીદારો, જેઓને હજુ પણ "બાપા" કહેવામાં આવે છે તે આ વંશના છે. ગરાસ કમી થતો ગયો તેમ તેમ તેઓ જમીન સુધારવા લાગ્યા અને આખરે ખેડૂત વર્ગમા ભળ્યા.

ગુજરાતમાં ક્ષત્રિય નામ–શબ્દ–લોહી નાબુદ થયું છે અને રાજપુત્રો મટીને તેને બદલે રજપૂતો–રજપુતો થયા છે ! કાર્યાનુસાર જાતિ બંધાઇ અને જાત ઠરી, માત્ર સંજ્ઞા રહી ગઇ છે. પાટીદાર–પાટીવાળા અથવા પટેલાઇવાળા ક્ષત્રિય વર્ગ, પોતાને પટેલજ કહેવા લાગ્યા અને કુર્મી રજપૂતોની સાથે ભળી જઇ આખરે પોતાને લેઉવા (લવ કુળમાંથી ઉત્પન્ન થએલા) પટેલ એ સંજ્ઞાથી ઓળખાવા લાગ્યા. યુદ્ધ સમયમાં પોતાના વડીલ કે રાજાને મદદ કરતા અને સ્વધર્મ સાચવવા કેસરીઆં પણ કરતા ! ધર્મ અને કર્મ ભૂલેલા એ ક્ષત્રિય વર્ગે કૃષિ કર્મ સ્વીકાર્યું–પસંદ કર્યું. આવક ઘટવા છતાં અસલી ઉદાર વૃત્તિ, ધર્મ ઉપર શ્રદ્ધા, આશ્રિતનું રક્ષણ કરવાનો ઉમદા ગુણ, ખર્ચાળુ લગ્ન પદ્ધતિ, સાહસપણું, અને વીરત્વતા હજુ પણ તેમનામાં જેમનાં તેમ કાયમ રહેલાં છે ! સમયાનુસાર જોકે તેમાં કેટલોક ફેરફાર થતો ગયો છે પરંતુ પાટીદારોના એ ગુણો, સૈકાના સૈકા જશે પણ તદ્દન નાબુદ તો નહિ જ થાય !

વંશ વૃદ્ધિને લીધે રાજ્યના ભાગ પડયા. જાગીરો વહેંચાઇ ગરાસ મળ્યા. તેના પણ ટુકડા થયા. ભાગે આવતી જમીનની પણ વહેંચણ થઇ અને

ક્રમે ક્રમે નાના જમીનદાર થયા. રામ ઘટયા અને કુસંપ વધ્યો! ક્ષત્રિય લોહી નસેનસમાં વહેતું હોવા છતાં–ટેક ને નેક જાળવવા છતાં–પરબ્રહ્મને મેળવવાની આશામાં તણાયા.

કાકુ શેઠને કરણીનાં ફળ મળ્યાં. હુન લોકોએ–પરદેશી લુટારાઓએ–જેઓને તેમણે ગુર્જરદેશ જીતવા બોલાવ્યા હતા, અને પોતાને પૈસે જેઓને આશ્રય આપ્યો હતો, તેમણે તેનું ઘર પણ લુટવામાં બાકી રાખ્યું નહિ. તેની એકની એક લાડકવાયી પુત્રી તેને તજી, મહારાજાધિરાજ વલ્લભી· પતિના સૈન્યાધિપતિ અને એક વખતે કાકુ શેઠના માનીતા થઇ પડેલા પંચા· દાસની સાથે પલાયન કરી ગઇ! દુઃખાન્તે કાકુ શેઠને માલમ પડયું કે ગર્વ કોઇનો રહ્યો નથી અને રહેવાનો પણ નથી! અધર્મથી મેળવેલો પૈસો ટકતો નથી! અદેખાઇ પોતાનાજ નાશનું ળ છે. કળિયુગમા જ સત્યયુગ છે, આ કળિયુગ નથી પણ કળા યુગ છે, લક્ષ્મી મેળવતાં જે પ્રયાસ કરવો પડે છે, તેના કરતાં વધુ પ્રયાસ તેને સાચવતાંજ કરવો જ જોઇએ, કેમકે એ ચીજ કોઇને ત્યાં અચળ રહી નથી, રહેવાની નથી અને રહેશે પણ નહિ. **यथा कर्म तथा फल** એ નિશ્ચિત છે. ધર્મને નામે પુષ્કળ ધનનો વ્યય, નિંદીત કર્મોનાં ફળસંચિત આગળ નકામો છે. ધર્મનાં ખોટાં ધતિંગથી મોક્ષ, કૈવલ્યપદ કે નિર્વાણ મળવાનું નથી, પણ માત્ર સત્કર્મથી જ મળે છે. આ જગત્‌માં જનસમૂહ જેને વંદનિય માને છે, તેજ અમર છે, તેજ અક્ષય છે. એ અ· મરતા અથવા અક્ષયતા એનુંજ એક નામ મોક્ષ છે.

કાંસકીના મોહપાશમાં પડેલી અને કાંસકી રૂપી કૃત્યાએ ફસાવેલી મહારાજાની કુંવરીનાં લગ્ન વિજયસિંહ સાથે કરવામાં આવ્યાં હતાં. શૂરી રજપૂતાણી પોતાના પતીની સાથે હૂનની સામે યુદ્ધમાં ઉતરી હતી! દૈવે· ચ્છા પ્રતિકૂળ હોવાથી કુંવરી સંસારસુખ ભોગવવા પામી નહિ. વિજયસિંહ યુદ્ધમાં મરાયો અને સતિને શૂર છૂટયું. ઘણા શત્રુઓનો સંહાર વાળી, પતિ અને પિતાના શ્રાદ્ધમાં શત્રુના રકતની અંજલી આપી, અમર આત્મા કરી ગઇ! પ્રભુના ધામમાં પહોંચી ગઇ!

રોહિણી સાથેના લગ્નને બીજે દિવસે મહારાજ બાપ્પા રાવળ, પ્રભા·

વતી અને રોહિણી અગાસીમાં બેઠાં હતાં. બાપ્પા આનંદમાં મગ્ન હતો. ચંદ્રોદયનો સમય થયો હતો. એ સંધિનો લાભ લઈ ચંપા-ધૂર્ત્ત ચંપા-બાલાને ફસાવનારી ભિલ્લ કન્યા એકદમ બાપ્પાને પગે પડી, પોતાનાં કર્ત્તવ્યની ક્ષમા માગી, અને બાલાની સાથે પોતાનું લગ્ન કરાવી આપવા પ્રાર્થના કરી. આ ગોઠવણ સાહસી અને રૂપરામે પ્રથમથીજ કરી મૂકી હતી. રૂપરામ આ સમયે ન હતો પરંતુ રોહિણી હાજર હતી અને રાજાનું અંગ થઈ પડી હતી. સર્વેની ઇચ્છાનુસાર બાપ્પાએ તેમના લગ્ન કરી આપ્યાં. દાયજામાં તેમને ઇડરગઢની સરદારી વ શપરંપરા આપી. ઇડરના ભિલ્લ રાજાને-બાલાના સસરાને-બંધન મુક્ત કરવામાં આવ્યો. તેની ઇચ્છા પ્રમાણે તેને ગામની પટલાઇ આપી.

હારિત ઋષિએ પોતાનો સ્વર્ગ ગમન કાળ નજીક આવેલો જાણી બાપ્પાને ચોક્કસ એક દિવસે પોતાની પાસે ગુહામાં હાજર થવા ફરમાવ્યું હતું. પરંતુ બાપ્પાને ત્યાં જતાં મોડું થઈ ગયું. ઋષિજી તો વખતસર વૈમાનમાં બેસી અંતરિક્ષમા જવા લાગ્યા. એટલામાં બાપ્પા ત્યાં જઇ પહોંચ્યો. ઋષિએ પોતાના વૈમાનનો વેગ ઉંચે જતાં કમી કર્યો અને બાપ્પાનું શરીર કદમાં વધે તેવું કર્યું, પરંતુ બાપ્પો વૈમાનને પહોચી શક્યો નહિ, ત્યારે ઋષિએ તેને પોતાનું મોં ઉઘાડવાનું કહ્યું. મો ઉઘાડતાંજ ઋષિએ પોતાનું ચર્ણામૃત તેના મોંમાં નાંખ્યું, પણ બાપ્પાએ તે મોમાં પડવા દીધું નહિ તેથી તે પગ ઉપર પડયું. આ અનાદરથી બાપ્પા અમર થતો અટક્યો, પણ માત્ર તેને વજ્ર સરીખુ શરીર પ્રાપ્ત થયુ ઋષિ તરતજ અદૃષ્ય થયા.

સુશર્મા અને તેમનાં વૃદ્ધ પત્ની બાપ્પાનો ઉદય બહુ જોઈ શકયાં નહિ. રાજ્યારોહણને બીજેજ વર્ષે પતિપત્ની સ્વર્ગે સિધાવ્યાં. બાપ્પાએ પોતાના રક્ષકની ભસ્મ એકઠી કરી તેજ ભસ્મ ઉપર સિદ્ધેશ્વર મહાદેવનું દહેરૂં ચણાવ્યું. બાપ્પા જ્યાં સુધી ચિતોડની ગાદી ઉપર રહ્યો, ત્યાં સુધી દરરોજ પ્રાતઃકાળમાં એ સ્થળે દર્શન કરવા જતો. એ નિયમ હજુ તેના વંશજોએ પણ ચાલુ રાખ્યો છે. ધન્ય છે એ ટેકને!

ચિત્તોડનું રાજ્ય મળ્યા પછી અન્ય દેશી રાજાઓને શેહ આપવા પોતાનું રાજ્ય છોડી બાપ્પારાવ-મેવાડનો સૂર્ય-ઇરાન તરફ ગયો. અહીં આવી

તેણે ઇરાન, ઇસ્પહાન, કંદહાર, કાશ્મીર, તુરાન, કાફરીસ્તાન વગેરે દેશો જીતી, ત્યાંના રાજાઓને સખ્ત રીતે પરાજય પમાડયા અને તેમની કન્યાઓનું પાણી ગ્રહણ કરેલું કહેવાય છે! તેઓથી તેને ૧૦૦ છોકરાં થયાં. તેઓ નોશેરા પઠાણ કહેવાયા. કેટલાકની જાત તેમની માતા ઉપરથી થઇ હતી એમ પણ કહેવાય છે.

હિંદમાં તેની હિંદુ રાણીઓથી ૯૮ છોકરા થએલા કહેવાય છે. તેઓ આસી ઉપાસી–સૂર્યવંશી, કહેવાતા.

સમસ્ત જગતમા વીરત્વ બતાવી ચક્રવર્ત્તિ રાજ્ય ભોગવ્યા પછી વીર બાપ્પા રાવળનું અવસાન થયું. બાપ્પાનું મૃત્યુ સો વર્ષની ઉમરે થયું હતું* તેના મૃત શરીર માટે રૈયત અંદર અંદર વઢી મરી. હિંદુ લોકો એના શબને અગ્નિ સંસ્કાર કરવાનું કહેતા અને મુસલમાનો એને દાટવાનું કહેતા. આવા વાદવિવાદને સમયે તેના શબ ઉપર ઓરાડેલી ચાદર આપોઆપ ઉંચી થએલી જણાઇ, અને પુષ્પોની સુવાસ આવી! આ ઉપરથી ચાદર ઉપાડી જોતાં ખરેખર શબની જગાએ અસંખ્ય કમળફૂલ જણાયાં! એ ફૂલ ચિત્તોડમાં માનસ–સરોવરમાં વાવવામાં આવ્યાં અને હિંદુ મુસલમાનની તકરાર શાંત પડી. હારિત ઋષિનો અનાદર જો થયો ન હોત તો બાપ્પા રાવળ અમરજ થાત, અને હિંદના ભવિષ્યમાં કંઇક ઓરજ નામના કરી જાત! આવા કર્મવીર, દૈવીવીર, મહાપુરૂષોને અનેક નમન હોજો!

સમાપ્ત.

---

* ઇરાનના રાજા નોશિરવાનના સંબંધમાં પણ આવુંજ વર્ણન આપેલું છે. દેલવાડાના સરદારના સંબંધના ઇતિહાસમાં જણાવ્યું છે કે બાપ્પા, મેરૂપર્વતની તળેટીમાં સાધુ થઈ રહ્યા હતા અને ત્યા તેમણે સમાધિ લીધી હતી, પરંતુ બાપ્પાએ તુર્ક લોકોમાં પોતાના દિવસો પુરા કરેલા એવું માનવામાં આવે છે. ટાડ સાહેબ લિખિત રાજસ્થાનના ઇતિહાસ ઉપરથી જણાય છે કે બાપ્પા પશ્ચિમમાં ગયા હતા અને ત્યાં જઇ મુસલમાનોની પુત્રીઓ પરણ્યા હતા, પરંતુ દૈવીવીર બાપારાવળ જેવો ઋષિ–શિષ્ય એવું ધર્મભ્રષ્ટ કૃત્ય કરે એ માનવા જોગ નથી. કદાચ રાજસ્થાનમાથી ક્ષત્રિય–સ્ત્રીઓ તેઓ સાથે લઈ ગયા હોય અને તુર્ક દેશના રિવાજ પ્રમાણે તેઓને મુસલમાની પોષાક પહેરાવવાથી એવું કહેવામાં આવતું હોય તો તે સંભવિત છે.—લેખક.

साहित्य-सत्कार.

"સસ્તીવાર્તામાળા" ના બદલામાં તથા અભિપ્રાગાર્થે નીચલાં માસિકપત્રો, વર્તમાનપત્રો, તથા પુસ્તકો મળ્યાં છે. જે ઉપકાર સહિત સ્વિકારમાં આવે છે.

પુસ્તકો:—

૨૨. **ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસનાં સદ્વચન**—ચીકણા જાડા કાગળ, મજબૂત પાકું પૂઠું, પૃષ્ઠ ૩૫૬, મુલ્ય ૧-૧૨-૦. મહાત્મા સ્વામીજી શ્રી વિવેકાનદજીના ગુરૂદેવ, ઇશ્વરાવતાર શ્રી રામકૃષ્ણ પરમહંસના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. જેમના શિષ્યે બંગાળામાં-હિંદુસ્થાન-માંજ-નહિ પણ ઠેઠ અમેરિકા સુધી જઇ આર્ય ધર્મની મહત્વતા સમજાવી ત્યાંની ગોરી પ્રજાના હૃદયમાં હિંદુ ધર્મ પર આસ્થા ઉત્પન્ન કરાવી હતી અને જેને પરિણામે દેવી-સિસ્ટર નિવેદિતા જેવી અમેરિકન બાળા તેમની શિષ્યા થઇ, હિંદુસ્થાન આવી આર્યોની સેવા કરવાના પવિત્ર કાર્યમાં ગુંથાઇ હતી. તે ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસે પણ આર્ય ધર્મમાં સમાયલું ઉચ્ચ તત્વ સમજાવી સમસ્ત શ્રોતૃવર્ગમાં નવો યુગ પ્રવર્તાવ્યો હતો. તે એટલે સુધી કે કેશવચંદ્ર-સેન જેવો એક બ્રાહ્મ માર્ગી પણ ભગવાન શ્રી રામકૃષ્ણનાં તત્વો સમજી આર્ય ધર્મ ઉપર અને દેવ દેવીનાં પૂજન અર્ચન ઉપર આંતરિક આસ્થા રાખતો થયો હતો. એ મહા પુરૂષના ધર્મ પ્રચાર વડે અનેક સુધરેલા બંગાળીઓ નાસ્તિક થતા-ખ્રીસ્તી થતા-અટક્યા હતા એટલુંજ નહિ પણ મ્હોટા મ્હોટા અંગ્રેજો પણ મહારાજશ્રીના શિષ્ય હતા. આ પુસ્તકમાં તેમનાંજ અમૃતમય સદ્વચન અને તે વાચકના ત્રય તાપથી તપેલા હૃદયને શાંતિ અર્પે એવું છે. વળી પુસ્તકના વેચાણથી થતો નફો, બનારસના **અદ્વૈતાશ્રમમાં** ઠાકોર શ્રી **રામકૃષ્ણની સેવામાં** વાપરવા માટે બેલુર મઠના ટ્રસ્ટીઓને સોંપવામાં આવનાર છે. મહારાજશ્રીનાં કથામૃતનાં અંગ્રેજીમાં લખાયલા એક ભાગનું આ પુસ્તકમાં ભાષાંતર છે. ભાષાંતરકર્તા રાજકોટના સ્વર્ગસ્થ વકીલ શ્રી કેવળરામ માવજી દવે, બી. એ. એલ એલ. બી. છે. પ્રત્યેક વાંચક બંધુએ આવા વેદાંતના તત્વો

સરળતાથી સમજાવનાર ગ્રંથનો લાભ લેવા અમારી ભલામણ છે, પુસ્તકમાં મહારાજશ્રીની, વિવેકાનંદજીની તથા કર્મવીર મો. ક. ગાંધીની છબીઓ આપવામાં આવી છે. પ્રકાશકઃ બેચર મેઘજી–બુકસેલર–રાજકોટ.

૨૩. **શ્રી શક્તિ ભક્તિરસ પદમાળા:**—ચીકણા કાગળ, જાડું કપડાનું પૂઠું, પૃષ્ટ ૩૯૨, મૂલ્ય રૂ. ૧–૮–૦. આ પુસ્તકમાં આદ્ય શક્તિ જગદમ્બાના પરમ ભક્ત શ્રી વલ્લભ ધોળાનાં તથા તેમના પુત્રાદિકનાં બનાવેલાં શ્રી બહુચરાજી તથા શ્રી અંબાજી વગેરેનાં પદો તથા ધોળ, પ્રભાતિયાં વગેરે કાવ્યો છે. મહાન સાધક ભક્ત શ્રી વલ્લભ ધોળાના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. તેમનાં પદ અને ગરબા સર્વત્ર સુપ્રસિદ્ધ છે.

દેવી ભક્તોએ એક એક પ્રત ખરીદવી જોઇએ. પુસ્તકનો નફો દેવીશ્રીના કાર્યમાં વપરાશે. સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર જગદંબાના પરમભક્ત શ્રી વલ્લભકુળ સપ્તમ પુરૂષ–ભટ સાહેબ અંબાલાલ લલ્લુભાઇ સ્થાપિત ભક્તમંડળ—ઠે. માણેકચોક—**અમદાવાદ.**

૨૪. **કામિની અને કાંચન:**—ભા. ૧–૨–૩. ચીકણા કાગળ, પાતળું કાગળનું પૂઠું પૃષ્ઠ ૩૧૫ મૂલ્ય રૂ. ૧–૦–૦ (પાકા પૂઠાનો રૂ. દોઢ.) શ્રી રામકૃષ્ણ પરમહંસના અમૃતમય ઉપદેશોને આધારે આ સાંસારિક નવલકથાની યોજના કરવામાં આવી છે. અને તે વાંચવા તથા બોધ લેવા લાયક છે. ગુજરાતી સાહિત્યમાં આવી નવલ કથાઓજ બહાર પડવી જોઇએ. સસ્તા સાહિત્યના જમાનામાં આવી નવલકથાઓની કીંમત જેમ બને તેમ ઓછી રાખવામાં આવે તો જનસમાજ તેનો વિશેષ લાભ લઇ શકશે એમ અમારૂં માનવું છે. લેખકઃ રા. રા. છગનલાલ નારાયણભાઇ મૈત્રી. તંત્રી–"વિવેચક" નાંદોદ–(રાજપીંપળા.) એઓએ બીજાં પણ કેટલાંક સારાં નોવેલો લખ્યાં છે.

૨૫. **સુવર્ણકુમારી**—ચીકણા કાગળ, મજબૂત પૂઠું, પૃષ્ઠ ૧૮૫. મૂલ્ય રૂ. ૧–૮–૦ ("ગુજરાતી પંચ" ની સને ૧૯૧૨ની બીજી ભેટ.) આ સાંસારિક–સામાજીક–નવલકથામાં કુશળ લેખકશ્રીએ ધીમે ધીમે પણ યોગ્ય સુધારો કરવાની અને પેટા જ્ઞાતિઓના એકયની આવશ્યકતાનો ઉપદેશ આપવાની ઉત્તમ અને વ્યવહારૂ યોજના બતાવી છે. આવાં પુસ્તકની કિંમત સસ્તી હોય તો

અન્ય જનો પણ તેનો લાભ લઇ શકે. લેખક રા. રા. ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ. પ્લીડર અમદાવાદ. પ્રકાશકઃ "ગુજરાતી પંચ" ઑફીસ—**અમદાવાદ.**

૨૬. **છાલો, પાલો, મરી મસાલો**—ભાગ ૨ જો. ચીકણા કાગળ, પાતળું પૂઠું, પૃષ્ઠ ૧૨૪. મૂલ્ય ૦-૧૨-૦. આ પુસ્તકમાં કેટલાક ઘરગથુ વૈદક દવાઓના ટુચકાઓ આપવામાં આવ્યા છે. દવાઓના ટુચકા લખવામાં વજન વગેરે સ્પષ્ટતાથી લખવું જોઇએ. કેટલાક ઉપાય તો સારા અને તાબડતોબ થઇ શકે એવા છે. કીમત વધુ છે. કેટલેક સ્થળે ભાષા પારસીસાઇ રહી ગઇ છે! શુદ્ધ થવાની જરૂર છે. પ્રકાશકઃ ડી. પી. માદનની કુંપની. કણપીઠ બજાર—સુરત.

૨૭. **પ્રેમ યોગીનાં કાવ્યો**—ચીકણા કાગળ પાતળુ પૂઠું. પૃષ્ટ ૫૮ મૂલ્ય ૦-૫-૦ આ ન્હાનકડા પુસ્તકમાં બોરસદ નિવાસી "પ્રેમયોગી"નાં કાવ્યો છે. પ્રાસ વગરના કાવ્યો વિલાયતી પુષ્પ જેવાં, સુગંધ વગરનાં, જણાય છે! તેમ છતાં કેટલાંક કાવ્યો ભાવપૂર્ણ છે. પ્રકાશકઃ—**શાસ્ત્રી** ચીમનલાલ હરિશંકર ભટ્ટ બોરસદ. (ગુજરાત.)

૨૮. **આશ્વાસનમ્, હૃદયદર્શનમ્, કાવ્યબિંદુ,** આ ત્રણે ન્હાનકડાં પુસ્તકોના કાગળ ગ્લેઝડ, પાતળુ પૂઠું, પૃષ્ઠ ૪૪-૪૮ અને ૬૬ એમ અનુક્રમે છે. મૂલ્ય બે, ત્રણ અને ચાર આના પણ અનુક્રમે છે. આ પુસ્તકોમાં લેખકશ્રીએ પોતાના અનુભવી ઉદ્ગારો લખ્યા છે. ઉપરાંત કેટલાક વ્યાવહારિક કાવ્યો છે. લેખકઃ રા. રા. ઇશ્વરભાઇ ઝવેરભાઇ અમીન. ગ્રામ્ય ન્યાયાધિશ **વસો.** પ્રકાશકઃ રા. રા. મૂળજીભાઇ હરિવલ્લભદાસ કાસરવાળા—**નડીઆદ.**

૨૯. **જ્ઞાનગાડી**—રફ કાગળ, પૃષ્ઠ ६૪, પાતળું પૂઠું, મૂલ્ય ૦-૮-૦. આ ન્હાનકડા પુસ્તકમાં કવિરાજશ્રીએ જ્ઞાનરૂપી આગગાડી રચી તે દ્વારા વાચકને આત્મજ્ઞાનનો બોધ આપવા યત્ન કર્યો છે. કાવ્યો ઉત્તમ છે પણ સારા કાગળો ઉપર સફાઇથી છાપવાં જોઇએ અને મૂલ્ય પણ કંઇક સસ્તું જોઇએ. આવા નૈસર્ગિક કવિવરોનાં કાવ્યોના મ્હોટા ગ્રંથો છપાય તો વાંચક વર્ગ ઉપર ઉપકાર થાય. **લેખક તથા પ્રકાશકઃ કવિરાજશ્રી વ્રજલાલ રણછોડજી બ્રહ્મભટ્ટ મુ. વિજાપુર. (ગુ.)**

૩૦. **મયૂરધ્વજ**—(આખ્યાન.) કાગળ ચીકણા, પૃષ્ઠ ૪૦, પૂઠું પાતળું, મૂલ્ય ૦-૪-૦. આ ન્હાનકડા પુસ્તકમાં ભક્તરાજ મયૂરધ્વજનું ટુંકમાં આખ્યાન લખ્યું છે. વાંચવા લાયક છે. પુસ્તકના પ્રમાણમાં મૂલ્ય વિશેષ છે પણ પુસ્તકનો નફો શ્રી રાંદેર ઔદિચ્ય આશ્રય ફંડમાં ભેટ થવાનો છે. તેથી દાનવીર ગૃહસ્થોએ આ પુસ્તકની એક એક પ્રત ખરીદી ફંડનેજ મદદ કરવી જરૂરનું છે. પુસ્તક ઉપર લેખકનું નામ પ્રકટ કર્યું નથી. તેનું કારણ પ્રકાશકોજ જાણે ! પુસ્તક ઉપર પ્રકાશકનું પુરૂ ઠેકાણું છાપ્યું નથી ! પ્રકાશકઃ- મગનલાલ નિર્ભયરામ પાઠક—ઠે. શાહીવાળાનો માળો. મુંબઇ નં. ૨.

૩૧. **ચિત્રમય જગત્**—૧૯૧૪ જાનેવારીનો **ખાસઅંક**—ચીકણા જાડા કાગળ, મોટા કદનાં ૮૮ પૃષ્ઠ, સુંદર પૂઠું, મૂલ્ય રૂ. ૧-૦-૦ (વાર્ષિક લવાજમ રૂ. ૩-૮-૦) **પુના, ચિત્રશાળા સ્ટીમ પ્રેસમાંથી** પ્રકટ થતા મરાઠી ભાષાના આ સચિત્ર મનોહર અને સુંદર માસિક પત્રનો ખાસ અંક તે ખાસ વાંચનારને જોવા જેવોજ થયો છે. એમાં ત્રણ રંગનાં ત્રણ મ્હોટાં ચિત્રો ઉપરાંત બીજાં ૮૦-૮૫ ચિત્રો આપવામાં આવ્યાં છે. આ સર્વ ચિત્રો લેખોની સાથે આપેલાં હોવાથી વિશેષ ઉપયોગી અને વાચનીય છે. એમાં પ્રકટ થયેલા બાર લેખો વિદ્વતાપૂર્ણ લખાયા છે. સાધારણ મરાઠી ભાષા જાણનાર ગૃહસ્થો પણ આ માસિકનો લાભ લઇ શકે એમ છે. તેના ઉત્સાહિ પ્રકાશકઃ શ્રીયુત જોશીને ધન્યવાદ ઘટે છે.

૩૨. **સરવતી પ્રકાશ માલા**—કિરણ ૧લું-ચીકણા કાગળ, પૃષ્ઠ ૬૪, પાકુ પુઠું, મૂલ્ય ૦-૪-૦ (વાર્ષિક લવાજમ રૂા. ૦-૧૪-૦) પ્રસ્તુત ગ્રંથમાળા મરાઠી ભાષામાં પ્રકટ થાય છે. તેનાં પ્રથમ કિરણમાં જૂદા જૂદા વાંચવા લાયક લેખો, વાર્તા, વગેરે પ્રકટ થયાં છે. મરાઠી ભાષામાં આવી અનેક ગ્રંથમાળાઓ પ્રકટ થાય છે. અને તેને વાંચક વર્ગ તરફથી આનંદપૂર્વક વધાવી લેવામાં આવે છે એ જોઇ આનંદજ થાય છે. પ્રકાશમાળાનું સદરહુ પ્રથમ કિરણ (પુસ્તક) " કેવળ **વિશ્રાંતિ સાઠીંચ** ! " અથવા " દિપાવલીંતીલ કરમણુક " છે. મરાઠી ભાષા જાણનાર ગુજરાતી બંધુઓ

આ "માળા"નો લાભ લેશે તો તેમના મરાઠી જ્ઞાનમાં વૃદ્ધિજ થશે. પ્રકાશક શ્રીયુત બાળકૃષ્ણ જીવાજી હડકર, કેમારી-કરાંચી. શ્રીયુત હડકરને ધન્યવાદ.

માસિક પત્રો:—

કેળવણી—જાનેવારી ૧૯૧૪. ગ્લેઝડ કાગળ, રોયલ આઠ પેજી, પૃષ્ટ ૪૦ વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૪-૦ પોષ્ટેજ સાથે. વડોદરા રાજ્યના કેળવણી ખાતામાં બહોળો પ્રચાર પામેલું, "કેળવણી"ના નામનું સાર્થક કરે એવું ઉત્તમ-સુંદર-માસિક પત્ર. તંત્રી અને પ્રકાશક: રા. રા. છોટાલાલ નરભેરામ ભટ્ટ. વડોદરા.

બુદ્ધિ પ્રકાશ—જાનેવારી ૧૯૧૪. ગ્લેઝડ કાગળ, રોયલ આઠ પેજી, પૃષ્ટ ૨૮ વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦ પોષ્ટેજ સાથે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકટ થતું સર્વ દેશી, જૂનું માસિકપત્ર. તંત્રી અને પ્રકાશક: રા. રા. હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ બી. એ. આસિ. સેક્રેટરી. અમદાવાદ.

દશાલાડ પત્રિકા—માહા-૧૯૭૦-ગ્લેઝડ કાગળ, રોયલ આઠ પેજી, પૃષ્ટ ૪૪, વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૨-૦ પોષ્ટેજ સાથે. દશાલાડ વણિક જ્ઞાતિની સેવા બજાવવા પ્રકટ થતું ત્રિમાસિક પત્ર. પ્રકાશક: રા. રા. માણેકલાલ એન. નાણાવટી-સુરત.

ચંદ્ર પ્રકાશ—પોષ-૧૯૭૦. ગ્લેઝડ કાગળ, પૃષ્ટ ૨૪ વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૪-૦ પોષ્ટેજ સાથે. જૂદા જૂદા ઉપયોગી લેખો સહિત પ્રકટ થતું માસિક. તંત્રી તથા પ્રકાશક: રા. રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ-ભાગાતલાવ-સુરત.

સત્સંગ—ગ્લેઝડ કાગળ, રોયલ આઠ પેજી, પૃષ્ટ ૧૬, વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૬-૦ પોષ્ટેજ સાથે. સુરતના દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક અને નીતિ વર્ધક મંડળ તરફથી પ્રકટ થતું અને પારમાર્થિક વિષયોપર ચર્ચા ચલાવતું પાક્ષિક પત્ર. તંત્રી અને પ્રકાશક: રા. રા. દલપતરામ ઠાકોરરામ ભટ્ટ, સેતાન ફળિયા-સુરત.

વિવેચક—જાનેવારી ૧૯૧૪. રફ કાગળ, રોયલ આઠ પેજી, ૩૨ પૃષ્ટ, વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ પોષ્ટેજ સાથે. જૂદા જૂદા વિષયો પર વાંચવા લાયક લેખો-નવલકથાઓ, કાવ્યો વગેરે સહિત પ્રકટ થતું માસિક પત્ર. તંત્રી રા. છગનલાલ નારાયણભાઇ મૈત્રી. પ્રકાશક રા. રા. હીરાભાઇ દાદાભાઇ સાઈ. લાઇબ્રરસ (જી. નાંદોદ.)

વૈદ્યકલ્પતરૂ—કાગળ ગ્લેઝડ, રોયલ આઠપેજી, પૃષ્ટ ૪૦. વાર્ષિક મૂલ્ય રૂા. ૧–૮–૦ પોષ્ટેજ સાથે. વૈદ્યકને લગતા વિષયો પરત્વે અનુભવસિદ્ધ લેખો, ઔષધો વગેરે સહિત પ્રકટ થતું ઉત્તમ માસિક પત્ર આવાં માસિક પત્રો ઘેરઘેર વંચાવાં જોઇએ. તંત્રી અને પ્રકાશકઃ–રા. રા. વૈદરાજ જટાશંકર લીલાધર ત્રિવેદી. ઠે. કાલુપુર, અમદાવાદ.

ધી ક્રેસંટ—ચીકણા કાગળ, પૃષ્ટ ૪૦, રોયલ આઠ પેજી, વાર્ષિક મૂલ્ય આફ્રિકાના ગ્રાહકો માટે શીલીંગ ૧૦, આફ્રિકાથી પ્રકટ થતું આ માસિક પત્ર આફ્રિકા નિવાસી મુસલમીન ભાઇઓની સારી સેવા બજાવે છે, એમાંના લેખો હિંદુસ્તાનમાં વસતા મુસલમીન ભાઇઓને પણ વાંચવા જેવા છે. જાતિ ભાઇઓની સેવા બજાવવા માટે આવા ઉત્સાહી ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે. અધિપતિ અને પ્રકાશકઃ રા. રા. ઓસમાન અહમદ, ક્રેસંટ પ્રિન્ટિંગ વર્કસ, બોક્સ નં. ૭૮૪ ડરબન (નાતાલ. સાઉથ આફ્રીકા.)

વર્તમાનપત્રો :—

આર્ય સુધારક—આર્ય સમાજના ઉદ્દેશો દ્રષ્ટિ સમિપ રાખી વિવિધ વિષયો ચર્ચતું સાપ્તાહિકપત્ર-રફ કાગળ, રોયલ સાઇઝ, ૭ ફોર્મ (૨૮ પૃષ્ઠ) લવાજમ રૂા. ૨–૮–૦ (આફ્રિકા માટે રૂા. ૩–૮–૦.) પોષ્ટેજ સાથે. **ભેટનું પુસ્તકઃ–નશીબ ફેરવવાની કુંચી.** લખનાર રા. રા. અમૃતલાલ સુંદરજી પઢીયાર. તંત્રી રા. રા. કનૈયાલાલ જી. કોઠારી બી એ. પ્રકાશક, મકનદાસ એમ. ગુપ્ત. ઠે. રાવપુરા, વડોદરા.

પૉકેટ ડાયરી—ઠા. વસનજી પરમાણંદ ચાહેવાળા બુકસેલર.

કૅલેન્ડર તથા સુગંધી કાર્ડ—મેસર્સ જે. એન. વકીલ અને કું. વીમાના એજન્ટ, રીચીરોડ–અમદાવાદ.

એ ઉપરાંત **મુંબઇ ગુજરાતી, ક્ષત્રિય મિત્ર, ખેરખ્વાહે મોઅમનીન, વડોદરા વર્તમાન, સુંદરી સુબોધ, વૈદ્યકલ્પતરૂ, નવયુગ, ભાગ્યોદય, વાર્તાવારિધિ, રાજમિત્ર, બ્રહ્મનાદ, મેવાડા, સનાતન ધર્મની ગર્જનાઓ, પ્રજાબંધુ, ગુજરાતીપંચ** વગેરે પત્રો મળ્યાં છે, જે માટે ઉપકાર.

અનુક્રમણિકા.

ઉપકાર.

" સસ્તી વાર્તામાળા " શરૂ કરવામાં આવી ત્યારથી નિમ્નોક્ત સજ્જન બંધુઓએ તેના ગ્રાહકો કરી બ્હોળો ફેલાવો કરવાના પવિત્ર અને અતિ મહત્વના કાર્યમાં તદ્દન નિસ્વાર્થપણે સહાયતા આપી છે તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે, અને પ્રત્યેક વાચક બંધુને વિનતિ કરવામાં આવે છે કે તેઓએ અમારા સાહિત્ય સેવાના પવિત્ર કાર્યમાં બને તેટલાં ગ્રાહકો કરી મોકલી પોતાની પવિત્ર ફરજ બજાવવાની તક જવા દેવી નહિ. આજના **પુસ્તકની પ્રસ્તાવના ખાસ વાંચવા** વિનતિ છે.

રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા ઠઠ્ઠા. રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ મુંબઈ. રા. રા. બાળકૃષ્ણ તુલજારામ ભટ્ટ પરેલ રા રા. મગનલાલ નિર્ભયરામ પાઠક મુંબઇ. રા. લાલાજી દ્વારકાદાસ પટેલ કન્ટ્રાક્ટર ચાદોદ. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઇ નડીઆદ. રા. રા. ચુનીલાલ દામોદર પંડયા નડીઆદ. રા. રા. ભટ્ટ સાહેબ અમદાવાદ. રા. રા. રામપ્રસાદ જીવણલાલ અમદાવાદ. રા. રા. મણીલાલ રામશંકર ઠાકર મુંબઇ. રા રા. શીવલાલ ગુલાબચંદ પટેલ અમદાવાદ. રા. રા. દેશાઈ જીવણજી ડાહ્યાભાઇ હનુમાન ભાગડા. રા. રા. કૃષ્ણાજી જગજીવન મહેતા કલકત્તા. રા. રા. મેઘજી હસરાજ આયા કરાંચી. રા. રા. પાસવીર તેજપાળ ભાવનગર. રા. રા. પીતાંબર શામજી ઠક્કર લાકડીયા. રા. રા. આણંદજી દામજી ઠાકોર સીઓ-રિવર (આફ્રિકા.) રા. રા. અબદુલ કરીમ કરીમ એન્ડ કું. લેડીનબર્ગ (આફ્રિકા) રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ મ્યુનિસિપલ કમિશ્નર સાહેબ ભરૂચ. એ ઉપરાંત સસ્તી વાર્તામાળા જેવા અતિ સસ્તી કીમતનાં સાહિત્યમાંથી મળતા કમીશન ઉપર સંતોષ માની અમારા એજન્ટ બંધુઓએ અને બુકસેલર બંધુઓએ ગ્રાહક થઇ સસ્તી વાર્તામાળાનો પ્રચાર કરવાના કાર્યમાં સહાયતા આપી છે. માટે તેઓનો પણ અમે આભારજ માનીએ છીએ.

—

ગ્રાહકોને સૂચના.

૧. "સસ્તી વાર્તામાળા" નાં ગ્રાહકોને કાચા પૂઠાંનું વાર્ષિક લવાજમ રૂ. બે અને પાકા પૂઠાંનું રૂ. ત્રણ (પોસ્ટેજ સુદ્ધાં) વી. પી. ખર્ચ ૦-૧-૦ વધુ. હિંદુસ્થાનનાં ગ્રાહકોએ મનીઑર્ડર મોકલવો નહિ પણ વી. પી. થી પુસ્તકો મંગાવવાં.

૨. આફ્રિકાના ગ્રાહકોએ કાચા પૂઠાના રૂ. ૨-૧૦-૦ તથા પાકા પૂઠાના રૂ. ૪-૦-૦ (પુસ્તકો રજીષ્ટર્ડ કરીને મોકલવાના ૦-૪-૦ વધુ લેવામાં આવે છે જેથી પુસ્તકો ગેરવલ્લે જાય નહિ.) અત્યાર અગાઉ થયેલાં ગ્રાહકોએ રજીષ્ટર્ડ ચાર્જની ૦-૪-૦ ની ટીકીટો મોકલવી. દરેક ગ્રાહકે પત્રમાં નામ, ઠામ, ઠેકાણું, પોષ્ટ, જીલ્લો વગેરે સ્પષ્ટ અક્ષરે લખવું.

૩. વાર્તામાળાનું પ્રથમ પુસ્તક: **પ્રમાદધનની પ્રભુતા** અને બીજું પુસ્તક **રાજપૂત કથા કુંજ** અને ત્રીજું પુસ્તક **ચક્રવર્તી બાપારાવ** આપવામાં આવ્યું છે. હવે પછીનું **ચોથું** પુસ્તક **બાદશાહી કથાકુંજ** વૈશાખ માસમા અને **પાંચમું** પુસ્તક **મહારાણા પ્રતાપસિંહ** જેઠમાં પ્રકટ થશે. **દ્વિતીય વર્ષનું પ્રથમ પુસ્તક** અસાડ શુદ પૂર્ણિમાને દિવસેજ બહાર પડશે. પુસ્તકો માટે ગ્રાહક બંધુઓએ પત્રો લખી ઉતાવળ નહિ કરવા વિનતિ છે. જવાબ માટે રિપ્લાઇ કાર્ડ અવશ્ય મોકલવો.

૪. હવે પછીનાં પુસ્તકો વખતસર મળે એવી યોજના રાખી છે. અમારા આ નવા કાર્યમાં જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ દરેક સગવડ થઇ શકશે. ઉત્તર માટે રિપ્લાઇ કાર્ડ અવશ્ય મોકલવો.

૫. **અમદાવાદ** અને **નડીઆદના** જે જે ગ્રાહકોએ **એજન્ટ** માર્ફતે લવાજમ ભર્યું હોય તેઓએ લવાજમ ભર્યું હોય ત્યારથી આઠ દિવસમાં મેનેજરની સહી સાથેની રસીદ મેળવવી.

૬. ઠેકાણું બદલાતાં તરતજ ગ્રાહકોએ અમને ખબર આપવી. પત્ર વ્યવહાર કરતી વખતે રિપ્લાઇ કાર્ડ અથવા અર્ધા આનાની ટીકીટ બીડવા ભૂલવું નહિ. સર્વ પત્ર વ્યવહાર મેનેજરને સરનામે ચલાવવો. **મેનેજર.**

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબાઇ–મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કુાં. બુકસેલર્સ કાલબાદેવી
રોડ–પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો પણ મળી શકશે.)
૨. ,, શા. મેઘજી હીરજીની કુાં. બુકસેલર્સ–પાયધુની.
૩. ,, રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. પરેલ.
૪. સુરત–શા. રંગીલદાસ કાસીદાસ જનરલ મરચંટ- બરાનપુરી ભાગોળ.
૫. ભરૂચ–રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઈ. વિમા કંપનીના એજન્ટ.
૬. વડોદરા–રા. મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે.)
૭. નડીઆદ–રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઇ.
૮. નાંદોદ–રા. રા. મોહનલાલ ધોળીદાસ બુકસેલર. જનરલ મર્ચંટ.
૯. ભાવનગર–રા. અબદુલહુસેન આદમજી બુકસેલર. (છુટક પણ મળશે.)
૧૦. કરાંચી–રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદર રોડ–પિપલ્સ
બેંક બિલ્ડિંગ.
૧૧. અમદાવાદ–ડી. રૅાય અને કુંપની. ગુજરાતના એજન્ટ. ઠે. ખાડીયા
નાના સુતરવાડાની પોળ.
,, મેસર્સ અનુભાઈ ભુરાભાઈ ઠાકોરની કુાં.
,, રા. રા. જે. એન. વકીલ અને કુાં. રીચીરોડ.
,, રા. રા. નંદલાલ ચુનિલાલ બોડીવાળા. સારંગપુર.
,, રા. રા. રણછોડલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ. (છુટક
પુસ્તકો પણ મળશે.)
,, રા. રા. મફતલાલ રામનારાયણની કું. રંગના વેપારીઓ.
આસ્ટોડીયા રોડ.
૧૨. બારડોલી–રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. વ્યાસ ફળીઉં.
૧૩. ઠઠ્ઠા–(સિંધ)–રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.
૧૪. મોમ્બાસા (આફ્રિકા) રા. રા. કરસનજી પ્રાગજી ભટ્ટ.

પૃષ્ઠ લગભગ ૨૭૫, ચીકણા કાગળ, પાકું સુંદર પુંઠું, સોનેરી નામો સાથે કીંમત (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૨-૦ પોષ્ટેજ ૦-૧-૬.

૪. માલવિકા અગ્નિમિત્ર—ધન્ય છે. આપણા સંસ્કૃત કવિ કાળીદાસને ! આ મનોહર નવલકથા તેમના સંસ્કૃત ગ્રંથ ઉપરથી લખાઇ છે. પ્રેમનું જો કોઈ પણ અદ્ભુત વર્ણન કરી શક્યુ હોય તો તે મહા કવિ કાલિદાસજ છે. તમારે તમારા તે પ્રાચીન પ્રેમી કવિની પ્રસાદી ચાખવી હોય અને પ્રેમનાં ગુપ્ત તત્વો જાણવાં હોય તો આ નવલકથા વાંચો. ચિકણા કાગળ, પાકું પુંઠું, સોનેરી નામ (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૦-૦ પોષ્ટેજ ૦-૧-૬.

૫. રામેશ્વરની મહા યાત્રા—(છપાય છે. તાકીદે બહાર પડશે.) સુંદર ૧૦-૧૨ છબીઓ સહિત. આ તીર્થયાત્રાનુ પુસ્તક ધર્માભિમાની હિંદુ માત્રે ખરીદવું જોઇએ. મદ્રાસ તરફના તમામ તીર્થમાં જેઓ સ્નાન, દાન, ધર્મ કરવા જઇ શકતા નથી, તેમને ઘેર બેઠાં આ પુસ્તક એક ચિત્તે વાચવાથી અને માનસિક ધ્યાન કરવાથી તે તે તીર્થોમાં જવા જેટલું પુણ્ય મળે છે. એમાં મદ્રાસ ઇલાકાનાં તથા રામેશ્વરનાં દરેક તીર્થોનું સંપૂર્ણ પૌરાણિક ઇતિહાસિક ઉપાખ્યાન સાથેનું વર્ણન આપવામાં આવ્યું છે. દક્ષિણનાં ચમત્કારિક તીર્થોની ઉત્પત્તિ અજાયબીમાં ગરક કરી નાંખે છે અને હિંદુ ધર્મનું ઉંડું રહસ્ય સમજાવી આપે છે. વળી આ પુસ્તકમાં તીર્થોની જાણવા જેવી ખાસ ઉત્પત્તિ આપવા ઉપરાંત તેને લગતી છબીઓ છે અને વળી દક્ષિણમાં વેપારવણજ કરનારા શ્રીમંતો માટે પણ માહિતી આપેલી છે. યાત્રાએ જનારાઓને ક્યાં કેવી સગવડ છે તથા ક્યાં કેવી મુશ્કેલી છે તે પણ બતાવી આપ્યું છે. પાકા પુંઠાનાં, સોનેરી નામ સાથેનાં પુસ્તકની કિંમત ફક્ત રૂા. ૧-૮-૦. સર્વેનું વી. પી. ખર્ચ જુદું પડશે.

સર્વે પત્રવ્યવહાર, મનીઑર્ડર વગેરે નીચલે સરનામે મોકલવા જોઇએ.

* આ પુસ્તકો અમારા એજન્ટો પાસેથી પણ મળી શકશે.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

મેનેજર-ભારતજીવન અને સસ્તી વાર્તામાળા. મુંબઇ નં.-૧૩

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોંઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

વીર–મુનિ!

૧

[illegible]

[illegible] શશિ[illegible], [illegible] [illegible]
[illegible] એવો [illegible] [illegible] [illegible]!

[illegible] પૂર [illegible], [illegible]
[illegible] એવો [illegible]? [illegible]

[illegible] [illegible], [illegible]
[illegible] [illegible] નહિ!

[illegible] વન–રાજ, [illegible]
[illegible] એવો [illegible]

[illegible] [illegible] પૂજ્ય–[illegible],
(એવો) [illegible] [illegible] [illegible]

[illegible] [illegible], [illegible]
[illegible] [illegible]

[illegible] [illegible]
[illegible] [illegible]

[illegible] [illegible], [illegible] [illegible]
[illegible], [illegible]—[illegible]

[illegible], [illegible]
[illegible] [illegible]:

[illegible] | [illegible]
[illegible] ૩–૩–[illegible]